**ध्यानावष्टम्भतः=ધ્યાનનો અવષ્ટંભ હોવાને કારણે અર્થાત્ ધ્યાનનું અવલંબન હોવાને કારણે, अस्मिन्=આમાં અર્થાત્ જ્ઞાનયોગમાં, अरत्यानन्दयोः अपि=અરતિ અને આનંદનો પણ, अवकाशः निषिद्धः=અવકાશ નિષિદ્ધ છે. तत्क्रियाणां=(તેથી) તત્ક્રિયાઓનું અર્થાત્ અરતિ અને આનંદના કારણભૂત એવી ક્રિયાઓનું, विकल्पनम्=વિકલ્પન, क्वाऽस्तु=ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. ।।૧૫-૧૦।।**

**શ્લોકાર્થ :-**

**ધ્યાનનો અવષ્ટંભ હોવાને કારણે આમાં અરતિ અને આનંદનો પણ અવકાશ નિષિદ્ધ છે. તેથી તત્ક્રિયાઓનું=અરતિ અને આનંદના કારણભૂત એવી ક્રિયાઓનું, વિકલ્પન ક્યાંથી હોય ? ।।૧૫-૧૦।।**

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગમાં વર્તતા યોગીઓ શુદ્ધ આત્મતત્ત્વનું અવલંબન લઈને નિર્વિકલ્પ ઉપયોગમાં વર્તે છે અને તે ભૂમિકામાં તેઓને શુદ્ધ આત્મતત્ત્વના અવલંબનવાળો ધ્યાનયોગ વર્તે છે. શુદ્ધ આત્મતત્ત્વ વિકારભાવોથી પર છે તેથી અરતિ અને આનંદનો પણ અવકાશ જ્ઞાનયોગમાં નિષિદ્ધ છે અને જે યોગીને અરતિ અને આનંદનો અવકાશ જ ન હોય તો અરતિ અને આનંદના કારણભૂત એવી ક્રિયાઓનું વિકલ્પન ક્યાંથી હોય ? અર્થાત્ કોઈ ક્રિયાઓનો વિકલ્પ હોય નહીં.

આશય એ છે કે સંસારી જીવો સંસારની ક્રિયામાંથી આનંદ લેવાના અર્થી છે

અને આનંદના અર્થે તે તે ભોગાદિ ક્રિયાઓ કરે છે અને પોતાની ઇચ્છા પ્રમાણે તે ભોગાદિ પ્રાપ્ત ન કરી શકે ત્યારે તેઓને અરતિ થાય છે. તેથી જ્યાં અરતિ અને આનંદનો અવકાશ હોય ત્યાં આનંદના કારણભૂત અને અરતિના નિવારણના કારણભૂત ક્રિયાઓનો વિકલ્પ હોય છે.

વળી, જેમ સંસારી જીવો સંસારની ક્રિયાઓમાં વિકલ્પો કરીને ક્રિયાઓ કરે છે તેમ ક્રિયાયોગમાં વર્તતા યોગીઓ પણ શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરીને આનંદ મેળવવાના અર્થી હોય છે અને જ્યારે તેઓ શાસ્ત્રાનુસારી ક્રિયાઓ કરી શકે છે ત્યારે તેઓને તે ક્રિયામાં પ્રીતિ ઉત્પન્ન થાય છે. વળી, શાસ્ત્રાનુસારી ક્રિયાઓમાં તેઓ સ્ખલના પામે છે ત્યારે "હા ! હું વિરાધક છું" એ પ્રકારનો ખેદ અનુભવે છે તેથી તેઓને અરતિ પણ થાય છે. આથી જ તેઓ શાસ્ત્રાનુસારી ક્રિયાઓની સ્ખલનાઓથી થયેલી અરતિના નિવારણના કારણભૂત નિંદા-ગર્હારૂપ ક્રિયાઓના વિકલ્પ કરે છે. આ રીતે ક્રિયાયોગ સેવનારા યોગીઓ પ્રશસ્ત આનંદના અને પ્રશસ્ત અરતિના અને તે અરતિના નિવારણના કારણભૂત ઉચિત ક્રિયાઓના વિકલ્પો કરે છે અને તે તે ક્રિયાઓ કરીને પ્રશસ્ત આનંદના ભાવોનો અને પ્રશસ્ત અરતિના ભાવોનો અનુભવ કરે છે.

જ્યારે જ્ઞાનયોગમાં વર્તતા યોગીઓને આનંદ અને અરતિનો સંભવ નથી તેથી આનંદ કે અરતિની કારણભૂત એવી આવશ્યકાદિ ક્રિયાઓના પણ વિકલ્પ તેઓને ક્યાંથી હોય ? અર્થાત્ ક્રિયાઓના વિકલ્પ ન હોય અને આનંદ કે અરતિના વિકલ્પ પણ ન હોય. માત્ર શુદ્ધ આત્મતત્ત્વમાં એકાગ્રચિત્ત હોવાને કારણે આત્મભાવોમાં જ તેઓને રતિ વર્તે છે અર્થાત્ આત્માના સ્વાભાવિક સ્વસ્થતારૂપ સુખનું સંવેદન વર્તે છે, મોહના ઉદયથી વર્તતા વિકલ્પરૂપ રતિ તેઓમાં વર્તતી નથી. **॥૧૫-૧૦॥**

**અવતરણિકા :-**

**જ્ઞાનયોગમાં વર્તતા યોગીઓને આનંદ અને અરતિના કારણીભૂત ક્રિયાઓનો વિકલ્પ નથી એમ પૂર્વશ્લોકમાં કહ્યું. ત્યાં પ્રશ્ન થાય કે જો જ્ઞાનયોગમાં વર્તતા યોગીઓ ક્રિયામાં વિકલ્પ ન કરતા હોય તો ભિક્ષાઅટનાદિ ક્રિયાઓ કેમ કરે છે ? –**

શ્લોક :-

देहनिर्वाहमात्रार्था, यापि भिक्षाटनादिका ।
क्रिया सा ज्ञानिनोऽसङ्गान्नैव ध्यानविघातिनी ।।११।।

અન્વયાર્થ :-

असङ्गात्=અસંગભાવ હોવાને કારણે, ज्ञानिनः देहनिर्वाहमात्रार्था याऽपि= જ્ઞાનીની દેહનિર્વાહ માત્ર અર્થવાળી જે પણ, भिक्षाऽटनादिका क्रिया= ભિક્ષાઅટનાદિક ક્રિયા છે. सा=તે=ભિક્ષાઅટનાદિક ક્રિયા, ध्यानविघातिनी न एव=ધ્યાનનો વિઘાત કરનારી નથી જ. ।।૧૫-૧૧।।

શ્લોકાર્થ :-

**અસંગભાવ હોવાને કારણે જ્ઞાનીની દેહનિર્વાહ માત્ર અર્થવાળી જે પણ ભિક્ષાઅટનાદિક ક્રિયા છે તે ધ્યાનનો વિઘાત કરનારી નથી જ. ।।૧૫-૧૧।।**

ભાવાર્થ :-

જ્ઞાનયોગમાં વર્તતા યોગીઓનો અહીં "જ્ઞાની" શબ્દથી ઉલ્લેખ કરેલ છે અને જ્ઞાનયોગવાળા યોગીઓ અસંગ અનુષ્ઠાનમાં હોય છે તેથી અંતરંગ રીતે કોઈ પદાર્થ સાથે સંગ હોય તેવો વિકલ્પ તેઓને નથી. વળી, જેઓનું ચિત્ત સર્વથા સંગ વગરનું છે, તેઓને જીવન કે મૃત્યુ સમાન છે. તેથી જીવનને ટકાવવા કે દેહને ટકાવવાનો વિકલ્પ પણ નથી, પરંતુ સર્વભાવો પ્રત્યે સમભાવ છે. વળી સવિકલ્પદશાવાળા મુનિઓને પણ સમભાવ છે છતાં તેઓનો સમભાવ ઉચિત ક્રિયાના વિકલ્પથી જ જીવે છે જ્યારે જ્ઞાનયોગમાં વર્તતા યોગીઓનો સમભાવ પણ સ્થિર પરિણામવાળો હોય છે. તેથી દેહના નિર્વાહમાત્રના પ્રયોજનથી તેઓ જે ભિક્ષાઅટનની ક્રિયા અને આહારાદિ ગ્રહણની ક્રિયા કરે છે, તે ક્રિયા પણ તેઓના શુદ્ધઆત્મતત્ત્વના ધ્યાનમાં વ્યાઘાતને કરનારી નથી. તેથી ક્રિયાયોગવાળા યોગીઓ ભગવાનના વચનના રાગના બળથી ભિક્ષાઅટનાદિ ક્રિયાઓ કરે છે, તે પ્રકારના રાગથી જ્ઞાનયોગવાળા યોગીઓની ભિક્ષાઅટનાદિની પ્રવૃત્તિ નથી. આથી શુદ્ધ આત્મતત્ત્વને અનુકૂળ ધ્યાનયોગમાં વર્તતો તેઓનો

વ્યાપાર ભિક્ષાઅટનાદિકાળમાં કે આહારગ્રહણકાળમાં પણ વ્યાઘાત પામતો નથી. આથી જ જ્ઞાનયોગમાં વર્તતા યોગીઓ ભિક્ષાઅટનાદિ ક્રિયાઓ કરતા હોય ત્યારે નિર્લેપભાવને અનુકૂળ વીર્યનો પ્રકર્ષ થાય તો કેવળજ્ઞાન પણ પામે છે. **॥૧૫-૧૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩માં કહ્યું કે કર્મયોગ શરીરના સ્પંદનાત્મક ક્રિયા સ્વરૂપ છે અને તે પુણ્યબંધનું કારણ છે માટે કર્મયોગ છે અને શ્લોક-૧૧માં કહ્યું કે અસંગભાવ હોવાને કારણે જ્ઞાનયોગમાં વર્તતા યોગીઓની ભિક્ષાઅટનાદિ ક્રિયા ધ્યાનને વ્યાઘાત કરનારી નથી. ત્યાં પ્રશ્ન થાય કે ક્રિયાયોગવાળા સાધક જે ભિક્ષાઅટનાદિ ક્રિયા કરે છે તેના કરતાં જ્ઞાનયોગવાળા સાધકની ભિક્ષાઅટનાદિ ક્રિયામાં શું ભેદ છે કે જેથી ક્રિયાયોગવાળાની ક્રિયા કર્મયોગ બને છે અને પુણ્યબંધનું કારણ બને છે, જ્યારે જ્ઞાનયોગવાળાની ક્રિયા ધ્યાનમાં વ્યાઘાતક થતી નથી માટે મોક્ષનું કારણ બને છે ? તેથી કહે છે -**

**શ્લોક :-**

**रत्नशिक्षादृगन्या हि, तन्नियोजनदृग् यथा ।**
**फलभेदात्तथाचारक्रियाप्यस्य विभिद्यते ।।१२।।**

**અન્વયાર્થ :-**

**यथा=જે પ્રમાણે, रत्नशिक्षादृगन्या=રત્નશિક્ષાદૃગ્થી અન્ય એવી અર્થાત્ રત્નની પરીક્ષા શીખનાર પુરુષની દૃષ્ટિથી અન્ય એવી, तन्नियोजनदृग्=તેના નિયોજનની દૃગ્ છે અર્થાત્ રત્નના વ્યાપારની દૃષ્ટિ છે, तथा=તે પ્રમાણે, फलभेदात्=ફળના ભેદને કારણે અર્થાત્ ક્રિયાયોગવાળાની ક્રિયાથી પ્રાપ્ત થતા ફળ કરતાં જ્ઞાનયોગવાળાની ક્રિયાથી પ્રાપ્ત થતા ફળનો ભેદ હોવાને કારણે, अस्य=આની=જ્ઞાનયોગીની, आचारक्रिया अपि विभिद्यते=આચારક્રિયા પણ જુદી છે=ક્રિયાયોગવાળાની ક્રિયા કરતાં જુદી થાય છે. ।।૧૫-૧૨।।**

**શ્લોકાર્થ :-**

**જે પ્રમાણે રત્નશિક્ષાદૃગ્થી અન્ય એવી તેના નિયોજનની દૃગ્ છે તે**

**પ્રમાણે ફળના ભેદને કારણે જ્ઞાનયોગીની આચારક્રિયા પણ જુદી છે. ॥૧૫-૧૨॥**

❖ 'हि' પાદપૂર્તિ માટે છે.

❖ 'योगदृष्टिसमुच्चय' ગ્રંથના શ્લોક નં-૧૮૦ને સામે રાખીને આ શ્લોકનો અર્થ કર્યો છે.

**ભાવાર્થ :-**

જેમ, રત્નની પરીક્ષા શીખનાર શીખાઉ પુરુષ રત્નનું તે રીતે અવલોકન કરે છે કે જેથી રત્નની પરખ કરવાને અનુકૂળ દૃષ્ટિનો ઉઘાડ થાય.

વળી, કોઈ પુરુષે રત્નની પરખશક્તિ પ્રાપ્ત કરી લીધી હોય, ત્યાર પછી રત્નની ખરીદી કરીને વેપાર અર્થે રત્નનું અવલોકન કરતો હોય ત્યારે તેની રત્નને ઓળખવાની દૃષ્ટિ જુદા પ્રકારની હોય છે અર્થાત્ રત્નોનો પરસ્પર ભેદ કરવાની માત્ર દૃષ્ટિ હોતી નથી પરંતુ કયા રત્નની ખરીદીથી પોતાને અધિક લાભ થશે તે દૃષ્ટિથી રત્નોનું અવલોકન કરે છે.

તેમ, વચનાનુષ્ઠાન કરનારા યોગીઓ સંયમજીવનમાં ભગવાનના વચનના રાગથી સર્વ અનુષ્ઠાનો કરે છે તે વખતે તેઓની ભિક્ષાઅટનાદિ ક્રિયા જ્ઞાનયોગવાળા યોગી કરતાં જુદા પ્રકારની હોય છે અર્થાત્ ભગવાનના વચનના અવલંબનથી અસંગભાવ તરફ જવાના અભ્યાસસ્વરૂપ હોય છે.

વળી, વચનાનુષ્ઠાન કરનારા યોગીઓની જેમ જ અસંગ અનુષ્ઠાનમાં વર્તતા યોગીઓ ભિક્ષાઅટનાદિ ક્રિયા કરે છે, પરંતુ તેઓની ભિક્ષાઅટનાદિ ક્રિયા જુદા પ્રકારની છે અર્થાત્ ભગવાનના વચનના અવલંબનથી પૂર્વે જે અસંગભાવ તરફ જવાનો અભ્યાસ કર્યો તે સુઅભ્યસ્ત થવાથી વચનના અવલંબન વગર સહજ અસંગભાવની પરિણતિથી તેઓ ભિક્ષાઅટનાદિ ક્રિયાઓ કરે છે.

જેમ રત્નની પરીક્ષા કરનાર પુરુષની રત્નના અવલોકનની ક્રિયાથી રત્નપરખરૂપ ફળ પ્રાપ્ત થાય છે તેમ વચનાનુષ્ઠાન સેવનારા કર્મયોગવાળા સાધુની ભિક્ષાઅટનાદિ ક્રિયાથી સાંપરાયિક કર્મોના ક્ષયરૂપ ફળ પ્રાપ્ત થાય છે અર્થાત્ તે ભિક્ષાઅટનાદિ દ્વારા સંયમની વૃદ્ધિને અનુકૂળ દેહને પુષ્ટ કરીને સંયમમાં સુદૃઢ વ્યાપાર કરે છે જેનાથી આત્મામાં રહેલાં અનાદિનાં મોહઆપાદક એવાં કર્મોના ક્ષયરૂપ ફળ

પ્રાપ્ત થાય છે.

વળી, જેમ રત્નની પરખશક્તિ પ્રગટ થયા પછી વ્યાપાર અર્થે રત્નની ખરીદી કરનાર પુરુષની રત્નના અવલોકનની ક્રિયાથી વિશેષ ધનનો લાભ થાય તેવા રત્નની ખરીદીરૂપ ફળ પ્રાપ્ત થાય છે, તેમ જે સાધકો વચનાનુષ્ઠાન સેવીને સમભાવમાં સહજ ઉદ્યમ કરી શકે તેવી શક્તિને પામેલા છે તેઓની ભિક્ષાઅટનાદિ ક્રિયાથી ભવોપગ્રાહી કર્મના ક્ષયરૂપ ફળ પ્રાપ્ત થાય છે અર્થાત્ અસંગઅનુષ્ઠાનવાળા યોગીઓ જીવન-મૃત્યુ પ્રત્યે સમભાવવાળા છે, દીર્ઘકાળ જીવીને સંયમની શક્તિનો સંચય કરવો છે તેવા અભિલાષવાળા નથી, ફક્ત ભવનો ઉપગ્રહ કરનાર એવાં આયુષ્યાદિ જે કર્મો છે તેના ક્ષય અર્થે ભિક્ષાઅટનાદિ ક્રિયા કરે છે. તેથી અસંગ અનુષ્ઠાનવાળા યોગીની ભિક્ષાઅટનાદિ ક્રિયા મોહના નાશ અર્થે દેહના પાલન માટે નથી, પરંતુ સમભાવનો પરિણામ ઉચિત પ્રવૃત્તિ કરાવે છે અને તે ઉચિત પ્રવૃત્તિ કરીને ભવના ઉપગ્રહને કરનારાં કર્મોના ક્ષયરૂપ ફળને પ્રાપ્ત કરે છે.

અહીં વિશેષ એ છે કે ક્રિયાયોગવાળા મુનિઓ વચનાનુષ્ઠાન સેવનારા છે, તેઓને મોક્ષની બળવાન ઇચ્છા છે, મોક્ષના ઉપાયભૂત ભગવાનના વચન પ્રત્યે અત્યંત રાગ છે અને ભગવાનના વચનના અત્યંત રાગને કારણે ભગવાનના વચનનું સ્મરણ કરીને દરેક પ્રવૃત્તિ કરે છે. તેથી ભિક્ષાઅટનકાળમાં પણ સમભાવના પરિણામના રક્ષણ અર્થે વિચારે છે કે ભિક્ષા મળશે તો સંયમની વૃદ્ધિ થશે અને નહીં મળે તો તપની વૃદ્ધિ થશે. આ પ્રકારના વિકલ્પપૂર્વક ભિક્ષા માટે જાય છે અને સંયમને ઉપષ્ટંભક ભિક્ષા પ્રાપ્ત થાય ત્યારે પણ હર્ષ થતો નથી પરંતુ "આ ભિક્ષા દ્વારા સંયમને ઉપષ્ટંભક એવા મારા દેહનું પાલન કરીને હું સમભાવની જ વૃદ્ધિ કરીશ" એવો વિકલ્પ કરે છે અને ભિક્ષાની અપ્રાપ્તિકૃત ખેદ પણ પામતા નથી. તેથી આવા મુનિઓ ભિક્ષાની પ્રાપ્તિ-અપ્રાપ્તિ પ્રત્યે સમભાવને ધારણ કરનારા હોય છે, તોપણ "ભગવાનના વચનાનુસાર દેહના પાલનથી હું મારા મોહનો નાશ કરું" તેવા સંકલ્પપૂર્વક ભિક્ષામાં પ્રવૃત્તિ કરે છે તેથી તેઓની ભિક્ષાની પ્રવૃત્તિ સાંપરાયિક કર્મોના ક્ષયનું કારણ છે.

વળી, જ્ઞાનયોગવાળા મુનિઓ શુદ્ધ આત્માના સ્વરૂપમાં વિશ્રાંત ચિત્તવાળા

છે અને શુદ્ધ આત્મામાં વિશ્રાંત પામતું એવું તેમનું ચિત્ત સર્વ પદાર્થો પ્રત્યેના સંગ વગરનું છે. માત્ર દેહથી પૃથક્, કર્મથી પૃથક્, નિરાકુળ જ્ઞાનમય એવા આત્માના સ્વરૂપમાં ઉપયુક્ત થઈને સદા પ્રવર્તે છે તેથી તેઓને "આ દેહને ઉપષ્ટંભક એવા આહારને ગ્રહણ કરીને હું મારા મોહનો નાશ કરું" તેવો સંકલ્પ નથી, પરંતુ સર્વવિકલ્પોથી પર એવા આત્માના સ્વરૂપમાં નિવેશ પામતો એવો તેમનો જ્ઞાનનો ઉપયોગ વર્તે છે. તેથી તેવા યોગીઓ સંયમવૃદ્ધિનું આ દેહ કારણ છે માટે તેને ઉચિત આહાર આપીને તેનું હું પાલન કરું જેથી સંયમમાં હું દૃઢ વ્યાપાર કરી શકું તેવા ક્રિયાયોગવાળા યોગીના આશયની જેમ આશય કરીને ભિક્ષાઅટનાદિ પ્રવૃત્તિઓ કરતા નથી, પરંતુ તેઓમાં વર્તતો સમભાવનો પરિણામ ઉચિત પ્રવૃત્તિ કરાવનાર છે. તેથી જેમ, કેવલી ભગવંત વીતરાગ હોવાથી દેહ પ્રત્યે લેશ પણ મમત્વવાળા નથી અને "દેહને આહાર દ્વારા પુષ્ટ કરીને મારે યોગસાધના કરવી છે" તેવા પણ પરિણામવાળા નથી, તોપણ તેઓમાં વર્તતાં ભવોપગ્રાહી કર્મો જ્યાં સુધી છે ત્યાં સુધી આ દેહનું પાલન આવશ્યક છે તેમ જાણીને તે ભવોપગ્રાહી કર્મોના ક્ષય અર્થે આહારગ્રહણની પ્રવૃત્તિ કરે છે તેમ, અસંગ અનુષ્ઠાનવાળા યોગીઓ પણ "દેહનું પાલન કરીને મારે મોહના નાશનો ઉદ્યમ કરવો છે" તેવા વિકલ્પથી ભિક્ષાઅટનાદિ કરતા નથી પરંતુ ભવોપગ્રાહી કર્મોના નાશ અર્થે ઉચિત પ્રવૃત્તિરૂપે ભિક્ષાઅટનાદિ કરે છે.

જેમ, પૂર્વમાં દંડથી ચક્રનું ભ્રમણ થાય છે અને ચક્ર તીવ્ર ગતિમાન થયા પછી દંડ વગર ચક્ર સહજ ભમે છે તેમ, પૂર્વમાં ભગવાનના વચનના અવલંબનથી યોગીઓમાં સમભાવરૂપી ચક્ર પ્રવર્તે છે. જેથી ભિક્ષાઅટનની પ્રવૃત્તિ થાય છે અને વચનાનુષ્ઠાનથી તીવ્ર ગતિને પામેલા સમભાવના પરિણામવાળા એવા અસંગઅનુષ્ઠાનવાળા મુનિઓ ભગવાનના વચનના સ્મરણ વગર સહજ રીતે તીવ્રપરિણામવાળા એવા સમભાવથી ભિક્ષાઅટનાદિ કરે છે. **॥૧૫-૧૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૧માં બતાવેલ ભિક્ષાઅટનાદિ ક્રિયા જ્ઞાનયોગીને અસંગ ભાવને કારણે ધ્યાનમાં વ્યાઘાત કરનારી કેમ નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**ध्यानार्था हि क्रिया सेयं, प्रत्याहृत्य निजं मनः ।**
**प्रारब्धजन्मसङ्कल्पादात्मज्ञानाय कल्पते ।।१३।।**

**અન્વયાર્થ :-**

**हि=જે કારણથી, प्रारब्धजन्मसङ्कल्पात्=પ્રારબ્ધજન્મના સંકલ્પથી, निजं मनः प्रत्याहृत्य=નિજમનનું સંવરણ કરીને, ध्यानार्था=ધ્યાનના ફળવાળી, सा इयं क्रिया=તે આ ક્રિયા અર્થાત્ શ્લોક-૧૧માં બતાવેલી જ્ઞાનયોગીની ભિક્ષાઅટનાદિ ક્રિયા, आत्मज्ञानाय कल्पते=આત્મજ્ઞાન માટે સમર્થ થાય છે. ।।૧૫-૧૩।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી પ્રારબ્ધજન્મના સંકલ્પથી નિજમનનું સંવરણ કરીને ધ્યાનના ફળવાળી તે આ જ્ઞાનયોગીની ભિક્ષાઅટનાદિ ક્રિયા આત્મજ્ઞાન માટે સમર્થ થાય છે. ।।૧૫-૧૩।।**

❖ 'हि' પદ 'यस्मात्' અર્થમાં છે અને તેનો અન્વય પૂર્વશ્લોક સાથે છે. તે આ રીતે – જે કારણથી ધ્યાનના ફળવાળી ક્રિયા આત્મજ્ઞાન માટે સમર્થ થાય છે તે કારણથી જ્ઞાનયોગીની આચારક્રિયા જુદા પ્રકારની છે.

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગી સાધક ધ્યાનથી સમતામાં અને સમતાથી વિશિષ્ટ ધ્યાનમાં ઉદ્યમ કરનારા છે તેથી તેઓનું ચિત્ત આત્માના અસંગ પરિણામથી અન્યત્ર લેશ પણ જતું નથી, તેથી તેઓને "મારે દીર્ઘ કાળ જીવીને સંયમની સાધના કરવી છે" તેવો પણ વિકલ્પ નથી. તેથી તેઓ મનને વિષયોથી સંવરણ કરીને પ્રારબ્ધજન્મના સંકલ્પથી ધ્યાનના ફળવાળી ભિક્ષાઅટનાદિ ક્રિયાઓ કરે છે તે બતાવવા અર્થે કહે છે.

પ્રારબ્ધજન્મ એટલે વર્તમાન જન્મને અનુકૂળ એવાં પૂર્વ ભવમાં બાંધેલાં જે કર્મો, તે કર્મોના ઉદયથી પ્રાપ્ત થયેલો જન્મ. તે પ્રારબ્ધજન્મ જે પ્રકારે તે યોગીઓને ધારણ કરવા માટે સર્જાયેલ છે તે પ્રમાણે જ તેને ધારણ કરવા અર્થે

યોગીઓ ભિક્ષાઅટનાદિ કરે છે. વળી, "પ્રારબ્ધજન્મથી દેહને ટકાવવા માટે પ્રેરિત કર્મોથી વિપરીત પ્રવૃત્તિ મારે કરવી છે" તેવો પણ યોગીઓનો સંકલ્પ નથી તેથી જે પ્રકારે પ્રારબ્ધજન્મ દેહ ધારણ કરવા અર્થે પ્રવૃત્તિ કરાવે તેવો છે તે પ્રમાણે તે યોગીઓ ઉચિત પ્રવૃત્તિ કરે છે. તેથી ભિક્ષાઅટનકાળમાં પણ તેઓનો અસંગભાવનો દૃઢ ઉપયોગ વર્તે છે. તેથી તેઓની ભિક્ષાઅટનાદિ ક્રિયા પણ ધ્યાનફળવાળી છે. વળી અસંગ અનુષ્ઠાનવાળા યોગીઓ મનનું સંવરણ કરીને સર્વ પ્રવૃત્તિઓ કરે છે તેથી તેઓની ભિક્ષાઅટનાદિ સર્વ ક્રિયાઓ પોતાના શુદ્ધ આત્માના સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ માટે જ થાય છે. તેથી શુદ્ધ આત્મામાં સૂક્ષ્મ લયનો પરિણામ પ્રગટે તો ક્ષપક શ્રેણીને પ્રાપ્ત કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. તેથી ધ્યાનના ફળવાળી તેઓની ભિક્ષાઅટનાદિ ક્રિયા પણ અરૂપી એવા આત્માને જોવાનું કારણ બને એવા કેવળજ્ઞાનરૂપ આત્મજ્ઞાન માટે સમર્થ છે.

અહીં વિશેષ એ છે કે વચનાનુષ્ઠાનવાળા મુનિઓ ભિક્ષાઅટન કરે છે ત્યારે પણ "ભિક્ષાની પ્રાપ્તિ થશે તો તેનાથી ધર્મના ઉપકરણરૂપ દેહનું પાલન કરીશ જેના બળથી સંયમની વૃદ્ધિ કરીને સમભાવની વૃદ્ધિ કરીશ" એવા સંકલ્પવાળા હોય છે. તેથી તેઓની ભિક્ષાઅટનાદિ ક્રિયા સંયમની વૃદ્ધિના સંકલ્પવાળી હોવાથી આત્મકલ્યાણનું કારણ છે, તોપણ શુદ્ધ આત્મતત્ત્વમાં નિવેશ પામતું ચિત્ત નથી તેથી અસંગભાવવાળા નથી પરંતુ કલ્યાણના કારણભૂત એવા ભગવાનનાં વચનો પ્રત્યે અને ભગવાનનાં વચનો પ્રમાણેની ક્રિયાઓ પ્રત્યે સંગવાળા છે.

જ્યારે અસંગભાવવાળા એવા જ્ઞાનયોગીઓ તો શુદ્ધ આત્મતત્ત્વને છોડીને ક્યાંય સંગ ધારણ કરતા નથી, તેથી તેમનું ચિત્ત કર્મો રહિત એવા શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે અસ્ખલિત રીતે પ્રવૃત્ત હોવાથી "ભિક્ષા ગ્રહણ કરીને દેહનું પાલન કરું અને સંયમની વૃદ્ધિ કરું" એવા અભિલાષવાળા પણ નથી. ફક્ત પ્રારબ્ધજન્મનાં કર્મોથી પ્રેરિત ઉચિત પ્રવૃત્તિ કરનારા છે તેથી તેઓની ક્રિયા તેઓના ધ્યાનના ઉપષ્ટંભનું કારણ છે. **॥૧૫-૧૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૭માં કહ્યું કે જ્ઞાનયોગીને આવશ્યકાદિ ક્રિયાઓ નથી. ત્યાં પ્રશ્ન થયો કે જો જ્ઞાનયોગી આવશ્યકાદિ ક્રિયા ન કરતા હોય તો ભિક્ષાઅટનાદિ**

**કેમ કરે છે. તે પ્રકારની શંકા શ્લોક-૧૧માં કરીને જ્ઞાનયોગીની ભિક્ષાઅટનાદિ ક્રિયા ક્રિયાયોગીની ક્રિયા કરતાં જુદા પ્રકારની છે તેમ સિદ્ધ કર્યું. હવે આવા જ્ઞાનયોગી ધ્યાનના બળથી કેવળજ્ઞાનને પ્રાપ્ત ન કરી શકે તે દરમિયાન કોઈક નિમિત્તને પામીને ચિત્તમાં અસ્થિર ભાવ થાય તો શું કરે તે શ્લોક-૧૪, ૧૫ અને ૧૬માં બતાવે છે –**

**શ્લોક :-**

**स्थिरीभूतमपि स्वान्तं, रजसा चलतां व्रजेत् ।**
**प्रत्याहृत्य निगृह्णाति, ज्ञानी यदिदमुच्यते ।।१४।।**

**અન્વયાર્થ :-**

**स्थिरीभूतमपि स्वान्तं=સ્થિર થયેલું પણ સ્વઅંતઃકરણ, रजसा चलतां व्रजेत्= રાગથી ચલાયમાન થાય તો, ज्ञानी=જ્ઞાની, (तं) प्रत्याहृत्य निगृह्णाति=(તેને= ચિત્તને) પાછું ખેંચીને નિગ્રહ કરે છે. यद्=જે કારણથી, इदमुच्यते=આ= આગળના શ્લોકમાં કહેવાનાર છે એ, કહેવાયું છે. ।।૧૫-૧૪।।**

**શ્લોકાર્થ :-**

**સ્થિર થયેલું પણ સ્વઅંતઃકરણ રાગથી ચલાયમાન થાય તો જ્ઞાની તેને પાછું ખેંચીને નિગ્રહ કરે છે. જે કારણથી આ કહેવાયું છે. ।।૧૫-૧૪।।**

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગી અસંગ અનુષ્ઠાનમાં હોય છે તેથી તેઓના ચિત્તમાં કોઈ પદાર્થના સંગનો પરિણામ નથી, માત્ર આત્માના અસંગભાવમાં સ્થિર ચિત્ત વર્તે છે. આવા પણ યોગીઓ હજુ વીતરાગ થયા નથી તેથી સંસ્કાર રૂપે રહેલ રાગાદિ ભાવો કોઈક નિમિત્તને પામીને ઉદ્રેકને પામે છે ત્યારે સ્થિર થયેલું એવું પણ તેમનું અંતઃકરણ ચલાયમાન થાય છે ત્યારે તે મહાત્માઓ નિમિત્તભૂત પદાર્થથી પોતાના ચિત્તને પાછું ખેંચીને આત્મભાવમાં નિગૃહીત કરે છે તેથી તે જ્ઞાનયોગી ફરી ધ્યાનદશાને પ્રાપ્ત કરીને નિર્વિકલ્પ ઉપયોગવાળા બને છે. તેઓ કઈ રીતે ચિત્તનો નિગ્રહ કરે છે તે બતાવવા માટે કહે છે કે જે કારણથી આ કહેવાયું છે

અર્થાત્ આગળના શ્લોકમાં બતાવશે તે કહેવાયું છે, જેનાથી જ્ઞાનયોગી કઈ રીતે ચિત્તનો નિગ્રહ કરે છે તેનો બોધ થાય છે. **॥૧૫-૧૪॥**

**શ્લોક :-**

**शनैः शनैरुपरमेद्, बुद्ध्या धृतिगृहीतया ।**
**आत्मसंस्थं मनः कृत्वा, न किञ्चिदपि चिन्तयेत् ।।१५।।**

**અન્વયાર્થ :-**

**धृतिगृहीतया बुद्ध्या=ધૃતિથી ગૃહીત એવી બુદ્ધિ વડે, शनैः शनैः उपरमेत्=ધીરે ધીરે ચિત્તને ઉપરમ કરે, आत्मसंस्थं मनः कृत्वा=આત્મસંસ્થ મનને કરીને, किञ्चिदपि न चिन्तयेत्=કાંઈપણ ચિંતવન ન કરે. ॥૧૫-૧૫॥**

**શ્લોકાર્થ :-**

**ધૃતિથી ગૃહીત એવી બુદ્ધિ વડે ધીરે ધીરે ચિત્તને ઉપરમ કરે, આત્મસંસ્થ મનને કરીને કાંઈપણ ચિંતવન ન કરે. ॥૧૫-૧૫॥**

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગી શુદ્ધ આત્મતત્ત્વમાં ઉપયુક્ત હોય છે. તેથી તેઓનું મન આત્માના પરમભાવ તરફ જવા માટે સદા જાગૃત હોય છે અને બાહ્ય પદાર્થો સાથે પ્રાયઃ સંશ્લેષ પામતું નથી. આમ છતાં જેમ કોઈક તેવા પ્રકારના નિમિત્તને પામીને પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચિત્ત દુર્મુખના વચનને સાંભળીને પુત્રની ચિંતામાં પ્રવૃત્ત થયું તેમ કોઈપણ નિમિત્તને પામીને જ્ઞાનયોગીનું ચિત્ત ચલતાને પ્રાપ્ત કરે તો જ્ઞાનયોગી તે ચિત્તનો નિગ્રહ કરે છે અને તેવા ચિત્તનો નિગ્રહ કઈ રીતે કરવો જોઈએ તે બતાવતાં કહે છે.

ચિત્તને બળાત્કારે ખેંચીને લક્ષ તરફ લઈ જવાનો યત્ન કરવામાં આવે તો ફરી તે ચિત્ત વિષયો તરફ જવા તત્પર થાય છે પરંતુ અનિગૃહીત મનથી થતા અનર્થોનું અને નિગૃહીત મનથી થતા ગુણોનું સમ્યક્ સમાલોચન કરીને અનર્થોથી ભય પેદા થાય અને ગુણોના લાભથી ગુણો પ્રત્યે પક્ષપાત થાય તે પ્રકારે તત્ત્વનું પર્યાલોચન કરવામાં આવે તો તે ચિત્ત તે વિષયોથી વિમુખ બને છે. તેથી જ્ઞાનયોગી ધૃતિપૂર્વક પદાર્થના વાસ્તવિક સ્વરૂપનું ચિંતવન કરે તો અસ્થિર

થયેલું ચિત્ત ધીરે-ધીરે શાંત બને છે અને તે વિષયોથી વિમુખ બનેલું એવું જ્ઞાનયોગીનું ચિત્ત ફરી આત્મભાવમાં સ્થિર બને છે. આ રીતે આત્મભાવમાં ચિત્ત સ્થિર બન્યા પછી કોઈ વસ્તુનું પણ ચિંતવન કરે નહીં પરંતુ સર્વ વિકલ્પોથી પર અને સર્વ ભાવો પ્રત્યે ઉદાસીન એવા સ્થિર થયેલા ચિત્તને સ્થૈર્યનો ભ્રંશ ન થાય તે રીતે રક્ષણ કરવામાં આવે તો જ્ઞાનયોગી ફરી નિર્વિકલ્પવાળા બને છે. **॥૧૫-૧૫॥**

**શ્લોક :-**

**यतो यतो निःसरति, मनश्चञ्चलमस्थिरम् ।**
**ततस्ततो नियम्यैतदात्मन्येव वशं नयेत् ।।१६।।**

**અન્વયાર્થ :-**

**यतः यतः=જ્યાંજ્યાંથી, चञ्चलमस्थिरम् मनः निःसरति=ચંચલ, અસ્થિર મન નિઃસરણ કરે છે અર્થાત્ આત્મામાંથી બહાર નીકળે છે, ततस्ततो= ત્યાંત્યાંથી, एतद् नियम्य=આનું અર્થાત્ મનનું નિયમન કરીને, आत्मनि एव वशं नयेत्=આત્મામાં જ વશ કરે. ॥૧૫-૧૬॥**

**શ્લોકાર્થ :-**

**જ્યાંજ્યાંથી ચંચલ, અસ્થિર મન નિઃસરણ કરે છે, ત્યાંત્યાંથી મનનું નિયમન કરીને આત્મામાં જ વશ કરે. ॥૧૫-૧૬॥**

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગી જ્યારે શુદ્ધ આત્મતત્ત્વમાં નિવેશમાન હોય ત્યારે તેમનામાં વર્તતું ક્ષયોપશમ ભાવવાળું વીર્ય સર્વશક્તિથી શુદ્ધ આત્મતત્ત્વમાં નિવેશમાન હોય છે. તેથી તે વખતે તેમની કોઈ પણ ઇન્દ્રિયો અન્ય વિષયને ગ્રહણ કરતી નથી. તેના કારણે ચિત્ત આત્મભાવને છોડીને અન્યત્ર જતું નથી. આમ છતાં ક્યારેક એવો સુદૃઢ વ્યાપાર મંદ પડે તો ચંચલ સ્વભાવવાળું ચિત્ત, જે આત્મભાવમાં સ્થિર હતું, તે સ્થિરતા વગરનું બને છે અને તે વખતે કોઈ ઇન્દ્રિય સાથે વિષયનો સંપર્ક થાય તો તે વિષયને અવલંબીને આત્મભાવને છોડીને ચિત્ત બહાર ગતિમાન થાય છે.

જેમ ધ્યાનમાં રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિ કંઈક દૃઢ વ્યાપાર વગરના થયા ત્યારે તેમનું ચિત્ત કંઈક અસ્થિર ભાવવાળું હતું. તેથી દુર્મુખના વચનને શ્રવણ કરીને, તે વચનાનુસાર પોતાના પુત્રવિષયક ચિંતવનમાં પ્રવૃત્ત થયા. તે રીતે કોઈક જ્ઞાનયોગીનું ચિત્ત મંદ વ્યાપારવાળું થયું હોય અને કોઈક નિમિત્તને પામીને જે જે ઇન્દ્રિયથી ચિત્ત બહાર ગતિમાન થયું હોય તે તે ઇન્દ્રિયથી થતા અનર્થોનું સમ્યક્ સમાલોચન કરીને ચિત્તને શાંત કરવું જોઈએ તેથી તે ઇન્દ્રિયના વિષય તરફ ચિત્ત જતું બંધ થાય. વળી, જ્ઞાનયોગીને પોતાના ચિત્તને શુદ્ધ આત્મતત્ત્વમાં કઈ રીતે સ્થાપન કરવું તેનો માર્ગાનુસારી બોધ હોય છે તેથી ફરી તે ચિત્તને આત્મામાં જ વશ કરે તો પ્રસન્નચંદ્ર રાજર્ષિની જેમ ફરી શુદ્ધ ધ્યાનમાં ચડીને જ્ઞાનયોગી નિર્વિકલ્પ દશાને પ્રાપ્ત કરી શકે છે. **॥૧૫-૧૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે જ્ઞાનયોગી શુદ્ધ આત્મતત્ત્વમાં નિવિશમાન હોય છે છતાં તેવા જ્ઞાનયોગીનું પણ ચિત્ત ક્યારેક અસ્થૈર્યભાવને પામે તો તેનો નિગ્રહ કરવો જોઈએ. હવે જેઓ જ્ઞાનયોગને પામ્યા નથી, તેઓએ પણ જ્ઞાનયોગના શક્તિસંચય માટે શું કરવું જોઈએ તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अत एवादृढस्वान्तः, कुर्याच्छास्त्रोदितां क्रियाम् ।**
**सकलां विषयप्रत्याहरणाय महामतिः ।।१७।।**

**અન્વયાર્થ :-**

**अतः एव=આથી જ અર્થાત્ પૂર્વના શ્લોકમાં કહ્યું કે સ્થિર થયેલું અંતઃકરણ પણ રાગથી ચલાયમાન થાય છે ત્યારે ચિત્તને સ્થિર કરવા જ્ઞાનીને યત્ન કરવો પડે છે આથી જ, अदृढ स्वान्तः महामतिः=અદૃઢ સ્વઅંતઃ-કરણવાળા અર્થાત્ જેઓનું ચિત્ત સ્થિર થયું નથી એવા, મહામતિ મુનિ, विषय-प्रत्याहरणाय=વિષયપ્રત્યાહરણ કરવા માટે, शास्त्रोदितां सकलां क्रियाम्= શાસ્ત્રોદિત સકળ ક્રિયાઓને અર્થાત્ શાસ્ત્રમાં કહેલી બધી ક્રિયાઓને, कुर्यात्=કરે. ॥૧૫-૧૭॥**

**શ્લોકાર્થ :-**

**આથી જ અદઢ સ્વઅંતઃકરણવાળા મહામતિ મુનિ વિષયપ્રત્યાહરણ કરવા માટે શાસ્ત્રમાં કહેલી બધી ક્રિયાઓને કરે. ॥૧૫-૧૭॥**

**ભાવાર્થ :-**

સંસારનો ઉચ્છેદ કરવો અતિદુષ્કર છે તોપણ સત્ત્વશાળી જીવો સમ્યક્ ઉદ્યમ કરીને તેનો ઉચ્છેદ કરી શકે છે અને તેમાં પણ જ્ઞાનયોગવાળા જીવો તો સંસારઉચ્છેદને અનુકૂળ ઘણી શક્તિનો સંચય કરી ચૂક્યા છે. તેવા પણ યોગીઓમાં અનાદિ કાળના વિદ્યમાન અને વર્તમાનમાં નષ્ટપ્રાયઃ એવા પણ મોહના સંસ્કારો સર્વથા નષ્ટ થયા નથી. તેથી નિમિત્તને પામીને તેવા યોગીઓનું પણ ચિત્ત વિષયો તરફ જાય તો નષ્ટપ્રાયઃ પણ મોહના સંસ્કારો ફરી વૃદ્ધિવાળા બને છે અને તેવા યોગીઓના રક્ષણ અર્થે જ તેઓના ચિત્તને ફરી માર્ગમાં કઈ રીતે લાવવું તેનો ઉપદેશ પૂર્વના બે શ્લોકમાં બતાવ્યો.

હવે જેઓ સંસારથી ભય પામેલા છે, આત્મકલ્યાણના અત્યંત અર્થી છે અને શાસ્ત્રના પરમાર્થને જાણીને મહામતિવાળા થયા છે તેઓ વિચારે છે કે જ્ઞાનયોગીને જે પ્રકારનો સત્ત્વનો સંચય થયો છે તે પ્રકારનો સત્ત્વનો સંચય આપણને થયો નથી તેથી પોતાનું ચિત્ત શુદ્ધ આત્મતત્ત્વમાં નિવેશ પામે તે પ્રકારે દૃઢ બન્યું નથી. આમ છતાં તેઓ તેવા ઉત્તમ ચિત્તની નિષ્પત્તિના અર્થી છે. તેથી પોતાના ચિત્તને સંસારના વિષયોથી પાછું ખેંચવા માટે શાસ્ત્રમાં કહેલી સર્વ ક્રિયાઓને કરે છે, એટલું જ નહીં પણ દરેક ક્રિયાઓ ભગવાને જે પ્રકારે કરવાની કહી છે તે પ્રકારે તે ક્રિયાઓ વિષયક ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરીને તે તે પ્રકારે તે તે ક્રિયાઓ કરવા દ્વારા ચિત્તને વિશ્રાંતિ તરફ લઈ જવા માટે દૃઢ યત્ન કરે છે. તેથી તે મહાત્મામાં ઇન્દ્રિયના વિષયો સાથેના સંશ્લેષના સંસ્કારો નષ્ટ-નષ્ટતર થાય છે અને ગુણ પ્રત્યેના પક્ષપાતના સંસ્કારો અતિશયિત અતિશયિત થાય છે. વળી, ગુણ પ્રત્યેનો પક્ષપાત જ્યારે પ્રકર્ષવાળો બને છે ત્યારે પૂર્ણગુણમય એવા શુદ્ધ આત્મામાં તેમનું ચિત્ત નિવેશ પામી શકે તેવું સ્થૈર્યભાવવાળું બને છે. તેથી જ્ઞાનયોગના અર્થી એવા તે મહામતિ મુનિ શાસ્ત્રાનુસારી ક્રિયાના બળથી જ્ઞાનયોગમાં જવા માટે સમર્થ બને છે. **॥૧૫-૧૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે જે સાધુ અદૃઢ સ્વાન્તઃકરણવાળા છે તે સાધુ સકલશાસ્ત્રોક્ત ક્રિયાને કરે જેથી ચિત્તના સ્થૈર્યની પ્રાપ્તિ થાય. હવે તે જ કથનને દૃઢ કરવા માટે અદૃઢ સ્વાન્તઃકરણવાળા વ્યવહારદશામાં રહેલા એવા સાધુ કઈ રીતે સંયમમાં યત્ન કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**श्रुत्वा पैशाचिकीं वार्त्तां, कुलवध्वाश्च रक्षणम् ।**
**नित्यं संयमयोगेषु, व्यापृतात्मा भवेद्यतिः ।।१८।।**

**અન્વયાર્થ :-**

**पैशाचिकीं वार्तां=પૈશાચિકી વાર્તાને, कुलवध्वाश्च रक्षणम् श्रुत्वा=અને કુલવધૂના રક્ષણને સાંભળીને, यतिः=યતિ, नित्यं=હંમેશાં, संयमयोगेषु व्यापृतात्मा भवेत्=સંયમયોગમાં વ્યાપૃતાત્મા થાય અર્થાત્ વ્યાપારવાળા થાય. ।।૧૫-૧૮।।**

**શ્લોકાર્થ :-**

**પૈશાચિકી વાર્તાને અને કુલવધૂના રક્ષણને સાંભળીને યતિ હંમેશાં સંયમયોગમાં વ્યાપૃતાત્મા થાય. ।।૧૫-૧૮।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં પૈશાચિકી વાર્તા કહી છે તે આ મુજબ છે. કોઈક પુરુષને પિશાચ પ્રસન્ન થઈને કહે છે કે "હું તારા સર્વ મનોરથો પૂર્ણ કરીશ પરંતુ મને સદા તારે કોઈક ને કોઈક કાર્ય સોંપવાનું. જો મને કોઈ કાર્ય નહીં સોંપવામાં આવે તો હું તારો વિનાશ કરીશ." ત્યારે તે બુદ્ધિમાન પુરુષે તે પિશાચને ભોગસામગ્રીયુક્ત સુંદર મહેલ બાંધવાનું કહ્યું. દૈવિક શક્તિથી પિશાચે અલ્પકાળમાં મહેલનું નિર્માણ કર્યું. પછી જે જે કાર્યો તે પુરુષને ઇષ્ટ હતાં તે સર્વ કાર્યો તે પિશાચ તે પુરુષને અલ્પકાળમાં પૂર્ણ કરી આપે છે. તેથી હવે તેને શું કાર્ય સોંપવું તેની ચિંતા તે પુરુષને થઈ અને બુદ્ધિપૂર્વક વિચારીને તેણે પિશાચને એક નિસરણી લાવવા કહ્યું અને કહ્યું કે "હું જ્યાં સુધી અન્ય કાર્ય કહું નહીં ત્યાં સુધી તારે આ

નિસરણી પર ચડવાનું અને ઊતરવાનું કાર્ય કરવું.” જેથી તે પુરુષ તે પિશાચના અનર્થથી રક્ષિત થાય છે.

પિશાચની આ કથાને સાંભળીને સાધુ પણ પોતાના મનને સતત સંયમયોગમાં વ્યાપૃત કરે છે; કેમ કે જેમ તે પિશાચને જો કામ ન સોંપવામાં આવે તો તે પિશાચ તે પુરુષનો વિનાશ કરે છે તેમ અનાદિથી મોહવાસિત એવા આત્માનું ચિત્ત જો સંયમયોગમાં વ્યાપારવાળું કરવામાં ન આવે તો તે સાધુનો વિનાશ કરે છે. તેથી પિશાચની વાર્તાને શાસ્ત્રવચનથી સાંભળીને સાધુ ચિત્તને ક્ષણભર પણ સંયમયોગને છોડીને અન્યત્ર વ્યાપાર કર્યા વગર સંયમયોગમાં જ વ્યાપારવાળું રાખે છે.

અને જો તે સાધુ ચિત્તને તે પ્રમાણે સંયમયોગમાં વ્યાપારવાળું રાખી ન શકે તો જેમ તે પિશાચ તે પુરુષનું ભક્ષણ કરે છે તેમ સાધુનું ચિત્ત મોહની અસરથી વ્યાપૃત થઈને સાધુના સંયમગાત્રનું ભક્ષણ કરે છે.

અહીં પિશાચસ્થાનીય જીવનું ચિત્ત છે અને જેમ તે પિશાચે તે પુરુષની ભોગસામગ્રી સંપાદન કરી આપી તેમ સાધુનું ચિત્ત સ્વાધ્યાયાદિમાં વ્યાપૃત થાય તો આત્માની સર્વસમૃદ્ધિઓ પ્રગટ કરી આપે છે. વળી, તે પિશાચતુલ્ય ચિત્ત વડે સંયમયોગને ઉચિત પ્રવૃત્તિઓ કરાવવામાં ન આવે તો તે પિશાચ જેવું ચિત્ત સાધુના સાધુપણાનો જ વિનાશ કરે છે. તેથી સાધુ ચિત્તને નિસરણી જેવા સંયમયોગનાં સ્થાનોમાં સદા વ્યાપારવાળું રાખે છે, જેથી અન્ય વિષયો સાથે સંશ્લેષ પામીને તે ચિત્ત સાધુનો વિનાશ કરે નહીં.

વળી, શાસ્ત્રમાં કુલવધૂના રક્ષણની કથા કહેવાઈ છે તે આ મુજબ છે :

કોઈક કુલીન સ્ત્રી લગ્ન કરીને શ્વસુરગૃહે જાય છે. ભવિતવ્યતાના યોગે અલ્પકાળમાં વિધવા થાય છે અને સુખી ઘર હોવાથી કોઈ ગૃહકાર્ય કરવાનું હોતું નથી તેથી દિવસ પસાર કરવા માટે ઘરના ઝરૂખામાં બેસી રસ્તે જતા આવતા લોકોનું નિરીક્ષણ કરતી સમય પસાર કરે છે. તેથી અનાદિની વાસના તેને સતાવે છે ત્યારે બુદ્ધિમાન એવા તેના સસરાએ તેના શીલના રક્ષણ અર્થે ઘરનાં કાર્યોમાંથી માણસોને નિવૃત્ત કરીને તે કુળવધૂને ઘરનાં કાર્યોમાં વ્યાપારવાળી કરી. વળી, તે સ્ત્રી કુલીન હતી તેથી શીલરક્ષણની અર્થી હતી તોપણ કોઈ

પ્રવૃત્તિ નહીં હોવાથી રસ્તા પર નિરીક્ષણ કરવાને કારણે વિકારોથી વ્યાકુળ બને છે અને દિવસભર ગૃહકાર્યમાં વ્યસ્ત થવાથી વિકારોને ઉત્પન્ન થવાનો સંયોગ જ પ્રાપ્ત થતો નથી તેથી સુખે સુખે શીલનું રક્ષણ કરી શકે છે. તેમ જે સાધુ સંસારથી ભય પામેલા છે, આત્મકલ્યાણના અર્થી છે તેથી કુળવધૂ જેવા કુલીન છે આમ છતાં સંયમ ગ્રહણ કર્યા પછી સંયમનાં સર્વ ઊચિત કાર્યોમાં ચિત્તને દૃઢ યોજન કરીને વ્યાપારવાળું ન કરે તો તે તે ઇન્દ્રિયોના તે તે વિકારો ઉત્થિત થઈને સાધુના શીલનો વિનાશ કરે છે. તેથી વ્યવહારદશામાં રહેલા શીલ પાળવાના અર્થી એવા સાધુ શાસ્ત્રવચનથી કુલવધૂના શીલના રક્ષણની કથાને સાંભળીને હંમેશાં પોતાના ચિત્તને સંયમયોગમાં વ્યાપારવાળું રાખે જેથી વ્યવહારદશાને અનુકૂળ એવા સમભાવના પરિણામના બળથી સાધુનો સંયમરૂપી દેહ સુરક્ષિત રહે છે. **॥૧૫-૧૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩માં કહ્યું કે કર્મયોગ એ મોક્ષનું કારણ હોવા છતાં પુણ્યસંચયનું મુખ્ય કારણ છે. શ્લોક-૪માં કહ્યું કે, જ્ઞાનયોગની જેમ સાક્ષાત્ મોક્ષનું કારણ નથી. વળી, શ્લોક-૫માં કહ્યું કે, જ્ઞાનયોગ સાક્ષાત્ મોક્ષનું કારણ છે. હવે જેઓ જ્ઞાનયોગમાં વર્તી શકે છે તેઓને સંયમની ક્રિયા કોઈ પ્રયોજનવાળી નથી પરંતુ જેઓ જ્ઞાનયોગમાં વર્તી શકે તેવી ચિત્તની ભૂમિકાવાળા નથી તેવા યોગીઓને સંયમયોગની ક્રિયાઓ જ્ઞાનયોગની પ્રાપ્તિ દ્વારા મોક્ષનું કારણ છે. તે બતાવે છે –**

**શ્લોક :-**

**या निश्चयैकलीनानां, क्रिया नातिप्रयोजना: ।**
**व्यवहारदशास्थानां, ता एवातिगुणावहा: ।।१९।।**

**અન્વયાર્થ :-**

**निश्चयैकलीनानां=નિશ્ચયમાં એકલીન એવા સાધુઓને અર્થાત્ નિશ્ચયને અભિમત સમતાની વૃદ્ધિના એક ઉપાયભૂત એવા ધ્યાન માત્રમાં લીન એવા સાધુઓને, या क्रिया=જે ક્રિયા અર્થાત્ સંયમયોગની જે ક્રિયાઓ,**

**अतिप्रयोजनाः न=અતિપ્રયોજનવાળી નથી, ता एव=તે જ (ક્રિયા) અર્થાત્ સંયમયોગની તે જ ક્રિયાઓ, व्यवहारदशास्थानां=વ્યવહારદશામાં રહેલાઓને અર્થાત્ વ્યુત્થાનદશામાં રહેલા અને ધ્યાન માટે અસમર્થ એવા સાધુઓને, अतिगुणावहाः=અતિગુણને લાવનારી છે અર્થાત્ નિશ્ચયદશાને અનુકૂળ શક્તિ સંચયરૂપ અતિગુણને લાવનારી છે. ॥૧૫-૧૯॥**

**શ્લોકાર્થ :-**

**નિશ્ચયમાં એકલીન એવા સાધુઓને સંયમયોગની જે ક્રિયાઓ અતિપ્રયોજનવાળી નથી, સંયમયોગની તે જ ક્રિયાઓ વ્યવહારદશામાં રહેલાઓને અતિગુણને લાવનારી છે. ॥૧૫-૧૯॥**

**ભાવાર્થ :-**

સંયમયોગમાં વર્તતા સાધુઓની બે ભૂમિકા છે :- (૧) અસંગદશાવાળા યોગી, (૨) વચનાનુષ્ઠાનવાળા યોગી.

અસંગદશાવાળા યોગીઓનો આત્મા તત્ત્વજ્ઞાનના સંસ્કારોથી અતિવાસિત હોય છે તેથી સંસારના ભાવોમાં કે ઇન્દ્રિયના વિષયમાં ચિત્તનો વ્યાપાર થાય તેવા તેઓના સંસ્કારો તત્ત્વજ્ઞાનના સંસ્કારોથી પ્રતિબદ્ધ હોય છે, માટે તેઓનું ચિત્ત ઇન્દ્રિયના વિષયોમાં કે સાંસારિક ભાવોમાં સહજ રીતે ગમન કરતું નથી. વળી, તત્ત્વજ્ઞાનના સંસ્કારો અતિશયિત હોવાને કારણે સર્વકર્મથી રહિત એવા શુદ્ધ આત્મા પ્રત્યેનો દૃઢ યત્ન વર્તે તેવા સંસ્કારો જાગૃત હોય છે તેથી સર્વકર્મથી રહિત એવા શુદ્ધ આત્મતત્ત્વને પ્રગટ કરવા માટે સહજ ભાવે તેમનું ચિત્ત ધ્યાનમાં વર્તે છે. વળી, આવા યોગીઓ તે ધ્યાનના બળથી નિરાકુલ એવા શુદ્ધ આત્માનું વેદન કરે છે અને તે મહાત્માઓને જે નિરાકુળભાવનું વેદન છે તેના બળથી તેમનું ચિત્ત શુદ્ધ આત્મભાવમાં નિવિશમાન છે તેથી તેઓ સહજ પ્રકૃતિથી ધ્યાનમાં વર્તે છે. તે વખતે પ્રવૃત્તિરૂપ નિશ્ચયમાં તેઓ લીન છે અર્થાત્ શુદ્ધ આત્માને પ્રગટ કરવાને અનુકૂળ એવી પ્રવૃત્તિમાં તેઓ લીન છે.

વળી, આવા યોગીઓ દેહનિર્વાહાદિ અર્થે ભિક્ષાઅટનાદિ પ્રવૃત્તિઓ કરે છે ત્યારે ધ્યાનયોગમાં પ્રવૃત્તિરૂપ નિશ્ચયનયનો પરિણામ તેઓમાં નથી તોપણ જ્ઞપ્તિરૂપ નિશ્ચયમાં=સંશ્લેષ વગરના જ્ઞાનના પરિણામમાં, તેઓ લીન છે.

તેથી તેવા યોગીઓને સંયમયોગની ક્રિયાઓ ખાસ કોઈ પ્રયોજનવાળી નથી. ફક્ત ભિક્ષાઅટનાદિ ક્રિયાઓ કંઈક પ્રયોજનવાળી છે તેથી ઉચિત કાળે ભિક્ષાઅટનાદિમાં તે યોગીઓ પ્રવૃત્તિ કરે છે અને શેષકાળમાં ધ્યાન દ્વારા શુદ્ધ આત્માને પ્રગટ કરવા સર્વ ઉદ્યમ કરે છે.

જેમ તીર્થંકરાદિ જીવો સંયમગ્રહણકાળમાં નિશ્ચય એકલીન હોવાથી પૈશાચિકી વાર્તા કે કુળવધૂના શીલના રક્ષણની કથાના સ્મરણથી સંયમયોગમાં વર્તતા નથી પરંતુ સહજ પ્રકૃતિથી ધ્યાનમાં વર્તે છે.

વળી, જે મુનિઓ તેવી દશામાં નથી, પરંતુ વ્યવહારદશામાં છે તેથી જો તેઓ પૈશાચિકી વાર્તાનું સ્મરણ કરીને કે કુળવધૂના શીલના રક્ષણના દૃષ્ટાંતનું સ્મરણ કરીને સંયમયોગમાં વ્યાપારવાળા ન થાય તો સંયમની વૃદ્ધિ કરી શકતા નથી; કેમ કે અનાદિના મોહના સંસ્કારો હજુ નષ્ટ થયા નથી અને કલ્યાણ કરવાના ઉત્તમ અભિલાષથી જે સંયમ ગ્રહણ કર્યું છે તે સંયમના દીર્ઘ પાલન દ્વારા તત્ત્વજ્ઞાનના સંસ્કારો સ્થિર થયા નથી અને તેઓ સંયમયોગની ક્રિયાઓ કરે તો તેનાથી જ તેઓના આત્મામાં સંવરભાવને અનુકૂળ ઉત્તમ સંસ્કારોનું આધાન થાય છે, તેથી તેઓને માટે સંયમયોગની સર્વ ક્રિયાઓ અતિગુણને લાવનારી છે. **॥૧૫-૧૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે વ્યવહારદશાવાળા યોગીઓને સંયમયોગની ક્રિયા અતિગુણને કરનારી છે. ત્યાં પ્રશ્ન થાય કે શ્લોક-૩ અને ૪માં કહ્યું તે પ્રમાણે ક્રિયાયોગ મોક્ષનું કારણ નથી પરંતુ સ્વર્ગનું કારણ છે અને શ્લોક-૫માં કહ્યું તે પ્રમાણે જ્ઞાનયોગ મોક્ષનું કારણ છે. તેથી ક્રિયાયોગરૂપ સંયમની ક્રિયાઓ મોક્ષના અર્થી સાધુઓને કઈ રીતે ગુણાવહ થઈ શકે છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**कर्मणोऽपि हि शुद्धस्य, श्रद्धामेधादियोगतः ।**
**अक्षतं मुक्तिहेतुत्वं, ज्ञानयोगानतिक्रमात् ।।२०।।**

**અન્વયાર્થ :-**

**श्रद्धामेधादियोगतः=શ્રદ્ધા, મેધાદિના યોગથી, ज्ञानयोगानतिक्रमात्= જ્ઞાનયોગનો અનતિક્રમ હોવાને કારણે, शुद्धस्य कर्मणः अपि=શુદ્ધ કર્મનું પણ, मुक्तिहेतुत्वं अक्षतं=મોક્ષહેતુપણું અક્ષત છે. ।।૧૫-૨૦।।**

**શ્લોકાર્થ :-**

**શ્રદ્ધા, મેધાદિના યોગથી જ્ઞાનયોગનો અનતિક્રમ હોવાને કારણે શુદ્ધ કર્મનું પણ મોક્ષહેતુપણું અક્ષત છે. ।।૧૫-૨૦।।**

❖ 'हि' પાદપૂર્તિ અર્થે યોજાયેલ છે.

❖ 'श्रद्धामेधादि' પદમાં 'आदि' પદથી ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષાનું ગ્રહણ છે.

❖ 'शुद्धस्य कर्मणोऽपि'માં 'अपि'થી એ કહેવું છે કે જ્ઞાનયોગ તો મોક્ષનો હેતુ છે જ, પરંતુ શુદ્ધ એવો કર્મયોગ પણ મોક્ષનો હેતુ છે.

**ભાવાર્થ :-**

**શ્રદ્ધાયોગ :** જે સાધુ પૈશાચિકી વાર્તાને કે કુલવધૂના શીલના રક્ષણના દૃષ્ટાંતને સાંભળીને સર્વ સંયમની ક્રિયાઓ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કરવા યત્ન કરે છે તેવા સાધુને સ્થિર શ્રદ્ધા છે કે વીતરાગના વચનાનુસાર કરાયેલી શાસ્ત્રોક્ત ક્રિયાઓ મોહનું ઉન્મૂલન કરીને વીતરાગ થવાનું કારણ છે તેથી તેમની ક્રિયામાં શ્રદ્ધાનો યોગ છે.

**મેધાયોગ :** વળી, પરમાર્થને જોનારી મેધા પણ તેવા યોગીઓની સંયમની ક્રિયામાં વર્તે છે. તેથી "આ શાસ્ત્રોક્ત ક્રિયાઓ કયા પ્રકારના ઉપયોગથી મોહના ઉન્મૂલનનું કારણ બને" તે પ્રમાણે મેધાપૂર્વક વિચારીને તે પ્રકારે શાસ્ત્રને અનુસરનારા અને અનુભવને અનુસરનારા ઉપયોગપૂર્વક મેધાને સંયમની ક્રિયામાં પ્રવર્તાવે છે, તેથી તેમની ક્રિયામાં સંયમના ઉત્તર ઉત્તરના કંડકોનો સ્પર્શ થાય તેવી મેધા વર્તે છે. માટે તેમની ક્રિયામાં મેધાનો યોગ છે.

**ધૃતિયોગ :** વળી, આવા યોગીઓ સંસારથી અત્યંત ભય પામેલા હોવાથી શાસ્ત્રોક્ત ક્રિયાઓ જે રીતે અંતરંગ યતનાથી અને બહિરંગ યતનાથી ભગવાને કરવાની કહી છે તે રીતે ધૃતિપૂર્વક કરે છે તેથી તેમની ક્રિયામાં ધૃતિનો યોગ છે. આથી તે મહાત્માની સંયમની તે તે ક્રિયાઓ પ્રતિદિન સંયમના

કંડકોની વૃદ્ધિનું કારણ બને તે પ્રકારની ધૃતિથી થાય છે.

**ધારણાયોગ :** વળી, આવા યોગીઓ ક્રિયાકાળમાં જે ક્રિયાઓમાં યત્ન કરે છે તે ક્રિયાઓથી નિષ્પાદ્ય ભાવોના દૃઢ સંસ્કારો પડે તે પ્રકારની ધારણાથી ક્રિયાઓમાં દત્તચિત્ત થઈને યત્ન કરે છે તેથી તેમની ક્રિયામાં ધારણાનો યોગ છે. આથી તે મહાત્માઓની સંયમની તે તે ક્રિયાથી તેમના આત્મામાં વીતરાગતાને અનુકૂળ દૃઢ સંસ્કારોનું આધાન થાય છે.

**અનુપ્રેક્ષાયોગ :** વળી, આવા યોગીઓ પોતાની કરાયેલી ક્રિયાઓથી અંતરંગ રીતે મોહના ઉન્મૂલનને અનુકૂળ સુદૃઢ વ્યાપાર થાય છે કે નહીં તેને અનુરૂપ અનુપ્રેક્ષણના વ્યાપારવાળા હોય છે તેથી તેમની ક્રિયામાં અનુપ્રેક્ષાનો યોગ છે. આથી તે મહાત્માઓ અનુપ્રેક્ષાના બળથી ક્ષપકશ્રેણીને અનુકૂળ અધિક અધિક શક્તિનો સંચય તે તે ક્રિયાઓથી કરે છે.

જે સાધુઓ સર્વજ્ઞએ કહેલી સર્વ ક્રિયાઓ શ્રદ્ધા, મેધાદિ ભાવોના યોગથી કરે છે તે ક્રિયાઓ શાસ્ત્રવિધિથી શુદ્ધ છે. આવી શુદ્ધ ક્રિયાઓ શુદ્ધ કર્મયોગ છે. આવા શુદ્ધ કર્મયોગમાં મોક્ષનું હેતુપણું અક્ષત છે; કેમ કે શ્રદ્ધાદિ ભાવોથી ક્રિયાઓમાં જ્ઞાનયોગનો અતિક્રમ નથી અર્થાત્ જ્ઞાનયોગથી સંવલિત તે ક્રિયાયોગ છે તેથી નિશ્ચય દશાવાળા મુનિઓ જેમ પ્રધાનરૂપે જ્ઞાનયોગ સેવે છે, તેવો જ્ઞાનયોગ નહીં હોવા છતાં વ્યવહારદશાવાળા મુનિનો જ્ઞાનયોગથી સંવલિત કર્મયોગ છે અર્થાત્ ક્રિયાયોગના બળથી કંઈક કંઈક નિર્લેપતાનો પરિણામ પ્રગટે છે તે રૂપ જ્ઞાનયોગ છે તેનાથી યુક્ત કર્મયોગ છે. તેથી આવો કર્મયોગ પણ મોક્ષનો હેતુ છે. **॥૧૫-૨૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૯માં કહ્યું કે નિશ્ચયમાં એકલીન એવા મુનિઓને સંયમની ક્રિયા અતિપ્રયોજનવાળી નથી અને વ્યવહારદશામાં રહેલા એવા મુનિઓને સંયમની ક્રિયા ગુણને કરનારી છે. હવે તેની જ પુષ્ટિ કરવા અર્થે કહે છે—**

**શ્લોક :-**

**अभ्यासे सत्क्रियापेक्षा, योगिनां चित्तशुद्धये ।**
**ज्ञानपाके शमस्यैव, यत्परैरप्यदः स्मृतं ।।२१।।**

**અન્વયાર્થ :-**

**योगिनां चित्तशुद्धये=યોગીઓને ચિત્તશુદ્ધિ માટે, अभ्यासे सत्क्रियाऽपेक्षा= અભ્યાસકાળમાં સત્ક્રિયાની અપેક્ષા રહે છે, ज्ञानपाके शमस्यैव (अपेक्षा)= (અને) જ્ઞાનના પરિપાકમાં શમની જ અપેક્ષા રહે છે. यद्=જે કારણથી, परैः अपि=બીજાઓ વડે પણ અર્થાત્ અન્યદર્શનકારો વડે પણ, अदः स्मृतम्=આ અર્થાત્ આગળના શ્લોકમાં કહેવાશે એ કહેવાયું છે. ।।૧૫-૨૧।।**

**શ્લોકાર્થ :-**

**યોગીઓને ચિત્તશુદ્ધિ માટે અભ્યાસકાળમાં સત્ક્રિયાની અપેક્ષા રહે છે અને જ્ઞાનના પરિપાકમાં શમની જ અપેક્ષા રહે છે. જે કારણથી અન્ય દર્શનકારો વડે પણ આ કહેવાયું છે. ।।૧૫-૨૧।।**

**ભાવાર્થ :-**

સંસારથી પરાન્મુખ થયેલા જીવો યોગમાર્ગને સ્વીકારે છે અને યોગમાર્ગનો સ્વીકાર કર્યા પછી જ્યાં સુધી યોગ સુઅભ્યસ્ત ન બને ત્યાં સુધી યોગીઓ અભ્યાસદશાવાળા હોય છે અને યોગીઓને અભ્યાસકાળમાં મોક્ષને અનુકૂળ ચિત્તશુદ્ધિ માટે સત્ક્રિયાઓની અપેક્ષા છે તેથી અભ્યાસદશાવાળા યોગીઓ શ્રદ્ધામેધાદિના યોગથી કર્મયોગને સેવે છે. તેનાથી જ તેઓનું ચિત્ત જ્ઞાનયોગમાં જવાને અનુકૂળ શુદ્ધિવાળું બને છે. જ્યારે તે યોગીઓ ક્રિયાઓના સેવનથી સુઅભ્યસ્ત યોગમાર્ગવાળા બને છે ત્યારે ક્રિયાયોગમાં વર્તતો જ્ઞાનયોગ પરિપાકને પામે છે અર્થાત્ ક્રિયાયોગકાળમાં મોહના સ્પર્શ વગરનો જ્ઞાનનો પરિણામ ક્રિયાના બળથી સ્ફુરણ થતો હતો તે મોહના સ્પર્શ વગરનો જ્ઞાનનો પરિણામ ક્રિયાના પરિણામ વગર સહજ સ્ફુરણ થઈ શકે તેવો પરિપક્વ ભૂમિકાવાળો બને છે અને મોહના સ્પર્શ વગરનો સહજ સ્ફુરાયમાન થતો જ્ઞાનનો પરિણામ શુદ્ધ આત્માના સ્વરૂપમાં સહજ ભાવે લીન રહે છે. વળી, શુદ્ધ આત્મભાવમાં લીન એવું ચિત્ત વિશિષ્ટ પ્રકારના સમભાવને વહન કરે છે અને આત્મામાં સ્ફુરણ થતો સમભાવનો પરિણામ યોગીના ચિત્તને શુદ્ધ કરે છે અર્થાત્ યોગીના આત્મામાં સમભાવના સંસ્કારો અતિશય અતિશય આધાન કરે છે; જેથી યોગીનું ચિત્ત મોહનીય કર્મના ક્ષયોપશમ ભાવમાંથી ક્ષાયિક ભાવ તરફ જવા સમર્થ બને છે.

અહીં કહ્યું કે અભ્યાસદશામાં ચિત્તશુદ્ધિ માટે યોગીઓને સત્ક્રિયાઓની અપેક્ષા છે અને અભ્યસ્તદશામાં જ્ઞાનયોગનો પરિપાક હોવાને કારણે સમપરિણામથી જ ચિત્તની શુદ્ધિ થાય છે. તેની પુષ્ટિ કરવા અર્થે અન્યદર્શનની સાક્ષી આપતાં કહે છે કે જે કારણથી અન્ય દર્શનવાળા પણ યોગના વિષયમાં આ જ અર્થને કહેનાર વચન કહે છે જે વચન ગ્રંથકારશ્રી સ્વયં આગળના શ્લોકમાં બતાવે છે. **॥૧૫-૨૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે અભ્યાસદશામાં ક્રિયાથી ચિત્તની શુદ્ધિ થાય છે અને અભ્યસ્તદશામાં સમપરિણામથી ચિત્તની શુદ્ધિ થાય છે, જેમાં બીજાઓની સાક્ષી આપી હવે બીજાઓનું તે વચન સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**आरुरुक्षोर्मुनेर्योगं, कर्मकारणमुच्यते ।**
**योगारूढस्य तस्यैव, शमः कारणमुच्यते ।।२२।।**

**અન્વયાર્થ :-**

**योगं आरुरुक्षोः मुनेः=યોગને આરૂઢ કરવાની ઈચ્છાવાળા મુનિની (ચિત્તશુદ્ધિમાં), कर्मकारणमुच्यते કર્મ કારણ કહેવાય છે (અને), योगारुढस्य तस्यैव=યોગારૂઢ એવા તેની જ અર્થાત્ તે મુનિની જ (ચિત્તશુદ્ધિમાં), शमः कारणमुच्यते=શમ કારણ કહેવાય છે. ।।૧૫-૨૨।।**

**શ્લોકાર્થ :-**

**યોગને આરૂઢ કરવાની ઈચ્છાવાળા મુનિની ચિત્તશુદ્ધિમાં કર્મ કારણ કહેવાય છે અને યોગારૂઢ એવા તે મુનિની જ ચિત્તશુદ્ધિમાં શમ કારણ કહેવાય છે. ।।૧૫-૨૨।।**

**ભાવાર્થ :-**

જે યોગીઓ સંસારના ઉચ્છેદના અર્થી છે તેઓ યોગ ઉપર આરૂઢ થવાની ઇચ્છાવાળા છે અર્થાત્ યોગમાર્ગ ઉપર અસ્ખલિત ચિત્તનું ગમન થાય તે રીતે

યોગને સેવવાના અભિલાષવાળા છે. આમ છતાં ક્રિયાના અવલંબન વગર તેઓ યોગમાર્ગ ઉપર અસ્ખલિત ગમન કરી શકતા નથી તેથી તેવા યોગીઓ સ્વભૂમિકાનુસાર તે તે ક્રિયાઓનું આલંબન લઈને ચિત્તને યોગમાર્ગમાં પ્રવર્તાવવા યત્ન કરે તો તેઓની ક્રિયાના બળથી તેઓનું ચિત્ત યોગમાર્ગમાં પ્રવૃત્ત બને છે. જ્યારે ક્રિયાના બળથી યોગમાર્ગ સુઅભ્યસ્ત થાય ત્યારે ક્રિયાના આલંબન વગર યોગીનું ચિત્ત સહજ શમ પરિણામરૂપ યોગમાર્ગમાં પ્રવર્તે છે, અને તેઓના ચિત્તમાં વર્તતો શમનો પરિણામ જ ઉત્તરઉત્તરના યોગની પ્રાપ્તિમાં કારણ બને છે.

તેથી એ ફલિત થાય કે અભ્યાસદશામાં યોગીના ચિત્તની શુદ્ધિ ક્રિયાના બળથી થાય છે અને જ્ઞાનયોગનો પરિપાક થાય ત્યારે યોગીના ચિત્તની શુદ્ધિ ક્રિયા વગર ચિત્તમાં વર્તતા શમના પરિણામથી થાય છે. **॥૧૫-૨૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે યોગારૂઢને ચિત્તશુદ્ધિમાં શમ કારણ છે તેથી હવે યોગારૂઢનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**यदा हि नेन्द्रियार्थेषु, न कर्म्मस्वनुषज्यते ।**
**सर्वसङ्कल्पसंन्यासी, योगारूढस्तदोच्यते ।।२३।।**

**અન્વયાર્થ :-**

**यदा=જ્યારે, इन्द्रियार्थेषु न, कर्म्मसु न, हि अनुषज्यते=ઇન્દ્રિયાર્થોમાં (કે) કર્મોમાં સંશ્લેષ પામતા જ નથી, तदा=ત્યારે, सर्वसङ्कल्पसन्यासी योगारूढः उच्यते=સર્વસંકલ્પોનો સંન્યાસ કર્યો છે એવા યોગી યોગારૂઢ કહેવાય છે. ॥૧૫-૨૩॥**

**શ્લોકાર્થ :-**

**જ્યારે ઇન્દ્રિયાર્થોમાં કે કર્મોમાં સંશ્લેષ પામતા જ નથી ત્યારે સર્વસંકલ્પોનો સંન્યાસ કર્યો છે એવા યોગી યોગારૂઢ કહેવાય છે. ॥૧૫-૨૩॥**

**ભાવાર્થ :-**

અભ્યાસદશાવાળા યોગી ક્રિયાયોગના બળથી સંપન્ન બને છે ત્યારે ક્રિયાઓના અવલંબન વગર પણ સહજભાવે આત્માના ભાવોમાં રહી શકે તેવા સ્થિર પરિણામવાળા બને છે અને તે વખતે ઇન્દ્રિયોના વિષયોમાં તેઓને લેશ પણ ઉત્સુકતા નથી. તેથી ઇન્દ્રિયોની સન્મુખ વિષયોની પ્રાપ્તિ થાય, ત્યારે પણ તે વિષયોનો તેઓને લેશ પણ સંગ થતો નથી.

વળી, તે યોગી દેહના પાલન અર્થે ભિક્ષાઅટનાદિ ક્રિયામાં પ્રવૃત્તિ કરતા હોય ત્યારે પોતાનાથી કરાતી ક્રિયામાં પણ તેઓને સંશ્લેષ થતો નથી, એટલું જ નહીં પણ, પોતે ધ્યાનની ક્રિયા કરે છે તે ક્રિયામાં પણ સંગનો પરિણામ નથી. આવી દશામાં તે યોગીનું ચિત્ત પરમ સ્થિર ભાવવાળું હોય છે ત્યારે તે યોગી સર્વસંકલ્પના સંન્યાસી કહેવાય છે અર્થાત્ કોઈપણ વિષયને ગ્રહણ કરીને ચિત્તમાં ઇષ્ટ-અનિષ્ટનો કોઈ સંકલ્પ તેઓને થતો નથી પરંતુ તેઓનું ચિત્ત માત્ર આત્માના શુદ્ધ ભાવો તરફ જ વિશ્રાંતિવાળું હોય છે. આવા ઉત્તમ ચિત્તવાળા યોગીઓ યોગારૂઢ કહેવાય છે અર્થાત્ મોક્ષસાધક એવા યોગ ઉપર તે યોગી આરૂઢ થયેલા છે તેથી કોઈ યત્ન વગર જ સહજ ભાવે તેઓનું ચિત્ત શમ પરિણામને વહન કરીને મોક્ષને અનુકૂળ એવી શુદ્ધિનું કારણ બને છે. **॥૧૫-૨૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧માં કહ્યું કે યોગીઓને અભ્યાસકાળમાં ચિત્તશુદ્ધિ માટે સત્ક્રિયાની અપેક્ષા છે અને જ્ઞાનના પરિપાકમાં ચિત્તશુદ્ધિ માટે શમની જ અપેક્ષા છે. ત્યારબાદ તેની પુષ્ટિ શ્લોક-૨૨માં કરી. હવે જ્ઞાન અને ક્રિયા પરસ્પર અન્વિત છે માટે જ ક્રિયાયોગ પણ ચિત્તશુદ્ધિનું કારણ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**ज्ञानं क्रियाविहीनं न, क्रिया वा ज्ञानवर्जिता ।**
**गुणप्रधानभावेन, दशाभेदः किलैतयोः ।।२४।।**

**અન્વયાર્થ :-**

**ज्ञानं क्रियाविहीनं न=જ્ઞાન ક્રિયા વગરનું નથી. क्रिया वा ज्ञानवर्जिता (न)=અથવા ક્રિયા જ્ઞાનવર્જિત નથી, किल=પરંતુ, एतयोः=આ બંનેનો અર્થાત્ જ્ઞાન અને ક્રિયાનો, गुणप्रधानभावेन दशाभेदः=ગુણપ્રધાનભાવથી દશાભેદ છે અર્થાત્ અભ્યાસદશામાં જ્ઞાન ગૌણ છે, ક્રિયા મુખ્ય છે અને સુઅભ્યસ્ત-દશામાં ક્રિયા ગૌણ છે, જ્ઞાન મુખ્ય છે એ પ્રકારનો ગુણપ્રધાન-ભાવથી સાધકની દશાનો ભેદ છે. ।।૧૫-૨૪।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાન ક્રિયા વગરનું નથી અથવા ક્રિયા જ્ઞાનવર્જિત નથી પરંતુ આ બંનેનો ગુણપ્રધાનભાવથી દશાભેદ છે. ।।૧૫-૨૪।।**

**ભાવાર્થ :-**

સાધક આત્મા મન, વચન અને કાયાની જે પ્રવૃત્તિ કરે છે તે ક્રિયા છે અને તે ક્રિયાકાળમાં જીવનો જે મતિજ્ઞાનનો ઉપયોગ છે તે જ્ઞાન છે. પરંતુ તે રીતે વિચારીએ તો દરેક જીવ જે કોઈ ક્રિયા કરે છે તે સર્વ ક્રિયા જ્ઞાનપૂર્વક સિદ્ધ થાય. વસ્તુતઃ શાસ્ત્રાનુસારી જ્ઞાનથી નિયંત્રિત એવા જ્ઞાનના પરિણામનું અહીં "જ્ઞાન"થી ગ્રહણ છે. તેથી જે સાધક યોગી તે તે અનુષ્ઠાન વિષયક ભગવાનના વચનાનુસાર "આ સદનુષ્ઠાન આ પ્રકારના પ્રણિધાન આશયપૂર્વક સેવવાથી મોહના ઉન્મૂલનનું કારણ થાય છે" તેનો બોધ કરીને તે બોધથી નિયંત્રિત ક્રિયાઓ કરે છે ત્યારે તે ક્રિયામાં મોહના કંઈક ઉન્મૂલનથી યુક્ત એવો જ્ઞાનનો પરિણામ ગૌણ છે અને ક્રિયા પ્રધાન છે; કેમ કે શ્રુતજ્ઞાનથી નિયંત્રિત એવા અસંગભાવને અનુકૂળ જ્ઞાનના પરિણામથી વિશિષ્ટ એવી તે સદનુષ્ઠાન સેવનની ક્રિયા છે.

વળી, સદનુષ્ઠાન સેવીને તે યોગી વિશિષ્ટ ભૂમિકા સંપન્ન થાય છે ત્યારે બાહ્ય ક્રિયાઓને ગૌણ કરીને અંતરંગ ક્રિયારૂપ ધ્યાનમાં ઉદ્યમ કરે છે. તે વખતે મન, વચન અને કાયાના સુદૃઢ વ્યાપાર પૂર્વક શુદ્ધ આત્મતત્ત્વની સાથે તન્મય થવા માટેનો યત્ન કરે છે ત્યારે તે યોગી ધ્યાનને અનુકૂળ મન, વચન

અને કાયાના વ્યાપારની ક્રિયા કરે છે તે ગૌણ છે અને નિર્વિકલ્પ પરિણતિરૂપ જ્ઞાનનો પરિણામ મુખ્ય છે.

તેથી એ ફલિત થાય કે આદ્ય દશાવાળા યોગી માટે જ્ઞાન ગૌણ છે અને બાહ્ય આચરણારૂપ ક્રિયા મુખ્ય છે, તોપણ માત્ર ક્રિયા નથી પરંતુ જ્ઞાનથી અન્વિત ક્રિયા છે. વળી, સંપન્નભૂમિકાવાળા યોગી ધ્યાન દ્વારા વિશિષ્ટ સમતામાં ઉદ્યમ કરે છે તે વખતે અંતરંગ વ્યાપારરૂપ ક્રિયા હોવાથી ક્રિયા ગૌણ છે અને મોહના સ્પર્શ વગરનો જ્ઞાનનો ઉપયોગ મુખ્ય છે તેથી તે યોગીનો યોગોના સુદૃઢ વ્યાપારથી વિશિષ્ટ એવો જ્ઞાનનો ઉપયોગ છે. વળી, જે યોગી સ્વભૂમિકા અનુસાર ક્રિયાની મુખ્યતાથી કે જ્ઞાનની મુખ્યતાથી ઉદ્યમ કરે છે તેઓનો ક્રિયાયોગ કે જ્ઞાનયોગ મોક્ષનું કારણ છે. વળી, જેઓની ક્રિયામાં શ્રુતથી નિયંત્રિત બોધનો લેશ પણ નથી કે તેને સન્મુખભાવ પણ નથી, તેઓની ક્રિયાઓ સર્વથા જ્ઞાનરહિત હોવાથી મોક્ષનું કારણ નથી. **॥૧૫-૨૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૦માં કહ્યું કે જ્ઞાનયોગનો અનતિક્રમ હોવાને કારણે શુદ્ધ એવા કર્મયોગનું મોક્ષનું હેતુપણું છે. તેથી એ ફલિત થયું કે જે ક્રિયામાં જ્ઞાનયોગ નથી તે ક્રિયા મોક્ષનો હેતુ નથી. તેથી કોઈ વિચારકને પ્રશ્ન થાય કે જો જ્ઞાનયોગના બળથી જ ક્રિયાયોગનું મોક્ષનું કારણ હોય તો મોક્ષમાં જવાના અર્થી સાધક જેમાં જ્ઞાનયોગ અલ્પમાત્રામાં છે તેવા કર્મયોગને સેવવાને બદલે જ્ઞાનયોગમાં જ ઉદ્યમ કરે તો શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થાય ! તેના સમાધાન માટે કહે છે –**

**શ્લોક :-**

**ज्ञानिनां कर्मयोगेन, चित्तशुद्धिमुपेयुषां ।**
**निरवद्यप्रवृत्तीनां, ज्ञानयोगौचिती ततः ।।२५।।**

**અન્વયાર્થ :-**

**कर्मयोगेन चित्तशुद्धिमुपेयुषाम्=કર્મયોગ વડે ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળા, निरवद्यप्रवृत्तीनां ज्ञानिनां=નિરવદ્ય પ્રવૃત્તિવાળા જ્ઞાનીઓને,**

**તતઃ=ત્યાર પછી અર્થાત્ કર્મયોગ દ્વારા ચિત્તની શુદ્ધિ થયા પછી, જ્ઞાનયોગૌચિતી=જ્ઞાનયોગની ઔચિતી છે અર્થાત્ જ્ઞાનયોગને સ્વીકારવો ઉચિત છે. ॥૧૫-૨૫॥**

**શ્લોકાર્થ :-**

**કર્મયોગ વડે ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા નિરવદ્ય પ્રવૃત્તિવાળા જ્ઞાનીઓને કર્મયોગ દ્વારા ચિત્તની શુદ્ધિ થયા પછી જ્ઞાનયોગને સ્વીકારવો ઉચિત છે. ॥૧૫-૨૫॥**

**ભાવાર્થ :-**

સંસારથી ભય પામેલા મોક્ષના અર્થી સાધકો પણ ક્રિયાનાશ્ય એવા રાગાદિનો નાશ કરે નહીં ત્યાં સુધી જ્ઞાનયોગમાં જવા સમર્થ બનતા નથી. તેથી તેવા યોગી સંસારના ભાવોથી વિમુખ થઈને સર્વ ઉદ્યમથી ગ્રહણશિક્ષામાં અને આસેવનશિક્ષામાં ઉદ્યમ કરે છે. વળી, તે ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાકાળમાં તે મહાત્માઓને મોહના ઉન્મૂલનનો પરિણામ વર્તે છે તેથી શાસ્ત્રવિધિનું સ્મરણ કરીને સર્વ અનુષ્ઠાનો સેવે છે તેવા યોગીઓને કર્મયોગ દ્વારા ચિત્તની શુદ્ધિ કરવાની બળવાન ઇચ્છા છે; કેમ કે સંયમની પ્રથમ ભૂમિકામાં કર્મયોગથી જ જ્ઞાનયોગને અનુકૂળ ચિત્તશુદ્ધિ થઈ શકે છે. તેથી તે મહાત્માઓ સર્વ ક્રિયાઓ અપ્રમાદભાવથી કરે છે જેથી તેઓની મન-વચન-કાયાની સર્વ પ્રવૃત્તિ શાસ્ત્રનિયંત્રિત નિરવદ્ય પ્રવૃત્તિરૂપ બને, અને આ રીતે પ્રવૃત્તિ કરતા એવા તે યોગીઓ તે તે ક્રિયાઓના સેવનથી અને વિશિષ્ટ શાસ્ત્રઅધ્યયનથી ચિત્તની શુદ્ધિવાળા અને વિશિષ્ટ પ્રકારના જ્ઞાનવાળા બને છે.

ત્યારપછી આવા યોગીઓને બાહ્ય ક્રિયાના અવલંબન વગર ધ્યાનના બળથી ચિત્તની શુદ્ધિ પોતે કરી શકે તેવી શક્તિ પોતાનામાં પ્રગટ થઈ છે તેવું જણાય ત્યારે તેઓએ જ્ઞાનયોગની પ્રવૃત્તિ કરવી ઉચિત છે. પરંતુ કર્મયોગના સેવન વગર જ્ઞાનયોગમાં પ્રયત્ન કરવામાં આવે તો જ્ઞાનયોગની પણ પ્રાપ્તિ થાય નહીં અને કર્મયોગની પણ પ્રાપ્તિ થાય નહીં તેથી મોક્ષના અર્થી પણ જીવો મોક્ષને અનુકૂળ કોઈ યોગને પ્રાપ્ત કરી શકે નહીં. માટે પોતાની ભૂમિકા પ્રમાણે જ્ઞાનયોગમાં કે કર્મયોગમાં યત્ન કરવો ઉચિત છે. **॥૧૫-૨૫॥**

**શ્લોક :-**

**अत एव हि सुश्राद्धाचरणस्पर्शनोत्तरम् ।**
**दुष्पालश्रमणाचारग्रहणं विहितं जिनैः ।।२६।।**

**અન્વયાર્થ :-**

**अतः एव हि=આથી જ અર્થાત્ પૂર્વશ્લોકોમાં કહ્યું કે કર્મયોગ દ્વારા ચિત્તશુદ્ધિને પામેલા આત્માઓએ જ્ઞાનયોગમાં યત્ન કરવો ઉચિત છે આથી જ, सुश्राद्धाचरणस्पर्शनोत्तरम्=સુશ્રાદ્ધના આચરણની સ્પર્શના ઉત્તરમાં અર્થાત્ દેશવિરતિ ચારિત્રની સ્પર્શના કર્યા પછી, दुष्पालश्रमणाचारग्रहणं=દુષ્પાલ એવા શ્રમણના આચારનું ગ્રહણ અર્થાત્ જેનું પાલન દુષ્કર છે એવા સર્વવિરતિના આચારનું ગ્રહણ, जिनैः विहितं=જિનેશ્વરો વડે કહેવાયું છે. ।।૧૫-૨૬।।**

**શ્લોકાર્થ :-**

**આથી જ સુશ્રાદ્ધના આચરણની સ્પર્શના ઉત્તરમાં દુષ્પાલ એવા શ્રમણના આચારનું ગ્રહણ જિનેશ્વરો વડે કહેવાયું છે. ।।૧૫-૨૬।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે કર્મયોગના સેવન પછી જ્ઞાનયોગમાં ઉદ્યમ કરવો ઉચિત છે. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે કે આથી જ શ્રાવકાચારના દેશવિરતિના પાલન દ્વારા દેશવિરતિની પરિણતિ સ્થિર કર્યા પછી દુષ્કર એવા ચારિત્રાચારમાં પ્રવૃત્તિ કરવાનું ભગવાને કહ્યું છે.

અહીં વિશેષ એ છે કે અધિકારી જીવ પોતાની ભૂમિકાને અનુરૂપ ઉચિત આચારોનું સેવન કરે તો તે આચારોથી ચિત્તની શુદ્ધિ થાય છે. તેથી કોઈ પણ જીવ ભવથી વિરક્ત થયેલો હોય, સર્વવિરતિ ગ્રહણ કરવા માટે તત્પર થયેલો હોય તોપણ જો તેની ચિત્તની ભૂમિકા સર્વવિરતિના પરિણામને અનુરૂપ સંપન્ન થયેલ ન હોય તો સંયમની ક્રિયાથી પણ ગુણની વૃદ્ધિ કરી શકે નહીં. આથી ભગવાને સર્વવિરતિના ગ્રહણ કરવાને અભિમુખ થયેલા જીવોને પણ દેશવિરતિના આચારોનું સમ્યક્ પાલન કરીને સંસારના ભાવોથી અત્યંત પર

થયેલું ચિત્ત જણાય ત્યાર પછી સંયમ ગ્રહણ કરવાનો ઉપદેશ આપ્યો છે; કેમ કે દુઃખે કરીને પાળી શકાય તેવા સાધુ-આચારના પાલન વડે સત્ત્વશાળી જીવો સંયમની પરિણતિને ઉલ્લસિત કરી શકે છે અને જો કોઈ સાધક યોગી દેશવિરતિના પાલનથી સર્વવિરતિની ક્રિયા દ્વારા સર્વવિરતિની પરિણતિ ઉલ્લસિત થઈ શકે તેવી શક્તિનો સંચય કર્યા વગર સર્વવિરતિને ગ્રહણ કરે તો કલ્યાણના અર્થી પણ તે મહાત્માને દેશવિરતિનું સેવન નહીં હોવાથી દેશવિરતિના પાલનથી થતી ગુણની વૃદ્ધિ પણ પ્રાપ્ત થાય નહીં અને સર્વવિરતિની ક્રિયા દ્વારા અંતરંગવીર્ય ઉલ્લસિત કરી શકે તેવું ચિત્ત નિષ્પન્ન નહીં થયેલું હોવાના કારણે સર્વવિરતિની ક્રિયાથી પણ અસંગભાવને અભિમુખ ગુણની નિષ્પત્તિ થાય નહીં.

તે રીતે કર્મયોગને સેવ્યા વગર જો કોઈ સાધક જ્ઞાનયોગમાં યત્ન કરે તો કર્મયોગ દ્વારા પ્રાપ્ત થતી ચિત્તની શુદ્ધિ તે સાધકને પ્રાપ્ત થાય નહીં અને જ્ઞાનયોગના સેવનને અનુકૂળ માત્ર બાહ્ય વિચારણા તે સાધક કરી શકે જેનાથી અસંગભાવની પરિણતિરૂપ ચિત્તની શુદ્ધિ થાય નહીં, માત્ર જ્ઞાનયોગને અનુકૂળ વિચારણાઓ કરીને "હું જ્ઞાનયોગને સેવું છું" એવો ભ્રમ તે સાધકને થાય. માટે જ્ઞાનયોગના અર્થીએ કર્મયોગના સેવન પછી જ્ઞાનયોગમાં યત્ન કરવો ઉચિત છે. એમ પૂર્વશ્લોક સાથે પ્રસ્તુત શ્લોકનો સંબંધ છે. **॥૧૫-૨૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૫માં કહ્યું કે કર્મયોગ દ્વારા ચિત્તની શુદ્ધિને પ્રાપ્ત કર્યા પછી જ્ઞાનયોગ ઉચિત છે અને શ્લોક-૨૬માં તેની પુષ્ટિ કરી. હવે કર્મયોગ દ્વારા ચિત્તશુદ્ધિ પામ્યા પછી જ્ઞાનયોગ ઉચિત કેમ છે તે બતાવવા અર્થે કહે છે -**

**શ્લોક :-**

**एकोद्देशेन संवृत्तं, कर्म यत्पौर्वभूमिकं ।**
**दोषोच्छेदकरं तत्स्याद्, ज्ञानयोगप्रवृद्धये ।।२७।।**

**અન્વયાર્થ :-**

**एकोद्देशेन संवृत्तं=એક ઉદ્દેશથી અર્થાત્ મોક્ષરૂપ એક ઉદ્દેશથી અથવા**

**મોક્ષને અનુકૂળ એવી નિર્જરારૂપ એક ઉદ્દેશથી, સંવૃત્ત અર્થાત્ આચરાયેલું, यत्=જે, पौर्वभूमिकं कर्म=પૌર્વભૌમિક કર્મ અર્થાત્ જ્ઞાનયોગ અને કર્મયોગમાંથી જે પૂર્વભૂમિકાવાળું કૃત્ય અર્થાત્ કર્મયોગ, तत्=તે, ज्ञानयोगप्रवृद्धये=જ્ઞાનયોગની પ્રવૃદ્ધિ માટે, दोषोच्छेदकरं स्यात्=દોષનો ઉચ્છેદ કરનારું થાય. ॥૧૫-૨૭॥**

**શ્લોકાર્થ :-**

**મોક્ષરૂપ એક ઉદ્દેશથી સંવૃત્ત જે પૌર્વભૌમિક કર્મ તે જ્ઞાનયોગની પ્રવૃદ્ધિ માટે દોષનો ઉચ્છેદ કરનારું થાય. ॥૧૫-૨૭॥**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રીએ શ્લોક-૨માં યોગના બે ભેદો બતાવ્યા હતા :- (૧) કર્મયોગ, (૨) જ્ઞાનયોગ. આ બંને યોગ ભિન્ન ઉદ્દેશથી કરવા માટે વિહિત નથી પરંતુ મોક્ષરૂપ એક ઉદ્દેશથી કરવા માટે શાસ્ત્રમાં વિહિત છે. તેથી મોક્ષના અર્થી જીવો મોક્ષના ઉપાયભૂત યોગને સેવે છે. આમ છતાં પોતાની ભૂમિકા પ્રમાણે કર્મયોગ કે જ્ઞાનયોગ સેવે છે અને જેઓ પૂર્વભૂમિકામાં છે તેઓ મોક્ષના ઉદ્દેશથી કર્મયોગને સેવે છે. તે કર્મયોગના સેવનથી યોગી કાંઈક કાંઈક અંશથી જ્ઞાનયોગને પણ પ્રગટ કરે છે. ફક્ત આદ્યભૂમિકામાં કર્મયોગ પ્રધાન છે અને જ્ઞાનયોગ ગૌણ છે અર્થાત્ કર્મયોગ દ્વારા જ્ઞાનયોગ પ્રગટ થાય છે માટે કર્મયોગ પ્રધાન છે અને જ્ઞાનયોગ ગૌણ છે, આમ છતાં જેમ જેમ તે ભૂમિકાવાળા યોગી કર્મયોગ સેવે છે તેમ તેમ જ્ઞાનયોગની પ્રવૃત્તિમાં પ્રતિબંધક એવા દોષોનો છેદ કરે છે. તેથી તે કર્મયોગના સેવનના બળથી ઉત્તર ઉત્તરના કર્મયોગમાં જ્ઞાનયોગ પૂર્વ પૂર્વના કર્મયોગ કરતાં અધિક અધિક થાય તેમાં પ્રતિબંધક એવા દોષોનો છેદ થાય છે તેથી ઉત્તર ઉત્તરના કર્મયોગમાં જ્ઞાનયોગના અંશો વૃદ્ધિને પામે છે.

અહીં વિશેષ એ છે કે ક્રિયાયોગથી જ્ઞાનયોગ પ્રગટતો હોય તે વખતે જ્ઞાનયોગ દ્વારા ક્રિયાયોગ નિર્જરાની પ્રાપ્તિનું કારણ બને છે અને "જે દ્વાર હોય તે ગૌણ કહેવાય અને જે દ્વારી હોય તે મુખ્ય કહેવાય." એ નિયમ પ્રમાણે જ્ઞાનયોગ દ્વાર છે માટે ગૌણ છે અને ક્રિયાયોગ દ્વારી છે માટે મુખ્ય છે. પૂર્વભૂમિકાવાળા જીવો ક્રિયાયોગના સેવનથી જ જ્ઞાનયોગના પ્રતિબંધક એવા

દોષોના છેદ કરે છે જેનાથી જ્ઞાનયોગ વૃદ્ધિ પામે છે અને ઉત્તરની ભૂમિકાને પામેલા યોગીઓ સાક્ષાત્ જ્ઞાનયોગમાં યત્ન કરે છે અર્થાત્ શુદ્ધ આત્મતત્ત્વમાં જવા માટે અસંગભાવની વૃદ્ધિ કરે તેવા જ્ઞાનયોગમાં યત્ન કરે છે. તે વખતે તેઓના સંયમજીવનમાં મુખ્ય જ્ઞાનયોગની આચરણા છે તોપણ તે જ્ઞાનયોગને પોષક એવી નિર્દોષ ભિક્ષાદિની ક્રિયાઓનું સેવન ગૌણરૂપે છે અને આવા યોગીઓ ક્રિયાયોગના બળથી જ્ઞાનયોગની વૃદ્ધિ કરતા નથી પરંતુ તેઓમાં પ્રચુર જ્ઞાનયોગ વર્તે છે જેનાથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. **॥૧૫-૨૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે પૌર્વભૌમિક એવો કર્મયોગ જ્ઞાનયોગની વૃદ્ધિ માટે દોષના છેદને કરનારો છે પરંતુ વિવેક વગરનો કર્મયોગ દોષને છેદ કરવા દ્વારા જ્ઞાનયોગની વૃદ્ધિનું કારણ નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अज्ञानिनां तु यत्कर्म, न ततश्चित्तशोधनं ।**
**यागादेरतथाभावात् म्लेच्छादिकृतकर्मवत् ।।२८।।**

**અન્વયાર્થ :-**

**म्लेच्छादिकृतकर्मवत्=મ્લેચ્છાદિ વડે કરાયેલા કર્મની જેમ, यागादेरतथाभावात्=યાગાદિથી અતથાભાવ હોવાને કારણે અર્થાત્ યાગાદિથી ચિત્તના શોધનનો અભાવ હોવાને કારણે, अज्ञानिनां तु यत्कर्म=અજ્ઞાનીઓનું જે કર્મ, ततश्चित्तशोधनम् न=તેનાથી ચિત્તનું શોધન નથી. ॥૧૫-૨૮॥**

**શ્લોકાર્થ :-**

**મ્લેચ્છાદિ વડે કરાયેલા કર્મની જેમ યાગાદિથી અતથાભાવ હોવાને કારણે અજ્ઞાનીઓનું જે કર્મ, તેનાથી ચિત્તનું શોધન નથી. ॥૧૫-૨૮॥**

❖ અહીં 'यागादि'માં 'आदि' પદથી અજ્ઞાનપૂર્વકના કોઈપણ દર્શનના ધર્માનુષ્ઠાનનું ગ્રહણ છે તેથી જૈનદર્શનની પણ અજ્ઞાનપૂર્વકની ક્રિયાનું અહીં ગ્રહણ થાય છે.

**ભાવાર્થ :-**

વિવેકપૂર્વકની ઉચિત ક્રિયાઓ દોષનાશ દ્વારા ચિત્તની શુદ્ધિ કરે છે, પરંતુ

વિવેક વગરનું ધર્મનું કૃત્ય પણ ચિત્તની શુદ્ધિ કરતું નથી તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે કે જેઓને તત્ત્વાતત્ત્વનું અજ્ઞાન છે અને ધર્મની પ્રવૃત્તિ કરે છે તેઓના કર્મયોગથી ચિત્તની શુદ્ધિ થતી નથી.

અહીં પ્રશ્ન થાય કે જેઓને તત્ત્વાત્ત્વનું અજ્ઞાન છે તેઓ જે ધર્મની પ્રવૃત્તિ કરે છે તે ધર્મનું અનુષ્ઠાન છે, સંસારનું અનુષ્ઠાન નથી તેથી જે અંશથી ધર્મની પ્રવૃત્તિ છે તે અંશથી તો ચિત્તની શુદ્ધિ થવી જોઈએ ? તેથી કહે છે.

જેમ મ્લેચ્છાદિ ચંડિકા આગળ બ્રાહ્મણનો ભોગ ધરે છે તેનાથી મ્લેચ્છોને શુદ્ધિ થતી નથી તેમ બ્રાહ્મણો વેદવચન પ્રમાણે યાગાદિની પ્રવૃત્તિ કરે છે તોપણ તે યાગાદિથી ચિત્તની શુદ્ધિ થતી નથી. તે રીતે અજ્ઞાનપૂર્વકની કોઈપણ પ્રકારની ધર્મની પ્રવૃત્તિથી મોક્ષને અનુકૂળ ચિત્તની શુદ્ધિ થાય નહીં.

આનાથી અર્થથી એ ફલિત થાય કે ભગવાનના શાસનનાં અનુષ્ઠાનો પણ શ્રદ્ધામેધાદિના લેશ પણ યોગ વગરનાં હોય તો તે અનુષ્ઠાનથી ચિત્તની શુદ્ધિ થાય નહીં માટે તે અનુષ્ઠાનોને કર્મયોગ સ્વીકારી શકાય નહીં. **॥૧૫-૨૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે અજ્ઞાની જીવોની ક્રિયાથી ચિત્તનું શોધન નથી અને તેમાં યુક્તિ આપી કે જેમ અજ્ઞાનથી કરાયેલા યાગાદિથી ચિત્તશુદ્ધિ થતી નથી તેમ અજ્ઞાનથી કરાયેલી ક્રિયાથી ચિત્તશુદ્ધિ થતી નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે યાગાદિમાં પણ ફળના સંકલ્પના વર્જનથી કે બ્રહ્મના બોધથી દોષનો સંન્યાસ થાય છે માટે ચિત્તશુદ્ધિનું કારણ બનશે તેનું નિરાકરણ કરતા ગ્રંથકારશ્રી કહે છે –**

**શ્લોક :-**

**न च तत्कर्मयोगेऽपि, फलसङ्कल्पवर्जनात् ।**
**संन्यासो ब्रह्मबोधाद्वा, सावद्यत्वात्स्वरूपतः ।।२९।।**

**અન્વયાર્થ :-**

**फलसङ्कल्पवर्जनात् च=અને ફળના સંકલ્પના વર્જનથી, ब्रह्मबोधाद्वा=કે બ્રહ્મના બોધથી, तत्कर्मयोगेऽपि=તેના કર્મયોગમાં પણ અર્થાત્ અજ્ઞાનીના**

**યાગાદિ કર્મયોગમાં પણ, स्वरूपतः सावद्यत्वात्=સ્વરૂપથી સાવધપણું હોવાને કારણે, संन्यासः न=સંન્યાસ નથી અર્થાત્ દોષનો ત્યાગ નથી. ll૧૫-૨૯ll**

**શ્લોકાર્થ :-**

**અને ફળના સંકલ્પના વર્જનથી કે બ્રહ્મના બોધથી અજ્ઞાનીના યાગાદિ કર્મયોગમાં પણ સ્વરૂપથી સાવધપણું હોવાને કારણે દોષનો સંન્યાસ નથી. ll૧૫-૨૯ll**

**ભાવાર્થ :-**

યજ્ઞને માનનારાના મત પ્રમાણે કેટલીક ક્રિયાઓ નિત્યકર્મ છે. વળી, નિત્યકર્મમાં કોઈ ફળનો સંકલ્પ હોતો નથી અને નિત્યકર્મનું કોઈ ફળ નથી. પરંતુ નિત્યકર્મ ન સેવવામાં આવે તો પાપની પ્રાપ્તિ થાય એમ તેઓ માને છે તેથી નિત્યકર્મ ફળના સંકલ્પ વગરનું હોય છે.

વળી, "अग्निहोत्री यजेत्" એ પ્રમાણેના વચનથી અગ્નિહોત્રી યજ્ઞ કરે છે. તે યજ્ઞમાં પણ કોઈ ફળનો સંકલ્પ હોતો નથી.

આ પ્રકારની તેઓની માન્યતાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે જે પ્રકારના યજ્ઞમાં ફળના સંકલ્પનું વર્જન છે તેવા અગ્નિહોત્રી વડે કરાતા યાગાદિ કર્મયોગમાં પણ દોષનો ત્યાગ નથી; કેમ કે યજ્ઞની ક્રિયામાં પશુવધ થતો હોવાથી યજ્ઞ સ્વરૂપથી સાવદ્ય છે તેથી તે ક્રિયાથી ચિત્તશુદ્ધિ થઈ શકે નહીં.

વળી, "स्वर्गकामो यजेत्" એ પ્રમાણેના વેદવચનથી સ્વર્ગના ફળના આશયથી યજ્ઞ કરાય છે ત્યાં ફળનો સંકલ્પ છે. આ પ્રકારના વેદવચનથી જેઓ યજ્ઞ કરે છે તેઓ કહે છે કે યજ્ઞમાં હિંસા હોવા છતાં જેઓને બ્રહ્મનો બોધ છે તેઓને યજ્ઞની ક્રિયાથી પણ ચિત્તની શુદ્ધિ થાય છે; કેમ કે તેઓ યજ્ઞમાં હોમાતા પશુને બ્રહ્મસ્વરૂપે જુએ છે, પશુસ્વરૂપે જોતા નથી તેથી તેઓના ચિત્તમાં હિંસાકૃત દોષની પ્રાપ્તિ નથી.

આ પ્રકારની તેઓની માન્યતાને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે કે યજ્ઞની ક્રિયા સ્વરૂપથી સાવદ્ય હોવાને કારણે બ્રહ્મનો બોધ હોવા માત્રથી ચિત્તશુદ્ધિ થઈ શકે નહીં. પરંતુ યજ્ઞની ક્રિયા કરનારના ચિત્તમાં અજ્ઞાનતા વર્તે છે, તેથી

જ અન્યને પીડાકર એવી પ્રવૃત્તિમાં પણ ધર્મબુદ્ધિ વર્તે છે. વસ્તુતઃ જે પ્રવૃત્તિથી ચિત્તની શુદ્ધિ થાય તેમ ન હોય તેવી પ્રવૃત્તિમાં ધર્મબુદ્ધિ હોય એટલા માત્રથી તે કર્મયોગ બને નહીં.

આનાથી એ ફલિત થાય કે અજ્ઞાનપૂર્વક યાગાદિ કરાય છે તેથી ફળસંકલ્પનું વર્જન હોય કે બ્રહ્મનો બોધ હોય તોપણ તે યજ્ઞની ક્રિયા સ્વરૂપથી સાવદ્ય હોવાને કારણે ચિત્તશુદ્ધિનું કારણ નથી માટે તે યાગાદિની ક્રિયા કર્મયોગ બને નહીં. તેની જેમ અજ્ઞાનપૂર્વકની કોઈપણ ધર્મક્રિયા ચિત્તશુદ્ધિનું કારણ બને નહીં. પરંતુ સમ્યક્ જ્ઞાનપૂર્વકની ક્રિયા ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાનયોગની પ્રાપ્તિનું કારણ છે માટે જ્ઞાનપૂર્વકનો કર્મયોગ મોક્ષનું કારણ છે, અજ્ઞાનપૂર્વકનો કર્મયોગ મોક્ષનું કારણ નથી. **॥૧૫-૨૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે અજ્ઞાનપૂર્વકના યાગાદિમાં ફળસંકલ્પના વર્જનથી કે બ્રહ્મના બોધથી દોષનો ત્યાગ થતો નથી. તેને જ યુક્તિથી સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**नो चेदित्थं भवेच्छुद्धिर्गोहिंसादेरपि स्फुटा ।**
**श्येनाद्वा वेदविहिताद्विशेषानुपलक्षणात् ।।३०।।**

**અન્વયાર્થ :-**

**नो चेत्=જો આમ ન માનો તો અર્થાત્ પૂર્વશ્લોકમાં કહ્યું કે સ્વરૂપથી સાવદ્ય હોવાને કારણે અજ્ઞાનીના કર્મયોગમાં દોષનો સંન્યાસ નથી એમ ન માનો તો, इत्थं=આ રીતે અર્થાત્ જેમ અજ્ઞાનીના યાગાદિ કર્મયોગમાં ફળસંકલ્પના વર્જનથી કે બ્રહ્મના બોધથી ચિત્તશુદ્ધિ થાય છે એ રીતે, गोहिंसादेरपि=ગોહિંસાથી પણ, वा=અથવા, वेदविहितात् श्येनात्=વેદવિહિત શ્યેન યાગથી, स्फुटा शुद्धिः भवेत्=સ્પષ્ટ શુદ્ધિ થવી જોઈએ અર્થાત્ ચિત્તશુદ્ધિ થવી જોઈએ; विशेषानुपलक्षणात्=કેમ કે વિશેષનું અનુપલક્ષણ છે અર્થાત્ અજ્ઞાનીના શ્યેનયાગ સિવાયના અન્ય યાગાદિમાં અને વેદવિહિત શ્યેન**

**યાગાદિમાં કે ગોહિંસાદિમાં કોઈ વિશેષ નથી કે જેથી યાગાદિથી ચિત્તશુદ્ધિ થાય અને ગોહિંસાદિ કે શ્યેનયાગથી ચિત્તશુદ્ધિ ન થાય. ॥૧૫-૩૦॥**

**શ્લોકાર્થ :-**

**જો આમ ન માનો તો, જેમ અજ્ઞાનીના યાગાદિ કર્મયોગમાં ફળસંકલ્પના વર્જનથી કે બ્રહ્મના બોધથી ચિત્તશુદ્ધિ થાય છે એ રીતે, ગોહિંસાદિથી પણ અથવા વેદવિહિત શ્યેન યાગથી સ્પષ્ટ શુદ્ધિ થવી જોઈએ; કેમ કે વિશેષનું અનુપલક્ષણ છે. ॥૧૫-૩૦॥**

❖ 'गोहिंसादि' પદમાં 'आदि' પદથી બ્રાહ્મણના ચંડિકાદિ પાસે અપાતા ભોગનું ગ્રહણ છે.

**ભાવાર્થ :-**

યજ્ઞને માનનારા પણ ગોહિંસાદિને અને વેદમાં વિહિત એવા શ્યેનયાગને અધર્મરૂપ કહે છે; કેમ કે બ્રાહ્મણો માને છે કે ગાય અત્યંત પૂજ્ય છે તેથી તેની હિંસા કરાય નહીં અને શ્યેનયાગ શત્રુના વધ માટે વેદમાં બતાવાયો છે છતાં શત્રુવધનો ક્રૂર આશય હોવાથી શ્યેનયાગની તેઓ નિંદા કરે છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે કે જે યજ્ઞની ક્રિયામાં ચિત્તશુદ્ધિનું કોઈ કારણ વિદ્યમાન નથી, આમ છતાં ફળસંકલ્પનું વર્જન છે કે બ્રહ્મનો બોધ છે તેમ કહીને હિંસાત્મક યજ્ઞની ક્રિયાને ધર્મરૂપ કહેવી તે અજ્ઞાનમૂલક છે. અને જો તેમ ન સ્વીકારીએ તો તેના સદૃશ જ ગોહિંસાદિની પ્રવૃત્તિ છે.

વળી, યજ્ઞને માનનારા કહે છે કે ગોહિંસા તો વેદમાં વિહિત નથી માટે ધર્મરૂપ બને નહીં માટે તેનાથી ચિત્તશુદ્ધિ થાય નહીં. તેથી ગ્રંથકારશ્રી કહે છે કે શ્યેનયાગ તો વેદવિહિત છે તેથી વેદવિહિત હોવા માત્રથી અન્ય યાગથી ચિત્તશુદ્ધિ થાય છે તેમ સ્વીકારીએ તો શ્યેનયાગથી પણ ચિત્તશુદ્ધિ થાય છે તેમ સ્વીકારવું પડે. અને જો ગોહિંસાદિથી કે શ્યેનયાગથી ચિત્તશુદ્ધિ થતી નથી તેમ સ્વીકારવામાં આવે તો તેની જેમ જ હિંસાત્મક એવા અન્ય યાગોથી પણ ચિત્તશુદ્ધિ થતી નથી તેમ સ્વીકારવું જોઈએ.

અહીં વિશેષ એ છે કે જેમ યજ્ઞો સ્વરૂપથી સાવદ્ય છે તેમ જિનપૂજાદિ ક્રિયા

પણ સ્વરૂપથી સાવદ્ય છે અને સાધુની યતનાપૂર્વક નદી ઊતરવા આદિની ક્રિયા પણ સ્વરૂપથી સાવદ્ય છે. આમ છતાં જિનપૂજાદિમાં ભગવાનની ભક્તિ કરીને સાધક વીતરાગના ગુણો પ્રત્યે બહુમાનવાળા થાય છે તેથી સ્વરૂપથી સાવદ્ય એવી પણ જિનપૂજાદિ ક્રિયા વીતરાગતાને અનુકૂળ ગુણનિષ્પત્તિનું કારણ બને છે માટે અજ્ઞાનમૂલક કર્મ નથી અને સાધુની યતનાપૂર્વક નદી ઊતરવા આદિની ક્રિયા પણ સંયમવૃદ્ધિના ઉપાયભૂત હોવાથી ગુણવૃદ્ધિનું કારણ બને છે માટે અજ્ઞાનમૂલક કર્મ નથી. જ્યારે યજ્ઞની ક્રિયામાં પશુવધ આદિ દ્વારા તેવી કોઈ ચિત્તશુદ્ધિ થાય તેમ નથી. કેવળ અજ્ઞાની જીવોએ અજ્ઞાનને વશ હિંસાત્મક પ્રવૃત્તિને ધર્મબુદ્ધિથી ગ્રહણ કરીને યાગાદિ ક્રિયાઓને ચિત્તશુદ્ધિનું કારણ માનેલ છે. તેથી તે અજ્ઞાનમૂલક કર્મ છે માટે ચિત્તશુદ્ધિનું કારણ નથી. **॥૧૫-૩૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૮માં કહ્યું કે અજ્ઞાનીનાં કર્મોથી ચિત્તની શુદ્ધિ નથી અને તેનું અત્યાર સુધી યુક્તિથી સ્થાપન કર્યું. હવે તેનું નિગમન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**सावद्यकर्म नो तस्मादादेयं बुद्धिविप्लवात् ।**
**कर्मोदयागते त्वस्मिन्नसङ्कल्पादबन्धनम् ।।३१।।**

**અન્વયાર્થ :-**

**तस्माद्=તે કારણથી અર્થાત્ શ્લોક-૨૮થી અત્યાર સુધી સ્થાપન કર્યું કે સ્વરૂપથી સાવદ્ય હોવાને કારણે અજ્ઞાનીના કર્મયોગમાં દોષનો સંન્યાસ નથી તે કારણથી, बुद्धिविप्लवात्=બુદ્ધિનો વિપ્લવ થતો હોવાથી અર્થાત્ સાવદ્યકર્મ સેવવાથી ચિત્તમાં ક્લિષ્ટભાવ પેદા થતા હોવાથી, सावद्यकर्म नो आदेयं=સાવદ્ય કર્મ આદેય નથી.**

અહીં પ્રશ્ન થાય કે સાવદ્યકર્મ આદેય ન હોય તો છઠ્ઠી દૃષ્ટિમાં રહેલા તીર્થંકરાદિના આત્માઓ ભોગાદિ પ્રવૃત્તિરૂપ સાવદ્યકર્મ કેમ કરે છે ? તેથી કહે છે –

**कर्मोदयागते तु अस्मिन्=વળી, કર્મના ઉદયથી આવેલા એવા આમાં**

**અર્થાત્ સાવદ્યકર્મમાં, असङ्कल्पात् अबन्धनम्=અસંકલ્પ હોવાને કારણે અબંધન છે અર્થાત્ કર્મબંધ નથી. ॥૧૫-૩૧॥**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી બુદ્ધિનો વિપ્લવ થતો હોવાથી સાવદ્યકર્મ આદેય નથી. કર્મના ઉદયથી આવેલા એવા આમાં અસંકલ્પ હોવાને કારણે અબંધન છે. ॥૧૫-૩૧॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૮માં કહ્યું કે અજ્ઞાનીઓનું જે ધર્મબુદ્ધિથી કરાતું કર્મ છે તેનાથી ચિત્તની શુદ્ધિ થતી નથી; કેમ કે અજ્ઞાનથી કરાયેલા યાગાદિમાં તે પ્રકારની ચિત્તની મલિનતા છે. તેથી એ ફલિત થાય કે અજ્ઞાનપૂર્વક ધર્મબુદ્ધિથી યાગાદિ કરવામાં આવે કે અન્ય કોઈ આચરણા કરવામાં આવે તો તે આચરણાથી ચિત્તની શુદ્ધિ થતી નથી અને જે આચરણા ચિત્તશુદ્ધિનું કારણ ન હોય તે આચરણા જ્ઞાનયોગની વૃદ્ધિ દ્વારા મોક્ષનું કારણ બને નહીં. તેથી આત્મકલ્યાણના અર્થીએ સાવદ્ય કર્મ આચરવું જોઈએ નહીં; કેમ કે સાવદ્ય કર્મના આચરણકાળમાં બુદ્ધિમાં વિપ્લવ થાય છે અર્થાત્ બુદ્ધિમાં મલિનભાવ થાય છે. આથી જ અવિરત સમ્યગ્દૃષ્ટિ કે દેશવિરત શ્રાવક પણ સંસારની સાવદ્ય પ્રવૃત્તિ કરતા હોય ત્યારે સમ્યક્ત્વને કારણે અંતરંગ વિવેક હોવા છતાં સાવદ્ય પ્રવૃત્તિને કારણે ચિત્તમાં કાંઈક મલિનતા થાય છે, માટે આત્મકલ્યાણના અર્થીએ સાવદ્ય કર્મો આચરવાં ન જોઈએ.

ત્યાં પ્રશ્ન થાય કે છઠ્ઠી દૃષ્ટિમાં રહેલા તીર્થંકરાદિના આત્માઓને આક્ષેપક જ્ઞાન હોવાને કારણે તેઓનું ચિત્ત મોક્ષ પ્રત્યે આક્ષિપ્ત હોય છે અને પોતાના કર્મો ભોગએકનાશ્ય છે તેવું જાણીને કર્મનાશના અર્થે જ ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે અને તે ભોગાદિની પ્રવૃત્તિ સાવદ્યકર્મ છે. હવે જો તે સાવદ્યકર્મ એકાંતે આદેય નથી તેમ કહીએ અને સાવદ્ય કર્મથી બુદ્ધિનો વિપ્લવ થાય છે તેમ સ્વીકારીએ તો તીર્થંકરાદિના આત્માઓને પણ સાવદ્ય કર્મની પ્રવૃત્તિથી બુદ્ધિના વિપ્લવની આપત્તિ આવે. તેથી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે

કર્મોદયથી આવેલા એવા સાવદ્યકર્મ હોતે છતે કર્મબંધ થતો નથી; કેમ કે તીર્થંકરાદિ છઠ્ઠી દૃષ્ટિમાં રહેલા આત્માઓને ભોગાદિ પ્રવૃત્તિઓમાં અસંકલ્પ છે.

આશય એ છે કે તીર્થંકરાદિ આત્માઓ મોક્ષના જ અર્થી છે અને મોક્ષના ઉપાયરૂપે સર્વ પ્રવૃત્તિ કરે છે. વળી, પોતાનાં ભોગકર્મો ભોગએકનાશ્ય છે તેથી તેના નાશ વગર યોગમાર્ગની પ્રવૃત્તિ સમ્યક્ થઈ શકે નહીં તેવો નિર્ણય કરીને તે કર્મોના નાશના ઉપાયરૂપે ભોગાદિમાં પ્રવૃત્તિ કરે છે; પરંતુ સંસારી જીવોની જેમ કે અન્ય અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોની જેમ ભોગ પ્રત્યે ઈશદ્ રાગ જન્મે તેવા સંકલ્પથી ભોગની પ્રવૃત્તિ કરતા નથી તેથી અસંકલ્પપૂર્વકની તેઓની પ્રવૃત્તિથી ભોગએકનાશ્ય કર્મોનો નાશ થાય છે, પરંતુ કર્મબંધ થતો નથી. જ્યારે વિવેકવાળા પણ પાંચમી દૃષ્ટિવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવોને ભોગ પ્રત્યે ઈશદ્ રાગ ભાવ થાય છે તેથી ભોગનો સંકલ્પ ઊઠે છે. માટે અવિરત સમ્યગ્દૃષ્ટિ પણ પાંચમી દૃષ્ટિમાં હોય ત્યાં સુધી ભોગકૃત કાંઈક માલિન્ય થાય છે માટે સાવદ્ય કર્મ આદેય નથી. **॥૧૫-૩૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે કર્મોદયથી પ્રાપ્ત એવા સાવદ્ય કર્મમાં અસંકલ્પથી બંધ નથી તેને પુષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**कर्माण्याचरतो ज्ञातुर्मुक्तिभावो न हीयते ।**
**तत्र सङ्कल्पजो बन्धो, गीयते यत्परैरपि ।।३२।।**

**અન્વયાર્થ :-**

**कर्माण्याचरतो ज्ञातुः=કર્મને પણ આચરતા જ્ઞાતાનો અર્થાત્ સાવદ્ય કર્મને પણ આચરતા છઠ્ઠી દૃષ્ટિમાં રહેલા જ્ઞાતાનો, मुक्तिभावो न हीयते= મુક્તિભાવ હીન થતો નથી. (મુક્તિભાવ હીન કેમ થતો નથી તેમાં યુક્તિ આપે છે.), तत्र=ત્યાં=સાવદ્ય કર્મમાં, सङ्कल्पजो बन्धो=સંકલ્પથી પેદા થનાર બંધ છે. यत्=જે કારણથી, परैः अपि गीयते=બીજાઓ વડે પણ કહેવાયું છે. ।।૧૫-૩૨।।**

**શ્લોકાર્થ :-**

**કર્મને પણ આચરતા જ્ઞાતાનો મુક્તિભાવ હીન થતો નથી. (મુક્તિભાવ હીન કેમ થતો નથી તેમાં યુક્તિ આપે છે.) સાવદ્ય કર્મમાં સંકલ્પથી પેદા થનાર બંધ છે. જે કારણથી બીજાઓ વડે પણ કહેવાયું છે. ।।૧૫-૩૨।।**

**ભાવાર્થ :-**

તીર્થંકરાદિ જીવોને ગૃહસ્થ અવસ્થામાં વિશિષ્ટ પ્રકારનો નિર્મળ કોટિનો શ્રુતજ્ઞાનનો બોધ હોય છે. જેથી સર્વકર્મ રહિત એવા શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યે તેમનું ચિત્ત સદા આક્ષિપ્ત હોય છે. આવા જ્ઞાતા એવા યોગીઓ જ્યારે પોતાનાં કર્મો ભોગએકનાશ્ય છે એવું જાણીને તેના નાશના ઉપાયરૂપે ભોગની પ્રવૃત્તિરૂપ સાવદ્ય કર્મ આચરતા હોય ત્યારે પણ તેઓમાં મુક્તિનો ભાવ હીન થતો નથી અર્થાત્ જ્યારે ભોગાદિ કરતા નથી ત્યારે તો મુક્તિનો ભાવ હીન થતો નથી પરંતુ સાવદ્ય કર્મ આચરતા હોય ત્યારે પણ મુક્તિનો ભાવ હીન થતો નથી; કેમ કે સાવદ્યકર્મમાં સંકલ્પ થાય તો કર્મબંધ થાય છે. પરંતુ આવા યોગીઓને કર્મનાશના સંકલ્પ સિવાય ભોગાદિમાં ઈશદ્ રાગાદિના સંકલ્પ થતા નથી તેથી સંકલ્પને કારણે થનારો બંધ નથી અને જે પ્રવૃત્તિથી બંધ ન હોય તે પ્રવૃત્તિ મોક્ષને અનુકૂળ ભાવવાળી જ છે.

જેમ વિવેકપૂર્વક ભગવાનની ભક્તિમાં શ્રાવકનો વીતરાગગામી ઉપયોગ હોય તો તે ભગવાનની પૂજાકાળમાં સર્વવિરતિના સંકલ્પને છોડીને અન્ય કોઈ સંકલ્પ હોતો નથી તેથી પૂજાની ક્રિયાથી બંધ થતો નથી માટે પૂજાની ક્રિયાકાળમાં શ્રાવકનો મુક્તિભાવ હીન થતો નથી. તેમ છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓનો ભોગાદિકાળમાં પણ મુક્તિભાવ હીન થતો નથી.

તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે કે પર વડે પણ ગીતામાં કહેવાયું છે. **।।૧૫-૩૨।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સાવદ્યકર્મ આચરતા પણ જ્ઞાતા એવા પુરુષનો મુક્તિભાવ ક્ષય પામતો નથી અને તેમાં યુક્તિ આપી કે સંકલ્પથી જ બંધ**

થાય છે. તેની પુષ્ટિ કરવા અર્થે કહ્યું કે જૈન દર્શન પણ સંકલ્પથી બંધ માને છે અને ગીતામાં પણ તે પ્રમાણે કહેવાયું છે. તેથી હવે ગીતાનો શ્લોક બતાવે છે –

**શ્લોક :-**

**कर्मण्यकर्म यः पश्येदकर्मणि च कर्म्म यः ।**

**स बुद्धिमान्मनुष्येषु, स युक्तः कृत्स्नकर्म्मकृत् ।।३३।।**

**અન્વયાર્થ :-**

**यः=જે પુરુષ, कर्मणि अकर्म=કર્મમાં અકર્મને અર્થાત્ નિરવદ્ય એવા સંયમના આચારમાં 'વર્તમાનમાં મારા માટે કરવા યોગ્ય નથી,' એ રૂપ અકર્મને, यः च=અને જે પુરુષ, अकर्मणि कर्म्म=અકર્મમાં કર્મને અર્થાત્ સંસારની પ્રવૃત્તિરૂપ અકર્મમાં 'વર્તમાનના સંયોગને અનુરૂપ મારે કરવા યોગ્ય છે' એ રૂપ કર્મને, पश्येत्=જુએ છે, सः=તે પુરુષ, मनुष्येषु बुद्धिमान्=મનુષ્યોમાં બુદ્ધિમાન છે. कृत्स्नकर्म्मकृत्=કૃત્સ્નકર્મને કરનારો=સર્વ ઉચિત કૃત્ય કરનારો, सः=તે પુરુષ, युक्तः=યુકત છે=સંગત છે. ॥૧૫-૩૩॥**

**શ્લોકાર્થ :-**

**જે પુરુષ કર્મમાં અકર્મને અને જે પુરુષ અકર્મમાં કર્મને જુએ છે તે પુરુષ મનુષ્યોમાં બુદ્ધિમાન છે. કૃત્સ્ન કર્મને કરનારો એવો તે પુરુષ યુક્ત છે. ॥૧૫-૩૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે બાહ્યકૃત્યકૃત્ કર્મબંધ નથી પરંતુ તે કૃત્યમાં થતો જે પ્રકારનો સંકલ્પ છે તે પ્રકારનો બંધ થાય છે. તેથી એ ફલિત થાય કે સંસારની ભોગાદિની પ્રવૃત્તિમાં ઇચ્છા થવાથી ભોગનો સંકલ્પ થાય છે અને તેના કારણે કર્મબંધ થાય છે. છઠ્ઠી દૃષ્ટિમાં રહેલા તીર્થંકરાદિના જીવો ભોગાદિના સંકલ્પથી ભોગની પ્રવૃત્તિ કરતા નથી પરંતુ પોતાનાં ભોગકર્મો મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિમાં પ્રતિબંધક છે અને તે કર્મો ભોગ દ્વારા નાશ પામે તો મોક્ષમાર્ગની પ્રવૃત્તિ સમ્યક્ થઈ શકે તેથી સંયમની પ્રવૃત્તિમાં બાધક ભોગએકનાશ્ય

એવા કર્મના નાશના ઉપાયના સંકલ્પથી ભોગમાં પ્રવૃત્તિ કરે છે. તેથી તેવા મહાત્માઓનો ભોગકાળમાં પણ મુક્તિભાવ હણાતો નથી અને તેની પુષ્ટિ કરવા માટે ગીતાનું વચન બતાવે છે.

શ્રીકૃષ્ણ યુદ્ધભૂમિમાં અર્જુનને કહે છે કે, કર્મમાં અર્થાત્ પોતાના વડીલો સાથે યુદ્ધ ન કરવું એ રૂપ ઉચિત કર્મ છે તેમાં, જે અકર્મને જુએ છે અર્થાત્ તે વખતના સંયોગમાં ધર્મના રક્ષણ અર્થે યુદ્ધ ન કરવું એ અકર્મ છે=અનુચિત છે, એમ જે જુએ છે, તે બુદ્ધિમાન છે.

વળી, અકર્મમાં અર્થાત્ વડીલો સાથે યુદ્ધ કરવું એ રૂપ અકર્મ છે અર્થાત્ અનુચિત કર્મ છે તેમાં, જે કર્મ જુએ છે અર્થાત્ તે વખતના સંયોગમાં ધર્મના રક્ષણ અર્થે યુદ્ધ કરવું એ કર્મ છે એમ જે જુએ છે, તે પુરુષ મનુષ્યોમાં બુદ્ધિમાન છે.

વળી, આવો પુરુષ સર્વ ઉચિત કૃત્યો કરનારો યુક્ત છે અર્થાત્ ધર્મની પ્રવૃત્તિ કરનારો છે.

આ કથનથી એ ફલિત થાય કે છઠ્ઠી દૃષ્ટિવાળા તીર્થંકરાદિના જીવો સંયમની ઉચિત પ્રવૃત્તિ, જે આત્મકલ્યાણ અર્થે કર્તવ્ય છે તેમાં પણ પોતાના ભોગકર્મને જોઈને અકર્તવ્યને જુએ છે અને સંસારની ભોગાદિની પ્રવૃત્તિ જે અકર્તવ્ય છે તેમાં પણ વર્તમાનના સંયોગ પ્રમાણે કર્તવ્યને જુએ છે તે બુદ્ધિમાન છે.

તેથી એ ફલિત થાય કે તીર્થંકરો જ્યારે ભોગકર્મ કરે છે ત્યારે ભોગના સંકલ્પથી ભોગની પ્રવૃત્તિ કરતા નથી. પરંતુ પોતાને જે સંયમ પ્રાપ્ત કરવું છે તેમાં વિઘ્નભૂત એવા ભોગકર્મના નાશના સંકલ્પથી ભોગ પ્રવૃત્તિને કર્તવ્યરૂપે સ્વીકારીને તેમાં પ્રવૃત્તિ કરે છે અને સંયમની નિરવદ્ય પ્રવૃત્તિ મોક્ષના અર્થી માટે કર્તવ્ય હોવા છતાં તે ભૂમિકામાં પોતાના માટે અકર્તવ્ય છે તેમ જાણીને મોક્ષના સંકલ્પથી જ ભોગાદિની પ્રવૃત્તિનો સ્વીકાર કરે છે, માટે તેઓ બુદ્ધિમાન છે. આથી જ વીર પરમાત્માએ માતાપિતાના ક્લેશના પરિહાર અર્થે ગર્ભમાં પ્રતિજ્ઞા કરી કે માતાપિતા જ્યાં સુધી જીવે ત્યાં સુધી હું સંયમ ગ્રહણ કરીશ નહીં. સામાન્યથી સંયમ નહીં ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા અનુચિત પ્રતિજ્ઞા છે છતાં ભાવિમાં ન્યાયપૂર્વકના સંયમની પ્રાપ્તિનો ઉપાય હોવાથી વીર પરમાત્માની

તે અવસ્થામાં તે પ્રતિજ્ઞા કર્તવ્ય બને છે, તેથી તે પ્રતિજ્ઞાથી તેમનો મુક્તિભાવ હણાતો નથી. **॥૧૫-૩૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ગીતાના વચનાનુસાર કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મને જોવારૂપ બે વિકલ્પો બતાવ્યા. હવે સ્યાદ્વાદની દૃષ્ટિથી આઠ વિકલ્પો થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**कर्मण्यकर्म वा कर्म, कर्म्मण्यस्मिन्नुभे अपि ।**
**नोभे वा भङ्गवैचित्र्यादकर्मण्यपि नो मते ।।३४।।**

**અન્વયાર્થ :-**

**नो मते=અમારા મતમાં, कर्मणि अकर्म वा कर्म=કર્મમાં અકર્મને અથવા કર્મને અર્થાત્ વ્યવહારથી કર્તવ્ય એવા કૃત્યમાં કોઈક સંયોગમાં અકર્તવ્યને અથવા કોઈક સંયોગમાં કર્તવ્યને (જુએ છે), अस्मिन् कर्मणि=એ કર્મમાં અર્થાત્ પૂર્વમાં વ્યવહારથી જે કર્તવ્ય કર્મ બતાવ્યું એ કર્મમાં, उभेऽपि= ઉભયને પણ અર્થાત્ કર્મ અને અકર્મ બંનેને પણ અર્થાત્ કોઈક અપેક્ષાએ કર્તવ્યરૂપ કર્મ અને કોઈક અપેક્ષાએ અકર્તવ્યરૂપ અકર્મ – એ બંનેને પણ, नोभे वा=અથવા ન ઉભયને (જુએ છે) અર્થાત્ બંને વિકલ્પોના અભાવને જુએ છે, भंगवैचित्र्यात् अकर्मणि अपि=ભંગવૈચિત્ર્યથી અકર્મમાં પણ (જુએ છે) અર્થાત્ અકર્મમાં પણ પૂર્વોક્ત ચાર ભાંગાઓ જુએ છે. ॥૧૫-૩૪॥**

**શ્લોકાર્થ :-**

**અમારા મતમાં કર્મમાં અકર્મને અથવા કર્મને જુએ છે. એ કર્મમાં કર્મ અને અકર્મ બંનેને પણ જુએ છે અથવા બંનેના અભાવને જુએ છે. અકર્મમાં પણ પૂર્વોક્ત ચાર ભાંગાઓ જુએ છે. ॥૧૫-૩૪॥**

❖ પ્રસ્તુત શ્લોકમાં બતાવેલ આઠ ભાંગાઓ ક્રમથી નીચે મુજબ છે :-

(૧) કર્મમાં અકર્મ જુએ , (૨) કર્મમાં કર્મ જુએ, (૩) કર્મમાં ઉભયને જુએ,

(૪) કર્મમાં ઉભયને ન જુએ, (૫) અકર્મમાં અકર્મ જુએ, (૬) અકર્મમાં કર્મ જુએ, (૭) અકર્મમાં ઉભયને જુએ, (૮) અકર્મમાં ઉભયને ન જુએ.

**ભાવાર્થ :-**

**(૧) કર્મમાં અકર્મને જુએ :-** આત્મકલ્યાણ માટે સંયમ ગ્રહણ કરવું એ ઉચિત કર્તવ્ય છે તેથી વ્યવહારથી તે કર્તવ્ય કર્મ છે. આમ છતાં વિવેકસંપન્ન જીવને સર્વવિરતિના ભારને વહન કરવાની શક્તિ પોતાનામાં સંચિત થયેલી ન જણાય અને જણાય કે "કદાચ હું ઉલ્લાસના અતિશયથી સંયમ ગ્રહણ કરીશ તોપણ સંયમના પાલનથી તે પ્રકારના વિશુદ્ધ ભાવોને હું પ્રાપ્ત કરી શકીશ નહીં અને તેને બદલે દેશવિરતિમાં યત્ન કરીશ તો ક્રમે કરીને સર્વવિરતિની શક્તિનો સંચય થશે અને જ્યારે સર્વવિરતિની શક્તિનો સંચય થશે ત્યારે સંયમ ગ્રહણ કરીશ તો સર્વભાવો પ્રત્યેના સમભાવરૂપ ચારિત્ર્યના પરિણામને પણ પ્રાપ્ત કરી શકીશ," તે વખતે વ્યવહારથી કર્તવ્ય એવી સંયમની ક્રિયા પણ તે સાધકને પોતાની ભૂમિકા અનુસાર અકર્તવ્ય જણાય છે. આ કર્મમાં અકર્મને જોવારૂપ પ્રથમ વિકલ્પ છે.

**(૨) કર્મમાં કર્મને જુએ :-** આત્મકલ્યાણના અર્થીને માટે મનુષ્યજન્મ પામીને સર્વશક્તિથી સંયમમાં જ ઉદ્યમ કરવો ઉચિત છે. તેથી વ્યવહારથી સંયમ ગ્રહણ કરવું એ કર્તવ્ય કર્મ છે અને કોઈ વિવેકી શ્રાવકને સ્વભૂમિકા પ્રમાણે જણાય કે "હું સંયમ ગ્રહણ કરીશ તો જગતના સર્વભાવો પ્રત્યેના પ્રતિબંધનો પરિહાર કરીને અસંગભાવની શક્તિનો સંચય કરી શકીશ." તેવા સાધક સર્વવિરતિરૂપ કર્તવ્ય કર્મમાં કર્મને જોનાર છે અર્થાત્ મારે સર્વવિરતિ ગ્રહણ કરવા યોગ્ય છે તેમ જોનાર છે. આ કર્મમાં કર્મને જોવારૂપ બીજો વિકલ્પ છે.

**(૩) કર્મમાં ઉભયને જુએ :-** વીર પરમાત્માના સમવસરણમાં સૂર્યાભદેવ વીર પ્રભુની ભક્તિ અર્થે નૃત્ય કરવાની અનુજ્ઞા માંગે છે તે વખતે સૂર્યાભદેવને માટે ભગવાનની ભક્તિ કરવી એ નિર્જરાની પ્રાપ્તિનું કારણ હોવાથી કર્તવ્ય કર્મ છે અને તે ભક્તિરૂપ કર્તવ્યકર્મમાં વીર પરમાત્માને ઉભય દેખાય છે અર્થાત્ સૂર્યાભદેવને આશ્રયીને કર્મ દેખાય છે અને ગૌતમાદિ મહામુનિને આશ્રયીને અકર્મ દેખાય છે.

આશય એ છે કે ભગવાનનો ઉપદેશ સાંભળીને ગૌતમાદિ મહામુનિઓને જે પ્રકારના સંયમના કંડકોની વૃદ્ધિ થતી હતી તે વૃદ્ધિમાં સૂર્યાભદેવનું નૃત્ય વિઘ્નભૂત હતું; કેમ કે સૂર્યાભદેવની ભક્તિકાળમાં ભગવાનની દેશના બંધ થવાથી ગૌતમાદિ મહામુનિઓને તે પ્રકારના ભાવોના પ્રકર્ષમાં નૃત્યની ક્રિયા વ્યાઘાતક હતી અને સૂર્યાભદેવને ભગવાનની ભક્તિથી તે પ્રકારના ભાવોની વિશુદ્ધિની પ્રાપ્તિ થાય તેમ હતું. તેથી વીર પરમાત્માએ સૂર્યાભદેવના નૃત્ય કર્મમાં અપેક્ષાએ અકર્તવ્ય કર્મ અને અપેક્ષાએ કર્તવ્ય કર્મ જાણવાથી મૌનથી સંમતિ આપી. વળી, સૂર્યાભદેવે નૃત્યના વિષયમાં ભગવાન પાસે જે અનુજ્ઞા માંગી તેમાં ભગવાને ઉત્તર ન આપ્યો તેથી ફરી પૃચ્છા કરીને પારિણામિક બુદ્ધિથી ભગવાનની અનુમતિનું પ્રતિસંધાન કરીને સૂર્યાભદેવ નૃત્ય કરે છે. આ કર્મમાં ઉભયને જોવારૂપ ત્રીજો વિકલ્પ છે.

**(૪) કર્મમાં ઉભયને ન જુએ :-** "સૂત્રકૃતાંગ" નામના આગમ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના ૧૯મા અધ્યયનની ૨૦મી ગાથામાં કહ્યું છે : "जे उ दाणं पसंसंति वहमिच्छंति पाणिणं । जे अ णं पडिसेहंति वित्तिच्छेअं करेंति ते ।।" અર્થાત્ ये तु दानं प्रशंसंति, वधमिच्छंति प्राणिनां । ये च तं प्रतिषेधयन्ति वृत्तिच्छेदं कुर्वन्तीति ।। તે વચનથી દાનની પ્રશંસા કરવામાં પ્રાણીવધની અનુમતિની પ્રાપ્તિ છે અને દાનનો નિષેધ કરવાથી જેને દાન અપાય છે તેઓની આજીવિકાનો ઉચ્છેદ થાય છે. વળી, મહોપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકાની 'દાનબત્રીશી'ના શ્લોક-૧૩ની સ્વોપજ્ઞ ટીકામાં કહે છે : "ये तु दानं प्रशंसन्त्यादिसूत्रेऽपि सङ्गतः । विहाय विषयो मृग्यो दशाभेदं विपश्चिता ।।" તેથી જે સ્થાનમાં સ્યાદ્વાદની મર્યાદા અનુસાર 'ये तु दानं प्रशंसन्ति'નું યોજન થતું હોય તે સ્થાનમાં કર્તવ્ય એવા દાનકર્મમાં પણ વિવેકીને ઉભયના અભાવની પ્રાપ્તિ છે. અર્થાત્ તે દાન કર્તવ્યરૂપે પણ કહી શકાય તેમ નથી અને અકર્તવ્યરૂપે પણ કહી શકાય તેમ નથી. તેથી સામાન્યથી કર્તવ્ય એવા દાનકર્મમાં ઉભયના અભાવને જોવારૂપ ચોથો વિકલ્પ છે. આનું વિશેષ સ્પષ્ટીકરણ 'યતિલક્ષણ-સમુચ્ચય'ના અમારા ભાષાંતરમાં છે.

**(૫) અકર્મમાં કર્મને જુએ :-** આત્મકલ્યાણ માટે સંસારની પ્રવૃત્તિ કરવા જેવી નથી તેથી આત્મા માટે તે અકર્મરૂપ છે. આમ છતાં નિકાચિત ભોગકર્મોને

જાણીને તીર્થંકરાદિના જીવો તે કૃત્યોને વર્તમાનમાં મારા માટે કર્તવ્ય છે એમ જુએ છે. આ અકર્મમાં કર્મને જોવારૂપ પાંચમો વિકલ્પ છે.

**(૬) અકર્મમાં અકર્મ જુએ :-** આત્માને માટે ભોગાદિ કૃત્યો અકર્મ છે અર્થાત્ નહીં કરવા યોગ્ય કૃત્યો છે અને પોતે તેનો ત્યાગ કરે તો યોગમાર્ગની પ્રવૃત્તિ સુદૃઢ થાય તેમ છે તે વખતે બુદ્ધિમાન પુરુષ આ અકર્મો મારા માટે કરવા જેવાં નથી તેમ જુએ છે. આ અકર્મમાં અકર્મને જોવારૂપ છઠ્ઠો વિકલ્પ છે.

**(૭) અકર્મમાં ઉભયને જુએ :-** જેમ કોઈ સાધક યોગી સંયમનો અર્થી હોય અને માતાપિતા સંયમ માટે અનુજ્ઞા ન આપે. વળી, માતાપિતાને છોડીને જવાથી તેઓનું અહિત થાય તેવું જણાય ત્યારે માતાપિતાના હિતને આશ્રયીને અકર્મરૂપ એવો પણ ગૃહવાસ કર્તવ્યરૂપે જણાય અને પોતે ગૃહવાસમાં રહે તેથી પોતાને રાગાદિનો સંશ્લેષ થવાથી પોતાની ભૂમિકાનુસાર તે ગૃહવાસ પોતાના માટે અકર્તવ્યરૂપ જણાય એવા પુરુષને માટે અકર્તવ્યરૂપ ગૃહવાસ અપેક્ષાએ કર્મરૂપ છે અને અપેક્ષાએ અકર્મરૂપ છે. તેથી આ અકર્મમાં કર્મ અને અકર્મ – ઉભયને જોવારૂપ સાતમો વિકલ્પ છે.

**(૮) અકર્મમાં ઉભયને ન જુએ :-** જેમ કોઈ ન્યાયી રાજા સંયમનો અર્થી હોય અને રાજ્યની વ્યવસ્થાનું પાલન થાય તેવા કોઈ ઉત્તરાધિકારી ન હોય ત્યારે રાજા રાજ્યનો ત્યાગ કરે તો રાજ્યવ્યવસ્થાનો ભંગ થવાથી ઘણા લોકોનું અહિત થાય તેમ હોય, તે વખતે રાજ્યવ્યવસ્થા ટકાવવા ઉત્તરાધિકારીની પ્રાપ્તિ અર્થે અકર્તવ્ય એવી ભોગાદિની પ્રવૃત્તિ પણ તેને અકર્તવ્ય જણાતી નથી; કેમ કે ભોગાદિની પ્રવૃત્તિથી પુત્રપ્રાપ્તિ થાય તો સંયમપ્રાપ્તિ થઈ શકે, અન્યથા નહીં. વળી, ભોગાદિકાળમાં પોતાના ચિત્તની શુદ્ધિ કાંઈક ક્ષીણ પણ થાય છે તેથી અકર્તવ્ય એવા ભોગાદિમાં કર્તવ્યબુદ્ધિ પણ થતી નથી. આ અકર્મમાં અકર્મ અને કર્મ – ઉભયને ન જોવારૂપ આઠમો વિકલ્પ છે.

વળી, જે પુરુષ આ આઠ વિકલ્પોનો વિચાર કરીને પોતાના પ્રમાદનું પોષણ થાય તે રીતે જોડે છે તે પુરુષ બુદ્ધિમાન નથી; પણ જે પુરુષ આ આઠેય વિકલ્પોને ઉચિત સ્થાને જોડીને કર્તવ્ય-અકર્તવ્યને નિપુણ પ્રજ્ઞાથી જોઈ શકે છે તે બુદ્ધિમાન છે અને જે પુરુષ ઉપરમાં બતાવ્યા તે રીતે સર્વ વિકલ્પોને ઉચિત

રીતે જોડીને આત્મહિત થાય તે રીતે ઉચિત પ્રવૃત્તિ કરે છે તે સર્વ ઉચિત કૃત્યને કરનાર છે.

આ પ્રકારના આઠ વિકલ્પોનો અર્થ ભાસે છે. તત્ત્વ બહુશ્રુતો જાણે ! **॥૧૫-૩૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૧માં કહેલ કે કર્મોદયથી પ્રાપ્ત થયેલા એવા સાવદ્ય કર્મમાં અસંકલ્પને કારણે કર્મબંધ નથી અને તે વાતની પુષ્ટિ અન્ય દર્શનકારના કથનથી કરી. હવે અસંકલ્પને કારણે કર્મબંધ કેમ નથી તેને સ્પષ્ટ કરતાં કહે છે –**

**શ્લોક :-**

**कर्मनैष्कर्म्यवैषम्यमुदासीनो विभावयन् ।**
**ज्ञानी न लिप्यते भोगैः, पद्मपत्रमिवाम्भसा।।३५।।**

**અન્વયાર્થ :-**

**कर्मनैष्कर्म्यवैषम्यं विभावयन् उदासीनः ज्ञानी=કર્મમાં નૈષ્કર્મ્યરૂપ વૈષમ્યને વિભાવન કરતા ઉદાસીન જ્ઞાની, पद्मपत्रं इव अम्भसा=પાણીથી પદ્મપત્રની જેમ, भौगैः न लिप्यते=ભોગો વડે લેપાતા નથી. ॥૧૫-૩૫॥**

**શ્લોકાર્થ :-**

**કર્મમાં નૈષ્કર્મ્યરૂપ વૈષમ્યને વિભાવન કરતા ઉદાસીન જ્ઞાની પાણીથી પદ્મપત્રની જેમ ભોગો વડે લેપાતા નથી. ॥૧૫-૩૫॥**

**ભાવાર્થ :-**

છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓ સંસારનાં કૃત્યોરૂપ કર્મમાં નિષ્કર્મ્યપણારૂપ વિષમપણાનું વિભાવન કરતા હોય છે તેથી દેહથી થતાં કૃત્યોમાં તેઓ ઉદાસીન હોય છે અને સંસારનાં કૃત્યોમાં ઉદાસીન હોવાને કારણે જેમ પાણીમાં રહેલું કમળ પાણીથી ઉપર હોવાથી કમળની પાંદડીઓ પાણીથી લેપાતી નથી તેમ જ્ઞાની સંસારની ક્રિયાઓ કરવા છતાં પણ તે ક્રિયાઓમાં સંશ્લેષ પામતા નથી.

આશય એ છે કે, શરીર અને આત્મા બેય પૃથક્ પદાર્થો છે અને સંસાર અવસ્થામાં શરીર સાથે જીવ કથંચિત્ એકત્વભાવને પામેલો છે છતાં પરમાર્થથી તો શરીર આત્મારૂપે થતું નથી કે આત્મા શરીરરૂપે થતો નથી. વળી, છઠ્ઠી દૃષ્ટિવાળા યોગીઓ 'આત્માનું દેહથી પૃથક્પણું છે' તેનું અત્યંત ભાવન કરવાની પરિણતિવાળા છે તેથી 'દેહથી થતી ક્રિયામાં આત્માનું કર્તૃત્વપણું નથી, પરંતુ આત્મામાં થતા ભાવોમાં આત્માનું કર્તૃત્વપણું છે' તેવી સ્થિર બુદ્ધિ હોવાથી નિકાચિત કર્મને કારણે કે તથાવિધ સંયોગને કારણે તે મહાત્માઓ ભોગાદિ કરતા હોય ત્યારે પણ 'તે ભોગ હું કરું છું' તે પ્રકારના કર્મબુદ્ધિને જોનારા નથી, પરંતુ ભોગમાં પોતાનું નિષ્કર્મ્યપણું છે તેમ જોનારા છે. તેથી દેહકૃત ક્રિયાઓ થાય છે અને આત્મા તે ક્રિયાઓને કરતો નથી એ રૂપ વૈષમ્યને તે મહાત્માઓ સદા ભાવન કરનારા હોય છે તેથી તેઓનું ચિત્ત ભોગાદિ ક્રિયાઓમાં લેશ પણ સંશ્લેષ પામતું નથી. જેમ કમળ પાણીમાં અસંશ્લેષભાવવાળું હોય છે તેમ તેવા યોગીનો આત્મા ભોગકાળમાં પણ ભોગથી અસંશ્લેષસ્વભાવવાળો હોય છે. માટે તેવા યોગીઓને 'હું ભોગ કરું છું' એવો સંકલ્પ નહીં હોવાને કારણે કર્મબંધ થતો નથી. **॥૧૫-૩૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, જ્ઞાની ભોગ વડે લેપાતા નથી. ત્યાં વ્યવહાર દૃષ્ટિથી જોનારને પ્રશ્ન થાય કે, સંસારની ક્રિયાથી કર્મબંધ થાય છે અને સંસારની પાપક્રિયાને નહીં કરવાથી કર્મબંધ અટકે છે અર્થાત્ ઈન્દ્રિયનો મૌનભાવ પ્રાપ્ત થાય છે, તો જ્ઞાની ભોગ કર્મ વડે લેપાતા નથી તેમ કેમ કહી શકાય? તેથી કહે છે –**

**શ્લોક :-**

**पापाकरणमात्राद्धि, न मौनं विचिकित्सया ।**
**अनन्यपरमात्साम्यात्, ज्ञानयोगी भवेन्मुनिः ।।३६।।**

**અન્વયાર્થ :-**

**विचिकित्सया=વિચિકિત્સાને કારણે અર્થાત્ વિપરીત ચિકિત્સાની પ્રવૃત્તિ**

**હોવાના કારણે, पापाकरणमात्रात् हि=પાપઅકરણ માત્રથી જ અર્થાત્ ભોગાદિનો ત્યાગ કરવા માત્રથી, मौनं न=મૌન નથી અર્થાત્ કર્મબંધના અભાવરૂપ મુનિભાવ નથી.**

અહીં પ્રશ્ન થાય કે, તો મુનિભાવ શેનાથી પ્રગટ થાય ? તેથી કહે છે –

**अनन्यपरमात् साम्यात्=અનન્ય પરમ એવા સામ્યથી અર્થાત્ જીવની પ્રકૃતિ સાથે અનન્ય પરિણામરૂપ એવા પરમ સામ્ય ભાવથી, ज्ञानयोगी मुनिः भवेत्=જ્ઞાનયોગી મુનિ થાય છે અર્થાત્ જ્ઞાનયોગી ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા થાય છે. ॥૧૫-૩૬॥**

**શ્લોકાર્થ :-**

**વિચિકિત્સાને કારણે પાપઅકરણ માત્રથી જ મૌન નથી.**

અહીં પ્રશ્ન થાય કે, તો મુનિભાવ શેનાથી પ્રગટ થાય ? તેથી કહે છે –

**અનન્ય પરમ એવા સામ્યથી જ્ઞાનયોગી મુનિ થાય છે. ॥૧૫-૩૬॥**

**ભાવાર્થ :-**

આગમવચન છે કે વિચિકિત્સાને સમાપન્ન પુરુષ સમાધિને પ્રાપ્ત કરતો નથી અને વિચિકિત્સા એટલે વિપરીત ચિકિત્સા. તેથી એ પ્રાપ્ત થાય કે કોઈ પુરુષ બાહ્ય રીતે પાપનો ત્યાગ કરે અને પાપની પ્રવૃત્તિ ન કરે છતાં તે બાહ્ય ત્યાગ દ્વારા અંતરંગ જે પ્રકારે ઉદ્યમ કરીને વીતરાગ ભાવથી આત્માને વાસિત ન કરી શકે તો તે વિપરીત ચિકિત્સાતુલ્ય પ્રવૃત્તિ છે તેથી તે પ્રવૃત્તિથી મૌનભાવરૂપ સમાધિની પ્રાપ્તિ થઈ શકે નહીં. જેમ કોઈ પુરુષ કોઈ રોગની ચિકિત્સા કરે, આમ છતાં તે ચિકિત્સા તે રોગને અનુરૂપ ન હોય પરંતુ યથા-તથા હોય તો તે ચિકિત્સાથી રોગનું શમન થાય નહીં તેમ ભાવરોગના ઉચ્છેદ અર્થે બાહ્ય ત્યાગની આચરણા કરાય છે. આમ છતાં બાહ્ય ત્યાગની આચરણા કરનાર પુરુષ તે બાહ્ય આચરણા દ્વારા જે અંતરંગ ભાવોને અનુકૂળ યત્નની અપેક્ષા છે તે પ્રકારે યત્ન ન કરે તો તે પાપત્યાગ કરવાની ચિકિત્સા વિચિકિત્સા બને તેથી ભાવરોગના શમનરૂપ મૌન પ્રાપ્ત થઈ શકે નહીં.

ત્યાં પ્રશ્ન થાય કે મૌનભાવ શેનાથી પ્રગટ થાય છે ? તેથી શ્લોકના ઉત્તરાર્ધથી કહે છે.

જ્ઞાનયોગી એવા મહાત્મા જગતના વાસ્તવિક સ્વરૂપને જાણનારા હોવાથી જગતના ભાવો પ્રત્યે પરમ સામ્યભાવને ધારણ કરે છે. આ પરમ સામ્યભાવ જીવની સહજ પ્રકૃતિ છે તેથી જે જ્ઞાનયોગી મહાત્માને જીવની સહજ પ્રકૃતિરૂપ પરમ સામ્યભાવ પ્રગટે છે તેઓ જગતના પદાર્થો સાથે સંશ્લેષ પામતા નથી તેથી મુનિ થાય છે.

આનાથી એ ફલિત થાય કે ભોગના ત્યાગ માત્રથી કર્મબંધનો અભાવ થતો નથી પરંતુ જીવનો બાહ્ય પદાર્થો વિષયક અભોગનો પરિણામ છે તે જ જીવની વાસ્તવિક પ્રકૃતિ છે અને બાહ્ય ભોગનો પરિણામ એ જીવની વિકૃતિ છે એવું જ્ઞાન થવાથી જ્ઞાનયોગી પોતાના જ્ઞાનસ્વભાવમાં મગ્ન બને છે; જેથી સંસારમાં હોવા છતાં અને વિષયની સાથે ઇન્દ્રિયોનો સંપર્ક થવા છતાં જ્ઞાનયોગીને પાપબંધ થતો નથી. **॥૧૫-૩૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે આત્માના અનન્ય સ્વભાવભૂત પરમ સામ્યથી જ્ઞાનયોગી મુનિ થાય છે તેથી હવે તેવા મુનિ કેવા હોય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**विषयेषु न रागी वा, द्वेषी वा मौनमश्नुते ।**
**समं रूपं विदंस्तेषु, ज्ञानयोगी न लिप्यते।।३७।।**

**અન્વયાર્થ :-**

**विषयेषु=વિષયોમાં, न रागी वा द्वेषी वा=(જેઓ) રાગી નથી અને દ્વેષી નથી, मौनं अश्नुते=(તેઓ) મૌનને પામે છે અર્થાત્ મુનિભાવને પ્રાપ્ત કરે છે. तेषु समं रूपं विदन्=તેઓમાં અર્થાત્ વિષયોમાં, સમરૂપને જોતા, ज्ञानयोगी न लिप्यते=જ્ઞાનયોગી લેપાતા નથી. ॥૧૫-૩૭॥**

**શ્લોકાર્થ :-**

**વિષયોમાં જેઓ રાગી નથી અને દ્વેષી નથી તેઓ મૌનને પ્રાપ્ત કરે છે. વિષયોમાં સમરૂપને જોતા જ્ઞાનયોગી લેપાતા નથી. ॥૧૫-૩૭॥**

**ભાવાર્થ :-**

જેઓને અનુકૂળ વિષયોમાં રાગ નથી અને પ્રતિકૂળ વિષયોમાં દ્વેષ નથી તેઓનું ચિત્ત પોતાના શુદ્ધ ભાવમાં સંવૃત્ત છે તેથી તેઓ મૌનને ધારણ કરે છે અર્થાત્ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સંવરભાવને ધારણ કરે છે અને જેઓ મૌનભાવને ધારણ કરનારા છે તેઓ વિષયોમાં રાગ અને દ્વેષ કેમ કરતા નથી તેને સ્પષ્ટ કરે છે.

આત્માથી પર એવા બાહ્ય સર્વ વિષયો પોતાને માટે સમાન છે; કેમ કે બાહ્ય વિષયોમાંથી કોઈ પરિણામ પોતાના આત્મામાં પ્રવેશ પામતો નથી તેથી બાહ્ય સુંદર કે અસુંદર સર્વ પદાર્થો અનુપયોગીરૂપે પોતાના માટે સમાન છે. એ પ્રમાણે સૂક્ષ્મ પ્રજ્ઞાથી બાહ્ય પદાર્થોને જોતા જ્ઞાનયોગી બાહ્ય પદાર્થોમાં લેપાતા નથી તેથી તેઓને પાપબંધની પ્રાપ્તિ નથી. **॥૧૫-૩૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં જ્ઞાનયોગીનું સ્વરૂપ બતાવ્યું. હવે તે જ્ઞાનયોગીનું વિશેષ સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**सत्तत्त्वचिन्तया यस्याभिसमन्वागता इमे ।**
**आत्मवान् ज्ञानवान्वेदधर्मब्रह्ममयो हि सः ।।३८।।**

**અન્વયાર્થ :-**

**सत्तत्त्वचिन्तया=સત્તત્ત્વની ચિંતાથી=જગતમાં વર્તતા ભાવોના સ્વરૂપના યથાર્થ ચિંતવનથી, यस्य=જેને, इमे=આ=વિષયો, अभिसमन्वागता=અભિસમન્વાગત છે=સ્વવશ છે. सः=તે (પુરુષ), आत्मवान्=આત્મવાન છે, ज्ञानवान्=જ્ઞાનવાન છે. वेदधर्मब्रह्ममयः हि=વેદધર્મમય છે, બ્રહ્મમય છે. ।।૧૫-૩૮।।**

❖ 'हि' પાદપૂર્તિ અર્થે છે.

**શ્લોકાર્થ :-**

**સત્તત્ત્વની ચિંતાથી જેને વિષયો અભિસમન્વાગત છે તે પુરુષ આત્મવાન છે, જ્ઞાનવાન છે, વેદધર્મમય છે અને બ્રહ્મમય છે. ।।૧૫-૩૮।।**

**ભાવાર્થ :-**

અસંગ અનુષ્ઠાનવાળા યોગીઓને જગતનો સંગ કરવાની વૃત્તિ નષ્ટ થઈ છે અને તેથી જ ઇન્દ્રિયો વિષયક લેશ પણ ઉત્સુકતા નથી; કેમ કે જગતના પારમાર્થિક સ્વરૂપનું ચિંતવન કરીને તેઓનો આત્મા તત્ત્વથી ભાવિત છે. તેથી જે યોગી સત્તત્ત્વના ચિંતવનથી અસંગભાવવાળા થયા છે તેઓને વિષયો સ્વવશ છે, પરંતુ તે યોગીઓ વિષયોને વશ નથી અને જે યોગી વિષયોને વશ નથી તેઓ આત્માના શુદ્ધ સ્વરૂપમાં સદા મગ્ન રહેનારા છે માટે આત્મવાન છે.

વળી જીવેનું જે પારમાર્થિક જ્ઞાનસ્વરૂપ છે તે જ્ઞાન જગત સાથે સંશ્લેષ પામવાના સ્વભાવવાળું નથી અને જે અસંગ અનુષ્ઠાનવાળા મુનિ છે તેઓનું જ્ઞાન જગત સાથે સંશ્લેષ પામતું નથી તેથી જ્ઞાનવાન છે.

વળી, શાસ્ત્ર જીવનું જે પારમાર્થિક સ્વરૂપ બતાવે છે તે સ્વરૂપમાં તેઓ મગ્ન છે તેથી અસંગભાવવાળા મુનિઓ વેદધર્મમય છે.

વળી, જીવનું સ્વરૂપ બ્રહ્મસ્વરૂપ છે અને જીવના પારમાર્થિક સ્વરૂપમાં મગ્ન હોવાથી અસંગ અનુષ્ઠાનવાળા યોગીઓ બ્રહ્મમય છે.

અહીં વિશેષ એ છે કે જે યોગીઓ સંસારથી ભય પામેલા છે અને સંસારનું કારણ "વિષયોનો સંશ્લેષ છે" તેવો બોધ હોવાથી વિષયોનો ત્યાગ કરીને તપ-સંયમમાં ઉદ્યમ કરે છે અને શાસ્ત્રોથી આત્માને ભાવિત કરે છે. આમ છતાં વિષયોની પ્રાપ્તિ થાય તો વિષયો બુદ્ધિને સ્પર્શે તેવી તેઓના ચિત્તની અવસ્થા છે. તે યોગીઓને વિષયો અભિસમન્વાગત નથી, પરંતુ તેઓ સંયમનો અભ્યાસ કરીને શક્તિનો સંચય કરી રહ્યા છે. વળી, વચનાનુષ્ઠાન સેવીને જે યોગીઓ અસંગ દશાને પામ્યા છે તે યોગીઓને વિષયો સ્વવશ છે. તેમને અહીં જ્ઞાનયોગી તરીકે ગ્રહણ કરેલ છે. **॥૧૫-૩૮॥**

**અવતરણિકા :-**

**જ્ઞાનયોગીનું સ્વરૂપ અન્ય રીતે બતાવે છે –**

**શ્લોક :-**

**वैषम्यबीजमज्ञानं, निघ्नन्ति ज्ञानयोगिनः ।**
**विषयांस्ते परिज्ञाय, लोकं जानन्ति तत्त्वतः ।।३९।।**

**અન્વયાર્થ :-**

**ज्ञानयोगिनः=જ્ઞાનયોગીઓ, वैषम्यबीजं अज्ञानं निघ्नन्ति=વૈષમ્યના બીજરૂપ અજ્ઞાનનો નાશ કરે છે. विषयान् परिज्ञाय=વિષયોને જાણીને, ते तत्त्वतः लोकं जानन्ति=તેઓ તત્ત્વથી લોકને જાણે છે. ।।૧૫-૩૯।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનયોગીઓ વૈષમ્યના બીજરૂપ અજ્ઞાનનો નાશ કરે છે. વિષયોને જાણીને તેઓ તત્ત્વથી લોકને જાણે છે. ।।૧૫-૩૯।।**

**ભાવાર્થ :-**

જગતવર્તી પદાર્થો દ્રવ્ય અને પર્યાય સ્વરૂપ છે. દ્રવ્ય સ્વરૂપે સર્વ પદાર્થોમાં વિષમતા નથી અને પર્યાય સ્વરૂપે દરેક પદાર્થોમાં પરસ્પર વિષમતા છે. વળી, પર્યાયકૃત વિષમતાને કારણે જીવ કરતાં અજીવ જુદો પ્રતીત થાય છે. ઘટ કરતા પટ જુદો પ્રતીત થાય છે. આ રીતે દ્રવ્ય સ્વરૂપે સર્વ પદાર્થની સમાનતા અને પર્યાય સ્વરૂપે સર્વ પદાર્થની અસમાનતા જ્ઞાનીને દેખાય છે, છતાં પરમાર્થ દૃષ્ટિથી વિચારીએ તો જગતવર્તી સર્વ પદાર્થો જીવ માટે અનુપયોગીરૂપે સમાન છે અને જ્ઞાનના વિષયોરૂપે સમાન છે તેમ પણ જ્ઞાનીને દેખાય છે, જ્યારે સંસારી જીવો અનુપયોગી એવા પણ જગતવર્તી પદાર્થોમાંથી કેટલાક પદાર્થોને "આ મને ઉપયોગી છે, આ મને અનુપયોગી છે" ઇત્યાદિ પ્રકારે જાણે છે તે પ્રકારના વૈષમ્યનું બીજ જીવમાં વર્તતું અજ્ઞાન છે અને જ્ઞાનયોગીઓ સત્તત્ત્વની ચિંતા દ્વારા વૈષમ્યના બીજભૂત અજ્ઞાનનો નાશ કરે છે.

વસ્તુતઃ જીવનો જ્ઞાનસ્વભાવ છે અને જગતવર્તી પદાર્થો જ્ઞેય છે. જ્ઞેયને જ્ઞાનથી જાણવું એ જીવનો સ્વભાવ છે અને જ્ઞેય પદાર્થમાં અજ્ઞાનને કારણે પક્ષપાતની બુદ્ધિ કરીને સંસારી જીવો પોતાના જ્ઞાનને જ મોહથી આકુળ કરીને ઉપદ્રવવાળા બને છે. વળી, મોહથી આકુળ એવું જ્ઞાન – "મારું વાસ્તવિક સ્વરૂપ નથી પરંતુ જ્ઞેય પદાર્થનું જ્ઞાન થવા છતાં જ્ઞેય પદાર્થોમાં પક્ષપાત બુદ્ધિ કર્યા વગરનું જ્ઞાન સ્વસ્થતારૂપ હોવાથી જીવ માટે અનુપદ્રવરૂપ છે" તેવું સમ્યક્ સમાલોચન કરીને તે બોધ સંવેદનને સ્પર્શે તેવી સ્થિર બુદ્ધિવાળા જ્ઞાનયોગી હોય છે તેથી જ્ઞાનયોગી પુરુષ જગતને વિષમતારૂપે જોનારા અજ્ઞાનનો

નાશ કરે છે, જેથી તે બાહ્ય વિષયોનું પારમાર્થિક સ્વરૂપ જાણે છે. વળી, બાહ્ય વિષયોના પારમાર્થિક સ્વરૂપનું પરિજ્ઞાન કરીને જ્ઞાનયોગી તત્ત્વથી લોકવર્તી જ્ઞેય પદાર્થનું પારમાર્થિક સ્વરૂપ જાણે છે, તેથી જ જ્ઞાનયોગી લેપાતા નથી. ॥૧૫-૩૯॥

**શ્લોક :-**

**इतश्चापूर्वविज्ञानाच्चिदानन्दविनोदिनः ।**
**ज्योतिष्मन्तो भवंत्येते, ज्ञाननिर्धूतकल्मषाः ।।४०।।**

**અન્વયાર્થ :-**

**इतश्च अपूर्वविज्ञानात्=અને આ અપૂર્વવિજ્ઞાનથી અર્થાત્ પૂર્વશ્લોકમાં કહ્યું કે "જ્ઞાનયોગી તત્ત્વથી લોકને જાણે છે" એ પ્રકારના અપૂર્વવિજ્ઞાનથી, चिदानन्दविनोदिनः एते=ચિદાનંદ વિનોદી એવા આ લોકો અર્થાત્ ચૈતન્યના સહજ આનંદમાં વિનોદને અનુભવતા એવા જ્ઞાનયોગીઓ, ज्ञाननिर्धूतकल्मषाः ज्योतिमन्तः भवन्ति=જ્ઞાનથી નિર્ધૂત કલ્મષવાળા અર્થાત્ વિષયોના પારમાર્થિક જ્ઞાનને કારણે મોહના પરિણામરૂપ મલિનતાથી રહિત, જ્યોતિષ્માન થાય છે અર્થાત્ આત્માના સહજ પરિણામરૂપ જ્ઞાનની જ્યોતિવાળા થાય છે. ।।૧૫-૪૦।।**

**શ્લોકાર્થ :-**

**અને પૂર્વશ્લોકમાં કહ્યું કે "જ્ઞાનયોગી તત્ત્વથી લોકને જાણે છે" એ પ્રકારના અપૂર્વવિજ્ઞાનથી ચૈતન્યના સહજ આનંદમાં વિનોદને અનુભવતા એવા જ્ઞાનયોગીઓ જ્ઞાનથી નિર્ધૂત કલ્મષવાળા, જ્યોતિષ્માન થાય છે. ।।૧૫-૪૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહ્યું કે જ્ઞાનયોગી બાહ્ય વિષયોને જાણીને તત્ત્વથી લોકને જાણે છે. એ પ્રકારનું અપૂર્વજ્ઞાન જ્ઞાનયોગીને પ્રગટેલું છે તેથી એ ફલિત થાય કે અનાદિ કાળથી જીવ અનેક પ્રકારનાં જ્ઞાન પ્રાપ્ત કરે છે, ક્યારેક બુદ્ધિમાન પણ થાય છે, તોપણ તે જ્ઞાન અપૂર્વ કોટિનું ન હતું, આથી જ તે જ્ઞાનના

બળથી પણ સંકલેશને પ્રાપ્ત કરીને કર્મ બાંધે છે. જ્યારે જ્ઞાનયોગીને તો અનંત કાળમાં ક્યારેય પ્રાપ્ત થયું નથી એવું અપૂર્વજ્ઞાન પ્રાપ્ત થયું, તેથી જગતના ભાવો પ્રત્યે વિષમ બુદ્ધિ થાય તેવું તેઓનું અજ્ઞાન નાશ પામે છે અને જ્ઞાનયોગી પૂર્વમાં જે વિષયોમાંથી આનંદ લેવાના સ્વભાવવાળા હતા, તેને બદલે અપૂર્વ વિજ્ઞાનને કારણે, હવે ચૈતન્યના સહજ આનંદમાં સુખનો અનુભવ કરનારા બને છે. આવા અપૂર્વ જ્ઞાનને કારણે આત્મામાં અનાદિના મોહના પરિણામરૂપ જે કલ્મષ=કાદવ હતો તે કાદવનો નાશ કરે છે અને તેના કારણે જ્ઞાનમય જ્યોતિ પ્રકાશિત થઈ છે જેમનામાં એવા જ્યોતિષ્માન થાય છે અર્થાત્ સંગ વગરની અસંગભાવની પરિણતિનો અનુભવ કરનારા થાય છે. **॥૧૫-૪૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં જ્ઞાનયોગી કેવા હોય છે તેનું સ્વરૂપ બતાવ્યું અને તેવા જ્ઞાનયોગી સાધુને આશ્રયીને જ "ભગવતી સૂત્ર"માં શું કહ્યું છે તે હવે બતાવે છે –**

**શ્લોક :-**

**तेजोलेश्याविवृद्धिर्या, पर्यायक्रमवृद्धितः ।**
**भाषिता भगवत्यादौ, सेत्थं भूतस्य युज्यते ।।४१।।**

**અન્વયાર્થ :-**

**पर्यायक्रमवृद्धितः=પર્યાયના ક્રમની વૃદ્ધિથી, या तेजोलेश्याविवृद्धिः=જે તેજોલેશ્યાની વૃદ્ધિ, भगवत्यादौ भाषिता="ભગવતી" આદિમાં કહેવાયેલી છે, सा इत्थं भूतस्य युज्यते=તે આવા પ્રકારના જ્ઞાનયોગીને ઘટે છે. ।।૧૫-૪૧।।**

**શ્લોકાર્થ :-**

**પર્યાયના ક્રમની વૃદ્ધિથી જે તેજોલેશ્યાની વૃદ્ધિ "ભગવતી" આદિમાં કહેવાયેલી છે તે આવા પ્રકારના જ્ઞાનયોગીને ઘટે છે. ।।૧૫-૪૧।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રના પરમાર્થને જેઓએ સારી રીતે જાણ્યો છે તેવા સાધુ દીક્ષા ગ્રહણ કરે ત્યારે જ ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત થાય છે અને તે ગુપ્તિને જ અતિશય કરવા

અર્થે જે કાંઈ કાયિક કે વાચિક ચેષ્ટા કરે છે તે સમિતિપૂર્વક કરે છે. વળી, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં સ્ખલના વગર અપ્રમાદ ભાવથી શાસ્ત્રવિધિ અનુસાર શ્રુતનું અધ્યયન કરીને આત્માને શ્રુતથી ભાવિત કરે છે. "આવા સાધુઓ જેમ જેમ દીક્ષાપર્યાયની વૃદ્ધિવાળા થાય છે તેમ તેમ તેજોલેશ્યાની વૃદ્ધિવાળા થાય છે" એમ "ભગવતી સૂત્ર" આદિમાં કહેવાયું છે અને તે "ભગવતી" આદિનાં વચનો અન્ય સાધુઓને આશ્રયીને નથી, પરંતુ જે સાધુઓ દીક્ષા ગ્રહણની સાથે જ અસ્ખલિત જ્ઞાનયોગમાં પ્રવર્તે છે તેઓને આશ્રયીને છે.

અહીં "તેજોલેશ્યા" શબ્દથી સુખાસિકાનું ગ્રહણ છે. સાધુ જેમ જેમ જ્ઞાનયોગથી આત્માને વાસિત કરે છે, તેમ તેમ તેનું ચિત્ત અસંગભાવ તરફ વૃદ્ધિવાળું થાય છે. જેમ જેમ અસંગભાવ વધે છે, તેમ તેમ સુખ વધે છે તેથી ચારિત્રના પર્યાયની વૃદ્ધિથી તે સાધુમાં આત્મિક સુખની વૃદ્ધિ થાય છે એમ "ભગવતી" આદિમાં કહ્યું છે. **॥૧૫-૪૧॥**

**અવતરણિકા :-**

**જ્ઞાનયોગી સાધુ કેવા હોય છે તેનું સ્વરૂપ "ભગવતી"ના વચનથી પૂર્વશ્લોકમાં બતાવ્યું. હવે તે જ્ઞાનયોગીનું સ્વરૂપ અન્ય પ્રકારે બતાવે છે -**

**શ્લોક :-**

**विषमेऽपि समेक्षी यः, स ज्ञानी स च पण्डितः ।**
**जीवन्मुक्तः स्थिरं ब्रह्म, तथाचोक्तं परैरपि ।।४२।।**

**અન્વયાર્થ :-**

**यः विषमेऽपि समेक्षी=જે=જે પુરુષ વિષમમાં પણ સમેક્ષી છે અર્થાત્ વિષમ ભાવોમાં પણ સમાન જોનાર છે, सः ज्ञानी=તે જ્ઞાની છે. सः च पण्डितः=અને તે પંડિત છે. जीवन्मुक्तः, स्थिरं, ब्रह्म=જીવન્મુક્ત છે, સ્થિર છે, બ્રહ્મ છે. तथा च परैः अपि उक्तं=અને તે પ્રમાણે બીજાઓ વડે પણ કહેવાયું છે.** ।।૧૫-૪૨।।

**શ્લોકાર્થ :-**

**જે પુરુષ વિષમમાં પણ સમેક્ષી છે તે જ્ઞાની છે અને તે પંડિત છે.**

**જીવન્મુક્ત છે, સ્થિર છે, બ્રહ્મ છે અને તે પ્રમાણે બીજાઓ વડે પણ કહેવાયું છે. ॥૧૫-૪૨॥**

**ભાવાર્થ :-**

જેઓ વિષમ સંજોગોમાં પણ સમાનને જોનારા છે તે જ્ઞાની છે અને તે પંડિત છે.

આશય એ છે કે સંસાર અનેક વિષમતાઓથી યુક્ત છે તોપણ આત્માને માટે તે સર્વ ભાવો જ્ઞાનના વિષયભૂત છે તેથી જ્ઞાનના વિષયરૂપે જગતના સર્વ ભાવો પોતાને માટે સમાન છે તે પ્રકારે જેઓ જોનારા છે તે જ્ઞાની છે.

વસ્તુતઃ જગતના પદાર્થોની વિષમતા સાથે આત્માને કોઈ સંબંધ નથી. આત્માને માટે જગતના સર્વ પદાર્થો સમાન છે. આમ છતાં જે જીવોમાં બાહ્ય પદાર્થો સાથે સંગ કરવાનો પરિણામ છે તેઓ તે તે પદાર્થો સાથે સંગ કરીને "આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે" એ પ્રકારે પદાર્થોનું વિભાજન કરે છે; વળી, જેઓમાં બાહ્ય પદાર્થો સાથે સંગની વૃત્તિ નથી તેવા જીવોને શરીરનો સંગ હોવા છતાં ભાવથી કોઈ પદાર્થ સાથે સંશ્લેષ થતો નથી તેથી વ્યવહારથી વિષમ ભાવોમાં પણ તેવા સાધુઓને સર્વ ભાવો સમાન દેખાય છે તે જ્ઞાની છે અને તે જ પંડિત છે.

વળી, સંસારી અવસ્થામાં હોવા છતાં તેવા જ્ઞાનીઓને ભાવથી કોઈ પદાર્થ સાથે સંશ્લેષ નહીં હોવાથી મુક્ત છે તેથી શાસ્ત્રકારો આવા જ્ઞાનીઓને જીવન્મુક્ત કહે છે અર્થાત્ પ્રાણ ધારણ કરનાર હોવા છતાં મુક્ત છે. જેમ મુક્તઆત્માને જગતના કોઈ પદાર્થો સ્પર્શતા નથી તેમ દેહધારી હોવા છતાં આવા જ્ઞાનીને કોઈ પદાર્થો સ્પર્શતા નથી માટે જીવન્મુક્ત છે.

વળી, તેવા જ્ઞાનીઓ પોતાના શુદ્ધ ભાવોમાં સ્થિર છે, પરંતુ સંસારી જીવોની જેમ મોહથી વ્યાકુળ નથી.

વળી, તેવા જ્ઞાનીઓ બ્રહ્મસ્વરૂપ છે પરંતુ સંસારી જીવોની જેમ અબ્રહ્મસ્વરૂપ નથી અર્થાત્ પોતાના બ્રહ્મસ્વરૂપમાં વર્તે છે પરંતુ અબ્રહ્મસ્વરૂપમાં વર્તતા નથી.

અને તે પ્રમાણે અન્ય દર્શનકારોએ પણ કહ્યું છે અર્થાત્ ગ્રંથકારશ્રીએ જે

પ્રમાણે જ્ઞાનીનું સ્વરૂપ બતાવ્યું તે પ્રમાણે અન્ય દર્શનકારોએ પણ કહ્યું છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં બતાવે છે. **॥૧૫-૪૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહેલ કે જ્ઞાની વિષમમાં પણ સમાનને જોનારા છે. તે જ કથન અન્ય દર્શનકારના મત પ્રમાણે સર્વ જીવોની પરસ્પર વિષમ અવસ્થામાં આત્મા રૂપે સમાન જોનારા જ્ઞાની કેવા હોય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**विद्याविनयसम्पन्ने, ब्राह्मणे गवि हस्तिनि ।**
**शुनि चैव श्वपाके च, पण्डिताः समदर्शिनः ।।४३।।**

**અન્વયાર્થ :-**

**विद्याविनयसम्पन्ने ब्राह्मणे=વિદ્યા-વિનયસંપન્ન એવા બ્રાહ્મણમાં, गवि, हस्तिनि शुनि चैव श्वपाके च=ગાયમાં, હસ્તિમાં, કૂતરામાં અને વળી, ચંડાળમાં, पंडिताः समदर्शिनः=પંડિતો સમદર્શી છે. ।।૧૫-૪૩।।**

**શ્લોકાર્થ :-**

**વિદ્યા-વિનયસંપન્ન એવા બ્રાહ્મણમાં, ગાયમાં, હસ્તિમાં, કૂતરામાં અને વળી, ચંડાળમાં પંડિતો સમદર્શી છે. ।।૧૫-૪૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહેલ કે જ્ઞાની વિષમમાં પણ સમાનને જોનારા છે. તે કથન અન્ય દર્શનકારના મત પ્રમાણે બતાવે છે.

કોઈક બ્રાહ્મણ વિદ્યાથી અને વિનયથી સંપન્ન હોય, તેથી લોકોને આદરપાત્ર બને છે તો વળી, ગાય, હાથી અને કૂતરા તે તે પ્રકારની વિષમતાના કારણે લોકોને આદરપાત્ર બનતા નથી અર્થાત્ ગાયને પૂજ્ય માનનારા લોકો તેને ગાયમાતા તરીકે જુએ છે, હાથીને એક સુંદર પ્રાણી તરીકે જુએ છે અને કૂતરાને તો તુચ્છ પ્રાણી તરીકે જુએ છે. વળી, ચંડાળને અસ્પૃશ્યરૂપે જુએ છે. આ પ્રકારે બ્રાહ્મણાદિને આશ્રયીને લોકમાં દેખાતા વિષમભાવોને જ્ઞાની પુરુષ

દેહકૃત વિષમતારૂપે જોતા નથી પરંતુ દરેક આત્માને આત્મા રૂપે સમાન જુએ છે તેથી કોઈ પદાર્થમાં સંશ્લેષ પામતા નથી અને કર્મની વિષમતાથી રહિત એવા આત્માના સ્વરૂપમાં સદા મગ્ન રહે છે તેથી તેવા સમદર્શી પુરુષોને અન્ય દર્શનકારોએ પણ પંડિતો કહ્યા છે. **॥૧૫-૪૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૨માં કહ્યું કે, જે જ્ઞાની સર્વત્ર સમને જોનારા છે તે બ્રહ્મરૂપ છે તેથી હવે તે જ્ઞાની બ્રહ્મરૂપ કેમ છે તે સ્પષ્ટ કરે છે –**

**શ્લોક :-**

**इहैव तैर्जितः सर्गो, येषां साम्ये स्थितं मनः ।**
**निर्दोषं हि समं ब्रह्म, तस्माद् ब्रह्मणि, ते स्थिताः ।।४४।।**

**અન્વયાર્થ :-**

**येषां मनः साम्ये स्थितं=જેઓનું મન સામ્યમાં સ્થિત છે, तैः=તેઓ વડે, इह एव=અહીં જ અર્થાત્ સંસાર અવસ્થામાં જ, सर्गः जितः=સર્ગ અર્થાત્ પ્રકૃતિથી પુરુષના અભિભવરૂપ સર્ગ, જિતાયો છે. हि=જે કારણથી, निर्दोषं ब्रह्म समं=નિર્દોષ એવું બ્રહ્મ સમ સ્વરૂપ છે, तस्माद्=તે કારણથી, ते ब्रह्मणि स्थिताः=તેઓ બ્રહ્મમાં રહેલા છે. ।।૧૫-૪૪।।**

**શ્લોકાર્થ :-**

**જેઓનું મન સામ્યમાં સ્થિત છે, તેઓ વડે સંસાર અવસ્થામાં જ સર્ગ જિતાયો છે. જે કારણથી નિર્દોષ એવું બ્રહ્મ સમ સ્વરૂપ છે, તે કારણથી તેઓ બ્રહ્મમાં રહેલા છે. ।।૧૫-૪૪।।**

**ભાવાર્થ :-**

સમભાવ એ જીવનું સ્વરૂપ છે અને કર્મો જીવના સમભાવનો અભિભવ કરે છે તેથી પુરુષ હંમેશાં કર્મોથી અભિભવ પામે છે. વળી, કર્મોથી અભિભવ પામેલો પુરુષ સંસારની પ્રવૃત્તિ કરીને કર્મો બાંધે છે અને કર્મોને પરવશ બનીને સંસારમાં પરિભ્રમણ કરે છે. વળી, જેઓ આત્માના સમભાવ સ્વરૂપમાં

સ્થિરમનવાળા થયા છે, તેઓ ઉપર કર્મોનું પ્રભુત્વ દૂર થાય છે તેથી સંસારી જીવો જે રીતે કર્મોથી અભિભવ પામે છે તે રીતે સામ્ય પરિણામવાળા યોગીઓ કર્મથી અભિભવ પામતા નથી. તેથી તેવા યોગીઓ મુક્ત અવસ્થાને પામશે ત્યારે તો કર્મોથી થતા અભિભવરૂપ સર્ગને જીતેલા થશે, પરંતુ હજી કર્મોથી મુક્ત થયા નથી, છતાં સંસાર અવસ્થામાં જ તેઓ વડે સર્ગ જિતાયો છે અર્થાત્ કર્મનો અભિભવ દૂર કરાયો છે.

અહીં પ્રશ્ન થાય કે જ્યાં સુધી યોગી સર્વકર્મથી મુક્ત નથી ત્યાં સુધી કર્મથી અભિભવવાળા નથી તેમ કેમ કહી શકાય ? તેથી કહે છે.

સર્વકર્મરહિત એવું નિર્દોષ બ્રહ્મ જ સમપરિણામવાળું છે અને જેઓ સમપરિણામમાં રહેલા છે તેઓ નિર્દોષ એવા બ્રહ્મ સ્વરૂપમાં રહેલા છે માટે આત્માને બ્રહ્મ સ્વરૂપમાંથી બહાર કાઢનાર એવા કર્મનો અભિભવ તેઓ ઉપર નથી તેથી તેઓ બ્રહ્મ સ્વરૂપમાં રહી શકે છે. **॥૧૫-૪૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, જેઓ સામ્યભાવમાં રહેલા છે તેઓ બ્રહ્મમાં રહેલા છે. તેથી હવે સામ્ય ભાવમાં રહેલા યોગીઓ કેવા હોય છે તેનું વિશેષ સ્વરૂપ બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**न प्रहृष्येत्प्रियं प्राप्य, नोद्विजेत्प्राप्य चाप्रियं ।**
**स्थिरबुद्धिरसंमूढो, ब्रह्मविद् ब्रह्मणि स्थितः ।।४५।।**

**અન્વયાર્થ :-**

**स्थिरबुद्धिः=સ્થિર બુદ્ધિવાળા, असंमूढः=અસંમોહવાળા, ब्रह्मविद्=બ્રહ્મના સ્વરૂપને જાણનારા, ब्रह्मणि स्थितः=(અને) બ્રહ્મ સ્વરૂપમાં રહેલા એવા યોગી, प्रियं प्राप्य न प्रहृष्येत्=પ્રિયને પ્રાપ્ત કરીને હર્ષ પામતા નથી, अप्रियं च प्राप्य न उद्विजेत्=અને અપ્રિયને પ્રાપ્ત કરીને ઉદ્વેગ પામતા નથી. ।।૧૫-૪૫।।**

**શ્લોકાર્થ :-**

**સ્થિર બુદ્ધિવાળા, અસંમોહવાળા, બ્રહ્મના સ્વરૂપને જાણનારા અને**

**બ્રહ્મસ્વરૂપમાં રહેલા એવા યોગી પ્રિયને પ્રાપ્ત કરીને હર્ષ પામતા નથી અને અપ્રિયને પ્રાપ્ત કરીને ઉદ્વેગ પામતા નથી. ।।૧૫-૪૫।।**

**ભાવાર્થ :-**

જેઓ આત્માના પારમાર્થિક સ્વરૂપને તત્ત્વરૂપે જોનારા છે, તેઓની આત્મભાવમાં સ્થિર બુદ્ધિ છે અર્થાત્ "આ જ ભાવ મારા માટે સુખરૂપ છે અને આનાથી વિપરીતભાવ મારા માટે દુ:ખરૂપ છે" એવી સ્થિરબુદ્ધિ છે. વળી, તેવી સ્થિર બુદ્ધિ હોવાને કારણે સુંદર કે અસુંદર એવા બાહ્ય પદાર્થોને જોઈને સંમોહ પામતા નથી; કેમ કે "આત્માનું પારમાર્થિક સ્વરૂપ જ જીવ માટે તત્ત્વસ્વરૂપ છે અને બાહ્ય પદાર્થો જીવ માટે અનુપયોગી છે" તેવી સ્થિર બુદ્ધિ છે.

વળી, આવા યોગીઓ બાહ્ય પદાર્થમાં સંમોહ પામતા નથી પરંતુ બ્રહ્મના પારમાર્થિક સ્વરૂપને જાણનારા હોવાથી સર્વ ઉદ્યમથી બ્રહ્મ સ્વરૂપમાં રહેલા છે.

વળી, જે યોગીઓ પોતાના બ્રહ્મ સ્વરૂપમાં રહેલા હોય તેઓને જગતમાં કાંઈ પ્રિય નથી કે કાંઈ અપ્રિય નથી. તેથી જગતના જીવોને જે પદાર્થો પ્રિય દેખાય છે તેવા પ્રિય પદાર્થોને પ્રાપ્ત કરીને પણ તેઓ હર્ષિત થતા નથી કે જગતના જીવોને જે પદાર્થો અપ્રિય દેખાય છે તેવા અપ્રિય પદાર્થોને પ્રાપ્ત કરીને પણ તેઓ ઉદ્વેગ પામતા નથી. જેમ, આવા યોગીઓને દેહને શાતાઆપાદક સામગ્રી મળે કે અશાતાઆપાદક સામગ્રી મળે, તે બંને કાળમાં તેઓનું ચિત્ત સમાન ભાવે વર્તે છે અને શાતાની સામગ્રીમાં ચિત્ત લેશ પણ સંશ્લેષ પામતું નથી કે અશાતાની સામગ્રીથી ચિત્ત લેશ પણ ઉદ્વેગ પામતું નથી. **।।૧૫-૪૫।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૪૨થી શ્લોક-૪૫ સુધી જ્ઞાનયોગીનું સ્વરૂપ બતાવતાં કહ્યું કે વિષમતામાં પણ સમને જોનારા હોય છે. હવે જ્ઞાનયોગી થવા માટેની ભૂમિકા જેઓને પ્રાપ્ત થઈ નથી તેવા યોગીઓને સામ્યનું દર્શન દોષ માટે છે અને ભૂમિકાને પામેલા એવા યોગીઓને સામ્યનું દર્શન ગુણકારી છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**अर्वाग्दशायान्दोषाय, वैषम्ये साम्यदर्शनम् ।**
**निरपेक्षमुनीनां तु, रागद्वेषक्षयाय तत् ।।४६।।**

**અન્વયાર્થ :-**

**अर्वाग्दशायां=અર્વાગ્દશામાં=જ્ઞાનયોગની પ્રાપ્તિ પૂર્વેની દશામાં, वैषम्ये साम्यदर्शनं दोषाय=વૈષમ્યમાં સામ્યનું દર્શન દોષને માટે છે. निरपेक्षमुनीनां तु=પરંતુ નિરપેક્ષ મુનિઓને, तत्=તે અર્થાત્ વૈષમ્યમાં સામ્યનું દર્શન, रागद्वेषक्षयाय=રાગદ્વેષના ક્ષય માટે છે. ।।૧૫-૪૬।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનયોગની પ્રાપ્તિ પૂર્વેની દશામાં વૈષમ્યમાં સામ્યનું દર્શન દોષને માટે છે પરંતુ નિરપેક્ષ મુનિઓને વૈષમ્યમાં સામ્યનું દર્શન રાગદ્વેષના ક્ષય માટે છે. ।।૧૫-૪૬।।**

**ભાવાર્થ :-**

મુનિભાવ બે પ્રકારના છે. (૧) સાપેક્ષયતિધર્મ, (૨) નિરપેક્ષયતિધર્મ. (૧) આદ્ય ભૂમિકાવાળા સાધુઓ સાપેક્ષ યતિધર્મને સેવનારા હોય છે અને સાપેક્ષ યતિધર્મને સેવનારા સાધુઓ ગુણના પક્ષપાતવાળા હોય છે તેથી ગુણવાનની ભક્તિ કરીને ગુણોનો વિકાસ કરે છે. તેઓ નિરપેક્ષ યતિઓની અપેક્ષાએ અર્વાગ્ દશાવાળા છે અને અર્વાગ્ દશાવાળા સાધુઓ ગુણવાન અને નિર્ગુણ એવા સર્વ જીવોમાં સામ્યભાવનું દર્શન કરે તો પૂર્વમાં ગુણના પક્ષપાતથી ગુણવાનની ભક્તિ કરીને જે ગુણવૃદ્ધિ કરી શકતા હતા, તે કરી શકે નહીં તેથી તેવા સાપેક્ષ યતિધર્મવાળા સાધુઓને ગુણવાન અને નિર્ગુણ એવા સર્વ જીવોમાં સામ્યનું દર્શન દોષ માટે થાય છે.

(૨) વળી, બીજી ભૂમિકાવાળા સાધુઓ નિરપેક્ષ યતિધર્મને સેવનારા હોય છે અને નિરપેક્ષ યતિધર્મને સેવનારા તીર્થંકરો, જિનકલ્પીઓ આદિ હોય છે. તીર્થંકરો, જિનકલ્પી આદિ યોગીઓ સર્વ જીવોને સમાન જોઈને સર્વ જીવોમાં વર્તતા સિદ્ધસદૃશ ભાવને જોનારા હોય છે તેથી "આ ગુણવાન છે અને આ

નિર્ગુણ છે” તે પ્રકારનો જીવોને આશ્રયીને વિભાગ કરતા નથી, પરંતુ સર્વજીવોમાં વર્તતા સિદ્ધસદૃશ ભાવોને જોઈને તે ભાવોમાં જ તન્મયભાવથી વર્તે છે. જેથી તેવા નિરપેક્ષ મુનિઓનું સર્વજીવોમાં જે સામ્યદર્શન છે તે રાગદ્વેષના ક્ષયનું કારણ બને છે; કેમ કે સર્વ જીવોમાં વર્તતા આત્માના શુદ્ધ સ્વરૂપ સાથે તન્મયતાથી વર્તતો ઉપયોગ રાગદ્વેષનો નાશ કરીને શુદ્ધ આત્માના સ્વરૂપને પ્રગટ કરવાનું કારણ બને છે. **॥૧૫-૪૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે નિરપેક્ષ મુનિઓને સામ્યનું દર્શન રાગદ્વેષના ક્ષય માટે થાય છે તેથી હવે તેવા નિરપેક્ષ મુનિઓ સામ્યભાવના ઉપયોગવાળા હોય છે ત્યારે કેવી પરિણતિવાળા હોય છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**रागद्वेषक्षयादेति, ज्ञानी विषयशून्यतां ।**
**छिद्यते भिद्यते वाऽयं, हन्यते वा न जातुचित् ।।४७।।**

**અન્વયાર્થ :-**

**रागद्वेषक्षयात् ज्ञानी विषयशून्यताम् एति=રાગદ્વેષના ક્ષયથી જ્ઞાની વિષય-શૂન્યતાને પામે છે. अयं=આ જ્ઞાની, जातुचित्=ક્યારેય પણ, न छिद्यते भिद्यते वा हन्यते वा=છેદાતા નથી, ભેદાતા નથી કે હણાતા નથી. ।।૧૫-૪૭।।**

**શ્લોકાર્થ :-**

**રાગદ્વેષના ક્ષયથી જ્ઞાની વિષયશૂન્યતાને પામે છે. આ જ્ઞાની ક્યારેય પણ છેદાતા નથી, ભેદાતા નથી કે હણાતા નથી. ॥૧૫-૪૭॥**

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગવાળા યોગીઓ શુદ્ધ આત્માના સ્વભાવમાં વર્તતા હોય ત્યારે તેઓના ઉપયોગથી રાગદ્વેષના સંસ્કારો ક્ષીણક્ષીણતર થાય છે અને વીતરાગભાવના સંસ્કારો દૃઢદૃઢતર થાય છે. વળી, “જે નશ્યમાન હોય તે નષ્ટ કહેવાય” એ ન્યાયથી તે જ્ઞાનયોગીના રાગદ્વેષ ક્ષય પામ્યા છે તેમ કહેલ છે. રાગદ્વેષ ક્ષય થયેલા હોવાને કારણે પૂર્વમાં વિષયો સાથે જે સંગની પરિણતિ હતી તે સંગની

પરિણતિ જ્ઞાનીને થતી નથી તેથી દેહ સાથે જે વિષયોનો સંપર્ક થાય છે તે વિષયોને પૂર્વની જેમ ગ્રહણ કરવા માટે તેવા જ્ઞાનીનો ઉપયોગ વર્તતો નથી પરંતુ પોતાના અસંગભાવમાં જ સદા ઉપયોગ વર્તે છે. તેથી તેવા જ્ઞાની પુરુષો વિષયની શૂન્યતાને પામે છે અર્થાત્ જેમ સંસારી જીવો દેહને અને ઇન્દ્રિયોને અનુકૂળ કે પ્રતિકૂળ વિષયોને પ્રાપ્ત કરીને તે તે ભાવરૂપે પરિણમન પામે છે તેમ જ્ઞાનીના દેહ સાથે ઇષ્ટ કે અનિષ્ટ વિષયોનો સંપર્ક થવા છતાં તે વિષયોના પરિણામને અનુરૂપ કોઈ પરિણામ થતો નથી પરંતુ જીવના અસંગભાવનો પરિણામ જ સ્ફુરાયમાન થાય છે. તેથી તેવા જ્ઞાનીના દેહનું કોઈ છેદન કરતો હોય, કોઈ ભેદન કરતો હોય કે કોઈ હણતો હોય તોપણ તે જ્ઞાની દેહથી પૃથક્ એવા આત્મભાવમાં લીન હોવાથી દેહની છેદન-ભેદન આદિ ક્રિયાથી કોઈ જાતના પરિણામો જ્ઞાનીને સ્પર્શતા નથી, માટે જ્ઞાની છેદાતા નથી, ભેદાતા નથી કે હણાતા નથી.

વસ્તુત: સંસારી જીવો દેહધારી હોય ત્યારે દેહમાં છેદન, ભેદન કે હણવાની ક્રિયા થતી હોય તો તેને અનુરૂપ કોઈક ભાવોને પ્રાપ્ત કરે છે જ્યારે જ્ઞાનીને તો છેદન-ભેદન ન થતું હોય તે વખતે જે પ્રકારનો નિર્વિકલ્પ ઉપયોગ વર્તે છે તે પ્રકારનો નિર્વિકલ્પ ઉપયોગ દેહની છેદન-ભેદન ક્રિયાકાળમાં વર્તે છે. ॥૧૫-૪૭॥

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં નિરપેક્ષ મુનિઓ કેવા હોય છે તેનું સ્વરૂપ બતાવ્યું. હવે તે નિરપેક્ષ મુનિઓનું જ વિશેષ સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**अनुस्मरति नातीतं, नैव काङ्क्षत्यनागतम् ।**
**शीतोष्णसुखदुःखेषु, समो मानापमानयोः ।।४८।।**

**અન્વયાર્થ :-**

**अतीतं न अनुस्मरति=જ્ઞાનયોગી અતીતનું અનુસ્મરણ કરતા નથી. अनागतं नैव काङ्क्षति=અને અનાગતની આકાંક્ષા કરતા નથી. शीतोष्णसुखदुःखेषु**

**मानापमानयोः=શીત-ઉષ્ણજન્ય સુખ-દુઃખમાં, માન-અપમાનમાં, समः=સમ છે અર્થાત્ સમાન પરિણામવાળા છે. ॥૧૫-૪૮॥**

❖ શીત-ઉષ્ણજન્ય સુખ-દુઃખો કહેવાથી ઉપલક્ષણથી અન્ય પણ શારીરિક સુખ-દુઃખોનું ગ્રહણ કરવાનું છે.

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનયોગી અતીતનું અનુસ્મરણ કરતા નથી અને અનાગતની આકાંક્ષા કરતા નથી. શીત-ઉષ્ણજન્ય સુખ-દુઃખમાં, માન-અપમાનમાં સમાન પરિણામવાળા છે. ॥૧૫-૪૮॥**

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગી પુરુષ શ્રુતજ્ઞાનથી અત્યંત ભાવિત થયેલા હોય છે તેથી શ્રુત જે દિશામાં પદાર્થનો બોધ કરાવે તે દિશા તરફ જ તેમનો ઉપયોગ વર્તે છે. વળી, શ્રુતજ્ઞાન તીર્થંકરોના ઉપદેશમાંથી ઉત્પન્ન થયેલું છે અને તીર્થંકરોનો સર્વ ઉપદેશ જીવના પારમાર્થિક સ્વરૂપમાં વિશ્રાંતિને અનુકૂળ તત્ત્વને બતાવનાર છે. તેથી શ્રુતથી ભાવિત મતિવાળા એવા જ્ઞાનયોગી શુદ્ધ આત્મતત્ત્વને જોવા, જાણવા અને આવિર્ભાવ કરવા માટે સહજ રીતે પ્રવર્તે છે, તેથી પોતાને ભૂતકાળમાં જે અનુભવો થયા છે તેનું સ્મરણ કરતા નથી અને "ભવિષ્યમાં મારે આ પ્રાપ્ત કરવા જેવું છે, આ કૃત્ય કરવા જેવું છે" ઇત્યાદિ વિકલ્પોમાં પ્રયત્ન કરતા નથી.

સામાન્યતઃ સંસારી જીવોને તથાવિધ મોહની પરિણતિ હોવાથી તેઓ ભૂતકાળના સ્મરણને કરીને તે તે પ્રકારના ભાવો કરતા હોય છે અને "ભવિષ્યમાં હું આ પ્રાપ્ત કરીશ" ઇત્યાદિ વિચારો કરીને મનોરથિક સુખ મેળવતા હોય છે.

જ્યારે જ્ઞાનયોગી તો વીતરાગભાવના સુખમાં મગ્ન હોવાથી ભૂતકાળના સ્મરણજન્ય ભાવો કરવાને અભિમુખ ભાવવાળા પણ નથી અને ભવિષ્યના મનોરથો કરીને આનંદ લેવાની વૃત્તિવાળા પણ નથી.

વળી, જ્ઞાનયોગી વીતરાગભાવના સુખમાં લીન હોવાથી શીત-ઉષ્ણ આદિજન્ય સુખ-દુઃખમાં કે માન-અપમાનમાં સમાન પરિણામવાળા હોય છે; કેમ કે આત્માથી ભિન્ન એવા શરીરની સાથે સંશ્લેષ પામતા શીત-ઉષ્ણાદિ ભાવો કે આત્માથી

ભિન્ન એવા અન્ય પુરુષો દ્વારા અપાતા માન-અપમાન સાથે સંશ્લેષ પામીને આનંદ લેવાના સ્વભાવવાળા જ્ઞાનયોગી નથી, માત્ર આત્મભાવોમાં પ્રતિબંધને ધારણ કરીને આનંદ લેવાના સ્વભાવવાળા છે. **॥૧૫-૪૮॥**

**અવતરણિકા :-**

**વળી, તે જ્ઞાનયોગીનું વિશેષ સ્વરૂપ શ્લોક-૪૯થી શ્લોક-૫૫ સુધી બતાવે છે –**

**શ્લોક :-**

**जितेन्द्रियो जितक्रोधो, मानमायानुपद्रुतः ।**
**लोभसंस्पर्शरहितो, वेदखेदविवर्जितः ।।४९।।**

**અન્વયાર્થ :-**

**जितेन्द्रियः=જિતેન્દ્રિય અર્થાત્ જીતી છે ઈન્દ્રિયો જેણે એવા, जितक्रोधः=જિતક્રોધવાળા, मानमायानुपद्रुतः=માન-માયાના ઉપદ્રવથી રહિત, लोभसंस्पर्शरहितः=લોભના સંસ્પર્શથી રહિત, वेदखेदविवर्जितः=વેદના ખેદથી રહિત (એવા જ્ઞાનયોગી છે.) ॥૧૫-૪૯॥**

**શ્લોકાર્થ :-**

**જીતી છે ઈન્દ્રિયો જેણે એવા, જિતક્રોધવાળા, માન-માયાના ઉપદ્રવથી રહિત, લોભના સંસ્પર્શથી રહિત, વેદના ખેદથી રહિત એવા જ્ઞાનયોગી છે. ॥૧૫-૪૯॥**

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગી શ્રુતથી ભાવિત મતિવાળા હોવાથી શાંત થયેલી ઇન્દ્રિયોવાળા છે તેથી જિતેન્દ્રિય છે.

વળી, કાષાયિક ભાવો શાંત થયેલા હોવાથી જિતક્રોધવાળા, માન-માયાના ઉપદ્રવ વગરના અને લોભના સંસ્પર્શ વગરના હોય છે.

વળી, કામવૃત્તિ શાંત થયેલ હોવાથી વેદના ખેદથી રહિત હોય છે અર્થાત્ વેદની વ્યાકુળતા વગરના હોય છે. **॥૧૫-૪૯॥**

**શ્લોક :-**

**संनिरुध्यात्मनाऽऽत्मानं, स्थितः स्वकृतकर्मभिद् ।**
**हठप्रयत्नोपरतः, सहजाचारसेवनात् ।।५०।।**

**અન્વયાર્થ :-**

**आत्मना आत्मानं सन्निरुध्य स्थितः=આત્મા વડે આત્માને નિરોધ કરીને રહેલા એવા જ્ઞાનયોગી, स्वकृतकर्मभित्=પોતાના વડે પૂર્વમાં કરાયેલા કર્મને ભેદનારા છે. सहजाचारसेवनात् हठप्रयत्नोपरतः=સહજ આચારના સેવનથી હઠપ્રયત્ન-ઉપરત છે. ।।૧૫-૫૦।।**

**શ્લોકાર્થ :-**

**આત્મા વડે આત્માને નિરોધ કરીને રહેલા એવા જ્ઞાનયોગી પોતાના વડે પૂર્વમાં કરાયેલા કર્મને ભેદનારા છે. સહજ આચારના સેવનથી હઠપ્રયત્ન-ઉપરત છે. ।।૧૫-૫૦।।**

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગી આત્માના ધૃતિબળરૂપ સ્વપરાક્રમથી આત્માને પોતાના શુદ્ધ ભાવોમાં નિરોધ કરીને રહેલા હોય છે તેથી પૂર્વમાં અનાત્મ ભાવોમાં રહેવાથી આત્માએ અત્યાર સુધી જે કર્મો બાંધેલાં તે કર્મોને ભેદનારા છે; કેમ કે કર્મજન્ય ભાવોમાં વર્તવાથી નવાં કર્મો બંધાય છે અને કર્મજન્ય ભાવોથી આત્માને નિરોધ કરીને આત્મભાવમાં રહેવાથી પૂર્વમાં બંધાયેલાં કર્મો નાશ પામે છે.

વળી, આવા જ્ઞાનયોગી આત્માના સહજ ભાવોને પ્રવર્તાવે તેવા ઉત્તમ આચારોને સેવનારા હોવાથી હઠપ્રયત્નથી ઉપરત છે.

આશય એ છે કે કેટલાક યોગીઓ મોક્ષમાં જવાની ઇચ્છાવાળા હોય છે છતાં વિવેક પ્રગટેલો નહીં હોવાથી ઇન્દ્રિયોને બળાત્કારે વિષયોથી નિરુદ્ધ કરીને સંયમમાં ઉદ્યમ કરે છે, પરંતુ સ્વભૂમિકાનુસાર પોતાને બાધ કરતા કષાયો દૂર કરવા માટે શાસ્ત્રની વિવેકદૃષ્ટિથી યત્ન કરતા નથી. આવા યોગીઓ વડે નિરોધ કરાયેલી ઇન્દ્રિયો હઠપ્રયત્નથી નિરોધ કરાયેલી છે. તેથી સ્વશક્તિનો વિચાર કર્યા વગર બળાત્કારે નિરોધ કરાયેલી તે ઇન્દ્રિયો ક્યારેક અધિક

વેગથી ઊછળીને યોગીનો પાત કરે છે અને હઠપ્રયત્નથી જેઓ યોગમાર્ગમાં પ્રવર્તે છે તેઓ ગુણસ્થાનકની વૃદ્ધિના ક્રમને પામી શકતા નથી.

વળી, વિવેકવાળા એવા જ્ઞાનયોગી તો પોતાની ભૂમિકાનું આલોચન કરીને શાસ્ત્રમતિ અનુસાર યોગમાર્ગની પ્રાપ્તિ કરીને સહજ આચારને સેવનારા છે તેથી જ્ઞાનયોગીની શાંત થયેલી ઇન્દ્રિયો યોગમાર્ગમાં વિઘ્ન કરનારી થતી નથી અને જ્ઞાનયોગી સહજ આચારના સેવનના બળથી હઠપ્રયત્નથી ઉપરત છે માટે ગુણસ્થાનકના ઉત્તરોત્તર ક્રમની વૃદ્ધિ પામે છે. **॥૧૫-૫૦॥**

**શ્લોક :-**

**लोकसंज्ञाविनिर्मुक्तो, मिथ्याचारप्रपञ्चहृत् ।**
**उल्लसत्कण्डकस्थानः, परेण परमाश्रितः ।।५१।।**

**અન્વયાર્થ :-**

**लोकसंज्ञाविनिर्मुक्तः=લોકસંજ્ઞાથી વિનિર્મુક્ત, मिथ्याचारप्रपञ्चहृत्= મિથ્યાચારના પ્રપંચને હરનારા, उल्लसत्कण्डकस्थानः=ઉલ્લાસ પામતા કંડક સ્થાનવાળા, परेण परं आश्रितः=પરથી પરને આશ્રિત અર્થાત્ પરથી પર એવા આત્મભાવને આશ્રિત જ્ઞાનયોગી છે. ।।૧૫-૫૧।।**

**શ્લોકાર્થ :-**

**લોકસંજ્ઞાથી વિનિર્મુક્ત, મિથ્યાચારના પ્રપંચને હરનારા, ઉલ્લાસ પામતા કંડક સ્થાનવાળા, પરથી પર એવા આત્મભાવને આશ્રિત જ્ઞાનયોગી છે. ।।૧૫-૫૧।।**

**ભાવાર્થ :-**

સર્વજ્ઞના વચનાનુસાર મોહના ઉન્મૂલનને અનુકૂળ એવો જે આત્મવ્યાપાર છે, તેનાથી વિરુદ્ધ એવી જે કોઈ સંસારની કે ધર્મની પ્રવૃત્તિ છે તે સર્વ પ્રવૃત્તિમાં લોકસંજ્ઞા વર્તે છે અને જ્ઞાનયોગીને લોકસંજ્ઞાનો અભાવ છે તેથી તેઓની જે કાંઈ પ્રવૃત્તિ છે તે સર્વપ્રવૃત્તિ એકાંતે મોહના ઉન્મૂલનને અનુકૂળ યત્નસ્વરૂપ છે.

વળી, જીવે અત્યાર સુધી મિથ્યાચારો સેવીને આત્મામાં મિથ્યાચારોના સેવનના સંસ્કારો નાંખેલા છે. તે સંસ્કારો જાગૃત થાય ત્યારે ફરી મિથ્યાચાર પ્રગટે છે જે

સંસારના પરિભ્રમણનું કારણ છે. પરંતુ જ્ઞાનયોગી તો શુદ્ધ આત્મભાવને આવિર્ભાવ કરે એવા સમ્યક્ આચારોને સેવનારા છે, તેથી તેવા જ્ઞાનયોગી આત્મામાં રહેલા મિથ્યાચારના સંસ્કારોના વિસ્તારનું સદા હરણ કરે છે અર્થાત્ મિથ્યાચારના સંસ્કારોનો સદા નાશ કરે છે.

વળી, તે જ્ઞાનયોગી શુદ્ધ આચારોના સેવનના બળથી ઉલ્લાસ પામતા સંયમના કંડકસ્થાનવાળા છે અર્થાત્ પૂર્વ પૂર્વ સંયમ કરતાં ઉત્તર ઉત્તર અપૂર્વ સંયમને સ્પર્શનારા છે.

વળી, સર્વ જીવો માટે સંસારના ભાવોથી પર એવો જે સંયમમાર્ગ છે તે પરમાર્ગ છે અને તે સંયમમાર્ગમાં પણ પરમભાવદશા એ શ્રેષ્ઠ છે. તેથી પર એવા સંયમમાર્ગથી પણ પર એવી પરમભાવદશાનો આશ્રય કરીને જ્ઞાનયોગી સદા વર્તે છે.

આશય એ છે કે આત્માનો પરમભાવ સર્વ સંશ્લેષ વગરનો એવો શુદ્ધ જ્ઞાનનો પરિણામ છે. તે પરમભાવ અગિયારમા, બારમા આદિ ગુણસ્થાનકની ભૂમિકાવાળા યોગીમાં સહજ ભાવે વર્તે છે. જ્ઞાનયોગી તે ગુણસ્થાનકને સ્પર્શેલા નથી તોપણ તે ગુણસ્થાનકમાં વર્તતા એવા યોગીની જ્ઞાનદશા કેવા પ્રકારની છે તેનો શ્રુતથી બોધ કરેલો છે અને તે પરમભાવ તેઓને સર્વસારરૂપ દેખાય છે તેથી જ્ઞાનયોગી સહજ રીતે તે પરમભાવને સ્મૃતિમાં ઉપસ્થિત કરીને તે ભાવને પ્રગટ કરવા અર્થે સદા સુદૃઢ યત્ન કરે છે. **॥૧૫-૫૧॥**

**શ્લોક :-**

**श्रद्धावानाज्ञया युक्तः, शस्त्रातीतो ह्यशस्त्रवान् ।**
**गतो दृष्टेषु निर्वेदमनिह्नुतपराक्रमः ।।५२।।**

**અન્વયાર્થ :-**

**श्रद्धावान्, आज्ञया युक्तः=(જ્ઞાની), શ્રદ્ધાવાળા અર્થાત્ આત્મકલ્યાણમાં રુચિવાળા, (છતાં) આજ્ઞાથી યુક્ત છે અર્થાત્ ભગવાનની આજ્ઞાને પરતંત્ર છે, शस्त्रातीतः हि अशस्त्रवान्=શસ્ત્રાતીત, (છતાં) અશસ્ત્રવાળા છે, दृष्टेषु निर्वेदं गतः अनिह्नुतपराक्रमः=દૃષ્ટમાં નિર્વેદને પામેલા અર્થાત્ દૃષ્ટ વિષયોમાં**

**નિર્વેદને પામેલા, (છતાં) અનિહ્નુત પરાક્રમવાળા છે અર્થાત્ નહીં ગોપવેલા પરાક્રમવાળા છે. ।।૧૫-૫૨।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાની આત્મકલ્યાણમાં રુચિવાળા છતાં ભગવાનની આજ્ઞાને પરતંત્ર છે, શસ્ત્રાતીત છતાં અશસ્ત્રવાળા છે, દૃષ્ટ વિષયોમાં નિર્વેદને પામેલા છતાં નહીં ગોપવેલા પરાક્રમવાળા છે. ।।૧૫-૫૨।।**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત શ્લોકમાં વિરોધાભાસ અલંકારથી જ્ઞાનયોગીનું સ્વરૂપ બતાવેલ છે. (૧) સામાન્યથી જેઓને જે કૃત્ય કરવાની રુચિ હોય તે રુચિમાં કોઈની આજ્ઞાથી તે કૃત્ય કરતા નથી જ્યારે જ્ઞાનયોગીને તો મોક્ષના ઉપાય સેવવાની તીવ્ર શ્રદ્ધા છે અર્થાત્ તીવ્ર રુચિ છે છતાં ભગવાનની આજ્ઞાને પરતંત્ર થઈને સર્વ પ્રયત્ન કરે છે. (૨) સામાન્યથી જેની પાસે વિશિષ્ટ શસ્ત્ર હોય તેઓ બીજાના શસ્ત્રથી હણાતા નથી તેથી "શસ્ત્રાતીત છે" એમ કહેવાય છે. જ્યારે જ્ઞાનયોગીની પાસે કોઈ શસ્ત્ર નથી અને સર્વથા પરિગ્રહ વગરના છે, છતાં શરીરથી આત્માના ભેદનું તે રીતે ભાવન કરેલ છે કે જેથી શસ્ત્રો દ્વારા તેમના દેહને છેદવામાં આવે તોપણ જ્ઞાની પોતાના શુદ્ધ ભાવોમાંથી લેશ પણ ચલાયમાન થતા નથી તેથી જ્ઞાની શસ્ત્રાતીત છે. (૩) વળી, જેઓને દૃષ્ટ પદાર્થો પ્રત્યે નિર્વેદ હોય તેઓ કોઈ જાતની પ્રવૃત્તિ કરતા નથી; જેમ, જેઓને ભોગાદિમાં રસ નથી તેઓ ભોગાદિમાં પ્રવૃત્તિ કરતા નથી. જ્યારે જ્ઞાની તો દૃષ્ટ એવા જગતના ભાવો પ્રત્યે નિર્વેદને પામેલા છે, છતાં આત્માના શુદ્ધ ભાવોને પ્રગટ કરવા માટે પરાક્રમને લેશ પણ ગોપવતા નથી.

આનાથી એ ફલિત થાય કે જ્ઞાની ભગવાનની આજ્ઞાને પરતંત્ર થઈને આત્માના પારમાર્થિક સ્વરૂપનું તે રીતે ભાવન કરે છે કે જેથી ઉપસર્ગો અને પરિસહોમાં પણ કંપાયમાન થાય નહીં. વળી, સંસારના સર્વ પદાર્થો પ્રત્યે નિર્વેદને ધારણ કરીને આત્માના પારમાર્થિક સ્વરૂપને પ્રગટ કરવા માટે મહાપરાક્રમને કરનારા છે. **।।૧૫-૫૨।।**

**શ્લોક :-**

**निक्षिप्तदण्डो ध्यानाग्निदग्धपापेन्धनव्रजः ।**
**प्रतिस्रोतोऽनुगत्वेन, लोकोत्तरचरित्रभृत् ।।५३।।**

**અન્વયાર્થ :-**

**निक्षिप्तदण्डः=નિક્ષિપ્તદંડવાળા અર્થાત્ ત્યાગ કર્યો છે કર્મબંધનાં કારણોનો જેમણે તેવા, ध्यानाग्निदग्धपापेन्धनव्रजः=ધ્યાનરૂપી અગ્નિથી બાળી નાખેલા પાપરૂપી ઈન્ધનના સમૂહવાળા, प्रतिस्रोतोऽनुगत्वेन लोकोत्तरचरित्रभृत्= પ્રતિસ્રોતને અનુસરનારા હોવાથી લોકોત્તરચારિત્રને ધારણ કરનારા (જ્ઞાની) છે. ।।૧૫-૫૩।।**

**શ્લોકાર્થ :-**

**નિક્ષિપ્તદંડવાળા અર્થાત્ ત્યાગ કર્યો છે કર્મબંધનાં કારણોનો જેમણે તેવા, ધ્યાનરૂપી અગ્નિથી બાળી નાખેલા પાપરૂપી ઈન્ધનના સમૂહવાળા, પ્રતિસ્રોતને અનુસરનારા હોવાથી લોકોત્તરચારિત્રને ધારણ કરનારા જ્ઞાની છે. ।।૧૫-૫૩।।**

**ભાવાર્થ :-**

આત્મા જેનાથી દંડાય તે દંડ કહેવાય, એ પ્રકારની દંડ શબ્દની વ્યુત્પત્તિ છે અને આત્મા કર્મબંધથી દંડાય છે. માટે કર્મબંધ દંડ છે અને કર્મબંધનાં કારણો જેમણે દૂર કર્યાં છે તેઓ નિક્ષિપ્તદંડવાળા છે અર્થાત્ જ્ઞાની સર્વ ઉદ્યમથી મોહના ઉન્મૂલન માટે યત્નવાળા છે. કર્મબંધનું કારણ એવો મોહ નશ્યમાન છે અને જે નશ્યમાન હોય તે નષ્ટ કહેવાય, એ ન્યાયથી કર્મબંધના કારણભૂત એવા મોહથી રહિત છે માટે જ્ઞાની નિક્ષિપ્તદંડવાળા છે.

વળી, આત્મામાં અનાદિકાળથી મોહનો પરિણામ વર્તે છે અને તેનાથી આત્માએ સંસારના પરિભ્રમણના કારણીભૂત એવાં પાપોનો સંચય કરેલો છે. વળી, આત્મા શુદ્ધ ભાવોના સ્ફુરણ માટે ધ્યાનમાં યત્ન કરે છે ત્યારે પાપોનો સમુદાય બળવા માંડે છે અને જે બળતું હોય તે બળ્યું, એ ન્યાયથી જ્ઞાનીએ ધ્યાનરૂપી અગ્નિથી પાપરૂપી ઈંધનના સમુદાયને બાળી નાખ્યો છે, તેમ કહેવાય છે.

વળી, સંસારી જીવો અનાદિના સંસ્કારના પ્રવાહ નીચે મન, વચન, કાયાની પ્રવૃત્તિને કરનારા છે. તેથી જે પ્રમાણે કર્મનો પ્રવાહ વર્તે તે પ્રમાણે સંસારી જીવોને યોગો વર્તે છે. જ્યારે જ્ઞાની તો ઉદયમાન એવા મોહનીય કર્મ જે દિશા તરફ આત્માને જવા માટે પ્રેરણા કરે છે, તેની વિરુદ્ધ દિશામાં સ્વપરાક્રમથી જનારા છે. તેથી પ્રતિસ્રોતને અનુસરનારા છે. વળી, લોકો અનાદિના મોહના સંસ્કારરૂપ અનુસ્રોતને અનુસરનારા છે તેનાથી વિરુદ્ધ આચરણા જ્ઞાનીની છે માટે જ્ઞાની લોકોત્તર આચરણાવાળા છે. **॥૧૫-૫૩॥**

**શ્લોક :-**

**लब्धान् कामान्बहिष्कुर्वन्नकुर्वन्बहुरूपताम् ।**
**स्फारीकुर्वन् परं चक्षुरपरं च निमीलयन् ।।५४।।**
**पश्यन्नंतर्गतान् भावान्, पूर्णभावमुपागतः ।**
**भुञ्जानोऽध्यात्मसाम्राज्यमवशिष्टं न पश्यति ।।५५।।**

**અન્વયાર્થ :-**

**लब्धान् कामान् बहिष्कुर्वन्=પ્રાપ્ત થયેલા કામોને બહિષ્કાર કરતા, बहुरूपतां अकुर्वन्=બહુરૂપતાને નહીં કરતા, परं चक्षुः स्फारीकुर्वन्=પરચક્ષુને વિશાળ કરતા, अपरं च निमीलयन्=અને અપર ચક્ષુને અર્થાત્ સંસારના પદાર્થોને જોનારી બાહ્ય ચક્ષુને, બંધ કરતા, ।।૧૫-૫૪।।**

**अन्तर्गतान् भावान् पश्यन्=અન્તર્ગત ભાવોને જોતા, पूर्णभावं उपागतः= પૂર્ણભાવને પામેલા, अध्यात्मसाम्राज्यं भुञ्जानः=અધ્યાત્મના સામ્રાજ્યને ભોગવતા (એવા જ્ઞાની), अवशिष्टं न पश्यति=અવશિષ્ટને જોતા નથી=પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રવૃત્તિ સિવાય અન્ય કાંઈ જોતા નથી. ।।૧૫-૫૫।।**

**શ્લોકાર્થ :-**

**પ્રાપ્ત થયેલા કામોને બહિષ્કાર કરતા, બહુરૂપતાને નહીં કરતા, પરચક્ષુને વિશાળ કરતા અને અપર ચક્ષુને બંધ કરતા, ।।૧૫-૫૪।।**

**અન્તર્ગત ભાવોને જોતા, પૂર્ણભાવને પામેલા, અધ્યાત્મના સામ્રાજ્યને ભોગવતા એવા જ્ઞાની અવશિષ્ટને જોતા નથી. ।।૧૫-૫૫।।**

**ભાવાર્થ :-**

શ્લોક-૪૯થી ૫૩ સુધી જે વિશેષણો બતાવ્યાં, તે સર્વ વિશેષણોથી યુક્ત જ્ઞાની છે અને તેવા જ્ઞાની શું પ્રવૃત્તિ કરે છે તે પ્રસ્તુત બે શ્લોકોથી બતાવે છે.

ભૂતકાળના પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલી ભોગસામગ્રીનો જ્ઞાની બહિષ્કાર કરે છે અર્થાત્ ત્યાગ કરે છે અને તે ભોગસામગ્રીના ત્યાગ પૂર્વે જુદી જુદી ભોગપ્રવૃત્તિથી આત્મામાં જે બહુરૂપતા થતી હતી તેને જ્ઞાની બંધ કરે છે.

આશય એ છે કે સંસારની ભોગપ્રવૃત્તિમાં ભિન્ન ભિન્ન વિષયોને આશ્રયીને જીવને ભિન્ન ભિન્ન પરિણતિ થાય છે, જે જીવને બહુરૂપી બનાવે છે અર્થાત્ તે જીવને બહુરૂપતાવાળો બનાવે છે. જ્ઞાની તે બહુરૂપતાનો ત્યાગ કરીને સર્વ ભાવો પ્રત્યે સમભાવને ધારણ કરવારૂપ એક સ્વરૂપવાળા બને છે.

વળી, શ્રુતનું અધ્યયન કરીને આત્માના પારમાર્થિક સ્વરૂપને જોનારી પરચક્ષુને જ્ઞાની વિશાળ કરે છે અર્થાત્ તત્ત્વને જોનારી નિર્મળ મતિને વિશાળ કરે છે અને સંસારવર્તી પદાર્થોના રૂપરંગ આદિને જોનારી કે તે તે ઇન્દ્રિયોના રમ્યઅરમ્ય વિષયોને જોનારી મોહને આકુળ એવી મતિરૂપ અપરચક્ષુને જ્ઞાની બંધ કરે છે. જેથી જ્ઞાનીની પાંચે ઇન્દ્રિયો બાહ્ય વિષયોના રમ્ય-અરમ્ય ભાવોને જોવા, જાણવા કે સેવવાના ભાવોથી પરાઙ્મુખ બને છે અને શ્રુતરૂપ ચક્ષુથી વીતરાગના મર્મને જોનારી આંતર્ચક્ષુને જ્ઞાની વિસ્તૃત કરે છે; જેના બળથી આત્મામાં અંદરમાં રહેલા અનેક ઉત્તમ ભાવોને જ્ઞાની જોઈ શકે છે. જે ભાવોથી પોતાનો આત્મા સમૃદ્ધિથી પૂર્ણ છે તેવું જ્ઞાનીને દેખાય છે અને સંસારી જીવોને બાહ્ય એવી ઘણી સમૃદ્ધિ હોવા છતાં તેમાં પૂર્ણતા દેખાતી નથી, માટે સમૃદ્ધિને વધારવા અર્થે સર્વ ઉદ્યમ કરે છે. જ્યારે જ્ઞાની તો આત્મામાં રહેલા ક્ષાયિકભાવની અનંતશક્તિને શ્રુતચક્ષુથી જોઈને તે પૂર્ણભાવમાં મગ્ન રહે છે જેથી આત્માનો તે પૂર્ણભાવ પ્રગટ થવા માંડે છે અને જે પ્રગટ થતું હોય તે પ્રગટ થયું કહેવાય, એ ન્યાયથી જ્ઞાની પૂર્ણભાવને પામેલા છે તેમ કહ્યું છે.

વળી, જ્ઞાની જ્યારે અંતરંગ ભાવોને જોઈને પૂર્ણ ભાવમાં મગ્ન છે ત્યારે આત્મામાં અધ્યાત્મનું સામ્રાજ્ય વર્તે છે. તેથી જેમ, ચક્રવર્તી બાહ્ય સામ્રાજ્યને

પામીને ભોગવિલાસમાં મગ્ન હોય છે ત્યારે પોતાના ભોગવિલાસ સિવાય તેમને બીજું કાંઈ દેખાતું નથી તેમ જ્ઞાનયોગી આત્માના ક્ષમાદિ ભાવોના અનુભવરૂપ અધ્યાત્મસામ્રાજ્યને પામીને અંતરંગ ભાવોના અનુભવમાં મગ્ન હોય છે અને સંસારવર્તી અવશિષ્ટ પદાર્થોને જોતા નથી અર્થાત્ અંતરંગ સમૃદ્ધિ આગળ જ્ઞાનયોગીને સંસારવર્તી બાહ્ય સમૃદ્ધિ વગેરે અસાર દેખાય છે. તેથી અસાર એવી બાહ્યસમૃદ્ધિની ઉપેક્ષા કરીને અંતરંગ સમૃદ્ધિના ભાવોમાં લીન વર્તે છે. **॥૧૫-૫૪/૫૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩ અને ૪માં કર્મયોગનું સ્વરૂપ બતાવ્યું. શ્લોક-૫માં જ્ઞાનયોગનું સ્વરૂપ બતાવ્યું. ત્યારપછી તે બંનેનું સ્વરૂપ પરસ્પર કઈ રીતે સંલગ્ન છે તે બતાવીને તે બેમાં જ્ઞાનયોગ સાક્ષાત્ મોક્ષનું કારણ છે અને ક્રિયાયોગ સાક્ષાત્ સ્વર્ગનું કારણ હોવા છતાં પરંપરાએ મોક્ષનું કારણ છે તે અત્યાર સુધી બતાવ્યું. હવે તે કર્મયોગ અને જ્ઞાનયોગમાં જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**श्रेष्ठो हि ज्ञानयोगोऽयमध्यात्मन्येव यज्जगौ ।**
**बन्धप्रमोक्षं भगवान्, लोकसारे सुनिश्चितम् ।।५६।।**

**અન્વયાર્થ :-**

**अध्यात्मनि=અધ્યાત્મમાં, अयं ज्ञानयोगः एव श्रेष्ठः=આ જ્ઞાનયોગ જ અર્થાત્ પૂર્વમાં અત્યાર સુધી વર્ણન કર્યું એ જ્ઞાનયોગ જ, શ્રેષ્ઠ છે. यद्=જે કારણથી, लोकसारे="લોકસાર" અધ્યયનમાં, भगवान् सुनिश्चितं बन्धप्रमोक्षं जगौ=ભગવાને સુનિશ્ચિત બંધપ્રમોક્ષને કહેલ છે અર્થાત્ બંધાયેલા કર્મનો જ્ઞાનયોગથી સુનિશ્ચિતપણે પ્રમોક્ષ છે એમ ભગવાને કહેલ છે. ।।૧૫-૫૬।।**

❖ અહીં 'हि' પાદપૂર્તિ અર્થે છે.

**શ્લોકાર્થ :-**

**અધ્યાત્મમાં આ જ્ઞાનયોગ જ શ્રેષ્ઠ છે. જે કારણથી "લોકસાર" અધ્યયનમાં ભગવાને સુનિશ્ચિત બંધપ્રમોક્ષને કહેલ છે. ।।૧૫-૫૬।।**

**ભાવાર્થ :-**

આત્માના શુદ્ધ ભાવોમાં જવાને અનુકૂળ યત્નને અધ્યાત્મ કહેવાય છે અને તે અધ્યાત્મ બે વિભાગમાં વિભક્ત છે : (૧) કર્મયોગ, (૨) જ્ઞાનયોગ.

કર્મયોગ સાક્ષાત્ પુણ્યબંધ પ્રાપ્ત કરાવીને જ્ઞાનયોગની પ્રાપ્તિની શક્તિ પ્રગટ કરે છે અને ક્રમે કરીને મોક્ષનું કારણ બને છે. જ્યારે જ્ઞાનયોગ તો આત્માના શુદ્ધ ભાવોને પ્રગટ કરવાના વ્યાપારવાળો છે તેથી અધ્યાત્મમાં ક્રિયાયોગ છે તેના કરતાં જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે.

અહીં પ્રશ્ન થાય કે ક્રિયાયોગ અને જ્ઞાનયોગ બંને યોગરૂપ હોવાથી મોક્ષનું કારણ છે, આમ છતાં જ્ઞાનયોગને ક્રિયાયોગથી શ્રેષ્ઠ કેમ કહ્યો ? તેથી કહે છે કે "લોકસાર" અધ્યયનમાં ભગવાને જ્ઞાનયોગથી સુનિશ્ચિત બંધપ્રમોક્ષ કહેલ છે.

આશય એ છે કે આત્મા કર્મથી બંધાયેલો છે અને જ્ઞાનયોગથી સુનિશ્ચિતપણે તે કર્મબંધથી મોક્ષ થાય છે. જ્યારે ક્રિયાયોગ જ્ઞાનયોગથી કંઈક સંવલિત હોવાને કારણે નિર્જરા દ્વારા મોક્ષનું કારણ હોવા છતાં પ્રધાનરૂપે પુણ્યકર્મનું અર્જન કરીને સ્વર્ગાદિ પ્રાપ્ત કરાવે છે, જ્યાં તે ક્રિયાયોગીનો આત્મા જ્ઞાનયોગની વિશેષ શક્તિનો સંચય કરે છે અને મનુષ્યભવને પામીને જ્ઞાનયોગની પ્રાપ્તિ દ્વારા બંધાયેલાં કર્મોનો નાશ કરી શકે છે. તેથી જ્ઞાનયોગની જેમ ક્રિયાયોગથી કર્મબંધનો પ્રમોક્ષ સુનિશ્ચિત નથી. વળી, જ્ઞાનયોગ તો કર્મનાશને અનુકૂળ આત્માના શુદ્ધ ભાવોમાં યત્નસ્વરૂપ છે. તેથી જેમ તૃણનો સમુદાય અગ્નિથી ક્ષણમાં બળીને ભસ્મ થાય છે તેમ આત્મામાં સંચિત થયેલાં કર્મોરૂપ તૃણનો સમુદાય જ્ઞાનયોગરૂપ અગ્નિથી ક્ષણમાં બળીને ભસ્મ થાય છે. **।।૧૫-૫૬।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે જ્ઞાનયોગથી બંધાયેલાં કર્મોનો સુનિશ્ચિત નાશ થાય છે. હવે બંધાયેલાં કર્મોનો સુનિશ્ચિત નાશ જ્ઞાનયોગથી કેમ થાય છે તે યુક્તિથી બતાવવા કહે છે –**

**શ્લોક :-**

**उपयोगैकसारत्वादाश्वसंमोहबोधतः ।**
**मोक्षाप्तेर्युज्यते चैतत्तथाचोक्तं परैरपि ।।५७।।**

**અન્વયાર્થ :-**

**असंमोहबोधतः=અસંમોહવાળો બોધ હોવાને કારણે અર્થાત્ અસંમોહ પેદા કરાવે તેવો નિર્મળ બોધ હોવાને કારણે, उपयोगैकसारत्वात्=ઉપયોગ એકસારપણું હોવાથી અર્થાત્ આત્માના શુદ્ધ ભાવોનો ઉપયોગ એકમાત્ર પ્રધાનરૂપે હોવાથી, आशु च मोक्षाप्तेः=અને શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી=બંધાયેલા કર્મથી શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી, एतद्=આ= પૂર્વશ્લોકમાં કહ્યું કે જ્ઞાનયોગથી સુનિશ્ચિત બંધપ્રમોક્ષ છે એ, युज्यते=ઘટે છે. तथा च=અને તે પ્રમાણે=જ્ઞાનયોગથી શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થાય છે તે પ્રમાણે, परैरपि उक्तं=પર વડે પણ કહેવાયું છે. ।।૧૫-૫૭।।**

**શ્લોકાર્થ :-**

**અસંમોહવાળો બોધ હોવાને કારણે ઉપયોગ એકસારપણું હોવાથી અને શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી=બંધાયેલા કર્મથી શીઘ્ર મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી, “જ્ઞાનયોગથી સુનિશ્ચિત બંધપ્રમોક્ષ છે” એ ઘટે છે અને તે પ્રમાણે પર વડે પણ કહેવાયું છે. ।।૧૫-૫૭।।**

**ભાવાર્થ :-**

સંસારી જીવોનો બોધ જ એ પ્રકારનો છે કે જેથી મોહ પેદા થાય છે. જ્યારે જ્ઞાનયોગીનો બોધ સંસારી જીવો કરતા વિલક્ષણ કોટિનો છે તેથી કોઈ પદાર્થમાં સંમોહ ન પેદા થાય તેવો જ્ઞાનયોગીનો બોધ હોય છે. તેવા પ્રકારનો બોધ હોવાને કારણે જ્ઞાનયોગીનો ઉપયોગ સદા શુદ્ધ આત્માના સ્વરૂપમાં વર્તે છે. તેથી જ્ઞાનયોગીના જ્ઞાનનો ઉપયોગ શુદ્ધ આત્માને સ્ફુરણ કરવાને અનુકૂળ એકમાત્ર સારવાળો છે પરંતુ કોઈ પદાર્થ સાથે સંશ્લેષ પામે તેવા પરિણામવાળો નથી. વળી કર્મનો એવો સ્વભાવ છે કે જીવના સંશ્લેષવાળા ઉપયોગથી આકૃષ્ટ થઈને કર્મો આત્મા સાથે સંશ્લેષ પામે છે અને આત્માના અસંશ્લેષવાળા ઉપયોગથી

પૂર્વબદ્ધ કર્મો આત્માથી છૂટાં પડે છે તેથી જ્ઞાનયોગીના શુદ્ધ ઉપયોગના બળથી પૂર્વે બંધાયેલાં કર્મોથી તત્કાળ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેથી પૂર્વમાં જે કહ્યું કે "જ્ઞાનયોગથી સુનિશ્ચિત બંધાયેલાં કર્મોનો નાશ છે" એ વસ્તુ ઘટે છે.

વળી, જેમ પદાર્થ-વ્યવસ્થાથી બતાવ્યું કે જ્ઞાનયોગથી કર્મોનો મોક્ષ સુનિશ્ચિતપણે થાય છે તેમ પરદર્શનવાળાની સાક્ષીથી પણ કહે છે કે બીજા દર્શનવાળા વડે પણ તે પ્રમાણે જ કહેવાયું છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં બતાવનાર છે.

અહીં વિશેષ એ છે કે જ્ઞાનયોગમાં વર્તતા મુનિ શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને શ્રુતના બળથી તે રીતે જાણે છે કે જેથી આત્માનું પારમાર્થિક સ્વરૂપ જ તેમને સારરૂપે ભાસે છે. આત્માનું પારમાર્થિક સ્વરૂપ કોઈ પદાર્થમાં સંમોહ પેદા કરાવે તેવું નથી આથી જ સિદ્ધના જીવોને ક્ષાયિક જ્ઞાન હોવા છતાં અને જગતવર્તી સર્વ પદાર્થોનો પ્રતિક્ષણ બોધ હોવા છતાં કોઈ પદાર્થમાં સંશ્લેષ પામે તેવો સંમોહ થતો નથી. વળી, જ્ઞાનયોગીને અસંમોહ પેદા કરાવે તેવો બોધ હોવાથી જ્ઞાનયોગી શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને અવલંબીને તેને પ્રગટ કરવા અર્થે સદા ધ્યાનમાં વર્તતા હોય છે, તેથી સિદ્ધના આત્માના જ્ઞાનના કંઈક સદૃશ જ્ઞાનયોગીના શ્રુતજ્ઞાનનો ઉપયોગ હોય છે. તેથી તેમના જ્ઞાનના ઉપયોગથી પૂર્વે બંધાયેલાં કર્મો શીઘ્ર નાશ પામે છે. **॥૧૫-૫૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે બંધાયેલાં કર્મોનો જ્ઞાનયોગથી શીઘ્ર નાશ થાય છે તે પ્રમાણે બીજા વડે પણ કહેવાયું છે. તેથી બીજા વડે જે કહેવાયું છે તે હવે બતાવે છે –**

**શ્લોક :-**

**तपस्विभ्योऽधिको योगी, ज्ञानिभ्योऽप्यधिको मतः ।**
**कर्मिभ्यश्चाधिको योगी, तस्माद्योगी भवार्जुन ।।५८।।**

**અન્વયાર્થ :-**

**तपस्विभ्यः अधिकः=તપસ્વીઓથી અધિક, ज्ञानिभ्यः अपि अधिकः=**

**જ્ઞાનીઓથી પણ અધિક, योगी मतः=જ્ઞાનયોગી કહેવાયા છે. कर्मिभ्यः च अधिकः=અને કર્મીઓથી અધિક=કર્મયોગને આચરનારાઓથી અધિક, योगी= યોગી છે અર્થાત્ જ્ઞાનયોગી છે. तस्मात्=તે કારણથી, अर्जुन ! योगी भव=હે અર્જુન ! યોગી અર્થાત્ જ્ઞાનયોગી, થા. ।।૧૫-૫૮।।**

**શ્લોકાર્થ :-**

**તપસ્વીઓથી અધિક, જ્ઞાનીઓથી પણ અધિક જ્ઞાનયોગી કહેવાયા છે અને કર્મયોગને આચરનારાઓથી અધિક જ્ઞાનયોગી છે. તે કારણથી હે અર્જુન ! જ્ઞાનયોગી થા. ।।૧૫-૫૮।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રમાં કર્મના નાશ અર્થે તપનું વિધાન છે. તેથી સામાન્યથી "તપસ્વીઓ તપથી કર્મોનો નાશ કરે છે" તેવો અર્થ પ્રાપ્ત થાય. પરંતુ "જ્ઞાનયોગી તપસ્વીથી અધિક છે" એમ કહેવાથી અર્થથી એ પ્રાપ્ત થાય કે તપસ્વી જેટલા કર્મનો નાશ કરી શકે છે તેનાથી અધિક કર્મનાશ જ્ઞાનયોગી કરે છે.

વળી, જેમ તપ કર્મનાશનું કારણ છે તેમ સમ્યક્ જ્ઞાન પણ કર્મનાશનું કારણ છે. પરંતુ "જ્ઞાનયોગી જ્ઞાનીથી પણ અધિક છે" એમ કહેવાથી અર્થથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાની જેટલા કર્મનો નાશ કરી શકે છે તેનાથી અધિક કર્મનાશ સર્વત્ર અસંગપરિણામવાળા એવા જ્ઞાનયોગી કરે છે.

વળી, કર્મથી બંધાયેલા આત્માને કર્મથી મુક્ત થવા અર્થે જ સર્વ ધર્મ અનુષ્ઠાનો શાસ્ત્રમાં બતાવેલાં છે તેથી ધર્મને સેવનારા યોગીઓ અર્થાત્ કર્મયોગને આચરનારા યોગીઓ તે તે અનુષ્ઠાનથી કર્મોનો નાશ કરે છે. પરંતુ "જ્ઞાનયોગી કર્મયોગીથી અધિક છે" એમ કહેવાથી અર્થથી એ પ્રાપ્ત થાય કે કર્મયોગી જેટલા કર્મનો નાશ કરી શકે છે તેનાથી અધિક કર્મનાશ અસંગદશાવાળા જ્ઞાનયોગી કરે છે.

તેથી શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે હે અર્જુન ! તું જ્ઞાનયોગી થા. આ શ્લોકથી જ્ઞાનયોગ સાક્ષાત્ કર્મનાશનું કારણ છે તેવો અર્થ જણાય નહીં; પરંતુ અન્ય સર્વ અનુષ્ઠાનો કરતાં અધિક કર્મનાશનું કારણ છે તેવું જણાય તોપણ અર્થથી એ પ્રાપ્ત થાય છે કે જ્ઞાનયોગ સુનિશ્ચિત કર્મનાશનું કારણ છે માટે કર્મનાશનું

સાક્ષાત્ કારણ જ્ઞાનયોગ છે. આથી જ તપાદિમાં પણ જેટલા અંશે જ્ઞાનયોગ પ્રગટે છે તેટલા જ અંશે કર્મનાશ થાય છે. **॥૧૫-૫૮॥**

**અવતરણિકા :-**

**પ્રસ્તુત યોગના અધિકારના શ્લોક-૨માં બતાવેલ કે યોગ બે ભેદવાળો છે : (૧) ક્રિયાયોગ અને (૨) જ્ઞાનયોગ. ત્યારપછી અત્યાર સુધી જ્ઞાનયોગની અને ક્રિયાયોગની વિશેષતા બતાવી. હવે તે બંને યોગોમાં જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**समापत्तिरिह व्यक्तमात्मनः परमात्मनि ।**
**अभेदोपासनारूपस्ततः श्रेष्ठतरो ह्ययम् ।।५९।।**

**અન્વયાર્થ :-**

**परमात्मनि आत्मनः व्यक्तं समापत्तिः=પરમાત્મામાં આત્માની વ્યક્ત સમાપત્તિ, इह=અહીં છે=જ્ઞાનયોગમાં છે. ततः=તેથી, अभेदोपासनारूपः अयं हि श्रेष्ठतरः= અભેદથી ઉપાસનારૂપ એવો આ જ અર્થાત્ જ્ઞાનયોગ જ, શ્રેષ્ઠતર છે. ।।૧૫-૫૯।।**

**શ્લોકાર્થ :-**

**પરમાત્મામાં આત્માની વ્યક્ત સમાપત્તિ જ્ઞાનયોગમાં છે. તેથી અભેદથી ઉપાસનારૂપ એવો જ્ઞાનયોગ જ શ્રેષ્ઠતર છે. ।।૧૫-૫૯।।**

**ભાવાર્થ :-**

કર્મથી રહિત એવા શુદ્ધ આત્માનું જે પારમાર્થિક સ્વરૂપ છે તેને અવલંબીને તેમાં તન્મય થવાનો અંતરંગ સુદૃઢ વ્યાપાર જ્ઞાનયોગ છે; અને આવા વ્યાપારથી આત્મા ઉપર અનાદિકાળથી સંશ્લેષ પામેલાં કર્મો આત્માથી પૃથક્ થાય છે.

વળી, જ્ઞાનયોગમાં વર્તતા યોગી પરમાત્મામાં અર્થાત્ સર્વકર્મથી રહિત એવા શુદ્ધ આત્મામાં, ઉપયોગરૂપે તન્મય અવસ્થાવાળા હોય છે. તેથી તે અવસ્થામાં તે જ્ઞાનયોગીની પરમાત્મા સાથે વ્યક્ત સમાપત્તિ વર્તે છે.

વળી, ક્રિયાયોગકાળમાં પરમાત્માનું સ્વરૂપ લક્ષ્ય રૂપે હોય છે અને પરમાત્મસ્વરૂપને પ્રગટ કરવા અર્થે પરમાત્માની ઉપાસના કરાય છે તેથી ક્રિયાયોગમાં પરમાત્માની ભેદથી ઉપાસના થાય છે અર્થાત્ "આ પરમાત્મા છે, હું પરમાત્મા નથી અને આ પરમાત્માની ઉપાસના કરીને હું તેમના જેવો થાઉં" એ પ્રકારની પરમાત્માની ભેદથી ઉપાસના થાય છે.

જ્યારે જ્ઞાનયોગકાળમાં પરમાત્માના સ્વરૂપ સાથે સમાપત્તિ હોવાથી પરમાત્માની અભેદ ઉપાસના છે. વળી, પરમાત્માની ભેદથી ઉપાસના કરતાં પરમાત્માની અભેદથી ઉપાસના શીઘ્ર પરમાત્મભાવની પ્રાપ્તિનું કારણ છે. માટે પરમાત્માની સાથે અભેદ ઉપાસનારૂપ એવો આ જ્ઞાનયોગ, ક્રિયાયોગ કરતાં શ્રેષ્ઠતર છે. **॥૧૫-૫૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં કહ્યું કે જ્ઞાનયોગ પરમાત્માની અભેદ ઉપાસનારૂપ હોવાથી શ્રેષ્ઠ છે. ત્યાં પ્રશ્ન થાય કે મોક્ષની પ્રાપ્તિ કરાવનારા અનેક યોગ છે તેથી પરમાત્માની ઉપાસના સિવાયના અન્ય પણ યોગો જ્ઞાનયોગ કરતાં શ્રેષ્ઠ કેમ નથી તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**उपासना भागवती, सर्वेभ्योऽपि गरीयसी ।**
**महापापक्षयकरी, तथा चोक्तं परैरपि ।।६०।।**

**અન્વયાર્થ :-**

**महापापक्षयकरी=મહાપાપનો ક્ષય કરનારી એવી, भागवती उपासना=ભગવાનની ઉપાસના, सर्वेभ्यः अपि=સર્વથી પણ=અન્ય સર્વ ઉપાસનાઓથી પણ અર્થાત્ ગુણવાન એવા સુસાધુઓની ઉપાસનાથી પણ, गरीयसी=શ્રેષ્ઠ છે. तथा च परैः अपि उक्तं=અને તે પ્રમાણે બીજાઓ વડે પણ કહેવાયું છે.** ॥૧૫-૬૦॥

**શ્લોકાર્થ :-**

**મહાપાપનો ક્ષય કરનારી એવી ભગવાનની ઉપાસના અન્ય સર્વ**

**ઉપાસનાઓથી પણ શ્રેષ્ઠ છે અને તે પ્રમાણે બીજાઓ વડે પણ કહેવાયું છે. ॥૧૫-૬૦॥**

**ભાવાર્થ :-**

સંસારથી આત્માને મુક્ત કરવા માટેનો જે કાંઈ યત્ન છે તે યોગ છે અને યોગને સેવનારા યોગીઓ ગુણવાન એવા સુસાધુઓની કે અન્ય ગુણવાન એવા સંવિજ્ઞ પાક્ષિક આદિ મહાત્માઓની પણ ઉપાસના કરે છે. તે સર્વની ઉપાસનાથી પણ ભગવાનની ઉપાસના શ્રેષ્ઠ છે; કેમ કે અન્ય મહાત્માઓ યોગમાર્ગમાં પ્રસ્થિત હોવા છતાં ગુણોથી પૂર્ણ નથી, જ્યારે પરમાત્મા તો વીતરાગ સર્વજ્ઞ હોવાથી ગુણોથી પૂર્ણ છે અને કર્મકાયઅવસ્થારૂપે અને તત્ત્વકાયઅવસ્થારૂપે તેઓ ઉપાસ્ય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંસાર અવસ્થામાં ગુણના પ્રકર્ષવાળા અને જગતમાં ઉપકારના કારણભૂત પુણ્યના પ્રકર્ષવાળા એવા તીર્થંકરોની કર્મકાય અવસ્થા, તેમ જ યોગનિરોધકાળમાં વર્તતી તત્ત્વકાય અવસ્થા ઉપાસ્ય છે. વળી, સંસારવર્તી જીવોની સર્વઅવસ્થાઓ કરતાં તીર્થંકરોની આ બે અવસ્થાઓ શ્રેષ્ઠ છે અને તેમની ઉપાસના કરવાથી સંસારને ચલાવનારા એવા મહાપાપોનો ક્ષય થાય છે માટે સર્વ પણ ઉપાસના કરતાં ભગવાનની ઉપાસના શ્રેષ્ઠ છે. વળી, ભગવાનની ઉપાસનામાં પણ ભેદઉપાસના કરતાં અભેદઉપાસના શ્રેષ્ઠ છે. માટે જ્ઞાનયોગ શ્રેષ્ઠતર છે એ પ્રમાણે પૂર્વશ્લોક સાથે સંબંધ છે.

વળી, સર્વ ઉપાસનાઓ કરતાં ભગવાનની ઉપાસના શ્રેષ્ઠ છે એ પ્રમાણે અન્ય દર્શનકારો વડે પણ કહેવાયું છે, જે સ્વયં ગ્રંથકારશ્રી આગળના શ્લોકમાં બતાવે છે. **॥૧૫-૬૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સર્વ ઉપાસનાથી પણ ભગવાનની ઉપાસના શ્રેષ્ઠ છે અને તે અન્ય વડે પણ કહેવાયું છે. તેથી હવે અન્ય વડે જે કહેવાયેલું છે તે શ્લોક-૬૧ અને ૬૨માં કહે છે –**

**શ્લોક :-**

**योगिनामपि सर्वेषां, मद्गतेनान्तरात्मना ।**
**श्रद्धावान् भजते यो मां, स मे युक्ततमो मतः ।।६१।।**

**અન્વયાર્થ :-**

**मद्‌गतेन अन्तरात्मना=મદ્‌ગત અંતરાત્મા વડે=મદ્‌ગત ચિત્ત વડે, यः श्रद्धावान् मां भजते=જે શ્રદ્ધાવાળો પુરુષ મને ભજે છે, सर्वेषां योगिनामपि=સર્વ યોગીઓમાં પણ, सः मे युक्ततमः मतः=તે મને યુક્તતમ સંમત છે. ।।૧૫-૬૧।।**

**શ્લોકાર્થ :-**

**મદ્‌ગત અંતરાત્મા વડે જે શ્રદ્ધાવાળો પુરુષ મને ભજે છે, સર્વ યોગીઓમાં પણ તે મને યુક્તતમ સંમત છે. ।।૧૫-૬૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કહેલ કે સર્વ ઉપાસનાઓથી પણ ભગવાનની ઉપાસના શ્રેષ્ઠ છે. તે બતાવવા માટે "ગીતા"માં કહેલ શ્લોકની સાક્ષી આપતાં ગ્રંથકારશ્રી કહે છે.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, "જે મારામાં શ્રદ્ધાવાળો છે અને જેનું ચિત્ત મારા સ્વરૂપમાં સદા સ્થાપન થયેલું છે તેવા યોગી મને ભજે છે. તે યોગીઓ મને અન્ય સર્વ યોગીઓ કરતાં અધિક પ્રિય છે."

આનાથી એ ફલિત થાય કે જેનું ચિત્ત સદા વીતરાગભાવમાં વર્તે છે તેવા યોગીઓને વીતરાગતા સર્વ કલ્યાણનું કારણ છે તેવી શ્રદ્ધા છે. તેવી શ્રદ્ધા હોવાને કારણે વીતરાગ એવા પરમાત્મામાં જેનું ચિત્ત સદા વર્તે છે તેથી તે યોગી વીતરાગગત ચિત્તરૂપે વીતરાગની ઉપાસના કરે છે અને તેવા યોગી અન્ય સર્વ યોગી કરતાં શીઘ્ર વીતરાગ થાય છે, માટે ભગવાનને તેઓ યુક્તતમ ભાસે છે અર્થાત્ અન્ય યોગીઓ કરતાં શ્રેષ્ઠતમ ભાસે છે.

તેથી એ પ્રાપ્ત થયું કે સર્વ ઉપાસના કરતાં ભગવાનની ઉપાસના શ્રેષ્ઠ છે. **।।૧૫-૬૧।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૬૦માં અન્ય સર્વ ઉપાસના કરતાં ભગવાનની ઉપાસના શ્રેષ્ઠ છે તેમ બતાવ્યું. હવે તે ઉપાસનાથી યોગીને કઈ રીતે અસંગ અવસ્થા પ્રાપ્ત થાય છે તે બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**उपास्ते ज्ञानवान् देवं, यो निरञ्जनमव्ययम् ।**
**स तु तन्मयतां याति, ध्याननिर्धूतकल्मषः ।।६२।।**

**અન્વયાર્થ :-**

**ज्ञानवान् यः=જ્ઞાનવાળા એવા જે યોગી, निरञ्जनमव्ययम् देवं=નિરંજન અને અવ્યય એવા દેવની અર્થાત્ સર્વથા સંશ્લેષ વગરના અને શાશ્વત રીતે શુદ્ધ ભાવમાં વર્તતા એવા દેવની, उपास्ते=ઉપાસના કરે છે, ध्यान-निर्धूतकल्मषः स तु=ધ્યાનનિર્ધૂતકલ્મષવાળા તે જ=ધ્યાનથી દૂર થયેલા કર્મરૂપી કાદવવાળા એવા તે જ યોગી, तन्मयतां याति=તન્મયતાને પામે છે=ઉપાસ્ય એવા દેવની સાથે એકતાને પામે છે. ।।૧૫-૬૨।।**

**શ્લોકાર્થ :-**

**જ્ઞાનવાળા એવા જે યોગી નિરંજન અને અવ્યય એવા દેવની ઉપાસના કરે છે, ધ્યાનથી દૂર થયેલા કર્મરૂપી કાદવવાળા એવા તે જ યોગી ઉપાસ્ય એવા દેવની સાથે એકતાને પામે છે. ।।૧૫-૬૨।।**

**ભાવાર્થ :-**

જે યોગી પરમાત્માના પારમાર્થિક બોધવાળા છે તેવા યોગીને પરમાત્મભાવથી અન્ય કાંઈ જગતમાં સારભૂત દેખાતું નથી. તેથી તેવા યોગી સર્વથા સંશ્લેષ વગરના અને ક્યારેય પણ શુદ્ધ ભાવોથી વ્યય ન પામે એવા દેવની ઉપાસના કરે છે, તેમ જ તે દેવની ઉપાસનાના બળથી જ્યારે તેઓનું ચિત્ત પરમાત્માના ધ્યાનમાં લીન બને છે ત્યારે તેઓના આત્મા ઉપર લાગેલા કર્મરૂપી મળ દૂર થાય છે. વળી, ધ્યાનના બળથી નિર્મળ થયેલા તે યોગીનું ચિત્ત વીતરાગભાવમાં તન્મયતાને પામે છે અર્થાત્ જેમ વીતરાગ સર્વથા સંગ વગરના છે તેમ તે યોગીનું ચિત્ત સર્વથા સંગ વગરનું બને છે. માટે પૂર્વમાં તે યોગી ભેદથી પરમાત્માની ઉપાસના કરતા હતા તે હવે પરમાત્માની અભેદઉપાસનાની ભૂમિકાને પ્રાપ્ત કરે છે. તેથી સર્વ ઉપાસનામાં પરમાત્માની ઉપાસના શ્રેષ્ઠ છે એમ શ્લોક-૬૦ સાથે સંબંધ છે. **।।૧૫-૬૨।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૫૯માં કહ્યું કે જ્ઞાનયોગ પરમાત્માની અભેદ ઉપાસનારૂપ છે તેથી અન્ય યોગ કરતાં જ્ઞાનયોગ શ્રેષ્ઠતર છે અને પરમાત્માની ઉપાસના સર્વ ઉપાસનાઓથી શ્રેષ્ઠ છે, તે શ્લોક-૬૦માં બતાવીને પરમાત્માની અભેદ ઉપાસનારૂપ જ્ઞાનયોગ શ્રેષ્ઠ છે એમ સ્થાપન કર્યું. તેની પુષ્ટિ પરના વચનથી શ્લોક-૬૧ અને ૬૨માં કરી. હવે જેઓ પરમાત્માના સ્વરૂપને વિશેષથી જાણતા નથી, તેઓ પણ પરમાત્માની ઉપાસના કેવી રીતે કરે છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**विशेषमप्यजानानो, यः कुग्रहविवर्जितः ।**
**सर्वज्ञं सेवते सोऽपि, सामान्ययोगमास्थितः ।।६३।।**

**અન્વયાર્થ :-**

**विशेषम् अजानानः अपि=વિશેષને નહીં જાણતા પણ, कुग्रहविवर्जितः यः=કુગ્રહથી વર્જિત એવા જે યોગી, सर्वज्ञं सेवते=સર્વજ્ઞને સેવે છે, सः अपि=તે પણ, सामान्य योगमास्थितः=સામાન્ય યોગમાં આસ્થિત છે અર્થાત્ સામાન્યથી ભગવાનની ઉપાસનારૂપ યોગમાં રહેલા છે. ।।૧૫-૬૩।।**

**શ્લોકાર્થ :-**

**વિશેષને નહીં જાણતા પણ કુગ્રહથી વર્જિત એવા જે યોગી સર્વજ્ઞને સેવે છે, તે પણ સામાન્ય યોગમાં આસ્થિત છે. ।।૧૫-૬૩।।**

**ભાવાર્થ :-**

જે જીવો કર્મના વિગમનથી કંઈક નિર્મળ બુદ્ધિવાળા થયા છે તેથી ભવથી અતીત અવસ્થાના અર્થી છે અને "ભવથી અતીત એવી જીવની અવસ્થા એ જ વીતરાગનું સ્વરૂપ છે" એમ જાણે છે, આમ છતાં વિશેષ જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયેલો નહીં હોવાથી વીતરાગના વિશેષ સ્વરૂપને જાણતા નથી, તેવા જીવો પોતપોતાના દર્શન અનુસાર બુદ્ધની, મહાદેવની કે અન્ય કોઈ દેવને સર્વજ્ઞરૂપે માનીને ઉપાસના કરતા હોય અને પોતાના દર્શન પ્રત્યેનો અવિચારક

રાગરૂપ કુગ્રહ જો તેઓમાં ન હોય તો સંસારથી અતીત એવા તત્ત્વના અર્થી એવા તેઓ જે દેવને સેવે છે તે દેવને વીતરાગ સર્વજ્ઞરૂપે માનીને સેવે છે તેથી તેઓ પણ સામાન્યથી વીતરાગની ઉપાસનારૂપ યોગમાર્ગમાં રહેલા છે. આવા યોગ્ય જીવોને વિશેષ સામગ્રી મળે તો વીતરાગના વિશેષ સ્વરૂપનો બોધ થાય છે. વળી, કેટલાક જીવો જૈન દર્શનને પામેલા હોય તોપણ વિશેષ પ્રકારના જ્ઞાનાવરણીય ક્ષયોપશમ ન થયેલો હોય તો તેઓ પણ સામાન્યથી વીતરાગની ઉપાસના કરનારા છે. વળી, જેઓ વિશેષ જાણતા નથી અને પોતપોતાના ઉપાસ્ય દેવને સર્વજ્ઞ માનીને ઉપાસના કરતા હોય અને કદાચ તેઓ વીર પરમાત્માની ઉપાસના કરતા હોય તોપણ વિચારણા વગર પોતાની માન્યતાનો અનિવર્તનીય રાગ ધરાવતા હોય તો તેઓ કુગ્રહ વગરના નથી તેથી બાહ્યથી ભગવાનની ભક્તિ કરતા હોય તોપણ યોગમાર્ગને પામેલા નથી. **॥૧૫-૬૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, વિશેષને નહીં જાણનારા કુગ્રહથી રહિત જેઓ પોતાના ઈષ્ટ દેવને સર્વજ્ઞ માનીને ઉપાસના કરે છે તેઓ પણ સર્વજ્ઞની ઉપાસનારૂપ સામાન્યયોગને પામેલા છે. ત્યાં શંકા થાય કે અન્ય દર્શનના હરિહરાદિ દેવો સર્વજ્ઞ નથી, આમ છતાં તેઓને સર્વજ્ઞ માનીને ઉપાસના કરનારા સામાન્યથી સર્વજ્ઞની ઉપાસનારૂપ યોગને પામેલા છે એમ કેમ કહી શકાય ? તે શંકાના નિરાકરણ અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सर्वज्ञो मुख्य एकस्तत्प्रतिपत्तिश्च यावताम् ।**
**सर्वेपि ते तमापन्ना, मुख्यं सामान्यतो बुधाः ।।६४।।**

**અન્વયાર્થ :-**

**मुख्य सर्वज्ञः एकः=મુખ્ય સર્વજ્ઞ એક છે અર્થાત્ સર્વજ્ઞ સ્વરૂપે ઉપાસનાના જે વિષય છે તે સર્વજ્ઞ સ્વરૂપે સમાન છે માટે એક છે. यावताम् तत्प्रतिपत्तिश्च= અને જેટલાઓને અર્થાત્ કોઈપણ દર્શનમાં રહેલા જેઓને, તેની પ્રતિપત્તિ છે અર્થાત્ સર્વજ્ઞરૂપે તેનો સ્વીકાર છે. ते सर्वेऽपि बुधाः=તે સર્વ પણ બુધ**

**પુરુષો, सामान्यतः मुख्यं तं आपन्ना=સામાન્યથી મુખ્ય એવા તેમને પામેલા છે. ॥૧૫-૬૪॥**

**શ્લોકાર્થ :-**

**મુખ્ય સર્વજ્ઞ એક છે અને અન્ય દર્શનમાં રહેલા જેઓને સર્વજ્ઞરૂપે તેનો સ્વીકાર છે તે સર્વ પણ બુધ પુરુષો સામાન્યથી મુખ્ય એવા તેમને પામેલા છે. ॥૧૫-૬૪॥**

**ભાવાર્થ :-**

સંખ્યાથી સર્વજ્ઞ અનંતા છે તોપણ સર્વ સર્વજ્ઞનું સ્વરૂપ સમાન છે; કેમ કે જેઓ સંપૂર્ણ મોહની આકુળતા વગરના છે અને સર્વ જ્ઞેય વિષયોનું જ્ઞાન ધરાવે છે તેઓ સર્વજ્ઞ છે. આ પ્રકારનું સર્વજ્ઞનું સ્વરૂપ જેમાં હોય તે સર્વજ્ઞ કહેવાય અને તેઓએ સંસારનો અંત કરવાનો ઉપદેશ આપ્યો છે. વળી, સંસારનો અંત કરવાના ઉપાયરૂપે યોગમાર્ગ બતાવ્યો છે. આવા સર્વજ્ઞના વચનને અવલંબીને ભિન્ન ભિન્ન દર્શનના જે કોઈ અંશથી યોગમાર્ગ છે તે યોગમાર્ગને બતાવનારા સર્વજ્ઞ છે તેમ માનીને કોઈક બુદ્ધને સર્વજ્ઞ કહે છે તો કોઈક હરિને સર્વજ્ઞ કહે છે તો કોઈક અન્યને સર્વજ્ઞ કહે છે. પરંતુ તે ઉપાસકો કુગ્રહ વગરના હોય અને સ્વદર્શનમાં પ્રાપ્ત થતા યમનિયમાદિ રૂપ યોગમાર્ગને સેવતા હોય અને તે યોગમાર્ગને બતાવનારા બુદ્ધ છે, હરિ છે કે કપિલ છે તેમ માનતા હોય તો તે નામભેદથી ભિન્ન જણાય છે પરંતુ અર્થથી તે યોગમાર્ગના બતાવનારા મુખ્ય સર્વજ્ઞની ઉપાસના કરે છે તેથી તે સર્વ ઉપાસકો મુખ્ય સર્વજ્ઞને જ પામેલા છે. ફક્ત જેઓ જૈનદર્શનને પામેલા છે અને જૈનદર્શનના યોગમાર્ગના વિશેષ પ્રકારના મર્મને જાણનારા છે અને સ્યાદ્વાદના પરમાર્થને જાણીને સ્યાદ્વાદની નિર્મળ દૃષ્ટિથી વીતરાગની ઉપાસના કરે છે તેઓ કંઈક વિશેષથી સર્વજ્ઞના ઉપાસક છે. વળી, જેઓ સ્યાદ્વાદને બતાવનારા વીર ભગવાનની ઉપાસના કરે છે. આમ છતાં ભગવાનના શાસનના તે પ્રકારના વિશેષ બોધવાળા નથી તેઓ વીર ભગવાનની ઉપાસના કરતા હોય કે કપિલાદિ અન્ય સર્વજ્ઞની ઉપાસના કરતા હોય, તેઓ સર્વ મુખ્ય એવા સર્વજ્ઞની સામાન્યથી ઉપાસના કરનારા છે તેથી તે મુખ્ય એવા સર્વજ્ઞની ઉપાસના કરીને સામાન્યથી યોગમાર્ગનો આશ્રય કરનારા છે. **॥૧૫-૬૪॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે સર્વજ્ઞ મુખ્ય એક છે અને જેઓ તેની ઉપાસના કરે છે તે સર્વ ઉપાસકો સામાન્યથી એક સર્વજ્ઞને પામેલા છે. ત્યાં કોઈને પ્રશ્ન થાય કે અન્ય દર્શનવાળા સર્વથા વિશેષથી સર્વજ્ઞને પામેલા નથી પરંતુ જૈનદર્શનને પામેલા યોગીઓ તો સર્વથા વિશેષથી સર્વજ્ઞને પામેલા છે તેમ કહીએ તો શું વાંધો ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**न ज्ञायते विशेषस्तु, सर्वथाऽसर्वदर्शिभिः ।**
**अतो न ते तमापन्ना, विशिष्य भुवि केचन ।।६५।।**

**અન્વયાર્થ :-**

**असर्वदर्शिभिः तु=વળી, અસર્વદર્શી એવા છદ્મસ્થો વડે, सर्वथा विशेषः न ज्ञायते=સર્વથા વિશેષ જણાતો નથી અર્થાત્ સર્વજ્ઞના વિષયમાં સર્વ પ્રકારનો વિશેષ જણાતો નથી, अतः=આથી અર્થાત્ સર્વજ્ઞના વિષયમાં સર્વ પ્રકારનો વિશેષ જણાતો નથી આથી, भुवि=પૃથ્વી પર, ते केचन=તેઓ કોઈપણ અર્થાત્ અસર્વદર્શી એવા કોઈપણ, विशिष्य तं=વિશેષ કરીને તેને અર્થાત્ સર્વજ્ઞને, न आपन्ना=પામેલા નથી. ।।૧૫-૬૫।।**

**શ્લોકાર્થ :-**

**વળી, અસર્વદર્શી એવા છદ્મસ્થો વડે સર્વજ્ઞના વિષયમાં સર્વ પ્રકારનો વિશેષ જણાતો નથી આથી પૃથ્વી પર અસર્વદર્શી એવા કોઈપણ વિશેષ કરીને સર્વજ્ઞને પામેલા નથી. ।।૧૫-૬૫।।**

**ભાવાર્થ :-**

સર્વજ્ઞએ બતાવેલા યોગમાર્ગને પામીને "આ યોગમાર્ગના પ્રરૂપક એવા સર્વજ્ઞ ઉપાસ્ય છે" એવો નિર્ણય યોગીઓ કરે છે અને ઉપાસના કરનારા સર્વ યોગીઓ અસર્વદર્શી છે અર્થાત્ છદ્મસ્થ હોવાથી સર્વજ્ઞના પૂર્ણ સ્વરૂપને જોનારા નથી, તેથી તે ઉપાસકો દ્વારા સર્વજ્ઞનું સર્વ પ્રકારે વિશેષ સ્વરૂપ જણાતું નથી. આથી

સર્વ ઉપાસકોમાંથી કોઈપણ ઉપાસક વિશેષથી સર્વજ્ઞને પામેલા નથી પરંતુ સામાન્યથી જ સર્વજ્ઞને પામેલા છે. તેથી અન્ય દર્શનમાં રહેલા યોગીઓ કે જૈન દર્શનમાં રહેલા યોગીઓ સર્વજ્ઞને સામાન્યથી જ પામેલા છે. ફક્ત જૈનદર્શનના મર્મભૂત સ્યાદ્વાદને જાણીને જે યોગીઓ સર્વજ્ઞની ઉપાસના કરે છે તેઓની ઉપાસના અન્ય ઉપાસકો કરતાં કાંઈક વિશેષ હોવા છતાં પણ સર્વ અંશથી પરમાત્માના વિશેષ સ્વરૂપને જાણતા નથી, આથી તેઓ વડે કરાતી પરમાત્માની ઉપાસના પણ કંઈક વિશેષ હોવા છતાં સામાન્યથી જ છે. **॥૧૫-૬૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે અસર્વદર્શી એવા સર્વજ્ઞના ઉપાસકોમાંથી કોઈપણ ઉપાસક વિશેષથી સર્વજ્ઞને પામ્યા નથી. પરંતુ સામાન્યથી જ સર્વજ્ઞને પામીને તેમની ઉપાસના કરે છે. ત્યાં પ્રશ્ન થાય કે જૈનદર્શનને પામેલા અને ભગવાનના વચનના પરમાર્થને પામેલા ૧૪ પૂર્વધર યોગીઓ તો અન્ય દર્શનના યોગીઓ કરતાં વિશેષથી સર્વજ્ઞને પામેલા છે તેથી સામાન્યથી જ પામેલા છે તેમ કેમ કહ્યું તેનું તાત્પર્ય સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सर्वज्ञप्रतिपत्त्यंशात्तुल्यता सर्वयोगिनाम् ।**
**दूरासन्नादिभेदस्तु, तद्भृत्यत्वं निहन्ति न ।।६६।।**

**અન્વયાર્થ :-**

**सर्वज्ञप्रतिपत्त्यंशात्=સર્વજ્ઞપ્રતિપત્તિના અંશથી, सर्वयोगिनाम्=સર્વ યોગીઓની, तुल्यता=તુલ્યતા છે. दूरासन्नादिभेदस्तु=વળી, દૂર-આસન્ન આદિ ભેદ, तद्भृत्यत्वं=તેઓના=સર્વજ્ઞના, સેવકપણાને, निहन्ति न=હણતો નથી.** ॥૧૫-૬૬॥

**શ્લોકાર્થ :-**

**સર્વજ્ઞપ્રતિપત્તિના અંશથી સર્વ યોગીઓની તુલ્યતા છે. વળી, દૂર-આસન્ન આદિ ભેદ સર્વજ્ઞના સેવકપણાને હણતો નથી. ॥૧૫-૬૬॥**

**ભાવાર્થ :-**

કોઈપણ દર્શનમાં રહેલા કુગ્રહ વગરના યોગીઓ સંસારથી અતીત તત્ત્વના ઉપાસક છે અને પોતાને અતીત તત્ત્વના ઉપાયભૂત જે યોગમાર્ગ મળ્યો છે તે યોગમાર્ગના સ્થાપક સર્વજ્ઞ છે તેમ માનીને તેમની ઉપાસના કરે છે. તેઓ જે અંશથી યોગમાર્ગને પામેલા છે તે અંશથી સર્વજ્ઞની ઉપાસના કરે છે. તેથી તેઓમાં પરસ્પર સર્વજ્ઞથી દૂર-આસન્ન આદિનો ભેદ છે તે આ રીતે :-

જેઓ ઘણા યોગમાર્ગના મર્મને જાણીને સર્વજ્ઞને અતિઆસન્ન એવી અસંગ ભૂમિકાને સેવે છે તેઓ સર્વજ્ઞને અતિઆસન્ન ભૂમિકાવાળા છે અને જેઓ સ્થૂળ બોધવાળા છે તેઓ પોતાના બોધ અનુસાર યોગમાર્ગને સેવીને સર્વજ્ઞની ઉપાસના કરે છે તેઓ સર્વજ્ઞની દૂરવર્તી ભૂમિકાવાળા છે.

આમ, સ્વબોધ અનુસાર યોગમાર્ગને સેવનારા સર્વે યોગીઓ સર્વજ્ઞની ઉપાસના કરે છે તોપણ તે સર્વ ઉપાસકોમાં "આ યોગમાર્ગને કહેનારા સર્વજ્ઞ છે અને તેઓ ઉપાસ્ય છે" એ પ્રકારની સર્વજ્ઞની પ્રતિપત્તિના અંશથી તુલ્યતા છે અને તે સર્વ ઉપાસકોમાં કોઈ દૂરવર્તી ઉપાસક છે, કોઈ આસન્નવર્તી ઉપાસક છે તોપણ તે સર્વમાં સર્વજ્ઞનું સેવકપણું હણાતું નથી.

આથી એ ફલિત થાય કે અન્ય દર્શનમાં રહેલા કદાગ્રહ વગરના જીવો પોતાના સ્થૂળ બોધ અનુસાર યમ-નિયમને સેવે છે તેઓ સર્વજ્ઞને અતિ દૂરવર્તી ભૂમિકાવાળા છે તોપણ સર્વજ્ઞના જ સેવકો છે અને જેઓ જૈનશાસનને પામીને જૈનશાસનના પરમાર્થને પામેલા છે તેવા સૂક્ષ્મબોધવાળા એવા સમ્યગ્દૃષ્ટિ જીવો સર્વજ્ઞને આસન્નભાવવાળા છે અને તેના કરતાં પણ ચૌદ પૂર્વધર કે અસંગ અનુષ્ઠાનને પામેલા એવા યોગીઓ સર્વજ્ઞને અતિ નજીકની ભૂમિકાવાળા છે તોપણ તે સર્વ યોગીઓ સર્વજ્ઞના જ સેવકો છે. **॥૧૫-૬૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬૩માં કહેલ કે જેઓ ઉપાસ્ય એવા સર્વજ્ઞના વિષયમાં વિશેષ જાણતા નથી અને કુગ્રહ રહિત છે તેઓ વીર ભગવાનની ઉપાસના કરતા હોય કે હરિહરાદિ અન્ય દેવોની ઉપાસના કરતા હોય તોપણ તેઓ સર્વજ્ઞની ઉપાસના કરે છે. તે કથનને જ દૃઢ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**माध्यस्थ्यमवलम्ब्यैव, देवतातिशयस्य हि ।**
**सेवा सर्वैर्बुधैरिष्टा, कालातीतोऽपि यज्जगौ ।।६७।।**

**અન્વયાર્થ :-**

**माध्यस्थ्यमवलम्ब्यैव=માધ્યસ્થ્યનું અવલંબન કરીને જ અર્થાત્ સ્વદર્શનના રાગ અને પરદર્શનના દ્વેષનો ત્યાગ કરવારૂપ માધ્યસ્થ્યનું અવલંબન કરીને જ, देवतातिशयस्य हि सेवा=અતિશયગુણવાળા એવા દેવતાની જ સેવા અર્થાત્ ગુણના પ્રકર્ષવાળા એવા દેવતા વિશેષની જ સેવા, सर्वबुधैरिष्टा= સર્વ બુધો વડે ઈષ્ટ છે, यद्=જે કારણથી, कालातीतोऽपि जगौ=કાલાતીતે પણ કહ્યું છે. ।।૧૫-૬૭।।**

**શ્લોકાર્થ :-**

**માધ્યસ્થ્યનું અવલંબન કરીને જ અતિશયગુણવાળા એવા દેવતાની જ સેવા સર્વ બુધો વડે ઈષ્ટ છે જે કારણથી કાલાતીતે પણ કહ્યું છે. ।।૧૫-૬૭।।**

**ભાવાર્થ :-**

વિશેષનો બોધ ન હોય ત્યાં સુધી પોતાને અભિમત દેવ જ સર્વજ્ઞ છે, અન્ય નહીં એવા અસદ્ગ્રહનો ત્યાગ કરીને તત્ત્વના પક્ષપાતપૂર્વક જ્યાં સુધી દેવતાવિશેષનો નિર્ણય ન થાય ત્યાં સુધી મધ્યસ્થપણાનું અવલંબન કરીને જ ગુણોથી પૂર્ણ એવા દેવતાવિશેષની સેવા કરવી જોઈએ એ પ્રકારે બધા બુધ પુરુષોને સંમત છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવો હરિહરાદિ કે વીર ભગવાન પ્રત્યે પક્ષપાત વગર "પૂર્ણગુણવાળા એવા સર્વજ્ઞવીતરાગ ઉપાસ્ય છે" એવી બુદ્ધિ કરીને કોઈપણ દેવની ઉપાસના કરતા હોય તો તે સર્વજ્ઞના ઉપાસક છે તેમ સર્વ વિદ્વાન પુરુષોને સંમત છે.

જો મધ્યસ્થપણાનું અવલંબન લીધા વગર પોતાને અભિમત એવા વીર ભગવાનની ઉપાસના કરતા હોય કે અન્ય દેવની ઉપાસના કરતા હોય તો તે પૂર્ણગુણવાળા દેવતાવિશેષની ઉપાસના કરતા નથી, પરંતુ નામમાત્રથી વીર

ભગવાન કે અન્ય દેવની ઉપાસના કરે છે અને તેવી ઉપાસના કરનારા જીવો યોગમાર્ગને પામેલા નથી.

પોતાના આ કથનની પુષ્ટિ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે કે જે કારણથી કાલાતીત પણ કહે છે કે મધ્યસ્થતાનું અવલંબન કરીને જ અતિશયવાળા દેવતાની જ ઉપાસના કરવી જોઈએ. **II૧૫-૬૭II**

**અવતરણિકા :-**

**કાલાતીત શું કહે છે તે શ્લોક-૬૮થી ૭૪માં બતાવે છે. આ જ શ્લોકો "યોગબિંદુ"માં શ્લોક-૩૦૧થી ૩૦૭ સુધી છે અને તેની ટીકા અનુસાર અત્રે લખાણ કરેલ છે –**

**શ્લોક :-**

**अन्येषामप्ययं मार्गो, मुक्ताविद्यादिवादिनाम् ।**
**अभिधानादिभेदेन तत्त्वनीत्या व्यवस्थितः ।।६८।।**

**અન્વયાર્થ :-**

**मुक्ताऽविद्यादिवादिनाम् अन्येषामपि=મુક્તાદિવાદિ અને અવિદ્યાદિવાદિ એવા અન્યોનો પણ, अभिधानादिभेदेन=અભિધાનાદિના ભેદ વડે, तत्त्वनीत्या= તત્ત્વનીતિથી અર્થાત્ પરમાર્થરૂપ તત્ત્વનીતિથી, अयं मार्गः=આ માર્ગ, व्यवस्थितः=વ્યવસ્થિત છે. ।।૧૫-૬૮।।**

**શ્લોકાર્થ :-**

**મુક્તાદિવાદિ અને અવિદ્યાદિવાદિ એવા અન્યોનો પણ અભિંધાનાદિના ભેદ વડે તત્ત્વનીતિથી આ માર્ગ વ્યવસ્થિત છે. ।।૧૫-૬૮।।**

**ભાવાર્થ :-**

કાલાતીત કહે છે કે કેટલાક દર્શનકારો ઉપાસ્યને મુક્ત કહે છે, કોઈક બુદ્ધ કહે છે તો કોઈક અરિહંત કહે છે. વળી, સંસારઅવસ્થાના કારણને કોઈક અવિદ્યા કહે છે, કોઈક ક્લેશ કહે છે તો કોઈક કર્મ કહે છે. તે રીતે દેવતાના વિષયમાં અને સંસારના કારણના વિષયમાં જુદા જુદા નામના ભેદ છે, તોપણ

બધા દર્શનકારોને સંસારના કારણ એવા અવિદ્યાદિનો ઉચ્છેદ અભિમત છે અને તેના ઉચ્છેદ અર્થે ઉપાસ્યરૂપે પૂર્ણ ઐશ્વર્યથી યુક્ત પુરુષ જ અભિમત છે, તેથી સર્વદર્શનકારોને પોતપોતાના ઉપાસ્યનાં નામો જુદાં જુદાં અભિમત છે તોપણ ઉપાસ્યરૂપે તો પૂર્ણગુણવાળા પુરુષ જ અભિમત છે અને સંસારઅવસ્થાના કારણરૂપે પણ આત્માથી ભિન્ન એવા અવિદ્યાદિ જ સર્વને અભિમત છે, જેના નાશ અર્થે પૂર્ણગુણવાળા પુરુષની ઉપાસના અભિમત છે.

આમ, સર્વદર્શનકારોના ઉપાસ્ય, શબ્દોથી જુદા હોવા છતાં સ્વરૂપથી એક જ છે માટે કોઈપણ દર્શનમાં રહેલા મધ્યસ્થ પુરુષ કુગ્રહરહિત પોતાને અભિમત દેવની ઉપાસના કરતા હોય તો તેઓ સર્વજ્ઞની જ ઉપાસના કરે છે એ પ્રકારનો અર્થ પ્રસ્તુત શ્લોકથી અભિવ્યક્ત થાય છે. **॥૧૫-૬૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ભિન્ન ભિન્ન દર્શનકારો પોતાના ઉપાસ્ય દેવોને ભિન્ન ભિન્ન શબ્દોથી કહે છે તોપણ તેઓ પૂર્ણગુણવાળા પુરુષની ઉપાસના કરે છે તે સ્પષ્ટ કરવા અર્થે કાલાતીતનું વચન બતાવે છે –**

**શ્લોક :-**

**मुक्तो बुद्धोऽर्हन्वापि, यदैश्वर्येण समन्वितः ।**
**तदीश्वरः स एव स्यात्, संज्ञाभेदोऽत्र केवलम् ।।६९।।**

**અન્વયાર્થ :-**

**यद्=જે કારણથી, मुक्तो बुद्धोऽर्हन्वाऽपि=મુક્ત અથવા બુદ્ધ અથવા અરિહંત પણ, ऐश्वर्येण समन्वितः=ઐશ્વર્યથી સમન્વિત વર્તે છે, तद्=તે કારણથી, ईश्वरः=ઈશ્વર અર્થાત્ અમારા વડે કહેવાયેલા ઈશ્વર, स एव स्यात्=તે જ થાય=મુક્તાદિ જ થાય. अत्र=અહીં અર્થાત્ મુક્તાદિના વિષયમાં, संज्ञाभेदो केवलं=સંજ્ઞાભેદ માત્ર છે. ।।૧૫-૬૯।।**

**શ્લોકાર્થ :-**

**જે કારણથી મુક્ત અથવા બુદ્ધ અથવા અરિહંત પણ ઐશ્વર્યથી**

**સમન્વિત વર્તે છે તે કારણથી ઈશ્વર મુક્તાદિ જ થાય. મુક્તાદિના વિષયમાં સંજ્ઞાભેદ માત્ર છે. ॥૧૫-૬૯॥**

**ભાવાર્થ :-**

પરબ્રહ્મવાદીઓ ઉપાસ્યદેવને મુક્ત કહે છે. બૌદ્ધ દર્શનવાળા ઉપાસ્યદેવને બુદ્ધ કહે છે અને જૈન દર્શનવાળા ઉપાસ્યદેવને અરિહંત કહે છે. તે ઉપાસ્ય દેવો જ્ઞાનાદિ અતિશયયુક્ત વર્તે છે તેમ સર્વ દર્શનકારો માને છે અને તેમ માનીને તે તે દેવની ઉપાસના કરે છે. તેથી કાલાતીત કહે છે કે જેને અમે ઈશ્વર કહીએ છીએ અર્થાત્ ઐશ્વર્યયુક્ત એવા પુરુષ કહીએ છીએ તેને જ તેઓ મુક્તાદિ શબ્દથી વાચ્ય કહે છે.

વસ્તુત: જેમ અમને પણ ઐશ્વર્યયુક્ત પુરુષ ઉપાસ્યરૂપે અભિમત છે તેમ અન્ય દર્શનકારોને પણ ઐશ્વર્યયુક્ત મુક્તાદિ ઉપાસ્યરૂપે અભિમત છે. તેથી અમારા અને અન્ય દર્શનકારોના ઉપાસ્યમાં કોઈ ભેદ નથી. ફક્ત અમે તેને ઐશ્વર્યયુક્ત હોવાથી ઈશ્વર કહીએ છીએ, જ્યારે અન્ય દર્શનકારો તે જ ઈશ્વરને ભિન્ન ભિન્ન શબ્દોથી વાચ્ય કરીને ઉપાસના કરે છે તેથી નામના ભેદ સિવાય ઉપાસ્યના સ્વરૂપમાં કોઈ ભેદ નથી. **॥૧૫-૬૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ભિન્ન ભિન્ન દર્શનકારોએ ઈશ્વરને ભિન્ન ભિન્ન શબ્દોથી સંબોધ્યા છે. આમ છતાં અંતરંગ ગુણસંપત્તિરૂપ ઐશ્વર્યથી યુક્ત ઈશ્વર સર્વને અભિમત છે તેથી તે રૂપે ઉપાસ્ય એવા ઈશ્વર એક જ છે. ત્યાં પ્રશ્ન થાય કે દરેક દર્શનકારો ઈશ્વરને સર્વથા એક સ્વરૂપ માનતા નથી, પરંતુ કોઈ અનાદિશુદ્ધ કહે છે, તો કોઈ સાદિશુદ્ધ કહે છે, તેથી તે રૂપે ઉપાસ્ય એવા ઈશ્વરમાં ઘણો ભેદ છે. તેથી સર્વને અભિમત એક જ ઈશ્વર છે એમ શાથી કહેવાય ? તેથી કહે છે –**

**શ્લોક :-**

**अनादिशुद्ध इत्यादिर्यो भेदो अस्य कल्प्यते ।**
**तत्तत्तन्त्रानुसारेण, मन्ये सोऽपि निरर्थकः ।।७०।।**

**અન્વયાર્થ :-**

**तत्तत्तन्त्रानुसारेण=તે તે તંત્ર અનુસારથી, अस्य=આનો અર્થાત્ ઈશ્વરનો, अनादिशुद्ध इत्यादि यः भेदः कल्प्यते=અનાદિ શુદ્ધ વિગેરે જે ભેદ કલ્પાય છે, सोऽपि निरर्थकः=તે પણ નિરર્થક છે, मन्ये=એમ હું માનું છું. ।।૧૫-૭૦।।**

**શ્લોકાર્થ :-**

**તે તે તંત્ર અનુસારથી ઈશ્વરનો અનાદિશુદ્ધ વિગેરે જે ભેદ કલ્પાય છે તે પણ નિરર્થક છે – એમ હું માનું છું. ।।૧૫-૭૦।।**

**ભાવાર્થ :-**

વળી, કાલાતીત કહે છે કે સંપૂર્ણ ઐશ્વર્યથી યુક્ત જે ઈશ્વર અમને અભિમત છે તે જ ઈશ્વરને કોઈ મુક્ત, બુદ્ધ આદિ નામોથી જુદા જુદા કહે છે. તેથી તે નામભેદ જેમ ઉપાસ્યના ભેદને કરવામાં કોઈ પ્રયોજનવાળો નથી અર્થાત્ નિરર્થક છે તેમ તે તે દર્શનકારો વડે "આ ઈશ્વર અનાદિશુદ્ધ છે" અથવા "આ ઈશ્વર સાદિશુદ્ધ છે" ઇત્યાદિ ભેદોથી ભેદ કરાય છે તે ભેદો પણ નિરર્થક છે; કેમ કે તેવો વિશેષ નિર્ણય કોઈ કરી શકતું નથી. ફક્ત ગુણોથી જે પુરુષ પરિપૂર્ણ હોય તેની જ ઉપાસના કરીને તેના જેવા થવાની ઇચ્છાથી તે દેવ ઉપાસ્ય છે તેથી સર્વ ગુણોથી પૂર્ણ એવા તે પુરુષ અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે તેવી કલ્પના કરીને તેનો ભેદ કરવો તે પ્રયોજનવાળું નથી એમ હું માનું છું, એ પ્રકારે કાલાતીત કહે છે. **।।૧૫-૭૦।।**

**અવતરણિકા :-**

**શૈવદર્શનના મત મુજબ ઈશ્વર અનાદિશુદ્ધ અને સર્વવ્યાપી છે, જૈન દર્શનના મત મુજબ ઈશ્વર સાદિશુદ્ધ અને અસર્વગત છે, સૌગતોના મત મુજબ ઈશ્વર પ્રતિક્ષણ નશ્વર છે અને પૂર્વશ્લોકમાં કાલાતીતે કહ્યું કે તે સર્વ ભેદોને માનવાનું કોઈ પ્રયોજન નથી. તેથી હવે તે માનવાનું પ્રયોજન કેમ નથી તે બતાવે છે –**

**શ્લોક :-**

**विशेषस्यापरिज्ञानाद्, युक्तीनां जातिवादतः ।**
**प्रायो विरोधतश्चैव, फलाभेदाच्च भावतः ।।७१।।**

**અન્વયાર્થ :-**

**विशेषस्यापरिज्ञानात्=વિશેષનું અપરિજ્ઞાન હોવાથી, युक्तीनां जातिवादतः= યુક્તિઓનો જાતિવાદ હોવાને કારણે, प्रायः विरोधतश्चैव=પ્રાયે વિરોધ જ હોવાથી, भावतः फलाभेदाच्च=અને ભાવથી અર્થાત્ પરમાર્થથી ફળનો અભેદ હોવાને કારણે, (તે તે દર્શનકારો વડે ઈશ્વરનો અનાદિશુદ્ધ ઇત્યાદિ જે ભેદ કલ્પાય છે તે નિરર્થક છે એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે.) ॥૧૫-૭૧॥**

**શ્લોકાર્થ :-**

**વિશેષનું અપરિજ્ઞાન હોવાથી યુક્તિઓનો જાતિવાદ હોવાને કારણે પ્રાયે વિરોધ હોવાથી અને ભાવથી ફળનો અભેદ હોવાને કારણે, તે તે દર્શનકારો વડે ઈશ્વરનો અનાદિશુદ્ધ ઇત્યાદિ જે ભેદ કલ્પાય છે તે નિરર્થક છે – એમ પૂર્વશ્લોક સાથે સંબંધ છે. ॥૧૫-૭૧॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં કાલાતીતે કહ્યું કે ઈશ્વરનો અનાદિશુદ્ધ ઇત્યાદિ જે ભેદ કલ્પાય છે તે ઉપાસનામાં કોઈ પ્રયોજનવાળો નથી. પ્રયોજનવાળો કેમ નથી તેમાં કાલાતીત ત્રણ હેતુ કહે છે.

(૧) મુક્તાદિ દેવતાગત વિશેષ – "આ અનાદિશુદ્ધ છે" કે "આ સાદિશુદ્ધ છે" – એવું કોઈ જ્ઞાન છદ્મસ્થને થઈ શકતું નથી.

(૨) તે તે દર્શનકારો પોતાને અભિમત ઈશ્વરગત વિશેષનું સ્થાપન કરવા માટે જે યુક્તિઓ આપે છે, તે યુક્તિઓ અસિદ્ધાદિ હેતુના દોષથી ઉપઘાત પામતી હોવાને કારણે જાતિવાદરૂપ છે તેથી તે યુક્તિઓનો બહુલતાએ પરસ્પર વિરોધ જ છે. માટે તે યુક્તિઓથી ઈશ્વર અનાદિશુદ્ધ ઇત્યાદિ સિદ્ધ થાય નહીં.

(૩) પરમાર્થથી સંપૂર્ણ ક્લેશક્ષયરૂપ ફળ પૂર્ણ પુરુષની ઉપાસનાથી થાય છે. વળી, તે ઉપાસનાના વિષયભૂત પૂર્ણ પુરુષને અનાદિશુદ્ધ માનવામાં આવે કે સાદિશુદ્ધ માનવામાં આવે અથવા સર્વવ્યાપી માનવામાં આવે કે અસર્વવ્યાપી માનવામાં આવે, તેનાથી ફળમાં પરમાર્થથી કોઈ ભેદ થતો નથી.

માટે ઈશ્વરમાં અનાદિશુદ્ધ આદિ ભેદોની કલ્પના કોઈ પ્રયોજનવાળી નથી – એ પ્રમાણે કાલાતીત કહે છે. **॥૧૫-૭૧॥**

**અવતરણિકા :-**

શ્લોક-૬૭માં ગ્રંથકારશ્રીએ કહ્યું કે માધ્યસ્થ્યનું અવલંબન લઈને દેવતાતિશયની ભક્તિ સર્વ દર્શનકારોને માન્ય છે. વળી, તેમાં સાક્ષી રૂપે શ્લોક-૬૮માં કાલાતીતનો મત બતાવ્યો અને કહ્યું કે ઈશ્વરના વિષયમાં મુક્તાદિવાદિઓનો અને અવિદ્યાવાદિઓનો આ જ માર્ગ છે. તેથી એ પ્રાપ્ત થયું કે કેટલાક દર્શનકારો ઈશ્વરને મુક્તાદિ શબ્દથી વાચ્ય કરે છે અને સંસારનું કારણ જે કર્મ છે, તેને અવિદ્યાદિ શબ્દથી વાચ્ય કરે છે. વળી, સર્વ કર્મથી મુક્ત થવા માટે ગુણના પ્રકર્ષવાળા ઈશ્વરને ઉપાસ્ય માને છે અને તે ઈશ્વરને જુદા જુદા નામથી સંબોધન કરે છે. ત્યારપછી શ્લોક-૬૯માં જુદા જુદા દર્શનકારો ઈશ્વરને જુદાં જુદાં નામોથી સંબોધન કરે છે તે બતાવ્યું. હવે સંસારના કારણભૂત કર્મને સર્વ દર્શનકારો જુદાં જુદાં નામોથી સંબોધન કરે છે તે બતાવીને સંસારનું કારણ કર્મ છે તે વિષયમાં પણ સર્વ દર્શનકારોની સમાન માન્યતા છે તે બતાવવા અર્થે કાલાતીત કહે છે –

**શ્લોક :-**

**अविद्याक्लेशकर्मादि, यतश्च भवकारणम् ।**
**ततः प्रधानमेवैतत् संज्ञाभेदमुपागतम् ।।७२।।**

**અન્વયાર્થ :-**

यतश्च=અને જે કારણથી, अविद्याक्लेशकर्मादि=અવિદ્યા, ક્લેશ અને કર્માદિ, भवकारणम्=ભવનાં કારણ છે. ततः=તે કારણથી, संज्ञाभेदमुपागतम् एतत्=સંજ્ઞાભેદને પામેલ આ=ભવનું કારણ, प्रधानमेव="પ્રધાન" જ છે= કાલાતીત જેને પ્રધાન કહે છે તે જ છે. ।।૧૫-૭૨।।

**શ્લોકાર્થ :-**

**અને જે કારણથી અવિદ્યા, ક્લેશ અને કર્માદિ ભવનાં કારણ છે તે કારણથી સંજ્ઞાભેદને પામેલ ભવનું કારણ "પ્રધાન" જ છે. ।।૧૫-૭૨।।**

**ભાવાર્થ :-**

ભવના કારણને વેદાંતિકો "અવિદ્યા" કહે છે, સાંખ્ય દર્શનકારો "ક્લેશ" કહે છે, જૈનો "કર્મ" કહે છે અને "અવિદ્યાક્લેશકર્માદિ"માં આદિ પદથી "વાસના" અને "પાશ" નું ગ્રહણ કરવાનું છે. અહીં ભવના કારણને સૌગતો "વાસના" કહે છે અને શૈવ દર્શનકારો "પાશ"=બંધન કહે છે. તેથી સર્વ દર્શનકારોને ભવના કારણરૂપે માન્ય અવિદ્યાદિ "પ્રધાન" જ છે, ફક્ત તે "પ્રધાન"ને જ જુદાં જુદાં નામોથી જુદા જુદા દર્શનકારો કહે છે એમ કાલાતીત કહે છે.

આથી એ ફલિત થાય કે કાલાતીતના મતાનુસાર "પ્રધાન"ને કારણે સંસાર છે અને સંસારથી મુક્ત થવા માટે ઈશ્વરની ઉપાસના કરવી જોઈએ. તે ઈશ્વર ઐશ્વર્યથી યુક્ત ગુણવાન પુરુષ છે. તેની ઉપાસના કરવાથી ભવનો અંત થાય છે એમ કાલાતીત જે કહે છે તે સર્વ દર્શનકારોને સામાન્યથી સમાન માન્ય છે, ફક્ત જુદા જુદા દર્શનકારો ઉપાસ્યને જુદાં જુદાં નામોથી સંબોધન કરે છે તે રીતે ભવના કારણને પણ જુદાં જુદાં નામોથી સંબોધન કરે છે. **॥૧૫-૭૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬૭માં કાલાતીતનો મત બતાવતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે કાલાતીત જેને "ઈશ્વર" માને છે તેને જ જુદા જુદા દર્શનકારો "મુક્ત", "બુદ્ધ" આદિ કહે છે તેથી ઉપાસ્યના સ્વરૂપમાં સર્વ દર્શનકારોની સમાન માન્યતા છે, ફક્ત ઉપાસ્યને જુદા જુદા દર્શનકારો જુદા જુદા નામથી સંબોધન કરે છે. ત્યારપછી ઉપાસ્યના વિષયમાં કેટલાક દર્શનકારો ઉપાસ્યને અનાદિશુદ્ધ અને સર્વગત કહે છે, કેટલાક સાદિશુદ્ધ અને અસર્વગત કહે છે, કેટલાક ક્ષણભંગુર કહે છે, તે સર્વ મત નિરર્થક છે તેમ બતાવીને કેમ નિરર્થક છે તેની પુષ્ટિ શ્લોક-૭૧થી કરી. તેથી સિદ્ધ થયું કે તે તે દર્શનકારોની ઈશ્વરવિષયક અનાદિશુદ્ધ આદિ માન્યતાઓ અર્થ વગરની છે. ત્યારપછી ભવના કારણવિષયક સર્વ દર્શનકારોની સમાન માન્યતા છે, ફક્ત નામભેદ છે તેમ શ્લોક-૭૨માં બતાવીને હવે ભવના કારણવિષયક તે તે દર્શનકારોની જુદી જુદી માન્યતાઓ પણ અર્થવગરની છે તેમ બતાવીને કાલાતીત તત્ત્વની વિચારણા વિષયક પોતાનો મધ્યસ્થભાવ બતાવે છે –**

**શ્લોક :-**

**अस्यापि योऽपरो भेदश्चित्रोपाधिस्तथा तथा ।**
**गीयतेऽतीतहेतुभ्यो, धीमतां सोऽप्यपार्थकः ।।७३।।**

**અન્વયાર્થ :-**

**अस्य अपि=આનો પણ અર્થાત્ પ્રધાનનો પણ, चित्रोपाधिः यः अपरः भेदः=ચિત્રઉપાધિરૂપ અર્થાત્ મૂર્તત્વાદિ ચિત્રઉપાધિરૂપ, જે અપરભેદ, तथा तथा गीयते=તે તે પ્રકારે અર્થાત્ તે તે દર્શનના ભેદથી, ગવાય છે, सोऽपि=તે ભેદ પણ, धीमतां=બુદ્ધિમાનોને, अतीतहेतुभ्यः अपार्थकः=અતીત હેતુઓથી અપાર્થક છે અર્થાત્ શ્લોક-૭૧માં બતાવેલા ત્રણ હેતુઓથી નિરર્થક છે. ।।૧૫-૭૩।।**

**શ્લોકાર્થ :-**

**પ્રધાનનો પણ, ચિત્રઉપાધિરૂપ જે અપરભેદ, તે તે દર્શનના ભેદથી ગવાય છે, તે ભેદ પણ, બુદ્ધિમાનોને અતીત હેતુઓથી અપાર્થક છે. ।।૧૫-૭૩।।**

**ભાવાર્થ :-**

જેમ શ્લોક-૭૦માં કહ્યું કે, ઈશ્વરના વિષયમાં તે તે દર્શનકારો પૂર્ણપુરુષથી અતિરિક્ત અનાદિશુદ્ધ ઇત્યાદિરૂપ જે વિશેષ પ્રકારના ભેદો માને છે તે નિરર્થક છે તેમ "પ્રધાન"ના=કર્મના, વિષયમાં પણ તે તે દર્શનકારો ચિત્રઉપાધિરૂપ જે વિશેષ પ્રકારના ભેદો માને છે તે પણ નિરર્થક છે. જેમ, કર્મને કોઈ આદિમાન માને છે, કોઈ અનાદિમાન માને છે, કોઈ વાસનારૂપ માને છે, કોઈ પૃથક્દ્રવ્યરૂપ માને છે, તે સર્વ ભેદો નિરર્થક છે, પરંતુ સંસારનું કારણ જે છે, તે "પ્રધાન" છે, તે વિષયમાં કોઈ ભેદ નથી માટે જે સંસારનું કારણ હોય તે 'પ્રધાન' છે તેમ માનવું ઉચિત છે. પ્રધાનના=કર્મના, વિશેષ પ્રકારના ભેદો નિરર્થક કેમ છે તેમાં ત્રણ હેતુ બતાવે છે.

**(૧) છદ્મસ્થને વિશેષનું અપરિજ્ઞાન છે :-** છદ્મસ્થ જીવો કર્મોને સાક્ષાત્ જોઈ શકતા નથી પરંતુ દૃષ્ટ સંસારની વ્યવસ્થા કર્મને સ્વીકાર્યા વગર સંગત નથી,

તેના બળથી કર્મોનો નિર્ણય કરી શકે છે અને સંસારના કારણીભૂત એવાં કર્મો અનાદિ છે કે સાદિ છે ? જીવના પરિણામરૂપ છે કે પૃથક્દ્રવ્યરૂપ છે ? ઇત્યાદિ વિશેષનો નિર્ણય છદ્મસ્થને થઈ શકતો નથી.

અહીં પ્રશ્ન થાય કે કર્મો છદ્મસ્થની ઇન્દ્રિયોનો વિષય નથી તોપણ યુક્તિથી કર્મના વિશેષ સ્વરૂપનો નિર્ણય થઈ શકે તેથી બીજો હેતુ કહે છે.

(૨) **યુક્તિઓ જાતિવાદરૂપ હોવાથી પ્રાયઃ પરસ્પર વિરોધી છે** :- તે તે દર્શનની યુક્તિઓ જાતિવાદરૂપ છે અર્થાત્ યુક્તિઓ દોષરૂપ છે. આથી જ પ્રાયે તે તે દર્શનની યુક્તિઓ અન્ય દર્શનની યુક્તિઓથી વિરોધને પામે છે, માટે સંસારના કારણીભૂત કર્મના વિશેષ સ્વરૂપનો નિર્ણય યુક્તિથી થઈ શકે નહીં.

(૩) **ફળનો અભેદ છે** :- વળી, કર્મના વિશેષ સ્વરૂપનો નિર્ણય કર્યા વગર 'સંસારનું કારણ કર્મ છે અને તેના ઉચ્છેદનો ઉપાય યોગમાર્ગ છે' એ પ્રકારનો નિર્ણય કરીને તે તે દર્શનના સાધકો 'કર્મના ઉચ્છેદ માટે યોગમાર્ગ છે' એ પ્રકારનો નિર્ણય કરીને તે તે દર્શનના સાધકો કર્મના ઉચ્છેદ માટે યોગમાર્ગમાં યત્ન કરતા હોય તો કર્મનાશના ફળને પ્રાપ્ત કરે છે. તેથી કર્મને વાસનારૂપે સ્વીકારનાર કે કર્મને પૃથક્રૂપે સ્વીકારનાર ગમે તે વાદી કર્મના ઉચ્છેદના ઉપાયમાં યત્ન કરે તો કર્મનાશની પ્રાપ્તિ થાય છે. માટે કર્મના ભેદમાં વિશેષ સ્વીકારીને વિવાદ કરવો નિરર્થક છે. **॥૧૫-૭૩॥**

**અવતરણિકા :-**

**જે કારણથી શ્લોક-૭૦માં કહ્યું કે, ઉપાસ્ય એવા દેવને કોઈક અનાદિશુદ્ધ કહે છે, તો કોઈક સાદિશુદ્ધ કહે છે ઈત્યાદિ ભેદ નિરર્થક છે અને શ્લોક-૭૩માં કહ્યું કે ભવના કારણ એવા "પ્રધાન"ને કોઈક મૂર્ત કહે છે, કોઈક અમૂર્ત કહે છે ઈત્યાદિ ભેદ પણ નિરર્થક છે તેથી શું પ્રાપ્ત થાય તે બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**ततोऽस्थानप्रयासोऽयं, यत्तद्भेदनिरूपणम् ।**
**सामान्यमनुमानस्य, यतश्च विषयो मतः ।।७४।।**

**અન્વયાર્થ :-**

**તતઃ=તે કારણથી અર્થાત્ ઉપાસ્ય દેવગત વિશેષની કલ્પના અને ભવના કારણ એવા “પ્રધાન”ના વિશેષની કલ્પના નિરર્થક છે તે કારણથી, યત્તદ્ભેદનિરૂપણમ્ અયં=જે તેના ભેદનું નિરૂપણ છે એ અર્થાત્ તત્ત્વચિંતકો ઉપાસ્ય એવા દેવ અને ભવના કારણભૂત એવા “પ્રધાન”ના વિશેષનું જે ગવેષણ કરે છે એ, અસ્થાનપ્રયાસઃ=અસ્થાનપ્રયાસ છે. યતશ્ચ=અને જે કારણથી, અનુમાનસ્ય વિષયો સામાન્યમ્ મતઃ=અનુમાનનો વિષય સામાન્ય મનાયો છે. ॥૧૫-૭૪॥**

**શ્લોકાર્થ :-**

**ઉપાસ્ય દેવગત વિશેષની કલ્પના અને ભવના કારણ એવા “પ્રધાન”ના વિશેષની કલ્પના નિરર્થક છે તે કારણથી, જે તેના ભેદનું નિરૂપણ છે એ અસ્થાનપ્રયાસ છે અને જે કારણથી અનુમાનનો વિષય સામાન્ય મનાયો છે. ॥૧૫-૭૪॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૬૮થી ૭૩ સુધી કાલાતીત નામના તત્ત્વચિંતકે યુક્તિથી સ્થાપન કર્યું કે સર્વ દર્શનકારોને પૂર્ણપુરુષ ઉપાસ્યરૂપે માન્ય છે, ફક્ત પૂર્ણપુરુષની ઉપાસના કરનારા કોઈક તેને મુક્ત કહે છે, કોઈક તેને બુદ્ધ કહે છે, કોઈક તેને અરિહંત કહે છે, તે સર્વ નામભેદ માત્ર છે.

વળી, તે ઉપાસ્યને પૂર્ણગુણવાળા સ્વીકાર્યા પછી સ્વસ્વદર્શન અનુસાર કોઈક તેને અનાદિશુદ્ધ કહે છે તો કોઈક તેને સાદિશુદ્ધ કહે છે તે સર્વભેદો અર્થ વગરના છે.

વળી, જેમ ઉપાસ્યના વિષયમાં સર્વ દર્શનકારોની સામાન્યથી એક માન્યતા છે તેમ ભવના કારણવિષયક પણ સર્વની એક માન્યતા છે, ફક્ત ભવના કારણને કોઈક કર્મ કહે છે, કોઈક પ્રધાન કહે છે, તે સર્વ નામભેદ માત્ર છે.

વળી, ભવના કારણને સ્વીકાર્યા પછી સ્વસ્વદર્શન અનુસાર કોઈક તેને મૂર્ત કહે છે, કોઈક તેને અમૂર્ત કહે છે તે સર્વ ભેદો અર્થ વગરના છે.

તેથી કહે છે કે દેવના વિષયક અને ભવના કારણવિષયક તત્ત્વચિંતકોનું જે

વિશેષ નિરૂપણ છે તે અસ્થાનપ્રયાસ છે અને તે અસ્થાનપ્રયાસ કેમ છે તે પૂર્વના શ્લોકમાં સ્વયં કાલાતીત નામના વિચારકે બતાવેલ કે "તેવો વિશેષ કોઈ જાણી શકતું નથી." હવે તેનો વિશેષ કોઈ કેમ જાણી શકતું નથી તે બતાવવા અર્થે 'च'કારથી અન્ય હેતુ કહે છે.

જે કારણથી અનુમાનનો વિષય સામાન્ય મનાયો છે. આશય એ છે કે ઉપાસ્યનું સ્વરૂપ સાક્ષાત્ દેખાતું નથી અને ભવનું કારણ પણ સાક્ષાત્ દેખાતું નથી, પરંતુ કારણથી કાર્ય થાય છે તે પ્રકારના અનુભવના બળથી અનુમાન કરાય છે કે આપણે સંસારમાં જન્મ્યા છીએ તેથી તેનું કોઈક કારણ હોવું જોઈએ અને તે કારણ સર્વ દર્શનકારોને માન્ય છે.

વળી, ભવની વિષમ સ્થિતિ જોઈને ભવથી છૂટવાનો ઉપાય શું હોઈ શકે તેનો વિચાર કરવામાં આવે તો જેઓ ભવના કારણથી મુક્ત થયા છે તેવા પૂર્ણપુરુષની ઉપાસના કરવાથી ભવના કારણનો નાશ થઈ શકે તેવું અનુમાન થઈ શકે છે. તેથી ભવના ઉચ્છેદના અર્થીએ ગુણોથી પૂર્ણ એવા પુરુષની ઉપાસના કરવી જોઈએ એવું અનુમાન થઈ શકે છે, પરંતુ પૂર્ણપુરુષ જેમ ગુણોથી પૂર્ણ છે તેમ અનાદિશુદ્ધ છે કે સાદિશુદ્ધ છે તેનો નિર્ણય અનુમાનથી થઈ શકતો નથી.

વળી, ભવનું કારણ પણ મૂર્ત છે કે અમૂર્ત છે તેનો નિર્ણય પણ અનુમાનથી થઈ શકતો નથી.

તેથી ઉપાસ્યના વિષયમાં કે ભવના કારણના વિષયમાં તત્ત્વચિંતકો વિશેષનું જે કથન કરે છે તે અસ્થાનપ્રયાસ છે. **॥૧૫-૭૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૬૮થી ૭૪ સુધી કાલાતીત નામના ચિંતકના મતને બતાવતાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે, સર્વદર્શનવાદીને ઉપાસ્ય એવા ઈશ્વર એક છે, માત્ર તે તે દર્શનકારો તેને ભિન્ન ભિન્ન નામથી વાચ્ય કરે છે અને ભવનું કારણ "પ્રધાન" છે, માત્ર તે તે દર્શનકારો તેને ભિન્ન ભિન્ન નામથી વાચ્ય કરે છે. હવે કાલાતીતનું તે વચન ગ્રંથકારશ્રીને કઈ રીતે સંમત છે તે સ્પષ્ટ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**संक्षिप्तरुचिजिज्ञासोर्विशेषानवलंबनम् ।**
**चारिसञ्जीवनीचारज्ञातादत्रोपयुज्यते ।।७५।।**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં અર્થાત્ યોગમાર્ગના સેવનમાં, चारिसञ्जीवनीचारज्ञातात्=ચારિસંજીવનીચારના દૃષ્ટાંતથી, संक्षिप्तरुचिजिज्ञासोः=સંક્ષિપ્તરુચિજિજ્ઞાસાવાળાઓને અર્થાત્ ઉપાસ્યના સ્વરૂપમાં અને ભવના કારણના સ્વરૂપમાં સંક્ષિપ્તથી બોધ કરવાની રુચિવાળા એવા જિજ્ઞાસુઓને, विशेषानवलम्बनम्=વિશેષનું અનવલંબન અર્થાત્ ઈશ્વરના અને કર્મના વિશેષ સ્વરૂપનું અગ્રહણ, उपयुज्यते=ઉપયોગી છે. ।।૧૫-૭૫।।**

**શ્લોકાર્થ :-**

**યોગમાર્ગના સેવનમાં ચારિસંજીવનીચારના દૃષ્ટાંતથી સંક્ષિપ્તરુચિજિજ્ઞાસાવાળાઓને વિશેષનું અનવલંબન ઉપયોગી છે. ।।૧૫-૭૫।।**

**ભાવાર્થ :-**

જેઓ સંસારથી ભય પામેલા છે, તત્ત્વના અર્થી છે, આમ છતાં તત્ત્વના વિષયમાં તે તે દર્શનકારોનાં મંતવ્યોને વિશેષથી જાણીને કયા દર્શનકારનું વચન યુક્તિયુક્ત છે તેનો નિર્ણય કરવા માટે સમર્થ નથી, તે જીવોને તત્ત્વવિષયક સંક્ષિપ્તરુચિ હોય છે અર્થાત્ સંક્ષિપ્તથી તત્ત્વ જાણીને સંસારના ઉચ્છેદની ઇચ્છા હોય છે, તે જીવો સંક્ષિપ્તરુચિજિજ્ઞાસુ કહેવાય છે. તેવા જીવો સર્વદર્શનનો સ્વપ્રજ્ઞાનુસાર અભ્યાસ કરીને તત્ત્વનો નિર્ણય કરી શકે તેમ નથી, આમ છતાં સંસારનું સ્વરૂપ વિચારતાં તેઓને જણાય છે કે, “ભવનું કોઈક કારણ છે કે જેથી આ સંસારમાં જીવો જન્મ, મરણ આદિ અનર્થની પરંપરા પ્રાપ્ત કરે છે અને તેના ઉચ્છેદ માટે ગુણોથી પૂર્ણ એવા પુરુષની ઉપાસના કરવી જોઈએ.” આ પ્રકારનો નિર્ણય કરીને જે પ્રમાણે કાલાતીત નામના વિચારકે કહ્યું કે “ઈશ્વર” વિષયક તે તે દર્શનકારોની વિશેષ માન્યતા અર્થ વગરની છે અને “પ્રધાન” વિષયક પણ તે તે દર્શનકારોની માન્યતા અર્થવગરની છે. તેમ

સ્વીકારે અને સ્વબોધઅનુસાર યોગમાર્ગની ઉપાસના કરીને સર્વજ્ઞની ઉપાસના કરે તો તેનું હિત થાય છે. તેમાં દૃષ્ટાંત બતાવતાં કહે છે.

જેમ, કોઈ સ્ત્રી કોઈક ઔષધોથી બળદરૂપે થયેલા પોતાના પતિને ચારો ચરાવે છે અને તે બળદને ફરી પુરુષરૂપે કરવા માટે સંજીવની ઔષધિને વિશેષથી જાણતી નથી, આમ છતાં વિદ્યાધરના વચનથી "આ વૃક્ષની નીચે સંજીવની છે" એમ જાણીને તે સ્ત્રીએ તે વૃક્ષની નીચે રહેલો સર્વ ચારો તે બળદને ચરાવ્યો જેથી તે ચારા અંતર્ગત સંજીવનીની પ્રાપ્તિથી તે બળદ પશુ મટીને પુરુષ થાય છે.

તેમ, તત્ત્વવિષયક સંક્ષિપ્તરુચિજિજ્ઞાસુ જીવો તે તે દર્શનના વિશેષનું અવલંબન લીધા વગર સ્વદર્શનમાં પ્રસિદ્ધ એવા યોગમાર્ગને જાણવા અને જીવનમાં સેવવા માટે ઉદ્યમ કરે છે તેનાથી તેમને કલ્યાણની પ્રાપ્તિ થાય છે અને તેવા જીવોને વિશેષ જિજ્ઞાસા થાય છે, તેના બળથી તે તે દર્શનમાં રહેલ યોગમાર્ગના વિશેષ ભાવોનો બોધ થાય છે ત્યારે તે જીવો સર્વ દૃષ્ટિથી સુવિશુદ્ધ એવા જૈન શાસનમાં બતાવાયેલા સ્યાદ્વાદના પરમાર્થને પ્રાપ્ત કરીને પશુભાવનો ત્યાગ કરે છે અર્થાત્ મિથ્યાત્વનો ત્યાગ કરે છે અને પુરુષભાવને પ્રાપ્ત કરે છે અર્થાત્ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. તેથી આદ્યભૂમિકાવાળા જીવો માટે કાલાતીતે જે કહ્યું, તે ઉચિત છે. **॥૧૫-૭૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, સંક્ષિપ્તરુચિજિજ્ઞાસુને વિશેષનું અનવલંબન યોગમાર્ગની પ્રાપ્તિમાં ઉપયોગી છે. તેની પુષ્ટિ કરવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**जिज्ञासापि सतां न्याय्या, यत्परेऽपि वदन्त्यदः ।**
**जिज्ञासुरपि योगस्य, शब्दब्रह्मातिवर्तते ।।७६।।**

**અન્વયાર્થ :-**

**सतां जिज्ञासाऽपि न्याय्या=સંતપુરુષોની જિજ્ઞાસા પણ અર્થાત્ તત્ત્વવિષયક જિજ્ઞાસા પણ, ન્યાય્ય છે અર્થાત્ ઉચિત છે. यत्परेऽपि=જે કારણથી**

**બીજાઓ પણ અર્થાત્ અન્ય દર્શનકારો પણ, अदः वदन्ति=આ કહે છે, "योगस्य जिज्ञासुरपि=યોગનો જિજ્ઞાસુ પણ અર્થાત્ યોગમાર્ગના પરમાર્થને જાણવાનો જિજ્ઞાસુ પુરુષ પણ, शब्दब्रह्मातिवर्तते=શબ્દબ્રહ્મને અતિવર્તે છે અર્થાત્ શાબ્દબોધની મર્યાદાને ઓળંગે છે અર્થાત્ શાબ્દબોધની મર્યાદાથી જે અર્થનો બોધ પ્રાપ્ત થાય છે તેના કરતાં વિશેષબોધને પ્રાપ્ત કરે છે." ॥૧૫-૭૬॥**

**શ્લોકાર્થ :-**

**સંતપુરુષોની તત્ત્વવિષયક જિજ્ઞાસા પણ ઉચિત છે. જે કારણથી અન્ય દર્શનકારો પણ આ કહે છે, "યોગમાર્ગના પરમાર્થને જાણવાનો જિજ્ઞાસુ પુરુષ પણ શાબ્દબોધની મર્યાદાને ઓળંગે છે." ॥૧૫-૭૬॥**

**ભાવાર્થ :-**

સંસારના વાસ્તવિક સ્વરૂપને કાંઈક જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટી છે, તેવા જીવો આત્માના હિતના અર્થી હોય છે અને તેઓને અહીં "સંતપુરુષો" શબ્દથી ગ્રહણ કરેલ છે. આવા સંતપુરુષોમાં આત્માનું પરમાર્થથી શું હિત છે તે વિષયક જિજ્ઞાસા પ્રગટે છે અને તેવા જીવોને સંસારના ઉચ્છેદના કારણરૂપે ઉપાસ્ય કેવા હોવા જોઈએ તેના સ્વરૂપની જિજ્ઞાસા હોય છે. તેથી ગુણસંપન્ન પુરુષના સ્વરૂપને જાણવા માટે જેઓ જિજ્ઞાસાવાળા છે તેઓમાં વર્તતી જિજ્ઞાસા કલ્યાણનું કારણ છે અને તેમાં અન્ય દર્શનકારની સાક્ષી આપતાં કહે છે.

અન્ય દર્શનકારો પણ કહે છે કે સંસારના ઉચ્છેદના કારણભૂત એવા યોગની જિજ્ઞાસાવાળા પુરુષો શબ્દબ્રહ્મને ઓળંગે છે અર્થાત્ શબ્દો દ્વારા અતીન્દ્રિય પદાર્થોનું કથન કરનારાં જે વચનો છે તે વચનોથી જે બોધ થાય છે તે બોધ કરતાં પણ કાંઈક વિશેષ બોધને જિજ્ઞાસાના બળથી તેઓ જાણી શકે છે.

આશય એ છે કે કર્મના વિગમનથી થયેલ નિર્મળ મતિવાળા જીવોને યોગવિષયક જિજ્ઞાસા થાય છે, જે યોગમાર્ગના પરમાર્થને જાણીને વિશ્રાંત થાય તેવી નિર્મળ હોય છે. તેથી આવા જિજ્ઞાસાવાળા જીવો, યોગમાર્ગને કહેનારાં શાસ્ત્રવચનો સાંભળે ત્યારે જિજ્ઞાસા વગરના બુદ્ધિમાન પુરુષને પણ તે શબ્દોથી જે બોધ થઈ શકતો નથી તેવા યોગમાર્ગનાં રહસ્યોને પ્રાપ્ત કરે છે. યોગમાર્ગના રહસ્યને

કંઈક પ્રાપ્ત કર્યા પછી તે મહાત્માઓ યોગમાર્ગને જાણવા માટે અધિક અધિક પ્રયત્ન કરે છે અને અંતે યોગમાર્ગના પરમાર્થને તેઓ પ્રાપ્ત કરે છે. તેથી સંક્ષિપ્તરુચિજિજ્ઞાસુ વિશેષનું અનવલંબન લે તે પણ આત્મકલ્યાણ માટે ઉપયોગી છે એમ પૂર્વના શ્લોક સાથે સંબંધ છે. **॥૧૫-૭૬॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે આત્મકલ્યાણના અર્થી જીવોમાં રહેલી તત્ત્વજિજ્ઞાસા પણ કલ્યાણનું કારણ છે અને આવા જિજ્ઞાસાવાળા પુરુષો સ્વશક્તિ અનુસાર ઉપાસ્યના સ્વરૂપને જાણવા યત્ન કરે છે તેથી જિજ્ઞાસા થાય કે ઉપાસકો કેટલા પ્રકારના છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**आर्त्तो जिज्ञासुरर्थार्थी, ज्ञानी चेति चतुर्विधाः ।**
**उपासकास्त्रयस्तत्र, धन्या वस्तुविशेषतः ।।७७।।**

**અન્વયાર્થ :-**

**आर्त्तो, जिज्ञासुरर्थार्थी ज्ञानी चेति=આર્ત્ત અર્થાત્ સંસારના સ્વરૂપથી ત્રાસ પામીને કલ્યાણ સાધવાને અભિમુખ થયેલા જીવો, જિજ્ઞાસુ અર્થાત્ તત્ત્વનો કાંઈક બોધ થવાથી તત્ત્વને જાણવાની જિજ્ઞાસાવાળા જીવો, અર્થાર્થી અર્થાત્ તત્ત્વના પરમાર્થને પામ્યા પછી તત્ત્વને જીવનમાં સેવવા માટે બદ્ધલક્ષ્યવાળા જીવો, અને જ્ઞાની અર્થાત્ યોગમાર્ગના પરમાર્થને જાણીને સ્વશક્તિના પ્રકર્ષથી યોગમાર્ગને સેવી શકે તેવા તત્ત્વસંવેદનજ્ઞાનવાળા જીવો, એ પ્રમાણે, चतुर्विधाः उपासकाः=ચાર પ્રકારના ઉપાસકો છે. तत्र=ત્યાં અર્થાત્ એ ચાર પ્રકારના ઉપાસકોમાં, त्रयः=ત્રણ અર્થાત્ પ્રથમના ત્રણ, वस्तुविशेषतः धन्याः=વસ્તુવિશેષથી ધન્ય છે. ।।૧૫-૭૭।।**

**શ્લોકાર્થ :-**

**આર્ત્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની એ પ્રમાણે ચાર પ્રકારના ઉપાસકો છે. એ ચાર ઉપાસકોમાં પ્રથમના ત્રણ વસ્તુવિશેષથી ધન્ય છે. ।।૧૫-૭૭।।**

**ભાવાર્થ :-**

**(૧) આર્ત્ત :-** યોગમાર્ગની જિજ્ઞાસા થતા પૂર્વે કેટલાક જીવોને સંસારનું સ્વરૂપ દુ:ખના ફળવાળું દેખાય છે અને તેવો બોધ ક્વચિત્ સહજ નિર્મળ દૃષ્ટિ થવાથી થાય છે તો ક્વચિત્ ઉપદેશાદિ સામગ્રીને કારણે થાય છે. તેવા જીવો હજુ તત્ત્વને કાંઈ સમજ્યા નથી તોપણ ધર્મની પ્રવૃત્તિ કરવાના પરિણામવાળા થયા છે. આવા જીવો યોગમાર્ગના પ્રથમ ભૂમિકાના "આર્ત્ત" નામના ઉપાસકો છે અર્થાત્ સંસારના પરિભ્રમણથી 'આર્ત્ત' થયેલા છે માટે આર્ત્ત છે.

**(૨) જિજ્ઞાસુ :-** પ્રથમ ભૂમિકાના ઉપાસકો ઉપદેશાદિની સામગ્રી પામીને કે કોઈ અન્ય નિમિત્તને પામીને તત્ત્વના કાંઈક સ્વરૂપનો બોધ થવાથી વિશેષ પ્રકારના તત્ત્વને જાણવાની જિજ્ઞાસાવાળા થાય છે અર્થાત્ યોગીઓના શાંત ચિત્તને જોઈને તેઓને જિજ્ઞાસા થાય છે કે આ યોગીઓ કઈ રીતે ભોગાદિની ઇચ્છાથી આકુળતા વગર યોગમાર્ગમાં પ્રવર્તે છે તેથી યોગીઓના શાંત ચિત્તને જોવાથી યોગમાર્ગના કંઈક પરમાર્થને પામીને વિશેષ પ્રકારના યોગમાર્ગને જાણવાની જિજ્ઞાસા થવાથી યોગીઓને પૃચ્છા કરે છે. આવા જીવો યોગમાર્ગના બીજા પ્રકારના "જિજ્ઞાસુ" નામના ઉપાસકો છે.

**(૩) અર્થાર્થી :-** બીજા પ્રકારના ઉપાસકો યોગીઓ પાસેથી જિજ્ઞાસાથી તત્ત્વ સાંભળવાની પ્રવૃત્તિ કરે છે અને જ્યારે તેઓને યોગમાર્ગના પરમાર્થનો બોધ થાય છે ત્યારે યોગમાર્ગને સમ્યગ્ સેવવા માટેના તેઓ અત્યંત અર્થી બને છે અને યોગમાર્ગનું સમ્યગ્ સેવન કરવાનું સામર્થ્ય નહીં હોવાથી સ્વશક્તિ અનુસાર યોગમાર્ગને સેવે છે. આવા જીવો યોગમાર્ગના ત્રીજા પ્રકારના "અર્થાર્થી" નામના ઉપાસકો છે.

**(૪) જ્ઞાની :-** ત્રીજા પ્રકારના ઉપાસકો સ્વશક્તિ અનુસાર પુન:પુન: યોગમાર્ગને સેવીને જ્યારે સુઅભ્યાસવાળા બને છે ત્યારે યોગમાર્ગના પરમાર્થને જાણીને સર્વ શક્તિથી યોગની નિષ્પત્તિ કરી શકે તેવા તત્ત્વસંવેદનજ્ઞાનવાળા બને છે. આવા જીવો યોગમાર્ગના ચોથા પ્રકારના "જ્ઞાની" નામના ઉપાસકો છે.

આ રીતે ચાર પ્રકારના ઉપાસકો છે. એમાંથી પ્રથમના ત્રણ ઉપાસકો પૂર્ણ રીતે યોગમાર્ગને સેવી શકતા નથી તોપણ ઉપાસ્ય એવા પૂર્ણપુરુષનું અવલંબન

લઈને યોગમાર્ગનું સેવન કરે છે તેથી પૂર્ણ પુરુષના આલંબનરૂપ વસ્તુવિશેષને કારણે તે ત્રણે પ્રકારના ઉપાસકો ધન્ય છે. **॥૧૫-૭૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૭૬માં કહ્યું કે યોગના "જિજ્ઞાસુ" ઉપાસકો પણ શબ્દબ્રહ્મને ઓળંગે છે તેથી યોગના જિજ્ઞાસુઓ કઈ અપેક્ષાએ ધન્ય છે તે બતાવવા અર્થે શ્લોક-૭૭માં કહ્યું કે "જિજ્ઞાસુ"ના પૂર્વના "આર્ત" ઉપાસકો અને "જિજ્ઞાસુ"ના ઉત્તરભાવિ "અર્થાર્થી" ઉપાસકો પણ પૂર્ણ પુરુષને સેવનારા હોવાથી ધન્ય છે. હવે યોગમાર્ગના પરમાર્થને પામેલા એવા "જ્ઞાની" ઉપાસકો કેવા છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**ज्ञानी तु शान्तविक्षेपो, नित्यभक्तिर्विशिष्यते ।**
**अत्यासन्नो ह्यसौ भर्तुरन्तरात्मा सदाशयः ।।७८।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, शांतविक्षेपः=શાંત વિક્ષેપવાળા અર્થાત્ તત્ત્વના પરમાર્થને જાણનારા હોવાથી ચિત્ત આત્મમાત્રમાં પ્રતિબદ્ધ હોવાથી શાંત વિક્ષેપવાળા, नित्यभक्तिः=નિત્યભક્તિવાળા અર્થાત્ જેના હૈયામાં સદા વીતરાગ થવા માટે બદ્ધઅભિલાષ વર્તે છે તેથી નિત્ય વીતરાગનું સ્મરણ કરીને વીતરાગભાવથી આત્મા ભાવિત થાય તે રીતે વીતરાગભાવને સેવનારા, भर्तुः अत्यासन्नः हि=ભર્તાને જ અતિ આસન્ન અર્થાત્ ભર્તા એવા વીતરાગના વીતરાગભાવથી અતિ નજીકની ભૂમિકામાં વર્તતા હોવાથી અતિ આસન્ન, अन्तरात्मा=અંતરાત્મા અર્થાત્ આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણવા અને પ્રગટ કરવા માટે સર્વ ઉદ્યમ કરનારા હોવાથી અંતરાત્મા, सदाशयः= સદાશયવાળા અર્થાત્ સંસારનો ઉચ્છેદ કરીને માત્ર શુદ્ધ આત્માને પ્રગટ કરવાના ઉત્તમ આશયવાળા, असौ ज्ञानी विशिष्यते=આ જ્ઞાની વિશેષ છે અર્થાત્ પૂર્વના ત્રણ ઉપાસકો કરતાં વિશેષ ઉપાસક છે. ।।૧૫-૭૮।।**

**શ્લોકાર્થ :-**

**વળી, શાંત વિક્ષેપવાળા, નિત્યભક્તિવાળા, ભર્તાને જ અતિ આસન્ન, અંતરાત્મા, સદાશયવાળા, આ જ્ઞાની વિશેષ છે. ।।૧૫-૭૮।।**

**ભાવાર્થ :-**

પૂર્વના ત્રણ ઉપાસકો કરતાં સર્વ શ્રેષ્ઠ ઉપાસક એવા જ્ઞાની, ઉપાસ્ય એવા સર્વજ્ઞના વિશેષ પ્રકારના ઉપાસક છે. તેઓ વિશેષ પ્રકારના ઉપાસક કેમ છે તે બતાવવા અર્થે જ્ઞાનીનું સ્વરૂપ બતાવે છે.

**(૧) શાંત વિક્ષેપવાળા :-** સંસારના પારમાર્થિક સ્વરૂપનો યથાર્થ બોધ હોવાથી જ્ઞાની સંસારના ભાવોને અસાર જાણે છે તેથી પોતાના દેહથી માંડીને બાહ્ય સર્વ પદાર્થો તેમના ચિત્તને વિક્ષેપ ન કરી શકે તેવા શાંતરસના પરિણામવાળા છે.

**(૨) નિત્ય ભક્તિવાળા :-** વળી, જ્ઞાની હોવાથી સંસારી અવસ્થામાં જેઓ ગુણના ઉત્કર્ષવાળા છે એવા ચાર અતિશયવાળા તીર્થંકરોના પારમાર્થિક સ્વરૂપને જાણનારા છે. આથી જે તીર્થંકરોએ સંપૂર્ણ મોહનું ઉન્મૂલન કર્યું હોવાથી વીતરાગ છે, સંપૂર્ણ જ્ઞાનને આવરનારાં કર્મો નાશ કર્યાં હોવાથી કેવળજ્ઞાની છે, જગતના ઉપકારનું કારણ બને તેવી પ્રકૃષ્ટ પુણ્યપ્રકૃતિવાળા હોવાથી વચનાતિશયવાળા છે માટે જગતના જીવોના પરમ ઉપકારનું કારણ છે અને સર્વ ઉત્તમ પુરુષોથી પણ પૂજ્ય છે તેવા તીર્થંકરો પ્રત્યે જ્ઞાનીને સદા ભક્તિ વર્તે છે.

**(૩) ભર્તાને જ અતિ આસન્ન :-** જ્ઞાની પુરુષ, ભર્તા એવા તીર્થંકરોના વચનના પરમાર્થને જાણનારા છે અને સર્વ ઉદ્યમથી ભર્તાના વચનનું અવલંબન લઈને ભર્તા એવા તીર્થંકરોએ બતાવેલા વચનાનુસાર પ્રવૃત્તિ કરનારા છે. તેથી જેમ ભર્તા વીતરાગ હોવાથી ભાવથી સર્વથા સંગ વગરના છે તેમ જ્ઞાની પુરુષને પણ વીતરાગ સિવાય ક્યાંય સંગ નથી તેથી વીતરાગને જ અતિઆસન્ન છે.

**(૪) અંતરાત્મા :-** વળી, આ જ્ઞાની ઉપાસક સર્વ ઉદ્યમથી શુદ્ધ આત્માને પ્રગટ કરવા માટે ઉદ્યમશીલ છે તેથી અંતરાત્મા છે અર્થાત્ આત્માના પારમાર્થિક સ્વરૂપમાં નિવિશમાન છે.

**(૫) સદાશયવાળા :-** વળી, આ જ્ઞાની સંસારના પારમાર્થિક સ્વરૂપને જાણનારા

છે અને આત્માના પારમાર્થિક સ્વરૂપને પણ જાણનારા છે. તેથી આત્માને માટે અનર્થકારી એવા સંસારના ઉચ્છેદ માટે અને આત્માને માટે એકાંતે હિતકારી એવા મોક્ષ અર્થે ઉદ્યમ કરવાના આશયવાળા છે તેથી સદાશયવાળા છે.

આવા પ્રકારના જ્ઞાની ઉપાસક છે તેથી પ્રથમના ત્રણ ઉપાસકો કરતાં વિશેષ છે અર્થાત્ પ્રથમના ત્રણ ઉપાસકો સર્વ શક્તિથી સંસારના ઉચ્છેદ માટે પ્રવૃત્ત નથી તોપણ સ્વભૂમિકાનુસાર સંસારના ઉચ્છેદ માટે પ્રવૃત્ત છે, જ્યારે જ્ઞાની ઉપાસક તો સર્વશક્તિથી સંસારના ઉચ્છેદ માટે પ્રવૃત્ત છે તેથી પ્રથમના ત્રણ ઉપાસકો કરતાં વિશેષ છે. **॥૧૫-૭૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨માં કહેલ કે યોગ બે પ્રકારના છે – કર્મયોગ અને જ્ઞાનયોગ. ત્યારપછી તે બંને યોગોનું સ્વરૂપ બતાવ્યું અને શ્લોક-૨૪ માં કહ્યું કે જ્ઞાન ક્રિયા વગર નથી, અને ક્રિયા જ્ઞાન વગર નથી, પરંતુ ગૌણ-પ્રધાનભાવથી જ્ઞાનયોગ અને ક્રિયાયોગ છે. તેથી ફલિત થયું કે આદ્ય ભૂમિકાવાળા યોગીઓ પ્રધાનરૂપે ક્રિયાયોગને સેવે છે અને સંપન્ન ભૂમિકાવાળા યોગીઓ જ્ઞાનયોગને સેવે છે. તેની પુષ્ટિ કર્યા પછી અત્યાર સુધી જ્ઞાનયોગ અને કર્મયોગ કઈ રીતે પ્રધાન-ગૌણભાવ રૂપે વર્તે છે તેનું વર્ણન કર્યું. હવે તે સર્વ કથનનું નિગમન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**कर्मयोगविशुद्धस्तज्ज्ञाने युञ्जीत मानसम् ।**
**अज्ञश्चाश्रद्दधानश्च, संशयानो विनश्यति ।।७९।।**

**અન્વયાર્થ :-**

**तद्=તે કારણથી અર્થાત્ ક્રિયાયોગ અને જ્ઞાનયોગ પરસ્પર અનુવિદ્ધ હોવા છતાં પ્રથમ ભૂમિકામાં કર્મયોગ પ્રધાન હોય છે અને ઉત્તરની ભૂમિકામાં જ્ઞાનયોગ પ્રધાન હોય છે તે કારણથી, कर्मयोगविशुद्धः=કર્મયોગમાં વિશુદ્ધ એવા યોગી, ज्ञाने मानसं युञ्जीत=જ્ઞાનમાં અર્થાત્ જ્ઞાનયોગમાં, માનસને યોજે. अज्ञः अश्रद्दधानः च संशयानः च विनश्यति=અજ્ઞ, અશ્રદ્ધાળુ અને**

**સંશયવાળો પુરુષ નાશ પામે છે અર્થાત્ આ ત્રણ પ્રકારના યોગી કર્મયોગને છોડીને જ્ઞાનયોગમાં યત્ન કરે તો વિનાશ પામે છે. ।।૧૫-૭૯।।**

**શ્લોકાર્થ :-**

**તે કારણથી કર્મયોગમાં વિશુદ્ધ એવા યોગી જ્ઞાનયોગમાં માનસને યોજે. અજ્ઞ, અશ્રદ્ધાળુ અને સંશયવાળો પુરુષ નાશ પામે છે. ।।૧૫-૭૯।।**

**ભાવાર્થ :-**

જ્ઞાનયોગ અને કર્મયોગ બંને દ્રવ્ય અને પર્યાયની જેમ પરસ્પર અનુવિદ્ધ છે. ફક્ત આદ્ય ભૂમિકાવાળા યોગી પ્રધાનરૂપે કર્મયોગથી યત્ન કરીને આત્મહિત સાધે છે અર્થાત્ કર્મયોગને તે રીતે સેવે છે જેથી તે કર્મયોગના અવલંબનથી સહવર્તી નિર્લેપ ચિત્તરૂપ જ્ઞાનયોગ પ્રગટે છે. આથી જ આદ્યભૂમિકાવાળા યોગીઓ સૂત્ર, અર્થમાં અત્યંત ઉપયોગપૂર્વક સર્વ અનુષ્ઠાનો સેવે છે જેથી સૂત્રથી વાચ્ય અર્થને અવલંબીને પોતાનો આત્મા સાંસારિક ભાવોથી વિમુખ વિમુખતર થાય અને ઉપાસ્ય એવા ગુણવાન પુરુષોના ભાવોને સન્મુખ થાય.

આ રીતે આદ્યભૂમિકાવાળા યોગીઓ કર્મયોગથી વિશુદ્ધ બને છે અર્થાત્ જ્ઞાનયોગને સેવવાની શક્તિવાળા બને છે. તેવા યોગી જ્ઞાનયોગમાં માનસને યોજે છે અર્થાત્ જગતના સર્વ ભાવો પ્રત્યે અત્યંત ઉપેક્ષા ઉલ્લસિત કરીને સર્વથા મોહથી અનાકુળ એવા જ્ઞાનના પરિણામમાં ચિત્તને સ્થિર કરે છે. તેઓ અસંગભાવની પ્રાપ્તિ દ્વારા ક્રમે કરીને વીતરાગ બને છે.

(૧) **અજ્ઞ :-** વળી, જેઓ શાસ્ત્રો ભણ્યા નથી અથવા શાસ્ત્ર કાંઈક ભણેલા હોવા છતાં શાસ્ત્રના પરમાર્થને પામ્યા નથી તેઓ અજ્ઞ છે. તેથી વિચારે છે કે ષડાવશ્યક આદિ ક્રિયારૂપ કર્મયોગ સ્વર્ગની પ્રાપ્તિનું કારણ છે, મોક્ષની પ્રાપ્તિનું કારણ નથી. વળી, ક્રિયાઓમાં શક્તિનો વ્યય કરવા કરતાં જ્ઞાનયોગમાં યત્ન કરવાથી સ્વઇષ્ટ એવા મોક્ષની પ્રાપ્તિ થશે એમ વિચારીને કર્મયોગનો ત્યાગ કરે છે અને જ્ઞાનયોગમાં જવા માટે માત્ર શુદ્ધ આત્માના સ્વરૂપનો વિચાર કરે છે. પરંતુ શુદ્ધ આત્મામાં જવાને અનુકૂળ શક્તિનો સંચય ક્રિયાયોગથી થયેલો નહીં હોવાથી જ્ઞાનયોગને પામતા નથી, તેથી અજ્ઞ જીવો યોગમાર્ગને પામ્યા

વગર વિનાશને પામે છે.

(૨) **અશ્રદ્ધાવાળા :-** વળી, કેટલાક જીવો આત્મકલ્યાણના અર્થી છે. કલ્યાણ અર્થે શાસ્ત્રને કાંઈક ભણે છે અને શાસ્ત્રમાં યોગી પુરુષોએ સ્થાને સ્થાને ક્રિયાયોગને સેવીને જ્ઞાનયોગમાં જવાનો ઉપદેશ કર્યો છે આમ છતાં તે વચનો પ્રત્યે અશ્રદ્ધાવાળા છે અને સ્વમતિ અનુસાર વિચારે છે કે કર્મયોગ તો પુદ્ગલની ક્રિયારૂપ છે, આત્માની ક્રિયારૂપ નથી. જ્યારે જ્ઞાનયોગ તો આત્માના શુદ્ધભાવને સ્ફુરણ કરવાની ક્રિયારૂપ છે માટે જ્ઞાનયોગમાં ઉદ્યમ કરવો જોઈએ. આમ વિચારીને ભગવાનના વચનમાં અશ્રદ્ધાવાળા તેઓ જ્ઞાનયોગમાં યત્ન કરે છે. પરંતુ જ્ઞાનયોગને અનુરૂપ ચિત્તની શુદ્ધિ ક્રિયાયોગથી પ્રાપ્ત થયેલ નહીં હોવાને કારણે જ્ઞાનયોગને પામતા નથી અને કર્મયોગને પણ સેવતા નથી. તેથી અશ્રદ્ધાવાળા જીવો જ્ઞાનયોગ અને ક્રિયાયોગને પામ્યા વગર વિનાશને પામે છે.

(૩) **સંશયવાળા :-** વળી, કેટલાક જીવો સંસારથી કાંઈક વિમુખ થયેલા અને આત્મકલ્યાણ અર્થે કાંઈક જ્ઞાનને પામેલા હોવા છતાં કર્મયોગ અને જ્ઞાનયોગના પરમાર્થને પામેલા નથી. વળી, કોઈક નિમિત્તને પામીને તેઓને સંશય થાય છે કે "કર્મયોગ તો ક્રિયાઓની આચરણારૂપ છે અને આવી ક્રિયાઓ જીવે અનંતી વખત કરી તે શાસ્ત્રમાં સંભળાય છે તેથી ક્રિયામાં યત્ન કરવાથી કાંઈ થતું નથી પરંતુ નિર્લેપ ચિત્ત થાય તો જ આ સંસારનો અંત થઈ શકે છે." એમ વિચારીને જ્ઞાનયોગમાં રુચિ ધરાવે છે અને જ્ઞાનયોગના ઉપાયરૂપે શાસ્ત્રકારોએ કર્મયોગને કહ્યો છે તે વચનમાં સંશય ધારણ કરે છે. તેથી સંશયને પામેલા એવા તે જીવો કર્મયોગમાં ઉદ્યમ કરતા નથી અને કર્મયોગના સેવનથી આત્માની શુદ્ધિ પામેલા નહીં હોવાથી જ્ઞાનયોગને પણ પ્રાપ્ત કરી શકતા નથી. તેથી આવા જીવો જ્ઞાનયોગ અને ક્રિયાયોગ પામ્યા વગર વિનાશ પામે છે. **॥૧૫-૭૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૭૯માં કહ્યું કે કર્મયોગથી વિશુદ્ધ થયેલા યોગીઓ જ્ઞાનમાં માનસને યોજે છે તેથી હવે જ્ઞાનયોગમાં માનસને યોજનાર યોગી કેવા હોય છે તેનું સ્વરૂપ ત્રણ શ્લોકથી બતાવે છે –**

શ્લોક :-

निर्भयः स्थिरनासाग्रदत्तदृष्टिर्व्रते स्थितः ।
सुखासनः प्रसन्नास्यो, दिशश्चानवलोकयन् ।।८०।।
देहमध्यशिरोग्रीवमवक्रं धारयन्बुधः ।
दन्तैरसंस्पृशन् दन्तान्, सुश्लिष्टाधरपल्लवः ।।८१।।
आर्त्तरौद्रे परित्यज्य, धर्म्ये शुक्ले च दत्तधीः ।
अप्रमत्तो रतो ध्याने, ज्ञानयोगी भवेन्मुनिः ।।८२।।

અન્વયાર્થ :-

निर्भयः=નિર્ભય, स्थिरनासाग्रदत्तदृष्टिः=સ્થિર થઈને નાસાના અગ્ર ભાગ ઉપર સ્થાપન કરી છે દૃષ્ટિ જેણે એવા, व्रते स्थितः=વ્રતમાં સ્થિત=વ્રતના પરિણામમાં રહેલા, सुखासनः=સુખાસનવાળા, प्रसन्नास्यः=પ્રસન્ન મુખવાળા, दिशश्चानवलोकयन्=અને દિશાને નહીં અવલોકન કરતા, ॥૧૫-૮૦॥

देहमध्यशिरोग्रीवमवक्रं धारयन्=દેહનું મધ્ય, શિર અને ગ્રીવાને અવક્ર ધારણ કરતા, बुधः=બુધ=બોધવાળા, दन्तैः दन्तान् असंस्पृशन्=દાંતો વડે દાંતોને નહીં સ્પર્શતા, सुश्लिष्टाधरपल्लवः=સારી રીતે શ્લિષ્ટ છે હોઠ જેના એવા, ॥૧૫-૮૧॥

आर्त्तरौद्रे परित्यज्य=આર્ત્ત અને રૌદ્ર (ધ્યાન)નો ત્યાગ કરીને, धर्म्ये शुक्ले च दत्तधीः=ધર્મ અને શુક્લ (ધ્યાન)માં સ્થાપન કરેલી બુદ્ધિવાળા, अप्रमत्तः= અપ્રમત્ત, ध्याने रतः=ધ્યાનમાં રત એવા, मुनिः=મુનિ, ज्ञानयोगी भवेत्=જ્ઞાનયોગી થાય. ॥૧૫-૮૨॥

શ્લોકાર્થ :-

નિર્ભય, સ્થિર થઈને નાસાના અગ્ર ભાગ ઉપર સ્થાપન કરી છે દૃષ્ટિ જેણે એવા, વ્રતના પરિણામમાં રહેલા, સુખાસનવાળા, પ્રસન્ન મુખવાળા, અને દિશાને નહીં અવલોકન કરતા, ॥૧૫-૮૦॥

દેહનું મધ્ય, શિર અને ગ્રીવાને અવક્ર ધારણ કરતા, બુધ, દાંતો

**વડે દાંતોને નહીં સ્પર્શતા, સારી રીતે શ્લિષ્ટ છે હોઠ જેના એવા, ||૧૫-૮૧||**

**આર્ત્ત અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરીને, ધર્મ અને શુક્લ ધ્યાનમાં સ્થાપન કરેલી બુદ્ધિવાળા, અપ્રમત્ત, ધ્યાનમાં રત એવા, મુનિ જ્ઞાનયોગી થાય. ||૧૫-૮૨||**

**ભાવાર્થ :**

ક્રિયાયોગને સેવીને જેનું ચિત્ત અત્યંત વિશુદ્ધ થયેલું છે એવા મુનિ જ્ઞાનયોગને સેવે છે. તે જ્ઞાનયોગના સેવનકાળમાં મુનિ કઈ રીતે પ્રવૃત્તિ કરે છે તે બતાવતાં કહે છે.

સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણનારા યોગી સંસારથી અત્યંત ભય પામેલા હોય છે અને જ્યારે ચિત્ત સર્વથા અસંગભાવ તરફ જાય છે ત્યારે સંસારની પ્રાપ્તિના કારણીભૂત સંગનો પરિણામ નહીં હોવાથી યોગીને સંસારનો પણ ભય રહેતો નથી, પરંતુ સહજ ભાવથી અસંગભાવમાં વર્તે છે તેવા યોગી નિર્ભય છે. આવા યોગી જ્ઞાનયોગને સેવનારા બને છે.

વળી, જ્ઞાનયોગને સેવનારા યોગી કાયાથી સ્થિર થઈને નાસાના અગ્રભાગ ઉપર દૃષ્ટિને સ્થાપન કરીને રહેલા હોય છે જેથી જગતના પદાર્થો સાથે ચિત્તને સંશ્લેષ થતો નથી પરંતુ પોતાના ધ્યેયને પ્રગટ કરવાને અનુકૂળ સુદૃઢ વ્યાપાર વર્તે છે.

વળી, જ્ઞાનયોગને સેવનારા યોગી વ્રતમાં રહેલા હોય છે અર્થાત્ પાંચ મહાવ્રતોરૂપ વ્રતમાં રહેલા હોય છે તેથી મનથી, વચનથી કે કાયાથી સર્વ આરંભના પરિહારપૂર્વક આત્માના વિશુદ્ધ ભાવોમાં રહેલા હોય છે.

વળી, જ્ઞાનયોગ સેવાનારા યોગી સુખાસનથી બેઠેલા હોય છે અર્થાત્ જે આસન સેવવામાં તેમના ચિત્તનો વ્યાક્ષેપ ન થાય તે પ્રકારના આસનમાં રહીને ધ્યાનમાં ઉદ્યમ કરનારા હોય છે.

વળી, જ્ઞાનયોગને સેવનારા યોગીનું ચિત્ત અત્યંત પ્રસન્ન હોય છે; કેમ કે મનુષ્યભવની પ્રાપ્તિ કરીને જે કાંઈ પ્રાપ્ત કરવા જેવું છે તે તેમને પ્રાપ્ત થયું છે

તેથી તેઓના ચિત્તની પ્રસન્નતા મુખ ઉપર પણ વ્યક્ત જણાય છે.

વળી, જ્ઞાનયોગને સેવનારા યોગી આસનમાં બેસીને કોઈ દિશાનું અવલોકન ન થાય તે પ્રકારે સ્થિર ઉપયોગવાળા હોય છે; કેમ કે બાહ્ય પદાર્થોને જોવાવિષયક અને જાણવાવિષયક ઉત્સુકતા અત્યંત વિશ્રાંત થયેલ છે અને અંતરંગ આત્મભાવોની સમૃદ્ધિમાં ચિત્ત અત્યંત ઉપયુક્ત છે તેથી કોઈ દિશાનું અવલોકન કરતા નથી.

વળી, જ્ઞાનયોગને સેવનારા યોગી દેહનો મધ્યભાગ, શિર અને ગ્રીવાને અવક્ર ધારણ કરીને રહેલા હોય છે જેથી દેહકૃત કોઈ જડતાને કારણે પણ શુદ્ધ આત્મામાં જવા માટેના કરાતા યત્નમાં મ્લાનિ થતી નથી.

વળી, જ્ઞાનયોગને સેવનારા યોગીએ શુદ્ધ આત્મામાં જવા માટે લક્ષ્યભૂત એવા આત્મતત્ત્વના પરમાર્થને ઘણો સારી રીતે પ્રાપ્ત કર્યો હોય છે જેના બળથી ધ્યાનમાં સમ્યક્ ઉદ્યમ કરી શકે તેવા બોધવાળા હોય છે.

વળી, જ્ઞાનયોગને સેવનારા યોગી ધ્યાનમાં વર્તતી વખતે દેહને તે રીતે પ્રવર્તાવે છે કે જેથી ઉપરના દાંતો અને નીચેના દાંતોનો પરસ્પર સ્પર્શ ન થાય, જે ધ્યાનમાં જવા માટે ઉપકારક એવી કાયાની અવસ્થા છે.

વળી, જ્ઞાનયોગને સેવનારા યોગી ધ્યાનમાં ઉપકારક એવા બિડાયેલા હોઠવાળા હોય છે.

વળી, બાહ્ય પદાર્થોને સ્પર્શીને થતા વિચારો આર્તધ્યાન કે રૌદ્રધ્યાનરૂપ હોય છે કે આર્તધ્યાન કે રૌદ્રધ્યાનની પૂર્વભૂમિકારૂપ હોય છે, પરંતુ જ્ઞાનયોગને સેવનારા યોગી અંતરંગ ચિત્તને તે રીતે શાંત કરીને ધ્યાનમાં યત્ન કરતા હોય છે કે જેથી શુદ્ધ આત્મતત્ત્વથી અતિરિક્ત બાહ્ય પદાર્થને અવલંબીને ઉપયોગ પ્રવર્તે નહીં અને શુદ્ધ આત્મતત્ત્વમાં જવા માટે સુદૃઢ વ્યાપાર થાય તેથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં દત્તબુદ્ધિવાળા હોય છે. આવા યોગી જ્યારે પરમાત્માનું સ્વરૂપ કે શાસ્ત્ર વચનાનુસાર તત્ત્વના સ્વરૂપનું ચિંતવન કરતા હોય ત્યારે ધર્મધ્યાનમાં વર્તે છે અને મોહથી અનાકુળ એવા શુદ્ધ આત્માના સ્વરૂપને અવલંબીને તેમાં નિવેશ માટે સુદૃઢ વ્યાપાર કરતા હોય ત્યારે શુક્લધ્યાનમાં વર્તતા હોય છે.

વળી, જ્ઞાનયોગને સેવનારા યોગી પોતાની શક્તિના પ્રકર્ષથી લક્ષને સાધવા માટે અપ્રમત હોય છે અને ધ્યાનમાં રતિવાળા હોય છે.

આવી પ્રવૃત્તિઓને કરનારા મુનિ જ્ઞાનયોગી થાય છે. **॥૧૫-૮૦/૮૧/૮૨॥**

**અવતરણિકા :-**

**યોગસ્વરૂપ અધિકારનું નિગમન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**कर्मयोगं समभ्यस्य, ज्ञानयोगसमाहितः ।**
**ध्यानयोगं समारुह्य मुक्तियोगं प्रपद्यते ॥८३॥**

**અન્વયાર્થ :-**

**कर्मयोगं समभ्यस्य=કર્મયોગનો અભ્યાસ કરીને, ज्ञानयोगसमाहितः=જ્ઞાનયોગથી સમાહિત થયેલા (જ્ઞાનયોગી), ध्यानयोगं समारुह्य=ધ્યાનયોગનું સમારોહણ કરીને, मुक्तियोगं प्रपद्यते=મુક્તિયોગને પ્રાપ્ત કરે છે. ॥૧૫-૮૩॥**

**શ્લોકાર્થ :-**

**કર્મયોગનો અભ્યાસ કરીને જ્ઞાનયોગથી સમાહિત થયેલા જ્ઞાનયોગી ધ્યાનયોગનું સમારોહણ કરીને મુક્તિયોગને પ્રાપ્ત કરે છે. ॥૧૫-૮૩॥**

**ભાવાર્થ :-**

યોગમાર્ગના અર્થી જીવો પ્રથમ કર્મયોગનો અભ્યાસ કરે છે અને કર્મયોગના અભ્યાસકાળમાં મન, વચન, કાયાને શાસ્ત્રાનુસારી ક્રિયામાં તે રીતે પ્રવર્તાવે છે કે જેથી તે તે ક્રિયાઓથી નિષ્પાદ્ય ભાવોમાં અસ્ખલિત યત્ન થાય તેથી તે ક્રિયાથી અન્ય ભાવો ચિત્તમાં સ્થાન જ પામે નહીં અને જ્યારે તે કર્મયોગ સુઅભ્યસ્ત થાય છે ત્યારે તે યોગી સર્વથા અતિચારરહિત સંયમની ક્રિયા પ્રતિદિન કરી શકે છે.

ત્યારપછી તે યોગી જ્ઞાનયોગમાં યત્ન કરે છે અને જ્ઞાનયોગથી સમાહિત માનસવાળા બને છે ત્યારે તે યોગીનું ચિત્ત જગતના ભાવો પ્રત્યે પરમ ઉપેક્ષાવાળું

હોય છે. બાહ્ય પદાર્થોને જાણવાની, જોવાની કે તેનાથી આનંદ મેળવવાની લેશ પણ મનોવૃત્તિ હોતી નથી તેવા યોગી જ્ઞાનયોગથી સમાધાનને પામેલા ચિત્તવાળા છે.

વળી, તેઓ ધ્યાનયોગમાં સુદૃઢ વ્યાપાર કરીને મોહના સંસ્કારોનું સર્વથા ઉન્મૂલન કરે છે અને મોહઆપાદક કર્મનો સર્વથા નાશ કરે છે ત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને ત્યારપછી શુક્લધ્યાનના છેલ્લા બે પાયાને સેવીને મોક્ષને પામે છે. **॥૧૫-૮૩॥**

## પંદરમો યોગ અધિકાર સમાપ્ત

## અધિકાર-૧૬

# ધ્યાનસ્વરૂપ અધિકાર

**પૂર્વ અધિકાર સાથે જોડાણ :-**

સમ્યક્ત્વની પ્રાપ્તિથી અધ્યાત્મની શુદ્ધિ થાય છે તેથી યોગની પ્રાપ્તિ થાય છે. આ યોગનું સ્વરૂપ પૂર્વના અધિકારમાં બતાવ્યું. વળી, યોગના બે પ્રકાર બતાવ્યા. કર્મયોગ અને જ્ઞાનયોગ. મોક્ષમાર્ગમાં પ્રવેશી ચૂકેલા સમ્યગ્દૃષ્ટિ સાધક યોગી કર્મયોગને સેવીને ધીમે ધીમે જ્ઞાનયોગમાં યત્ન કરે છે અને જ્ઞાનયોગથી સમાહિત ચિત્તવાળા યોગી ધ્યાન દશાને પામે છે, એમ પૂર્વના અધિકારના અંતે કહ્યું. તેથી હવે ધ્યાનસ્વરૂપ અધિકાર બતાવે છે. જેમાં ધ્યાનનું સ્વરૂપ અને ધ્યાનના પ્રકાર બતાવીને શ્રેષ્ઠ ધ્યાનથી સાધક કઈ રીતે મોક્ષમાં વિશ્રાંતિને પામે છે તે બતાવે છે.

**અવતરણિકા :-**

**ધ્યાનનું સ્વરૂપ બતાવવા અર્થે ચિત્તની ચાર અવસ્થા બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**स्थिरमध्यवसानं यत् तद् ध्यानं चित्तमस्थिरम् ।**
**भावना चाप्यनुप्रेक्षा, चिन्ता वा तत् त्रिधा मतम् ।।१।।**

**અન્વયાર્થ :-**

**यद् स्थिरमध्यवसानं=જે સ્થિર અધ્યવસાય છે, तद् ध्यानं=તે ધ્યાન છે. (यद्) चापि अस्थिरम् चित्तं=અને વળી, જે અસ્થિર ચિત્ત છે, तद्=તે=ચિત્ત, भावना अनुप्रेक्षा चिन्ता वा=ભાવના અથવા અનુપ્રેક્ષા અથવા ચિંતા, त्रिधा मतम्=ત્રણ પ્રકારનું કહેવાયેલું છે. ।।૧૬-૧।।**

**શ્લોકાર્થ :-**

**જે સ્થિર અધ્યવસાય છે, તે ધ્યાન છે અને વળી, જે અસ્થિર ચિત્ત**

**છે, તે ભાવના અથવા અનુપ્રેક્ષા અથવા ચિંતા – ત્રણ પ્રકારનું કહેવાયેલું છે. ॥૧૬-૧॥**

**ભાવાર્થ :-**

છદ્મસ્થ અવસ્થામાં જે કાંઈ બોધ થાય છે, તે મન દ્વારા થાય છે અને મનને જ ચિત્ત કહેવામાં આવે છે. વળી, ચિત્ત જ્યારે કોઈક એક વિષય ઉપર સ્થિર વર્તતું હોય ત્યારે આત્મામાં સ્થિર અધ્યવસાય વર્તે છે, તેને ધ્યાન કહેવામાં આવે છે.

વળી, કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી શુક્લધ્યાનના છેલ્લા બે પાયાની પ્રાપ્તિ થાય છે, તે વખતનું ધ્યાન ચિત્તરૂપ નથી, પરંતુ સ્થિર અધ્યવસાયરૂપ છે તેથી સર્વ ધ્યાનમાં ધ્યાનનું લક્ષણ જાય માટે પ્રસ્તુત શ્લોકમાં સ્થિર અધ્યવસાયને ધ્યાન કહ્યું છે, પરંતુ સ્થિર ચિત્તને ધ્યાન કહેલ નથી.

વળી, ચિત્ત અસ્થિર અવસ્થામાં હોય છે ત્યારે ક્વચિત્ ભાવનારૂપ હોય છે અથવા ક્વચિત્ અનુપ્રેક્ષારૂપ હોય છે અથવા ક્વચિત્ ચિંતારૂપ હોય છે અર્થાત્ કોઈક પદાર્થના ચિંતવન સ્વરૂપ હોય છે તેથી અસ્થિર ચિત્ત ત્રણ પ્રકારનું મનાયું છે.

અહીં વિશેષ એ છે કે છદ્મસ્થ અવસ્થામાં જ્યારે જીવનો રાગનો કે દ્વેષનો પરિણામ વર્તતો હોય ત્યારે તે રાગની કે દ્વેષની પરિણતિને કારણે જીવ કોઈક ને કોઈક વિષયને અવલંબીને મનોવ્યાપાર કરે છે અને તે મનોવ્યાપાર ચાર વિભાગમાં વિભક્ત છે.

**(૧) ધ્યાન :-** જ્યારે કોઈક પદાર્થ પ્રત્યે અત્યંત રાગભાવ વર્તતો હોય ત્યારે ચિત્ત તે વિષયમાં અત્યંત પ્રવર્તે છે જેથી મતિજ્ઞાનનો ઉપયોગ અવગ્રહાદિના ક્રમથી અપાય સુધી જાય છે. ત્યારપછી તે જ પદાર્થમાં અવિચ્યુતિરૂપ ધારણા વર્તતી હોય છે અને તે સ્થિર અધ્યવસાયરૂપ છે માટે ધ્યાન છે. વળી, આ ધ્યાન મોહને વશ થઈને બાહ્ય પદાર્થ વિષયક એકાગ્રતાવાળું હોય ત્યારે દુર્ધ્યાન વર્તે છે અને જ્યારે આત્માના પારમાર્થિક સ્વરૂપના પક્ષપાતને કારણે તત્ત્વના રાગથી પ્રેરાઈને કોઈક પદાર્થવિષયક એકાગ્રતાવાળું હોય ત્યારે તે સુધ્યાન બને છે.

(૨,૩,૪) **ભાવના, અનુપ્રેક્ષા, ચિંતા :-** વળી જ્યારે તેવો તીવ્ર રાગ પ્રવર્તતો નથી ત્યારે જીવ કોઈક પદાર્થ વિષયક ચિંતવન કરે છે અને તે અસ્થિર ચિત્ત ભૂમિકાના ભેદથી ભાવનારૂપ, અનુપ્રેક્ષારૂપ કે ચિંતારૂપ બને છે. **॥૧૬-૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ધ્યાનનું સ્વરૂપ બતાવ્યું. વળી, ધ્યાનના સ્વરૂપના બોધ માટે ઉપયોગી અને ધ્યાનથી ભિન્ન એવા અસ્થિર ચિત્તના ત્રણ ભેદો બતાવ્યા. હવે તે ધ્યાન એક પદાર્થ ઉપર કેટલો કાળ રહી શકે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**मुहूर्त्तान्तर्भवेद् ध्यानमेकार्थे मनसः स्थितिः ।**
**बह्वर्थसङ्क्रमे दीर्घाप्यच्छिन्ना ध्यानसन्ततिः ।।२।।**

**અન્વયાર્થ :-**

**एकार्थे मुहूर्त्तान्तर्=એકાર્થમાં અંતર્મુહૂર્ત=એક પદાર્થમાં અંતર્મુહૂર્ત સુધી, मनसः स्थितिः=મનની સ્થિતિ અર્થાત્ સ્થિરતા, ध्यानं भवेत्=ધ્યાન છે. (અને) बह्वर्थसङ्क्रमे=બહુ અર્થના સંક્રમ થયે છતે=એક ધ્યાન સમાપ્ત થયા પછી નવા અર્થ વિષે ધ્યાન શરૂ કરતી વખતે નવા અર્થમાં ચિત્ત સંક્રમ પામે છે તે રીતે ઘણા અર્થમાં ચિત્તનું સંક્રમ થયે છતે, दीर्घाप्यच्छिन्ना=દીર્ઘ પણ અચ્છિન્ન=લાંબા કાળ સુધી પણ અસ્ખલિત, ध्यानसंततिः=ધ્યાનની સંતતિ છે=ધ્યાનનો પ્રવાહ છે. ॥૧૬-૨॥**

**શ્લોકાર્થ :-**

**એકાર્થમાં અંતર્મુહૂર્ત સુધી મનની સ્થિતિ ધ્યાન છે અને બહુ અર્થના સંક્રમ થયે છતે દીર્ઘ પણ અચ્છિન્ન ધ્યાનની સંતતિ છે. ॥૧૬-૨॥**

**ભાવાર્થ :-**

છદ્મસ્થાવસ્થામાં કોઈપણ અર્થ ઉપર મનને સ્થાપન કરીને સુદૃઢ વ્યાપાર કરવામાં આવે તો ચિત્ત એક અંતર્મુહૂર્ત સુધી એક અર્થમાં સ્થિર રહી શકે છે,

તેથી એક ધ્યાનના કાળની અવધિ અંતર્મુહૂર્તની છે, તેનાથી અધિક નથી. આમ છતાં કોઈ યોગી એક ધ્યાન પૂરું કર્યા પછી ફરી અન્ય પદાર્થ ઉપર ચિત્તને સ્થાપન કરે તો બીજું ધ્યાન પણ પ્રગટે છે. આ રીતે એક ધ્યાનના આંતરા વગર ધ્યાનની સંતતિ બહુ અર્થનું સંક્રમણ હોતે છતે દીર્ઘકાળ સુધી પણ થઈ શકે છે. આથી મોહને વશ જીવો પણ કોઈક પદાર્થ ઉપર અત્યંત રાગ કે અત્યંત દ્વેષથી એકાગ્ર થયા હોય તો તે અશુભ ધ્યાનની સંતતિ દીર્ઘકાળ સુધી અવિચ્છિન્ન ચાલી શકે છે.

વળી, કોઈ યોગી શુભધ્યાનમાં પણ યત્ન કરતા હોય અને તેમનો તત્ત્વવિષયક રાગ અત્યંત દૃઢ પ્રવર્તતો હોય તો એક ધ્યાનની સમાપ્તિ પછી તરત અન્ય ધ્યાન કરી શકે છે અને વિચ્છેદ વગર દીર્ઘકાળ સુધી ધ્યાનની સંતતિમાં યત્ન કરી શકે છે. ફક્ત દરેક ધ્યાનનો પ્રારંભ અવગ્રહાદિના ક્રમથી કોઈક પદાર્થ વિષયક અપાય થાય છે ત્યારપછી અવિચ્યુતિરૂપ ધારણા પ્રવર્તે છે ત્યારે ધ્યાન શરૂ થાય છે અને એક ધ્યાન સમાપ્ત થયા પછી બીજું ધ્યાન પ્રારંભ થાય ત્યારે પણ અવગ્રહાદિના ક્રમથી કોઈક પદાર્થ વિષયક અવિચ્યુતિરૂપ ધારણાને પ્રાપ્ત કરે છે ત્યારે બીજું ધ્યાન શરૂ થાય છે. વળી, કોઈક યોગીનું ચિત્ત એક ધ્યાન કર્યા પછી તેવો સુદૃઢ વ્યાપાર અન્ય પદાર્થવિષયક ન કરી શકે તો શુભ ચિંતવન કે અનુપ્રેક્ષા કે ભાવનારૂપ ચિત્તની પ્રાપ્તિ થઈ શકે છે અને તેવા યોગીઓને અવિચ્છિન્ન દીર્ઘ ધ્યાનની સંતતિ પ્રાપ્ત થતી નથી. **॥૧૬-૨॥**

**અવતરણિકા :-**

**પ્રસ્તુત ધ્યાનનો અધિકાર છે તેથી પ્રથમ શ્લોકમાં ધ્યાનનું સ્વરૂપ બતાવ્યું અને ધ્યાનનો બોધ કરાવવા અર્થે અસ્થિર ચિત્તના ત્રણ ભેદો બતાવ્યા. ત્યારપછી છદ્મસ્થનું ધ્યાન અંતર્મુહૂર્તનું છે તોપણ ધ્યાનની સંતતિ દીર્ઘકાળ સુધી થઈ શકે છે તે વાત બીજા શ્લોકમાં બતાવી. હવે તે ધ્યાનના ભેદો બતાવે છે –**

**શ્લોક :-**

**आर्त्तं रौद्रं च धर्म्यं च, शुक्लं चेति चतुर्विधम् ।**
**तत् स्याद् भेदाविह द्वौ द्वौ, कारणं भवमोक्षयोः ।।३।।**

**અન્વયાર્થ :-**

आर्त्तं, रौद्रं च धर्म्यं च शुक्लं च=આર્ત્ત અને રૌદ્ર અને ધર્મ અને શુક્લ, इति चतुर्विधम् तत् स्याद्=એ પ્રમાણે ચાર પ્રકારનું તે થાય અર્થાત્ ધ્યાન છે. इह=અહીં=ચાર પ્રકારના ધ્યાનમાં, द्वौ द्वौ भेदौ भवमोक्षयोः कारणं=બે બે ભેદો ભવ અને મોક્ષનાં કારણ છે=પ્રથમ બે ભવનાં કારણ છે અને છેલ્લા બે મોક્ષનાં કારણ છે. ॥૧૬-૩॥

**શ્લોકાર્થ :-**

**આર્ત્ત અને રૌદ્ર અને ધર્મ અને શુક્લ એ પ્રમાણે ચાર પ્રકારનું ધ્યાન છે. ચાર પ્રકારના ધ્યાનમાં પ્રથમ બે ભવનાં કારણ છે અને છેલ્લા બે મોક્ષનાં કારણ છે. ॥૧૬-૩॥**

**ભાવાર્થ :-**

ધ્યાન ચાર ભેદવાળું છે :- (૧) આર્ત્તધ્યાન, (૨) રૌદ્રધ્યાન, (૩) ધર્મધ્યાન અને (૪) શુક્લધ્યાન. આ ચાર પ્રકારના ધ્યાનના ભેદમાંથી આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન ભવનાં કારણ છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન મોક્ષનાં કારણ છે. **॥૧૬-૩॥**

## -: આર્ત્તધ્યાન :-

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ધ્યાનના ચાર ભેદો બતાવ્યા. તેમાંથી આર્ત્તધ્યાનના ચાર ભેદોનું સ્વરૂપ શ્લોક-૪ અને ૫માં બતાવે છે –**

**શ્લોક :-**

**शब्दादीनामनिष्टानां, वियोगासम्प्रयोगयोः ।**
**चिन्तनं वेदनायाश्च, व्याकुलत्वमुपेयुषः ॥४॥**
**इष्टानां प्रणिधानं च, सम्प्रयोगावियोगयोः ।**
**निदानचिन्तनं पापमार्त्तमित्थं चतुर्विधम् ॥५॥**

**અન્વયાર્થ :-**

**अनिष्टानां शब्दादीनां वियोगासम्प्रयोगयोः चिन्तनं=અનિષ્ટ એવા શબ્દાદિઓના વિયોગનું અને અસંયોગનું ચિંતવન, वेदनायाश्च व्याकुलत्वमुपेयुषः (चिन्तनं)= અને વ્યાકુળપણાને પામેલાનું વેદનાનું ચિંતવન,**

**इष्टानां सम्प्रयोगावियोगयोः प्रणिधानं=ઇષ્ટના સંયોગનું અને અવિયોગનું પ્રણિધાન, निदानचिन्तनं च=અને નિદાનનું ચિંતવન, इत्थं=એ પ્રમાણે=પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રકારે, पापमार्त्तं चतुर्विधम्=પાપરૂપ એવું આર્તધ્યાન ચાર પ્રકારનું છે. ॥૧૬-૪/૫॥**

**શ્લોકાર્થ :-**

**અનિષ્ટ એવા શબ્દાદિઓના વિયોગનું અને અસંયોગનું ચિંતવન અને વ્યાકુળપણાને પામેલાનું વેદનાનું ચિંતવન,**

**ઇષ્ટના સંયોગ અને અવિયોગનું પ્રણિધાન અને નિદાનનું ચિંતવન, એ પ્રમાણે પાપરૂપ એવું આર્તધ્યાન ચાર પ્રકારનું છે. ॥૧૬-૪/૫॥**

**ભાવાર્થ :-**

આર્તધ્યાનના ચાર પ્રકારો બતાવે છે :- (૧) પાંચ ઇન્દ્રિયોના ૨૩ વિષયો છે, તેમાં જે અનિષ્ટ એવા શબ્દાદિ વિષયો પ્રાપ્ત થયા હોય અને આ વિષયોનો વિયોગ કઈ રીતે થાય તેનું ચિંતવન થતું હોય અથવા તે અનિષ્ટ વિષયોની પ્રાપ્તિ ન થઈ હોય છતાં તે અનિષ્ટ વિષયોનો સંયોગ ન થાય તેના વિષયક જે ચિંતવન છે, તે જ્યાં સુધી સ્થિર ઉપયોગ ન વર્તે ત્યાં સુધી આર્તધ્યાનની પૂર્વભૂમિકારૂપ છે અને તે ચિંતવન એકાગ્રતાવાળું બને ત્યારે આર્તધ્યાન છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે જીવનો વિષયો પ્રત્યેના સંગનો પરિણામ સ્ફુરાયમાન થતો હોય અને અનિષ્ટ વિષયો પ્રત્યે દ્વેષોલ્લેખ વર્તતો હોય અને તેના કારણે પ્રાપ્ત થયેલા અનિષ્ટના વિયોગનું ચિંતવન થતું હોય અથવા ભાવિમાં પ્રાપ્તિની સંભાવનાને કારણે તે અનિષ્ટ વિષયો પ્રત્યે દ્વેષોલ્લેખને કારણે અસંયોગનું ચિંતવન થતું હોય તે પ્રથમ પ્રકારનું આર્તધ્યાન છે.

(૨) સંસારી જીવોને શારીરિક વેદનાથી જે વ્યાકુળતા ઉત્પન્ન થાય છે તેના

કારણે તે વ્યાકુળતાને દૂર કરવા માટે જે ચિંતવન પ્રગટે છે તે બીજા પ્રકારનું આર્ત્તધ્યાન છે.

આ આર્ત્તધ્યાનમાં પણ વેદના પ્રત્યે દ્વેષોલ્લેખ વર્તે છે.

(૩) સંસારી જીવોને બાહ્ય પદાર્થોમાં સંગ કરવાનો પરિણામ વર્તે છે. ઇન્દ્રિયોને ઇષ્ટ અને અપ્રાપ્ત થયેલા એવા બાહ્ય પદાર્થોનો સંયોગ કરવાનો ચિત્તનો જે સંકલ્પ વર્તે છે તે અથવા પ્રાપ્ત થયેલા ઇષ્ટ પદાર્થોના અવિયોગનો જે સંકલ્પ વર્તે છે, તે ત્રીજા પ્રકારનું આર્ત્તધ્યાન છે.

આ આર્ત્તધ્યાનમાં ઇષ્ટ પદાર્થો પ્રત્યેનો રાગ પ્રવર્તે છે અને ઇષ્ટ પદાર્થોનું ચિંતવન એકાગ્રતાવાળું ન હોય ત્યાં સુધી ધ્યાનની પૂર્વભૂમિકાવાળું છે અને એકાગ્રતાવાળું બને છે ત્યારે આર્ત્તધ્યાન છે.

(૪) સંસારી જીવો ધર્મની પ્રવૃત્તિ કરે ત્યારે પણ કોઈક ઇષ્ટ પદાર્થને જોઈને તેની પ્રાપ્તિની ઇચ્છા થાય ત્યારે "આ ધર્મના ફળરૂપે મને તે પ્રાપ્ત થાઓ" એ પ્રકારે નિદાનનું ચિંતવન કરે તે ચોથા પ્રકારનું આર્ત્તધ્યાન છે.

આ આર્ત્તધ્યાન પણ રાગથી પ્રવર્તે છે.

આ રીતે પાપબંધનું કારણ એવું આર્ત્તધ્યાન ચાર પ્રકારનું છે. **॥૧૬-૪/૫॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ચાર પ્રકારનાં આર્ત્તધ્યાન બતાવ્યાં. હવે તે આર્ત્તધ્યાનમાં કઈ લેશ્યાઓ સંભવે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**कापोतनीलकृष्णानां, लेश्यानामत्र सम्भवः ।**
**अनतिक्लिष्टभावानां, कर्म्मणां परिणामतः ।।६।।**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં=ચાર પ્રકારના આર્ત્તધ્યાનમાં, अनतिक्लिष्टभावानां कर्म्मणां परिणामतः=અનતિ ક્લિષ્ટ ભાવોવાળાં કર્મોના પરિણામથી, कापोतनीलकृष्णानां लेश्यानां सम्भवः=કાપોત, નીલ અને કૃષ્ણ લેશ્યાઓનો સંભવ છે. ।।૧૬-૬।।**

**શ્લોકાર્થ :-**

**ચાર પ્રકારના આર્તધ્યાનમાં અનતિક્લિષ્ટ ભાવોવાળાં કર્મોના પરિણામથી કાપોત, નીલ અને કૃષ્ણ લેશ્યાઓનો સંભવ છે. ॥૧૬-૬॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને મોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે ક્લિષ્ટ ભાવો થાય છે. અતિક્લિષ્ટ ભાવો થાય ત્યારે જીવ રૌદ્રધ્યાનમાં વર્તે છે અને અનતિક્લિષ્ટ ભાવો થાય ત્યારે જીવ આર્ત્તધ્યાનમાં વર્તે છે. આવા અનતિક્લિષ્ટ ભાવોવાળાં કર્મો જ્યારે વિપાકમાં વર્તે છે ત્યારે જીવમાં કાપોત લેશ્યા, નીલ લેશ્યા કે કૃષ્ણ લેશ્યા એ ત્રણ લેશ્યામાંથી કોઈ એક લેશ્યા વર્તે છે. તેથી આર્ત્તધ્યાનકાળમાં જીવમાં આ ત્રણ લેશ્યામાંથી એક લેશ્યા વર્તે છે.

અહીં વિશેષ એ છે કે જ્યાં સુધી જીવ વીતરાગ નથી ત્યાં સુધી મોહનીય કર્મનો ઉદય વર્તે છે. આમ છતાં તત્ત્વને અભિમુખ થયેલા જીવોમાં સ્વપરાક્રમથી મોહનીય કર્મનો ક્ષયોપશમ ભાવ વર્તે છે ત્યારે ધર્મધ્યાન કે શુક્લ ધ્યાનમાં વર્તે છે, પરંતુ જ્યારે તેઓ પ્રમાદવશ બને છે ત્યારે ઉદયમાં આવતું મોહનીય કર્મ અનતિક્લિષ્ટ ભાવવાળું હોય તો અનતિક્લિષ્ટ ભાવવાળી અશુભ લેશ્યાને પ્રગટ કરે છે અને તેનાથી આર્ત્તધ્યાન થાય છે.

વળી, મોહનીય કર્મનો અતિક્લિષ્ટ ભાવ વર્તતો હોય તો અતિક્લિષ્ટ ભાવવાળી અશુભ લેશ્યાને પ્રગટ કરે છે અને તેનાથી રૌદ્રધ્યાન થાય છે. તેથી રૌદ્રધ્યાનની અપેક્ષાએ અનતિક્લિષ્ટ ભાવવાળા કર્મના વિપાકથી અશુભ લેશ્યા આર્ત્તધ્યાન કાળમાં વર્તે છે તેમ કહેલ છે. આમ છતાં આર્ત્તધ્યાનવાળાને પણ કાપોતાદિ ત્રણ લેશ્યામાંથી કોઈક અશુભલેશ્યા વર્તે છે તેથી કાપોત લેશ્યાવાળા કરતાં નીલ લેશ્યાવાળાને વધુ ક્લિષ્ટ ભાવો હોય છે અને નીલ લેશ્યાવાળા કરતાં કૃષ્ણ લેશ્યાવાળાને વધુ ક્લિષ્ટ ભાવો હોય છે.

આનાથી એ ફલિત થાય કે સંસારી જીવો સંસારના કોઈપણ પદાર્થવિષયક મોહને વશ થઈને પ્રવૃત્તિ કરતા હોય ત્યારે ત્રણ અશુભ લેશ્યામાંથી કોઈપણ લેશ્યા વર્તે છે. **॥૧૬-૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૪ અને ૫માં આર્ત્તધ્યાનનું સ્વરૂપ બતાવ્યું. શ્લોક-૬માં આર્ત્તધ્યાન-કાળમાં વર્તતી લેશ્યાનું સ્વરૂપ બતાવ્યું. હવે કોઈ જીવમાં આર્ત્તધ્યાન વર્તતું હોય ત્યારે તેના ફળરૂપે તે કેવી પ્રવૃત્તિ કરે છે તે બતાવવા દ્વારા આર્ત્તધ્યાનના અનુમાપક લિંગો બતાવે છે –**

**શ્લોક :-**

**क्रन्दनं रुदनं प्रोच्चैः शोचनं परिदेवनम् ।**
**ताडनं लुञ्चनं चेति, लिङ्गान्यस्य विदुर्बुधाः ।।७।।**

**અન્વયાર્થ :-**

**प्रोच्चैः=મોટેથી=અત્યંત, क्रन्दनं, रुदनं, शोचनं=કંદન, રુદન, શોક, परिदेवनम्, ताडनं, लुञ्चनं च=પરિતાપ, તાડન અને લુંચન, इति=એ, अस्य=આના= આર્ત્તધ્યાનના, लिङ्गानि बुधाः विदुः=લિંગો પંડિતોએ કહ્યા છે. ।।૧૬-૭।।**

**શ્લોકાર્થ :-**

**અત્યંત ક્રંદન, રુદન, શોક, પરિતાપ, તાડન અને લુંચન એ આર્ત્તધ્યાનના લિંગો પંડિતોએ કહ્યા છે. ।।૧૬-૭।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં ચાર પ્રકારના આર્ત્તધ્યાન બતાવ્યા. તેમાં અનિષ્ટના સંયોગને કારણે કે શારીરિક વેદનાથી વ્યાકુળ થવાને કારણે જીવો જે પ્રકારની ચેષ્ટાઓ કરે છે તે ચેષ્ટાઓ આર્ત્તધ્યાનના લિંગો છે તેમ બતાવેલ છે.

આર્ત્તધ્યાન ચાર પ્રકારનું છે. તે સર્વ આર્ત્તધ્યાનના લિંગો બીજાને ઉપલબ્ધ થઈ શકે તેમ નથી પરંતુ તે આર્ત્તધ્યાન કરનાર પુરુષને સ્વસંવેદિત છે અને વિપરીત સંયોગોમાં કે જીવ વેદનાથી વ્યાકુળ થયેલો હોય તે સમયે થતા આર્ત્તધ્યાનમાં ક્રંદનાદિ લિંગો પ્રાપ્ત થાય છે જેનાથી અન્યને પણ ખ્યાલ આવે છે કે “આ પુરુષ આર્ત્તધ્યાનમાં વર્તે છે.” તેથી બે પ્રકારના આર્ત્તધ્યાનના લિંગો પ્રસ્તુત શ્લોકમાં બતાવ્યા છે. **।।૧૬-૭।।**

**અવતરણિકા :-**

કેવા પ્રકારની પ્રવૃત્તિ કરતા જીવો આર્ત્તધ્યાનમાં વર્તે છે તે હવે પછીના બે શ્લોકથી બતાવે છે –

**શ્લોક :-**

मोघं निंदन्निजं कृत्यं, प्रशंसन् परसम्पदः ।
विस्मितः प्रार्थयन्नेताः, प्रसक्तश्चैतदर्जने ।।८।।
प्रमत्तश्चेन्द्रियार्थेषु, गृद्धो धर्म्मपराङ्मुखः ।
जिनोक्तमपुरस्कुर्वन्नार्त्तध्याने प्रवर्त्तते ।।९।।

**અન્વયાર્થ :-**

निजं मोघं कृत्यं निन्दन्=પોતાના નિષ્ફળ કૃત્યની નિંદા કરતો, परसम्पदः प्रशंसन्=બીજાની સંપત્તિની પ્રશંસા કરતો, विस्मितः=વિસ્મિત થતો=બીજાની સંપત્તિને જોઈને વિસ્મય પામતો, एताः प्रार्थयन्=આની અર્થાત્ બીજાની સંપત્તિની પ્રાર્થના કરતો, प्रसक्तः च एतदर्जने=અને આના=બીજાની સંપત્તિને જોઈને તેના જેવી સંપત્તિના, અર્જનમાં પ્રસક્ત,

प्रमत्तश्च इन्द्रियार्थेषु=અને ઈન્દ્રિયોના અર્થોમાં પ્રમત્ત, गृद्धः=ગૃદ્ધ=વિષયોમાં ગૃદ્ધ, धर्म्मपराङ्मुखः=ધર્મથી પરાઙ્મુખ (અને), जिनोक्तम् अपुरस्कुर्वन्=જિનોક્ત ધર્મને અપુરસ્કાર કરતો (પુરુષ), आर्त्तध्याने प्रवर्त्तते=આર્ત્તધ્યાનમાં વર્તે છે. ॥૧૬-૮/૯॥

**શ્લોકાર્થ :-**

**પોતાના નિષ્ફળ કૃત્યની નિંદા કરતો, બીજાની સંપત્તિની પ્રશંસા કરતો, વિસ્મિત થયેલો, બીજાની સંપત્તિની પ્રાર્થના કરતો અને બીજાની સંપત્તિ જોઈને તેના જેવી સંપત્તિના અર્જનમાં પ્રસક્ત,**

**અને ઈન્દ્રિયોના અર્થોમાં પ્રમત્ત, વિષયોમાં ગૃદ્ધ, ધર્મથી પરાઙ્મુખ અને જિનોક્ત ધર્મને અપુરસ્કાર કરતો પુરુષ આર્ત્તધ્યાનમાં વર્તે છે. ॥૧૬-૮/૯॥**

**ભાવાર્થ :-**

(૧) કોઈ પુરુષ કોઈ પ્રયોજનથી ધનાર્જનાદિ કોઈ કૃત્ય કરે અને તે કૃત્ય નિષ્ફળ જાય ત્યારે તે કૃત્યની નિંદા કરતો આર્ત્તધ્યાનમાં વર્તે છે.

(૨) કોઈ પુરુષ પારકાની સુંદર સંપત્તિ જોઈને તેની પ્રશંસા કરે ત્યારે આર્ત્તધ્યાનમાં વર્તે છે.

(૩) કોઈ પુરુષને પરની સંપત્તિ જોઈને કે બાહ્ય કોઈ સુંદર વસ્તુને જોઈને વિસ્મય થાય ત્યારે તે આર્ત્તધ્યાનમાં વર્તે છે.

(૪) વળી, તે સુંદર વસ્તુ જોયા પછી આવી વસ્તુ મને મળે એ પ્રકારનો અભિલાષ કરતા હોય ત્યારે તે જીવો આર્ત્તધ્યાનમાં વર્તે છે.

(૫) વળી, કોઈ જીવો પરની સુંદર સંપત્તિ જોઈને પોતે પણ તે પ્રાપ્ત કરી શકે તેમ જણાય તો તેને પ્રાપ્ત કરવાના યત્ન કરતા હોય છે ત્યારે તે આર્ત્તધ્યાનમાં વર્તે છે.

(૬) વળી ઇન્દ્રિયોના વિષયોમાં પ્રમત્ત હોય અર્થાત્ તે તે વિષયો મેળવવા કે ભોગવવા આદિમાં યત્નવાળા હોય, ત્યારે આર્ત્તધ્યાનમાં વર્તે છે.

(૭) વળી ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે ગૃદ્ધિ વર્તતી હોય, તેથી વારંવાર વિષયોનું સ્મરણ થતું હોય ત્યારે આર્ત્તધ્યાનમાં વર્તે છે.

(૮) વળી, જ્યારે કોઈ પ્રવૃત્તિ ન કરતા હોય તોપણ ધર્મપરાઙ્મુખ માનસ વર્તતું હોય ત્યારે આર્ત્તધ્યાન વર્તે છે.

(૯) વળી, ભગવાને કહેલા ધર્મને આગળ કરીને જેઓ પ્રવૃત્તિ કરતા નથી તેઓ પણ આર્ત્તધ્યાનમાં વર્તે છે અર્થાત્ જે જીવો ભગવાનના ધર્મને આગળ કરીને પ્રવૃત્તિ કરનાર હોય તેઓ સંસારની પ્રવૃત્તિ કરે ત્યારે તે પ્રવૃત્તિના અનર્થને જાણનાર હોવાથી વિષયોની ઇચ્છા ઘટાડવા માટે યત્ન કરનારા છે તેથી સંવેગથી યુક્ત તેઓની પ્રવૃત્તિ છે. પરંતુ જેઓ સર્વત્ર ભગવાનના વચનને આગળ કરીને પ્રવૃત્તિ કરતા નથી તેઓને આર્ત્તધ્યાન વર્તે છે. **॥૧૬-૮/૯॥**

**અવતરણિકા :-**

**આર્ત્તધ્યાનનું સ્વરૂપ બતાવ્યા પછી કયા ગુણસ્થાનક સુધી આર્ત્તધ્યાન વર્તે છે તે બતાવીને આર્ત્તધ્યાનના કથનનું નિગમન કરે છે –**

**શ્લોક :-**

**प्रमत्तान्तगुणस्थानानुगतं तन्महात्मनां ।**
**सर्वप्रमादमूलत्वात् त्याज्यं तिर्य्यग्गतिप्रदम् ।।१०।।**

**અન્વયાર્થ :-**

**तद्=તે=પૂર્વમાં કહેલું આર્ત્તધ્યાન, महात्मनां=મહાત્માઓને, प्रमत्तान्तगुण-स्थानानुगतं=પ્રમત્તાન્ત ગુણસ્થાનક સુધી અનુગત છે. तिर्य्यग्गतिप्रदम्=તિર્યક્ ગતિને દેનારું=તિર્યક્ ગતિને દેનારું એવું આર્ત્તધ્યાન, सर्वप्रमादमूलत्वात्=સર્વ પ્રમાદનું મૂલપણું હોવાથી, त्याज्यं=ત્યાજ્ય છે. ।।૧૬-૧૦।।**

**શ્લોકાર્થ :-**

**પૂર્વમાં કહેલું આર્ત્તધ્યાન મહાત્માઓને પ્રમત્તાન્ત ગુણસ્થાનક સુધી અનુગત છે; તિર્યક્ગતિને દેનારું સર્વ પ્રમાદનું મૂલપણું હોવાથી ત્યાજ્ય છે. ।।૧૬-૧૦।।**

**ભાવાર્થ :-**

આર્ત્તધ્યાનનું સ્વરૂપ અત્યાર સુધી બતાવ્યું. તે આર્ત્તધ્યાન પ્રમત્ત ગુણસ્થાનક સુધી હોય છે. ત્યારપછી આર્ત્તધ્યાનનો સંભવ નથી. તેથી એ ફલિત થાય છે કે કોઈ સાધુ છઠ્ઠા ગુણસ્થાનકે હોય અને શારીરિકાદિ પ્રતિકૂળતાના કારણે અથવા સંયમજીવનના કષ્ટને કારણે ક્યારેક દુર્ધ્યાન થતું હોય ત્યારે આર્ત્તધ્યાનની પ્રાપ્તિ થાય છે.

વળી, આર્ત્તધ્યાન એ સર્વ પ્રમાદનું મૂળ છે. આર્ત્તધ્યાનમાં ચડેલા જીવો યોગમાર્ગમાં પ્રવર્તતા હોય તોપણ પ્રમાદને વશ થઈને ગુણસ્થાનકથી પણ પાત પામે છે. તેથી ગુણસ્થાનકના પાતરૂપ સર્વ પ્રકારના પ્રમાદોનું મૂળ આર્ત્તધ્યાન છે.

વળી, આર્ત્તધ્યાનમાં વર્તતા જીવો તિર્યંચ ગતિને અનુકૂળ કર્મ બાંધે છે. માટે કલ્યાણના અર્થી એવા મહાત્માઓએ આર્ત્તધ્યાનના સ્વરૂપનો વિચાર કરીને આર્ત્તધ્યાનના ત્યાગ માટે ઉદ્યમ કરવો જોઈએ. **।।૧૬-૧૦।।**

## -: રૌદ્રધ્યાન :-

**અવતરણિકા :-**

શ્લોક-૩માં ચાર પ્રકારનાં ધ્યાન બતાવ્યાં. તેમાંથી આર્તધ્યાનનું સ્વરૂપ બતાવ્યા પછી હવે રૌદ્રધ્યાનનું સ્વરૂપ બતાવે છે –

**શ્લોક :-**

निर्दयं वधबन्धादिचिन्तनं निबिडक्रुधा ।
पिशुनासभ्यमिथ्यावाक्, प्रणिधानं च मायया ।।११।।
चौर्य्यधीर्निरपेक्षस्य, तीव्रक्रोधाकुलस्य च ।
सर्वाभिशङ्काकलुषं, चित्तं च धनरक्षणे ।।१२।।
एतत्सदोषकरणकारणानुमतिस्थिति ।
देशविरतिपर्यन्तं, रौद्रध्यानं चतुर्विधम् ।।१३।।

**અન્વયાર્થ :-**

निबिडक्रुधा=નિબિડ ક્રોધ વડે, निर्दयं वधबन्धनादिचिन्तनं=નિર્દય એવું વધબન્ધનાદિ વિષયક ચિંતન, मायया च=અને માયા વડે, पिशुनासभ्यमिथ्यावाक् प्रणिधानं=પિશુન, અસભ્ય, મિથ્યાવાણીનું પ્રણિધાન=મિથ્યાવાણીનો માનસ સંકલ્પ. ।।૧૬-૧૧।।

तीव्रक्रोधाकुलस्य निरपेक्षस्य च चौर्य्यधीः=અને તીવ્રક્રોધાકુલ એવા નિરપેક્ષની ચૌર્યબુદ્ધિ, धनरक्षणे च=અને ધનરક્ષણમાં, सर्वाभिशङ्काकलुषं चित्तं=સર્વની અભિશંકાથી કલુષિત એવું ચિત્ત. ।।૧૬-૧૨।।

एतत्सदोषकरणकारणानुमतिस्थिति=આ દોષોથી યુક્ત કરણ, કરાવણ અને અનુમતિની સ્થિતિવાળું, देशविरतिपर्यन्तं=દેશવિરતિ સુધી, चतुर्विधम् रौद्रध्यानं= ચાર પ્રકારનું રૌદ્રધ્યાન છે. ।।૧૬-૧૩।।

**શ્લોકાર્થ :-**

**નિબિડ ક્રોધ વડે નિર્દય એવું વધબન્ધનાદિ વિષયક ચિંતન અને માયા વડે પિશુન, અસભ્ય, મિથ્યાવાણીનું પ્રણિધાન અને તીવ્ર-**

**ક્રોધાકુલ એવા નિરપેક્ષની ચૌર્યબુદ્ધિ અને ધનરક્ષણમાં સર્વની અભિશંકાથી કલુષિત એવું ચિત્ત; આ દોષોથી યુક્ત કરણ, કરાવણ અને અનુમતિની સ્થિતિવાળું દેશવિરતિ સુધી ચાર પ્રકારનું રૌદ્રધ્યાન છે. ॥૧૬-૧૧/૧૨/૧૩॥**

**ભાવાર્થ :-**

(૧) કોઈ પુરુષને કોઈની સાથે અણબનાવ થયો હોય અને તેના કારણે ગાઢ ક્રોધ ઉત્પન્ન થયો હોય અને તે ક્રોધવશ તે શત્રુને નિર્દય રીતે વધ, બંધનાદિ કરવાનું ચિંતવન કરે, તે રૌદ્રધ્યાન છે. વળી, આ ચિંતવન પછી સંયોગ મળે તો તે પ્રકારની પ્રવૃત્તિ પણ થાય છે અને સંયોગ ન મળે તો તે પ્રકારની પ્રવૃત્તિ ન પણ થાય. જો સંયોગ મળે અને વધ, બન્ધનાદિની પ્રવૃત્તિ કરે તો પ્રવૃત્તિકાળમાં તે પરિણામ પ્રાયઃ કરીને અતિશયિત થાય છે.

(૨) કોઈ પુરુષને કોઈની સાથે અણબનાવ થયો હોય અને માયાથી કઠોર, અસભ્ય કે મિથ્યાવાણી દ્વારા તેને સંભળાવી દેવાનો સંકલ્પ વર્તતો હોય તો તે બીજા પ્રકારનું રૌદ્રધ્યાન છે. આ રૌદ્રધ્યાન મારવાની ક્રિયારૂપ નથી, પરંતુ સામેની વ્યક્તિને સંભળાવવાના અભિલાષરૂપ છે અને સંયોગ ન મળે તો તે પ્રકારની પ્રવૃત્તિ થતી નથી અને સંયોગ મળે તો સામેની વ્યક્તિને તે પ્રકારનાં વચન સંભળાવવાની પ્રવૃત્તિ પણ થાય છે. જો સંયોગ મળે અને વાચિક પ્રવૃત્તિ કરે તો પ્રવૃત્તિકાળમાં તે પરિણામ પ્રાયઃ કરીને અતિશયિત થાય છે.

(૩) કોઈ પુરુષને ધનાદિની લાલસા હોય અને બીજાના ધનાદિની ચોરી કરવાનો પરિણામ થાય અને તે ચોરી કરવાની પ્રવૃત્તિમાં નિરપેક્ષ રીતે તેનો વિનાશ કરવા સુધીનો પરિણામ વર્તતો હોય અને ચિત્ત તીવ્ર ક્રોધાકુલ હોય તો તે ચોરી કરવાની બુદ્ધિ ત્રીજા પ્રકારનું રૌદ્રધ્યાન છે. જો સંયોગ ન મળે તો ચોરીની પ્રવૃત્તિ થતી નથી અને સંયોગ મળે તો ચોરી કરવાની પ્રવૃત્તિ પણ થાય છે. જો સંયોગ મળે અને ચોરી કરવાની પ્રવૃત્તિ કરે તો પ્રવૃત્તિકાળમાં તે પરિણામ પ્રાયઃ કરીને અતિશયિત થાય છે.

(૪) કોઈ પુરુષને પોતાના ધનના રક્ષણ માટે સર્વની શંકા કરતો હોય અર્થાત્ જે કોઈ દેખાય તે મારું ધન લઈ લેશે એ પ્રકારની શંકા કરતો હોય અને

તે સર્વને મારી નાખવાના કલુષવાળું ચિત્ત વર્તતું હોય તો તે ચોથા પ્રકારનું રૌદ્રધ્યાન છે. આવા જીવોને કોઈના પ્રત્યે શંકા થાય તો મારી નાંખવાનો પરિણામ હોવા છતાં સંયોગ ન મળે તો મારી ન પણ શકે અને સંયોગ મળે તો કોઈને મારી પણ નાંખે છે. જો સંયોગ મળે અને કોઈને મારી નાંખવાની પ્રવૃત્તિ કરે તો પ્રવૃત્તિકાળમાં તે પરિણામ પ્રાયઃ કરીને અતિશયિત થાય છે.

આ ચાર પ્રકારનાં રૌદ્રધ્યાનમાંથી પ્રથમનાં બે રૌદ્રધ્યાન તીવ્ર દ્વેષથી થાય છે અને પાછળનાં બે રૌદ્રધ્યાન તીવ્ર રાગથી થાય છે. આવા દોષથી યુક્ત એવી પાપની પ્રવૃત્તિ કોઈ કરતું હોય, કોઈ કરાવતું હોય અથવા કોઈની તે પાપપ્રવૃત્તિ જોઈને કોઈને તેમાં અનુમતિ હોય, તે કરણ-કરાવણ-અનુમોદનરૂપ સર્વપ્રવૃત્તિ રૌદ્રધ્યાન છે. વળી, આ રૌદ્રધ્યાન દેશવિરતિ ગુણસ્થાનક સુધી હોઈ શકે છે; કેમ કે દેશવિરતિવાળા શ્રાવકને પણ પોતાના ધન-કુટુંબાદિ પ્રત્યે રાગ છે તેથી તેના નાશના નિમિત્તને પામીને દ્વેષથી રૌદ્રધ્યાન આવી શકે છે કે પોતાના ધનાદિના રક્ષણના પરિણામથી સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન આવી શકે છે. ફક્ત દેશવિરતિ ગુણસ્થાનકમાં હોવાથી તે રૌદ્રધ્યાન અન્ય જીવો જેવું તીવ્ર થતું નથી; કેમ કે જે ગુણસ્થાનકમાં જે દોષ જાય છે તે દોષ તે ગુણસ્થાનકમાં સૌથી અલ્પ માત્રામાં હોય છે તે પ્રકારનો નિયમ છે. **॥૧૬-૧૧/૧૨/૧૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં રૌદ્રધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા. હવે તે રૌદ્રધ્યાનમાં કઈ લેશ્યાઓ સંભવે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**कापोतनीलकृष्णानां, लेश्यानामत्र सम्भवः ।**
**अतिसंक्लिष्टरूपाणां, कर्मणां परिणामतः ।।१४।।**

**અન્વયાર્થ :-**

**अत्र=અહીં=રૌદ્રધ્યાનમાં, अतिसंक्लिष्टरूपाणां कर्मणां परिणामतः=અતિ-સંક્લિષ્ટરૂપવાળાં કર્મોના પરિણામથી, कापोतनीलकृष्णानां लेश्यानां सम्भवः= કાપોત, નીલ અને કૃષ્ણ લેશ્યાઓનો સંભવ છે. ।।૧૬-૧૪।।**

**શ્લોકાર્થ :-**

**અહીં રૌદ્રધ્યાનમાં અતિસંક્લિષ્ટરૂપવાળાં કર્મોના પરિણામથી કાપોત, નીલ અને કૃષ્ણ લેશ્યાઓનો સંભવ છે. ॥૧૬-૧૪॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવોને મોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે ક્લિષ્ટ ભાવો થાય છે. અનતિક્લિષ્ટ ભાવો થાય ત્યારે જીવ આર્ત્તધ્યાનમાં વર્તે છે અને અતિક્લિષ્ટ ભાવો થાય ત્યારે જીવ રૌદ્રધ્યાનમાં વર્તે છે. આવા અતિક્લિષ્ટ ભાવોવાળાં કર્મો જ્યારે વિપાકમાં વર્તે છે ત્યારે જીવમાં કાપોત લેશ્યા, નીલ લેશ્યા કે કૃષ્ણ લેશ્યા એ ત્રણ લેશ્યામાંથી કોઈ એક લેશ્યા વર્તે છે. તેથી રૌદ્રધ્યાન કાળમાં જીવમાં આ ત્રણમાંથી કોઈ એક લેશ્યા વર્તે છે.

અહીં વિશેષ એ છે કે જીવ જ્યાં સુધી વીતરાગ નથી ત્યાં સુધી મોહનીય કર્મનો ઉદય વર્તે છે. આમ છતાં તત્ત્વને અભિમુખ થયેલા જીવોમાં સ્વપરાક્રમથી મોહનીય કર્મનો ક્ષયોપશમભાવ વર્તે છે ત્યારે તે જીવો ધર્મધ્યાનમાં કે શુક્લધ્યાનમાં વર્તે છે. પરંતુ જ્યારે તેઓ પ્રમાદવશ બને છે ત્યારે ઉદયમાં આવતું મોહનીય કર્મ અતિક્લિષ્ટ ભાવવાળું હોય તો અતિક્લિષ્ટ ભાવવાળી અશુભ લેશ્યાને પ્રગટ કરે છે અને તેનાથી રૌદ્રધ્યાન થાય છે. વળી, મોહનીય કર્મ અનતિક્લિષ્ટ ભાવવાળું હોય તો અનતિક્લિષ્ટ ભાવવાળી અશુભ લેશ્યાને પ્રગટ કરે છે અને તેનાથી આર્ત્તધ્યાન થાય છે. તેથી આર્ત્તધ્યાનની અપેક્ષાએ અતિક્લિષ્ટ ભાવવાળા કર્મના વિપાકથી અશુભ લેશ્યા રૌદ્રધ્યાનકાળમાં વર્તે છે તેમ કહેલ છે. આમ છતાં રૌદ્રધ્યાનવાળાને પણ કાપોતાદિ ત્રણ લેશ્યામાંથી કોઈક અશુભ લેશ્યા વર્તે છે તેથી કાપોત લેશ્યાવાળા કરતાં નીલ લેશ્યાવાળાને વધુ ક્લિષ્ટ ભાવો હોય છે અને નીલ લેશ્યાવાળા કરતાં કૃષ્ણ લેશ્યાવાળાને વધુ ક્લિષ્ટ ભાવો હોય છે.

આનાથી એ ફલિત થાય છે કે સંસારી જીવો સંસારના કોઈપણ પદાર્થ વિષયક મોહને વશ થઈને પ્રવૃત્તિ કરતા હોય ત્યારે ત્રણ અશુભ લેશ્યામાંથી કોઈપણ લેશ્યા વર્તે છે અને તેનાથી રૌદ્રધ્યાન પ્રગટે છે. **॥૧૬-૧૪॥**

**અવતરણિકા :-**

શ્લોક-૧૧, ૧૨ અને ૧૩માં રૌદ્રધ્યાનનું સ્વરૂપ બતાવ્યું. શ્લોક-૧૪માં રૌદ્રધ્યાન કાળમાં વર્તતી લેશ્યાનું સ્વરૂપ બતાવ્યું. હવે કોઈ જીવમાં રૌદ્રધ્યાન વર્તતું હોય ત્યારે તેના ફળરૂપે તે કેવી પ્રવૃત્તિ કરે છે તે બતાવવા દ્વારા રૌદ્રધ્યાનના અનુમાપક લિંગો બતાવે છે –

**શ્લોક :-**

**उत्सन्नबहुदोषत्वं, नानामारणदोषता ।**
**हिंसादिषु प्रवृत्तिश्च, कृत्वाधं स्मयमानता ।।१५।।**
**निर्दयत्वाननुशयौ, बहुमानः परापदि ।**
**लिङ्गान्यत्रेत्यदो धीरैस्त्याज्यं नरकदुःखदम् ।।१६।।**

**અન્વયાર્થ :-**

हिंसादिषु=હિંસાદિમાં, उत्सन्नबहुदोषत्वं=ઉત્સન્નદોષતા, બહુદોષતા=એક દોષના પુનઃ પુનઃ સેવનરૂપ ઉત્સન્નદોષતા અને ભિન્ન ભિન્ન પ્રકારના દોષના સેવનરૂપ બહુદોષતા. नानामारणदोषता=નાનાદોષતા, આમારણદોષતા=હિંસાદિ કોઈ એક પ્રવૃત્તિ વિષયક જુદા જુદા પ્રકારની ક્રિયા કરવારૂપ નાના દોષતા અને સામેની વ્યક્તિના મારણ સુધી તે દોષ સેવાય તે રૂપ આમારણ દોષતા. प्रवृत्तिश्च=અને પ્રવૃત્તિ=હિંસાદિમાં પ્રવૃત્તિ, अघं कृत्वा स्मयमानता=પાપ કરીને સ્મયમાનતા=આનંદની અભિવ્યક્તિ. ॥૧૬-૧૫॥

निर्दयत्वाननुशयौ=નિર્દયત્વ અને અનનુશય=પાપકાળમાં નિર્દયપણું અને પાપ કર્યા પછી દયા વગરનો પરિણામ, परापदि बहुमानः=પરાપત્તિમાં બહુમાન=બીજાને આવેલી આપત્તિમાં આનંદ, अत्र=અહીં=રૌદ્રધ્યાનમાં, लिङ्गानि=લિંગો છે. इति नरकदुःखदम् अदः=એથી નરકના દુઃખોને દેનાર એવા આનો=રૌદ્રધ્યાનનો, धीरैः त्याज्यं=ધીર પુરુષોએ ત્યાગ કરવો જોઈએ. ॥૧૬-૧૬॥

**શ્લોકાર્થ :-**

**હિંસાદિમાં ઉત્સન્નદોષતા, બહુદોષતા, નાનાદોષતા, આમરણદોષતા,**

**અને પ્રવૃત્તિ, પાપ કરીને સ્મયમાનતા, નિર્દયત્વ અને અનનુશય, પરાપત્તિમાં બહુમાન રૌદ્રધ્યાનમાં લિંગો છે. એથી નરકનાં દુઃખોને દેનાર એવા રૌદ્રધ્યાનનો ધીર પુરુષોએ ત્યાગ કરવો જોઈએ. ।।૧૬-૧૫/૧૬।।**

**ભાવાર્થ :-**

(૧) **ઉત્સન્નદોષતા :-** કોઈ જીવને વિષયોનો અતિ રાગ હોય ત્યારે કોઈક હિંસાદિ કૃત્યો વારંવાર કરવાની મનોવૃત્તિ (જાગે) થાય તે ઉત્સન્નદોષતા છે. જેમ મમ્મણ શેઠને ધનસંચયનો સતત તીવ્ર પરિણામ વર્તતો હતો. આથી તેમને સાતમી નરકની પ્રાપ્તિ થઈ.

(૨) **બહુદોષતા :-** જેઓને અનેક પ્રકારની લાલસાઓ હોય તેઓ હિંસાદિ ભિન્ન ભિન્ન કાર્યોમાં વારંવાર દોષો સેવતા હોય તે બહુદોષતા છે.

(૩) **નાનાદોષતા :-** હિંસાદિ પ્રવૃત્તિમાંથી કોઈક એક પ્રવૃત્તિ વિષયક જુદા જુદા પ્રકારની પ્રવૃત્તિ થતી હોય તે નાનાદોષતા છે. જેમ કોઈનું ચિત્ત હિંસક હોય તો તે હિંસાના વિષયમાં અન્યને પીડા કરે તેવી જુદી જુદી પ્રવૃત્તિ કર્યા કરે તે નાનાદોષતા છે.

(૪) **આમારણદોષતા :-** કોઈની સાથે અણબનાવ થયેલ હોય તેને મારી નાખવા સુધીની પ્રવૃત્તિ ન થાય ત્યાં સુધી તે દોષ સેવાતો હોય તો તે આમારણદોષતા છે.

ચિત્તના પરિણામને પ્રધાન કરીને રૌદ્રધ્યાનના આ ચાર પ્રકારનાં લિંગો કહ્યાં છે.

(૫) **હિંસાદિમાં પ્રવૃત્તિ :-** નિરપેક્ષપરિણામથી હિંસાદિમાં જે પ્રવૃત્તિ છે, તે ચેષ્ટાને આશ્રયીને રૌદ્રધ્યાનનું લિંગ છે.

(૬) **પાપ કરીને સ્મયમાનતા :-** હિંસાદિની પ્રવૃત્તિ કર્યા પછી પોતે કરેલા કૃત્યને માટે હર્ષની અભિવ્યક્તિ તે પાપ કરીને સ્મયમાનતા છે. જેમ શ્રેણિક મહારાજાએ શિકાર કર્યા પછી પોતાની કુશળતાની પ્રશંસા કરી હતી.

(૭) **નિર્દયપણું :-** જેઓને સંસારની પ્રવૃત્તિકાળમાં પ્રકૃતિથી નિર્દયપણું

વર્તતું હોય તેઓ પ્રાયઃ રૌદ્રધ્યાનમાં વર્તતા હોય છે.

**(૮) અનનુશય :-** પાપકૃત્ય કર્યા પછી દયાના પરિણામ વગરનો જે અધ્યવસાય છે તે અનનુશય છે.

**(૯) પરાપત્તિમાં બહુમાન :-** કોઈની આપત્તિ જોઈને હર્ષ થાય અથવા કોઈની સાથે પોતાને અણબનાવ હોય અને તેને આપત્તિમાં જોઈને હર્ષ થાય તે પરાપત્તિમાં બહુમાન છે.

આ પ્રકારના લિંગોથી જીવમાં વર્તતા રૌદ્રધ્યાનનું અનુમાન થઈ શકે છે અને આ રૌદ્રધ્યાનનો પરિણામ નરકગતિના દુઃખને આપનારો છે. તેથી ધીર પુરુષોએ તેનો ત્યાગ કરવો જોઈએ. **॥૧૬-૧૫/૧૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩માં ધ્યાનના ચાર પ્રકાર બતાવ્યા. તેમાંનાં પ્રથમનાં બે ધ્યાન અત્યાર સુધી બતાવ્યાં. આ બંને ધ્યાન સંસારી જીવોને સહજ વર્તે છે તે બતાવીને હવે પછીનાં બે ધ્યાન પ્રયત્નથી પ્રગટ થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**अप्रशस्ते इमे ध्याने, दुरन्ते चिरसंस्तुते ।**
**प्रशस्तं तु कृताभ्यासो, ध्यानमारोढुमर्हति ।।१७।।**

**અન્વયાર્થ :-**

**अप्रशस्ते दुरन्ते चिरसंस्तुते=અપ્રશસ્ત, દુરન્ત અર્થાત્ ખરાબ અંતવાળાં અને ચિરસંસ્તુત=ચિરકાળથી સેવાયેલાં એવા, इमे ध्याने=આ બંને ધ્યાન છે=પૂર્વના શ્લોકોમાં બતાવેલાં આર્ત્ત અને રૌદ્રધ્યાન છે. कृताभ्यासो तु=વળી, કૃતાભ્યાસવાળા એવા યોગી, प्रशस्तं ध्यानं आरोढुम् अर्हति=પ્રશસ્ત ધ્યાન ઉપર આરોહણ કરવા સમર્થ બને છે. ॥૧૬-૧૭॥**

**શ્લોકાર્થ :-**

**અપ્રશસ્ત, દુરન્ત અને ચિરસંસ્તુત એવા આ બંને ધ્યાન છે= પૂર્વના શ્લોકોમાં બતાવેલાં આર્ત્ત અને રૌદ્રધ્યાન છે. વળી, કૃતાભ્યાસ-**

**વાળા એવા યોગી પ્રશસ્ત ધ્યાન ઉપર આરોહણ કરવા સમર્થ બને છે. ॥૧૬-૧૭॥**

**ભાવાર્થ :-**

આત્મામાં અનાદિકાળથી મોહનીય કર્મ અને મોહના સંસ્કારો વર્તે છે. તે સંસ્કારોના બળથી અને મોહનીય કર્મના ઉદયથી સંસારી જીવો બાહ્ય પદાર્થો વિષયક જે કાંઈ વિચારણા કરે છે તે સર્વ વિચારણામાં જે ધ્યાન વર્તે છે તે અપ્રશસ્ત ધ્યાન છે. વળી તે અપ્રશસ્ત ધ્યાન કાં તો આર્ત્તધ્યાન હોય છે કાં તો રૌદ્રધ્યાન હોય છે અને તે બંને ધ્યાન સંસારના પરિભ્રમણના ફળવાળાં છે માટે ખરાબ અંતવાળાં છે. વળી, ચિરકાળથી સેવાયેલાં હોવાથી સંસારી જીવોની પ્રકૃતિ રૂપે થયેલાં છે તેથી સહજ રૂપે સંસારી જીવોમાં આ બંને ધ્યાનો વર્તે છે. અને આ બંને ધ્યાન આત્માના મલિન ભાવોરૂપ હોવાથી અપ્રશસ્ત છે.

વળી, કર્મમળની કાંઈક અલ્પતા થવાથી જેઓમાં વિવેક પ્રગટેલો છે તેવા યોગીઓ આત્માને લક્ષ્ય કરીને અભ્યાસ કરે તો તે અભ્યાસના બળથી પ્રશસ્ત એવા ધ્યાન ઉપર આરોહણ કરવા માટે સમર્થ બને છે. **॥૧૬-૧૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં બતાવ્યું કે કૃતઅભ્યાસવાળા યોગી પ્રશસ્ત ધ્યાનમાં આરોહણ કરવા માટે સમર્થ બને છે. તેથી હવે પ્રશસ્ત ધ્યાન માટે અભ્યાસ કઈ રીતે થઈ શકે તે બતાવે છે –**

**શ્લોક :-**

**भावना देशकालौ च, स्वासनालम्बनक्रमान् ।**
**ध्यातव्यध्यात्रनुप्रेक्षालेश्यालिङ्गफलानि च ।।१८।।**
**ज्ञात्वा धर्म्यं ततो ध्यायेच्चतस्रस्तत्र भावनाः ।**
**ज्ञानदर्शनचारित्रवैराग्याख्याः प्रकीर्तिताः ।।१९।।**
**निश्चलत्वमसंमोहो, निर्जरा पूर्वकर्मणाम् ।**
**सङ्गाशंसाभयोच्छेदः, फलान्यासां यथाक्रमम् ।।२०।।**

**અન્વયાર્થ :-**

भावना देशकालौ च=ભાવનાઓને અને દેશકાળને, स्वासनालंबनक्रमान्=સુઆસનને, આલંબનને, ક્રમને=મન, વચન અને કાયાના યોગનિરોધના ક્રમને. ध्यातव्यध्यात्रनुप्रेक्षालेश्यालिङ्गफलानि च=ધ્યાતવ્યને, ધ્યાતૃને, અનુપ્રેક્ષાને, લેશ્યાઓને, લિંગોને અને ફળોને. ||૧૬-૧૮||

ज्ञात्वा=જાણીને, ततः=ત્યારપછી, धर्म्यं ध्यायेत्=ધર્મધ્યાન કરે. तत्र=ત્યાં=પૂર્વમાં બતાવેલા દ્વારોમાં, ज्ञानदर्शनचारित्रवैराग्याख्याः चतस्रः भावनाः प्रकीर्तिताः=જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય નામની ચાર ભાવનાઓ કહેવાયેલી છે. ||૧૬-૧૯||

निश्चलत्वं=નિશ્ચલત્વ, असंमोहः=અસંમોહ, पूर्वकर्मणाम् निर्जरा=પૂર્વ કર્મોની નિર્જરા, सङ्गाशंसाभयोच्छेदः=સંગનો ઉચ્છેદ, આશંસાનો ઉચ્છેદ અને ભયનો ઉચ્છેદ, आसां=આના=પૂર્વશ્લોકમાં બતાવેલ ચાર પ્રકારની ભાવનાઓના यथाक्रमम् फलानि=યથાક્રમ ફળ છે. ||૧૬-૨૦||

❖ શ્લોક-૧૮માં 'भावना' શબ્દ છે ત્યાં દ્વિતીયા બહુવચનનું રૂપ 'भावनाः' છે અને તે શબ્દ પછી 'देशकालौ' શબ્દ હોવાથી વિસર્ગનો લોપ થયો છે.

**શ્લોકાર્થ :-**

**ભાવનાઓને અને દેશકાળને, સુઆસનને, આલંબનને, ક્રમને, ધ્યાતવ્યને, ધ્યાતૃને, અનુપ્રેક્ષાને, લેશ્યાઓને, લિંગોને અને ફળોને જાણીને ત્યારપછી ધર્મધ્યાન કરે. ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય નામની ચાર ભાવનાઓ કહેવાયેલી છે. નિશ્ચલત્વ, અસંમોહ, પૂર્વ કર્મોની નિર્જરા, સંગનો ઉચ્છેદ, આશંસાનો ઉચ્છેદ અને ભયનો ઉચ્છેદ આના=ચાર પ્રકારની ભાવનાઓના, યથાક્રમ ફળ છે. ||૧૬-૧૮/૧૯/૨૦||**

**ભાવાર્થ :-**

ધર્મધ્યાનની પ્રવૃત્તિ કરવા માટે શ્લોક-૧૮માં બતાવેલાં ભાવના આદિ બાર સ્થાનોનું જ્ઞાન આવશ્યક છે અને તેનું યથાર્થ જ્ઞાન કરીને ત્યારપછી પ્રશસ્ત ધ્યાનમાં આરોહણ કરનાર યોગી ધર્મધ્યાન કરે. ધર્મધ્યાન કરવા માટે જે બાર

સ્થાનો છે તેમાં ભાવના ચાર છે :- (૧) જ્ઞાન ભાવના (૨) દર્શન ભાવના (૩) ચારિત્ર ભાવના અને (૪) વૈરાગ્ય ભાવના. તેનાથી આત્માને ભાવિત કરવા માટે યોગી આ પ્રમાણે યત્ન કરે.

**(૧) જ્ઞાન ભાવના અને તેનું ફળ :-** સર્વજ્ઞનું વચન આગમ છે અને તે આગમ સંસારના ઉચ્છેદનો ઉપાય બતાવનાર છે. તેથી શક્તિ અનુસાર ધ્યાનના અર્થી એવા યોગી શ્રુતઅધ્યયન કરે. વળી, તે શ્રુતના વચન અને અર્થોથી આત્માને ભાવિત કરવા માટે સૂત્રોનું અને અર્થોનું વારંવાર પારાયણ કરે અને ભગવાનનું શ્રુત સંસારથી પર થવા માટેના યોગમાર્ગને બતાવનાર છે તેથી શ્રુતથી ભાવિત થયેલ મતિવાળા યોગીનું ચિત્ત સંસાર પ્રત્યે અત્યંત અસંશ્લેષવાળું બને છે. જેથી જ્ઞાનભાવનાથી ભાવિત થયેલા યોગીમાં નિશ્ચલતા પ્રગટે છે.

**(૨) દર્શન ભાવના અને તેનું ફળ :-** સર્વજ્ઞનું વચન વીતરાગના સ્વરૂપને બતાવનાર છે અને વીતરાગના પારમાર્થિક સ્વરૂપ પ્રત્યે સ્થિર રુચિ દર્શન ભાવના છે, છતાં સર્વજ્ઞનું વચન જ સંપૂર્ણ નિરવદ્ય છે તેવો યથાર્થ નિર્ણય સર્વદર્શનના અધ્યયનથી પરિસ્કૃત થયેલી મતિ કરી શકે છે. તેથી દર્શન ભાવનાથી ભાવિત થવા અર્થે યોગી સ્વશક્તિ અનુસાર સર્વદર્શનોનો અભ્યાસ કરે તો અન્ય દર્શનનાં વચનો કોઈક નયને આશ્રયીને હોવાથી પરિપૂર્ણ શુદ્ધ નથી અને જૈનદર્શન સર્વ નયોથી સુવિશુદ્ધ છે તેવો બોધ થાય છે. વળી, જે યોગીઓ સર્વ નયદૃષ્ટિથી સર્વજ્ઞનું વચન સુવિશુદ્ધ છે તેનો નિર્ણય અનુભવ અનુસાર કરીને આત્માને ભાવિત કરે છે તેનાથી જૈનદર્શનના સિદ્ધાંતો પ્રત્યે તેમને અસંમોહ પેદા થાય છે.

**(૩) ચારિત્ર ભાવના અને તેનું ફળ :-** આત્માનું સ્વરૂપ ચારિત્ર છે અને જૈન વચનાનુસાર ચારિત્રની પ્રવૃત્તિથી ઉલ્લસિત થતા અસંગ ભાવોનો પારમાર્થિક બોધ કરીને જે યોગી ચારિત્ર ભાવનાથી આત્માને ભાવિત કરે છે તે યોગીનો આત્મા પોતાના આત્મભાવોમાં વિશ્રાંતિ તરફ જનારો બને છે જેના ફળ રૂપે પૂર્વ કર્મોની નિર્જરા થાય છે.

**(૪) વૈરાગ્ય ભાવના અને તેનું ફળ :-** સંસારના પારમાર્થિક સ્વરૂપનો જિનવચનાનુસાર બોધ કરીને તે ભાવો પ્રત્યેનો વૈરાગ્યભાવ ઉત્કર્ષવાળો થાય

તે રીતે જે યોગી યત્ન કરે છે અને વિચારે છે કે 'અવિરક્ત આત્માને જ સર્વ દુઃખો છે, વર્તમાનમાં પણ અનેક ક્લેશો છે અને કર્મબંધ દ્વારા ભાવિમાં પણ ઘણા ક્લેશો છે. વળી વિરક્ત આત્માને વર્તમાનમાં પણ ક્લેશ નથી તેથી સુખ છે અને કર્મબંધ નહીં થવાને કારણે ભાવિમાં પણ ક્લેશ નથી', આમ વિચારીને વૈરાગ્ય ભાવનાથી આત્માને અત્યંત ભાવિત કરે છે તે યોગીમાં સંગના પરિણામનો ઉચ્છેદ થાય છે, બાહ્ય પદાર્થોની આશંસાનો ઉચ્છેદ થાય છે અને ભયનો ઉચ્છેદ થાય છે; કેમ કે વિરક્ત ચિત્તમાં સંગનો પરિણામ થતો નથી. વળી, બાહ્ય પદાર્થોની આશંસા થતી નથી અને બાહ્ય પદાર્થોના નાશનો ભય પણ રહેતો નથી. **॥૧૬-૧૮/૧૯/૨૦॥**

**અવતરણિકા :-**

**ધ્યાનના દ્વારમાં પ્રથમ ભાવના દ્વાર બતાવ્યું અને ત્યારપછી તે ચાર ભાવનાઓથી ભાવિત થયેલા ચિત્તમાં કેવાં ફળો થાય છે તે બતાવ્યું. તેથી હવે જે સાધક યોગી પ્રશસ્ત ધ્યાન કરવાની ઈચ્છાવાળા છે તેઓએ આ ચાર ભાવનાઓથી ભાવિત થઈને ધ્યાન કરવાથી જ પ્રશસ્ત ધ્યાન થઈ શકે છે અન્યથા નહીં તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**स्थिरचित्तः किलैताभिर्याति ध्यानस्य योग्यताम् ।**
**योग्यतैव हि नान्यस्य, तथाचोक्तं परैरपि ।।२१।।**

**અન્વયાર્થ :-**

**किलैताभिः=ખરેખર, આના વડે=આ ચાર ભાવનાઓ વડે, स्थिरचित्तः= સ્થિરચિત્ત, ध्यानस्य योग्यताम् याति=ધ્યાનની યોગ્યતાને પામે છે. अन्यस्य योग्यता एव हि न=અન્યની યોગ્યતા જ નથી=ચાર ભાવનાઓથી અવાસિત એવા ચિત્તની ધ્યાનને માટે યોગ્યતા જ નથી. तथा च परैरपि उक्तं=તે પ્રમાણે બીજાઓ વડે પણ કહેવાયું છે. ॥૧૬-૨૧॥**

**શ્લોકાર્થ :-**

**ખરેખર આ ચાર ભાવનાઓ વડે સ્થિરચિત્ત ધ્યાનની યોગ્યતાને**

**પામે છે. ચાર ભાવનાઓથી અવાસિત એવા ચિત્તની ધ્યાનને માટે યોગ્યતા જ નથી તે પ્રમાણે બીજાઓ વડે પણ કહેવાયું છે. ॥૧૬-૨૧॥**

**ભાવાર્થ :-**

ભાવના દ્વારમાં જ્ઞાન, દર્શનાદિ ચાર ભાવનાઓ બતાવી. તે ભાવનાના ભાવનથી યોગીનું ચિત્ત નિશ્ચલતા આદિ ભાવોવાળું થાય છે ત્યારે બાહ્ય પદાર્થો સાથે સંશ્લેષ નહીં પામતું અને આત્મભાવમાં રહેવા માટે સમર્થ એવું ચિત્ત બને છે. તેથી જ કહ્યું કે આ ભાવનાઓથી યોગીનું ચિત્ત સ્થિર થાય છે અને તેવું સ્થિર થયેલું ચિત્ત ધ્યાનની પૂર્વભૂમિકા રૂપ યોગ્યતાને પામે છે. જેમનું ચિત્ત ભાવનાઓથી સ્થિર થયેલું નથી તેઓનું ચિત્ત ધ્યાનની યોગ્યતાવાળું નથી. અને પોતાના કથનની પુષ્ટિ કરવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે તે પ્રમાણે અન્ય વડે પણ કહેવાયું છે જે સ્વયં ગ્રંથકારશ્રી હવે પછીના શ્લોકમાં બતાવે છે. **॥૧૬-૨૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે 'તે પ્રમાણે બીજાઓ વડે કહેવાયું છે' તે જ હવે ત્રણ શ્લોકથી બતાવે છે. ગીતામાં ઉપદેશક રૂપે શ્રી કૃષ્ણ અર્જુનને ઉપદેશ આપે છે તેથી કોઈક પ્રસંગે કૃષ્ણે મનના નિગ્રહનો ઉપદેશ આપ્યો હોવો જોઈએ. તેની સામે અર્જુન કૃષ્ણને કહે છે કે મનનો નિગ્રહ દુષ્કર છે તે વાત શ્લોક-૨૨માં બતાવશે. તેના સમાધાન રૂપે કૃષ્ણે અર્જુનને કહ્યું કે મનનો નિગ્રહ દુષ્કર છે તે વાત અસંશય છે તેમ છતાં અભ્યાસ અને વૈરાગ્યથી મનનો નિગ્રહ થઈ શકે છે તે વાત શ્લોક-૨૩માં બતાવશે. ત્યારપછી કૃષ્ણએ યોગ માટે ઉપદેશ આપ્યો હોવો જોઈએ અને તે માટે મનનો નિગ્રહ કરીને યોગ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે વાત શ્લોક-૨૪માં બતાવશે –**

**શ્લોક :-**

**चञ्चलं हि मनः कृष्ण, प्रमाथि बलवत् दृढम् ।**
**तस्याहं निग्रहं मन्ये, वायोरिव सुदुष्करम् ।।२२।।**

**અન્વયાર્થ :-**

**कृष्ण !=(અર્જુન કૃષ્ણને કહે છે—) હે કૃષ્ણ !, मनः=મન, चञ्चलं हि=ચંચળ જ છે, प्रमाथि=પ્રમાથિ છે, बलवत्=બલવાન છે, दृढम्=દૃઢ છે, अहं मन्ये=હું માનું છું કે, वायोरिव=વાયુની જેમ, तस्य निग्रहं=તેનો નિગ્રહ=મનનો નિગ્રહ, सुदुष्करम्=દુષ્કર છે. ॥૧૬-૨૨॥**

**શ્લોકાર્થ :-**

**હે કૃષ્ણ ! મન ચંચળ જ છે, પ્રમાથિ છે, બલવાન છે, દૃઢ છે. હું માનું છું કે વાયુની જેમ તેનો નિગ્રહ દુષ્કર છે. ॥૧૬-૨૨॥**

**ભાવાર્થ :-**

અર્જુન શ્રી કૃષ્ણને ઉદ્દેશીને કહે છે, "સંસારી જીવોનું મન ચંચળ છે અર્થાત્ કોઈ એક પદાર્થમાં સ્થિર નથી રહેતું પરંતુ નવા નવા પદાર્થોમાં ફર્યા જ કરે છે. વળી મન પ્રમાથિ છે અર્થાત્ સંસારી જીવોનું મન આત્માને પોતાના ભાવોમાંથી અન્ય ભાવોમાં લઈ જાય છે. વળી, સંસારી જીવોનું મન બળવાન છે અર્થાત્ મન આત્માને પોતાના ભાવોમાંથી અન્ય ભાવોમાં લઈ જાય ત્યારે આત્મા તેનો પ્રતિકાર કરે તો મન તેનો સામનો કરવામાં બળવાન છે. તેથી આત્મા તેનો પ્રતિકાર કરી શકતો નથી. વળી, સંસારી જીવોનું મન દૃઢ છે અર્થાત્ સંસારના ભાવોમાં મન ચંચળ રીતે ફરતું હોય ત્યાંથી ખસેડવા માટે આત્મા યત્ન કરે તોપણ તે દૃઢ છે તેથી મન ત્યાંથી ખસતું નથી અને પોતાના ભાવોમાં દૃઢપણે વર્તે છે."

વળી, અર્જુન કહે છે : "હું માનું છું કે વાયુની જેમ મનનો નિગ્રહ દુષ્કર છે અર્થાત્ જેમ વાયુ અદૃશ્ય હોવાથી તેનો નિગ્રહ દુષ્કર છે તેમ મન ચંચલાદિ ભાવોવાળું છે તેથી તેનો નિગ્રહ દુષ્કર છે."

અહીં વિશેષ એ છે કે મનના બે પ્રકાર છે :- દ્રવ્ય મન અને ભાવ મન. દ્રવ્ય મન પુદ્ગલાત્મક છે અને ભાવ મન જીવના પરિણામ સ્વરૂપ છે અને જીવના પરિણામને અનુરૂપ જીવનું દ્રવ્ય મન પરિણામ પામે છે. તેથી જીવ પોતે તેના મનનો નિયંતા છે. આમ છતાં જીવ પોતે મનનો નિગ્રહ કરી ન શકે

તેમ કહેવું સ્થૂળથી વિરુદ્ધ લાગે; કેમ કે જીવ જે પ્રકારે અંતરંગ યત્ન કરે છે તે પ્રકારે દ્રવ્ય મન નિષ્પન્ન થાય અને તે રીતે જોતાં મન જીવને પોતાને વશ છે એમ પ્રાપ્ત થાય. પરંતુ પ્રગટ રીતે દેખાય છે કે સંયમમાં યત્ન કરનાર યોગીનું મન પણ વારંવાર અન્યત્ર જાય છે તેથી બન્ને અનુભવો સ્થૂળથી પરસ્પર વિરોધી છે, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં વિરોધ નથી; કેમ કે યોગીએ પણ અનાદિથી સંસારની પ્રવૃત્તિઓ કરી હોય છે તેથી તેનો આત્મા તે પ્રકારના કુસંસ્કારોથી વાસિત થયેલ છે અને અનાદિના મોહના સંસ્કારોથી વાસિત એવો યોગીનો પણ આત્મા તેવા પ્રકારના ભાવમનને પેદા કરવા માટે અંતરંગ દ્રવ્યમનમાં સહજ રીતે પ્રવર્તે છે. તેથી અનાદિના અભ્યાસને કારણે યોગીથી પણ સહજ તેવી ચંચલ પ્રવૃત્તિઓ થાય છે. માટે પૂર્વના કુસંસ્કારોથી વાસિત બનેલો યોગીનો આત્મા ઉપદેશાદિને પામીને અન્ય પ્રકારના મનને નિષ્પન્ન કરવા માટે યત્ન કરે તોપણ ચંચલ મનને પેદા કરે છે અને તત્ત્વમાં સ્થિર કરવાને અનુકૂળ એવું અન્ય પ્રકારનું મન પેદા કરી શકતો નથી. વળી, ઉપદેશાદિના શ્રવણને કારણે યોગીને મનના નિગ્રહની રુચિ થઈ હોય તોપણ પ્રાયઃ યોગીઓ મનનો નિગ્રહ કરી શકતા નથી, તેથી મનનો નિગ્રહ યોગીઓને પણ દુષ્કર છે. **॥૧૬-૨૨॥**

**શ્લોક :-**

**असंशयं महाबाहो, मनो दुर्निग्रहं चलम् ।**
**अभ्यासेन तु कौन्तेय, वैराग्येण च गृह्यते ।।२३।।**

**અન્વયાર્થ :-**

**महाबाहो=(શ્રીકૃષ્ણ અર્જુનને ઉત્તર આપે છે–): હે મહાબાહુ=હે અર્જુન !, चलं मनः=ચંચલ એવું મન, असंशयं दुर्निग्रहं=અસંશય=નક્કી, દુર્નિગ્રહ છે. तु=પરંતુ, कौन्तेय !=હે કૌન્તેય=હે અર્જુન !, अभ्यासेन वैराग्येण च=અભ્યાસ વડે અને વૈરાગ્ય વડે, गृह्यते=ગ્રહણ કરાય છે=નિગ્રહ કરાય છે. ॥૧૬-૨૩॥**

**શ્લોકાર્થ :-**

**(શ્રી કૃષ્ણ અર્જુનને ઉત્તર આપે છે–) "હે મહાબાહુ ! ચંચલ એવા**

**મનનો નિગ્રહ દુષ્કર છે એ વાત નિશ્ચિત છે પરંતુ હે કૌન્તેય ! અભ્યાસ અને વૈરાગ્ય વડે મનનો નિગ્રહ થઈ શકે છે." ॥૧૬-૨૩॥**

**ભાવાર્થ :-**

જ્ઞાન, દર્શન, ચારિત્રની ભાવનાથી આત્માને ભાવિત કરવો તે અભ્યાસ છે અને ત્યારપછી આત્મા વૈરાગ્યભાવથી ભાવિત થાય ત્યારે મનનો નિગ્રહ શક્ય છે. એ પ્રકારના તાત્પર્યથી અર્જુનને શ્રી કૃષ્ણએ ઉત્તર આપેલ છે.

અહીં વિશેષ એ છે કે યોગીનો આત્મા પણ અનાદિના સંસ્કારોથી વાસિત હોય છે તેથી તે વાસિત આત્મા મનને પ્રવર્તાવે છે, ત્યારે યોગી મનનો નિગ્રહ કરવા યત્ન કરે તોપણ ફરી મન બાહ્ય પદાર્થોમાં જાય છે. વળી, યોગી શાસ્ત્રના ઉપદેશાદિના નિમિત્તને પામીને વાસિત બને તો તેમનું મન તપ-સંયમમાં પણ કંઈક પ્રવર્તે છે છતાં ઉપદેશની વાસનાથી વાસિત બનેલા આત્મા કરતાં અનાદિના સંસ્કારોથી વાસિત આત્મા અધિક બલવાન હોય તો યોગીનું ચિત્ત પણ વારંવાર અસ્થૈર્યને પ્રાપ્ત કરે છે. વળી, જો યોગી અંતરંગ રીતે જાગૃત થઈને શાસ્ત્રના ઉપદેશથી વારંવાર આત્માને વાસિત કરે તો યોગી કાંઈક સ્થિરતાને પણ પ્રાપ્ત કરે છે, ત્યારે અનાદિના કુસંસ્કારો કરતાં યોગીનો અંતરંગ યત્ન શાસ્ત્રના ઉપદેશને અનુરૂપ અધિક પ્રવર્તે છે. તેથી શાસ્ત્રના ઉપદેશના સંસ્કારોવાળો યોગીનો આત્મા બળવાન બની જાય છે અને ત્યારે શાસ્ત્રના ઉપદેશથી વાસિત એવો યોગીનો આત્મા સહજ રીતે પોતાના મનનો પ્રવર્તક બને છે. તેને કારણે યોગીના આત્મામાં અનાદિના કુસંસ્કારો ધીરે ધીરે હીન બનતા જાય છે અને તપસંયમના સંસ્કારો ઘનિષ્ઠ થતા જાય છે. વળી યોગી પોતાના આત્માને શાસ્ત્રાનુસાર વૈરાગ્યભાવનાથી ભાવિત કરે અને તે દ્વારા યોગીનો આત્મા સ્થિર ભાવોને પામે છે ત્યારે યોગીનું મન આત્માને વશ બને છે. **॥૧૬-૨૩॥**

**શ્લોક :-**

**असंयतात्मनो योगो, दुःप्राप्य इति मे मतिः ।**
**वश्यात्मना तु यतता, शक्योऽवाप्तुमुपायतः ।।२४।।**

**અન્વયાર્થ :-**

**असंयतात्मनः=અસંયત આત્માને, योगः दुःप्राप्य=યોગ દુષ્પ્રાપ્ય છે, इति मे मतिः=એ પ્રકારની મારી મતિ છે. यतता तु वश्यात्मना=વળી, યત્ન કરતા એવા વશ્ય આત્મા વડે, उपायतः=ઉપાયથી, अवाप्तुम् शक्यः=પ્રાપ્ત કરવા માટે શક્ય છે=યોગને પ્રાપ્ત કરવાનું શક્ય છે. ।।૧૬-૨૪।।**

**શ્લોકાર્થ :-**

**વળી, કૃષ્ણ કહે છે કે અસંયતાત્માને યોગ દુષ્પ્રાપ્ય છે એવી મારી મતિ છે. વળી, યત્ન કરતા એવા વશ્યાત્મા વડે ઉપાયથી યોગને પ્રાપ્ત કરવાનું શક્ય બને છે. ।।૧૬-૨૪।।**

**ભાવાર્થ :-**

શાસ્ત્રના ઉપદેશાદિના નિમિત્તને પામીને યોગનું માહાત્મ્ય સમજાય ત્યારે જીવ યોગનો અર્થી થાય છે. ત્યારપછી સંયમની ઉચિત ક્રિયાનો અભ્યાસ સ્થિર ન થયો હોય ત્યાં સુધી ધ્યાનયોગ જીવ માટે દુષ્પ્રાપ્ય છે અને સંયમની ઉચિત ક્રિયા કરીને જ્યારે પોતાનો આત્મા પોતાને વશ થાય ત્યારે ધ્યાન માટે યત્ન કરતા એવા યોગીઓ ધ્યાન માટેના ઉચિત ઉપાયોમાં યત્ન કરે તો ધ્યાનની પ્રાપ્તિ તેઓ માટે શક્ય બને છે. **।।૧૬-૨૪।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૧માં કહેલ કે જ્ઞાન, દર્શન આદિ ચાર ભાવનાઓથી સ્થિર થયેલું ચિત્ત ધ્યાનની યોગ્યતાને પામે છે અને તેની પુષ્ટિ કરવા અર્થે ગીતાના શ્લોકો બતાવ્યા. તે પ્રમાણે અસંયત આત્માને યોગ દુષ્પ્રાપ્ય છે અને વશ્ય આત્માને યત્નથી યોગની પ્રાપ્તિ શક્ય છે એમ જે કૃષ્ણે કહ્યું તે સર્વ કઈ રીતે ઘટે છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**सदृशप्रत्ययावृत्त्या वैतृष्ण्याद् बहिरर्थतः ।**
**एतच्च युज्यते सर्वं, भावनाभावितात्मनि ।।२५।।**

**અન્વયાર્થ :-**

**भावनाभावितात्मनि च=અને ભાવનાથી ભાવિત આત્મામાં, सदृशप्रत्ययावृत्त्या=સદૃશ પ્રત્યયની આવૃત્તિ થવાથી=આત્માથી પૃથક્ભૂત એવા સર્વ પદાર્થો આત્મા માટે અનુપયોગીરૂપે સમાન છે એ પ્રકારની પ્રતીતિનું પુનઃ પુનઃ ભાવન કરવાથી, बहिरर्थतः वैतृष्ण्यात्=બાહ્ય અર્થથી વિતૃષ્ણા થવાને કારણે=આત્માથી ભિન્ન એવા સર્વ પદાર્થો પ્રત્યે મમત્વનો અભાવ થવાને કારણે, एतद् सर्वं युज्यते=આ સર્વ ઘટે છે="વશ્ય આત્માને યત્નથી યોગની પ્રાપ્તિ થઈ શકે છે" એ સર્વ ઘટે છે. ॥૧૬-૨૫॥**

**શ્લોકાર્થ :-**

**અને ભાવનાથી ભાવિત આત્મામાં સદૃશ પ્રત્યયની આવૃત્તિ થવાથી આત્માથી ભિન્ન એવા સર્વ પદાર્થો પ્રત્યે મમત્વનો અભાવ થવાને કારણે "વશ્ય આત્માને યત્નથી યોગની પ્રાપ્તિ થઈ શકે છે" એ સર્વ ઘટે છે. ॥૧૬-૨૫॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧૯માં ચાર ભાવનાઓનું સ્વરૂપ બતાવ્યું તે પ્રમાણે ધ્યાનના અર્થી એવા જે યોગીઓ આત્માને ભાવનાથી ભાવિત કરે તો તે ભાવનાથી તેઓને "આત્માથી ભિન્ન એવા દેહાદિ, સ્નેહસંબંધી આદિ કે ધનાદિ સર્વ પદાર્થો આત્માને માટે અનુપયોગી છે અને મોહથી અનાકુળ એવો આત્માનો ભાવ જ આત્માને માટે હિતકારી છે" તેવો બોધ અત્યંત દૃઢ થાય છે. તેથી પોતાના આત્માથી ભિન્ન એવા સર્વ પદાર્થો પોતાને અનુપયોગી હોવાથી પોતાના માટે સદૃશ છે એવો સ્થિર નિર્ણય થાય છે. ત્યારપછી તે યોગી તે સદૃશ પ્રત્યયથી પોતાના આત્માને અત્યંત ભાવિત કરે તો બહિર્ભૂત એવા પદાર્થોમાં તે યોગીને વિતૃષ્ણા ઉત્પન્ન થાય છે અને જ્યારે બાહ્ય સર્વ પદાર્થો પ્રત્યે તે યોગીની વિતૃષ્ણા સ્થિર થાય ત્યારે તે યોગીનો આત્મા આત્મભાવોમાં સંયમવાળો બને છે. આત્મભાવમાં સંયમવાળા યોગીઓ યત્નપૂર્વક ધ્યાનમાં યત્ન કરે તો તેવા યોગીઓને ધ્યાનયોગની પ્રાપ્તિ થાય છે. તેથી શ્લોક-૨૪માં કહેલ કે વશ્ય આત્માને ઉપાયથી ધ્યાન યોગની પ્રાપ્તિ થઈ શકે છે તે સર્વ ઘટે છે.

અહીં વિશેષ એ છે કે સંસારી જીવોનો ઉપયોગ બાહ્ય પદાર્થો વિષયક હોય છે ત્યારે જ્યાં ઇષ્ટ બુદ્ધિ થાય છે ત્યાં રાગ થાય છે, જ્યાં અનિષ્ટ બુદ્ધિ થાય છે ત્યાં દ્વેષ થાય છે અને જ્યાં નિરર્થક બુદ્ધિ થાય છે ત્યાં ઉપેક્ષા થાય છે. તે રીતે યોગીઓને વિવેક પ્રગટ થયો હોવાથી તેઓને "આત્માના ગુણો આત્મા માટે સુખાકારી છે" તેવી બુદ્ધિ થાય છે. તેથી ગુણવાન પુરુષોમાં વર્તતા ગુણોને જોઈને તે યોગીઓને ગુણો પ્રત્યે રાગ થાય છે. વળી, આત્મામાં વર્તતા મોહાકુળ ભાવો આત્મા માટે અનિષ્ટ છે તેવું સમ્યક્જ્ઞાન યોગીને થવાને કારણે પ્રમાદથી થતા પોતાના મોહાકુળ ભાવો પ્રત્યે યોગીને દ્વેષ થાય છે. વળી, આત્માથી ભિન્ન એવા સર્વ પદાર્થો પોતાને અનુપયોગી છે તેવી બુદ્ધિ હોવાથી યોગીને આત્માથી ભિન્ન એવા સર્વ પદાર્થો પ્રત્યે ઉપેક્ષા થાય છે અને તેવી બુદ્ધિ જે યોગીએ સ્થિર કરેલ છે તે યોગી સુખપૂર્વક ધ્યાનમાં યત્ન કરી શકે છે. **॥૧૬-૨૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્ત ધ્યાનનાં ૧૨ દ્વાર બતાવ્યાં. તેમાંથી અત્યાર સુધી 'ભાવના દ્વાર'નું વર્ણન કર્યું. હવે ધ્યાન માટે કેવો દેશ આવશ્યક છે તે બે શ્લોકોથી બતાવે છે –**

**શ્લોક :-**

**स्त्रीपशुक्लीबदुःशीलवर्जितं स्थानमागमे ।**
**सदा यतीनामाज्ञप्तं, ध्यानकाले विशेषतः ।।२६।।**

**અન્વયાર્થ :-**

**स्त्रीपशुक्लीबदुःशीलवर्जितं स्थानं=સ્ત્રી, પશુ, નપુંસક અને દુઃશીલથી વર્જિત એવું સ્થાન, यतीनाम्=યતિઓને, आगमे=આગમમાં, सदा=સદા=હંમેશ માટે, ध्यानकाले विशेषतः=(અને) ધ્યાનકાળમાં વિશેષથી, आज्ञप्तं=આજ્ઞા કરાયેલું છે. ॥૧૬-૨૬॥**

**શ્લોકાર્થ :-**

**સ્ત્રી, પશુ, નપુંસક અને દુઃશીલથી વર્જિત એવું સ્થાન યતિઓને**

**આગમમાં હંમેશ માટે અને ધ્યાનકાળમાં વિશેષથી આજ્ઞા કરાયેલું છે. ॥૧૬-૨૬॥**

**ભાવાર્થ :-**

વિશેષથી સ્ત્રી રાગનું કારણ છે તેથી સ્ત્રીનું દર્શન ન થાય તેવા સ્થાનમાં સાધુએ સદા રહેવું જોઈએ તેમ ભગવાનની આજ્ઞા છે.

વળી, પશુઓ કામચેષ્ટા આદિ કરતાં હોય તેને જોઈને વેદનો ઉદય ન થાય તદર્થે સાધુએ પશુથી વર્જિત એવા સ્થાનમાં સદા રહેવું જોઈએ તેમ ભગવાનની આજ્ઞા છે.

વળી, નપુંસકો અતિ વિકારવાળા હોય છે તેથી તેઓની વિકારી ચેષ્ટા જોઈને વેદનો ઉદય ન થાય તદર્થે સાધુએ નપુંસકથી વર્જિત એવા સ્થાનમાં રહેવું જોઈએ તેમ ભગવાનની આજ્ઞા છે.

વળી દુઃશીલ એવા પુરુષો પણ અતિવિકારી પ્રકૃતિવાળા હોય છે. તેથી કામનો ઉદ્રેક કરે તેવાં વચનો બોલે છે, તેવી ચેષ્ટાઓ કરે છે તેથી સાધુએ દુઃશીલ પુરુષોથી વર્જિત એવા સ્થાનમાં રહેવું જોઈએ તેમ ભગવાનની આજ્ઞા છે.

વળી, સાધુઓ ધ્યાન સિવાયના કાળમાં તો અન્ય ઉચિત સ્વાધ્યાયાદિમાં યત્ન કરનારા હોય છે તેથી ક્વચિત્ વંદનાદિ માટે સ્ત્રી આદિ આવેલ હોય તેવું બને કે કોઈક પ્રસંગે પશુઆદિ પણ દૃષ્ટિગોચર બને. પરંતુ ધ્યાન માટે સાધુ યત્ન કરે છે ત્યારે સ્વાધ્યાયાદિની બાહ્ય પ્રવૃત્તિ નથી અને અંતરંગ વીતરાગાદિ ભાવોનું આલંબન લઈને ચિત્તને એકાગ્ર કરવું સાધુ માટે અતિદુષ્કર છે તેથી ધ્યાનકાળમાં જો સ્ત્રી આદિ પસાર થતા હોય તો ધ્યાનમાં જતા ઉપયોગને તે સર્વ વિઘ્નકારી બને. તેથી ધ્યાનકાળમાં યોગીઓએ વિશેષથી સ્ત્રી આદિથી વર્જિત એવા સ્થાનમાં બેસીને પ્રશસ્ત ધ્યાન માટે યત્ન કરવો જોઈએ. **॥૧૬-૨૬॥**

**શ્લોક :-**

**स्थिरयोगस्य तु ग्रामेऽविशेषः कानने वने ।**
**तेन यत्र समाधानं, स देशो ध्यायतो मतः ।।२७।।**

**અન્વયાર્થ :-**

**स्थिरयोगस्य तु=વળી, સ્થિર યોગવાળાને, ग्रामे कानने वने=ગ્રામમાં, જંગલમાં કે વનમાં, अविशेषः=અવિશેષ છે. तेन=તે કારણથી, यत्र समाधानं=જ્યાં સમાધાન થાય, सः देशः=તે દેશ, ध्यायतः मतः=ધ્યાન કરનારનો મનાયેલો છે. ॥૧૬-૨૭॥**

**શ્લોકાર્થ :-**

**વળી, સ્થિર યોગવાળાને ગ્રામમાં, જંગલમાં કે વનમાં અવિશેષ છે તે કારણથી જ્યાં સમાધાન થાય તે દેશ ધ્યાન કરનારનો મનાયેલો છે. ॥૧૬-૨૭॥**

**ભાવાર્થ :-**

જે સાધુઓ શાસ્ત્રોથી નિષ્પન્ન થયેલા છે અને ધ્યાન દ્વારા વિશેષ પ્રકારની સમતામાં જવા માટેના ઉદ્યમ કરે છે તેઓ જ્યારે જ્યારે ધ્યાન કરવા બેસે ત્યારે ત્યારે તેઓએ વિશેષથી સ્ત્રી આદિથી વર્જિત સ્થાનોને પસંદ કરવાં જોઈએ, પરંતુ જે યોગીઓ ધ્યાનમાં યત્ન કરીને વિશેષ પ્રકારની સમતાની પરિણતિને પામેલા છે તેવા યોગીઓને ગામ, જંગલ કે વનમાં કોઈ ભેદ નથી; કેમ કે બાહ્ય નિમિત્તો તેમના ધ્યાનમાં વ્યાઘાત કરી શકતા નથી.

તેથી એ ફલિત થાય કે આદ્ય ભૂમિકાવાળા યોગીઓ ગામમાં રહીને ધ્યાનમાં યત્ન કરે તો ધ્યાન કરી શકે છે અને જંગલ અને વનમાં પશુ આદિના ઉપદ્રવ હોવાથી ધ્યાનમાં યત્ન કરી શકતા નથી આથી જ સ્થિર યોગવાળા માટે કોઈ ક્ષેત્રનો પ્રતિબંધ નથી. સર્વક્ષેત્રમાં રહીને તેઓ ધ્યાનમાં યત્ન કરી શકે છે. આમ છતાં તેઓને વિશેષ પ્રકારના વીર્યના પ્રકર્ષ અર્થે જે દેશમાં ચિત્ત સમાધાન પામે તે દેશમાં રહીને ધ્યાન કરે તે ઉચિત છે. આથી જ સ્થિરયોગને પામેલા પણ પુંડરિકગણધરાદિ યોગીઓએ શત્રુંજય પર્વત પર જઈને અનશન સ્વીકાર્યું હતું; કેમ કે તે ક્ષેત્રમાં ચિત્ત વિશેષ સમાધાન પામે તેવું જણાવાથી તે દેશમાં જઈને ધ્યાન કર્યું. **॥૧૬-૨૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્ત ધ્યાનનાં ૧૨ દ્વારો બતાવ્યાં તેમાંથી પ્રથમ ભાવના**

દ્વારનું વર્ણન કર્યું. ત્યારબાદ પૂર્વના બે શ્લોકોમાં ક્ષેત્ર દ્વાર બતાવ્યું. હવે કાળ દ્વાર બતાવે છે –

**શ્લોક :-**

**यत्र योगसमाधानं, कालोऽपीष्टः स एव हि ।**
**दिनरात्रिक्षणादीनां, ध्यानिनो नियमस्तु न ।।२८।।**

**અન્વયાર્થ :-**

**ध्यानिनः=ધ્યાન કરનાર યોગીને, यत्र=જે કાળમાં, योगसमाधानं=મન, વચન, કાયાના યોગનું સમાધાન છે, स एव हि=તે જ, कालोपि=કાળ પણ, इष्टः=ઈષ્ટ છે. दिनरात्रिक्षणादीनां नियमस्तु न=પરંતુ દિવસની ક્ષણોનો કે રાત્રિની ક્ષણાદિનો નિયમ નથી. ।।૧૬-૨૮।।**

❖ 'दिनरात्रिक्षणादीनां'માં 'आदि' પદથી પર્વ દિવસોની ક્ષણોનું ગ્રહણ કરવું.

**શ્લોકાર્થ :-**

**ધ્યાન કરનાર યોગીને જે કાળમાં મન, વચન, કાયાના યોગનું સમાધાન થાય છે તે જ કાળ ઈષ્ટ છે, પરંતુ દિવસની ક્ષણોનો કે રાત્રિની ક્ષણાદિનો નિયમ નથી. ।।૧૬-૨૮।।**

**ભાવાર્થ :-**

ભાવના આદિથી સંપન્ન થયેલા યોગી ધ્યાન કરવા બેસે ત્યારે "આ કાળમાં ધ્યાન કરવું અને આ કાળમાં ધ્યાન ન કરવું" એવો કોઈ નિયમ નથી; પરંતુ જે કાળમાં તે યોગીનું ચિત્ત ધ્યાનને અનુકૂળ સમાધાનવાળું હોય તે કાળમાં તે યોગીએ ધ્યાન કરવું જોઈએ. આથી જ આદ્ય ભૂમિકાવાળા કેટલાક યોગીઓ રાત્રિના કાળે ધ્યાનમાં ઉદ્યમ કરતા હોય છે; કેમ કે રાત્રિનું શાંત વાતાવરણ તેઓના યોગને તે રીતે પ્રવર્તાવવા માટે સહાયક જણાય છે. તેથી ધ્યાનના અર્થીએ સ્વભૂમિકાનુસાર તે તે કાળમાં ઉદ્યમ કરવો ઉચિત છે જેથી ધ્યાનમાં સુદૃઢ યત્ન થઈ શકે. **।।૧૬-૨૮।।**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્તધ્યાનનાં ૧૨ દ્વાર બતાવ્યાં. તેમાંથી પૂર્વે ભાવના, ક્ષેત્ર અને કાળ દ્વાર બતાવ્યાં. હવે આસન દ્વાર બતાવે છે –**

**શ્લોક :-**

**यैवावस्था जिता जातु, न स्याद् ध्यानोपघातिनी ।**
**तया ध्यायेन्निषण्णो वा, स्थितो वा शयितोऽथवा ।।२९।।**

**અન્વયાર્થ :-**

**जिता या एव अवस्था=જિતાયેલી=યોગી દ્વારા સુઅભ્યસ્થ, એવી જે અવસ્થા (આસન), ध्यानोपघातिनी जातु न स्यात्=ધ્યાનની ઉપઘાતિની ક્યારેય ન થાય, तया=તેનાથી=તે અવસ્થાથી, निषण्णो वा स्थितो वा शयितोऽथवा ध्यायेत्=બેઠેલા કે ઊભા રહેલા કે સૂતેલા એવા યોગી ધ્યાન કરે. ।।૧૬-૨૯।।**

**શ્લોકાર્થ :-**

**જિતાયેલી એવી જે અવસ્થા, ધ્યાનની ઉપઘાતિની ક્યારેય ન થાય તે અવસ્થાથી બેઠેલા કે ઊભા રહેલા કે સૂતેલા એવા યોગી ધ્યાન કરે. ।।૧૬-૨૯।।**

**ભાવાર્થ :-**

સાધક યોગી ધ્યાનમાં જવા અર્થે ભાવનાથી આત્માને વાસિત કરે છે ત્યારે પોતાની ભૂમિકાને અનુરૂપ જે આસન તેને યોગ્ય જણાય તે આસનમાં બેસીને ભાવના કરે છે અને ભાવના કરતા પૂર્વે પણ અધ્યયનાદિ કાળમાં જે આસન પોતાને અપ્રમત્તભાવમાં સહાયક થાય તે આસનમાં રહીને પોતે અધ્યયન આદિમાં યત્ન કરે છે. આ રીતે જે આસન પોતાને સુઅભ્યસ્થ થયેલ હોય તે આસન તે યોગી માટે જિતાયેલ છે તેમ કહેવાય અને તેવા જિતાયેલા આસનથી જો તે યોગી ધ્યાનમાં ઉદ્યમ કરે તો તે આસન સુઅભ્યસ્ત હોવાને કારણે પીડાકારી નહીં થવાથી ધ્યાનનો ઉપઘાત કરનાર ક્યારેય થતું નથી અને તેવા આસનમાં રહીને તે યોગી ધ્યાન કરે. તે આસન ક્વચિત્ પદ્માસન આદિ રૂપે

બેસીને હોઈ શકે તો ક્વચિત્ કાયોત્સર્ગ મુદ્રા આદિ રૂપે ઊભા રહીને હોઈ શકે અને કોઈક યોગીને તેવી શક્તિ ક્ષીણ થયેલી હોય તો સૂઈને પણ ધ્યાનમાં ઉદ્યમ કરે તો તે આસન પણ ધ્યાન માટે સ્વીકૃત છે. **॥૧૬-૨૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૨૭, ૨૮, ૨૯માં ધ્યાન માટે દેશ, કાળ અને આસનનો અનિયમ છે તેમ બતાવ્યું. હવે તે અનિયમ કેમ છે તેમાં યુક્તિ બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**सर्वासु मुनयो देशकालावस्थासु केवलम् ।**
**प्राप्तास्तन्नियमो नासां, नियता योगसुस्थता ।।३०।।**

**અન્વયાર્થ :-**

**मुनयः=મુનિઓ, सर्वासु देशकालावस्थासु=સર્વ દેશ, કાળ અને અવસ્થામાં, केवलम् प्राप्ताः=કેવલજ્ઞાનને પામ્યા છે, तत्=તે કારણથી, आसां=આમાં=દેશ, કાળ અને અવસ્થામાં, नियमः न=નિયમ નથી, योगसुस्थता नियता=યોગસુસ્થતા નિયત છે=મન, વચન, કાયાના યોગોની સ્થિરતા નિયત છે=ધ્યાન માટે નિયત છે. ॥૧૬-૩૦॥**

**શ્લોકાર્થ :-**

**મુનિઓ સર્વ દેશ, કાળ અને અવસ્થામાં કેવલજ્ઞાનને પામ્યા છે તે કારણથી દેશ, કાળ અને અવસ્થામાં નિયમ નથી પરંતુ યોગસુસ્થતા નિયત છે. ॥૧૬-૩૦॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૨૭થી ૨૯ સુધી ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું કે ચિત્તનું સમાધાન થાય તે પ્રમાણે દેશ, કાળ કે અવસ્થામાં ધ્યાનાર્થી સાધુએ ઉદ્યમ કરવો જોઈએ, પરંતુ ચોક્કસ દેશ, ચોક્કસ કાળ કે ચોક્કસ અવસ્થાનો નિયમ નથી. નિયમ કેમ નથી ? તેમાં યુક્તિ આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે અઢી દ્વીપમાંથી સર્વ દેશમાં મુનિઓ કેવળજ્ઞાનને પામ્યા છે. વળી, સર્વકાળમાં પણ કેવળજ્ઞાનને પામ્યા છે.

વળી, સર્વ આસનમાં કેવળજ્ઞાનને પામ્યા છે માટે કોઈપણ અવસ્થામાં રહીને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે.

વળી, કેવળજ્ઞાન શુક્લધ્યાન વગર થતું નથી તેથી નક્કી થાય કે કોઈપણ મહાત્મા યોગના સુદૃઢ યત્ન વગર કેવળજ્ઞાનને પામ્યા નથી માટે પ્રશસ્ત ધ્યાનની નિષ્પત્તિ માટે લક્ષ્યને અનુરૂપ મન, વચન અને કાયાના યોગોનો સુદૃઢ વ્યાપાર આવશ્યક છે. તે બતાવવા માટે ગ્રંથકારશ્રી કહે છે કે ધ્યાન માટે યોગની સુસ્થતા નિયત છે પરંતુ દેશ, કાળ, અવસ્થામાં નિયમ નથી. **॥૧૬-૩૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્ત ધ્યાનનાં ૧૨ દ્વાર બતાવ્યાં. તેમાંથી અત્યાર સુધી ભાવના, દેશ, કાળ અને આસન દ્વારનું વર્ણન કર્યું. હવે પ્રશસ્ત ધ્યાનમાં કયા આલંબનની આવશ્યકતા છે તે ત્રણ શ્લોકમાં બતાવે છે -**

**શ્લોક :-**

**वाचना चैव पृच्छा च परावृत्त्यनुचिन्तने ।**
**क्रिया चालम्बनानीह सद्धर्मावश्यकानि च ।।३१।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=ધ્યાનમાં, वाचना चैव पृच्छा च=વાચના અને પૃચ્છા, परावृत्त्यनुचिन्तने=પરાવૃત્તિ, અનુચિંતના, क्रिया च सद्धर्मावश्यकानि च=અને ક્રિયા અને સદ્ધર્મ આવશ્યકો, आलम्बनानि=આલંબનો છે. ।।૧૬-૩૧।।**

**શ્લોકાર્થ :-**

**અહીં ધ્યાનમાં વાચના અને પૃચ્છા, પરાવૃત્તિ, અનુચિંતના અને ક્રિયા અને સદ્ધર્મ આવશ્યકો આલંબનો છે. ।।૧૬-૩૧।।**

**ભાવાર્થ :-**

પ્રશસ્ત ધ્યાનમાં ચડવા માટે આલંબનરૂપ કઈ પ્રવૃત્તિ છે તે પ્રસ્તુત શ્લોકમાં બતાવે છે. તેમાં ચાર શ્રુતવિષયક આલંબનો છે અને બે ચારિત્રાચારની ક્રિયા વિષયક આલંબનો છે.

**(૧) વાચના :-** કોઈ સાધુ વાચના ગ્રહણ કરતા હોય અને વાચનાકાળમાં કોઈ શાસ્ત્રીય પદાર્થમાં ચિત્ત એકાગ્ર ભાવને પામે તો વાચનાના આલંબનથી ધ્યાન પ્રગટે છે અને કદાચ ચિત્ત એકાગ્ર ભાવને ન પામે તો વાચનાથી જે સૂત્રના અર્થનું જ્ઞાન થાય છે તે ધ્યાનને અભિમુખ માનસવ્યાપાર રૂપ છે. વળી, જેમ વાચના ગ્રહણ કરનાર મહાત્મા વાચનાના બળથી ધ્યાન ઉપર આરોહણ કરી શકે છે તેમ વાચના આપનાર મહાત્મા પણ શ્રુતના પદાર્થમાં એકાગ્રતાને પામે તો ધ્યાન ઉપર આરોહણ કરી શકે છે. વળી, આ વાચનાકાળમાં મોહના ઉન્મૂલનને અનુકૂળ સૂત્રને અવલંબીને વ્યાપાર વર્તતો હોય તો પ્રશસ્ત એવું ધ્યાન પ્રગટે છે, અન્યથા નહીં.

**(૨) પૃચ્છા :-** વાચનાથી કોઈક સ્થાને પદાર્થનો નિર્ણય ન થાય તો તત્ત્વજિજ્ઞાસાપૂર્વક શિષ્ય પૃચ્છા કરે છે અને પૃચ્છાકાળમાં ગુરુનાં વચનોને અવલંબીને તે અર્થમાં ચિત્ત એકાગ્ર થાય તો તે પૃચ્છાથી પ્રવર્તતા શ્રુતના ઉપયોગના બળથી મહાત્મા ધ્યાન ઉપર આરોહણ કરી શકે છે.

**(૩) પરાવર્તના :-** વળી વાચના અને પૃચ્છનાથી તત્ત્વનો નિર્ણય કર્યા પછી મહાત્મા તે તત્ત્વનું પરાવર્તન કરીને તે સૂત્રના અર્થને સ્થિર કરવા માટે પરાવર્તન કરે ત્યારે તે સૂત્રના અર્થથી ભાવિત થયેલી મતિ એકાગ્રતાને પામે તો પરાવર્તન કાળમાં પણ ધ્યાન ઉપર આરોહણ કરી શકે છે. તેથી સૂત્રનું પરાવર્તન પણ ધ્યાન માટે આલંબનરૂપ છે.

**(૪) અનુચિંતના :-** વળી, વાચના કે પૃચ્છનાથી સૂત્રના અર્થનું ગ્રહણ કર્યા પછી અને પરાવર્તનાથી તે અર્થને સ્થિર કર્યા પછી યુક્તિ અને અનુભવથી તે શાસ્ત્રીય પદાર્થ કઈ રીતે મોહના ઉન્મૂલનની પ્રાપ્તિ માટે ઉપકારક છે તે પ્રકારના સૂક્ષ્મ ઉપયોગપૂર્વક શાસ્ત્રીય પદાર્થનું ચિંતવન કરવામાં આવે તો તે ચિંતવનના આલંબનથી પણ પ્રશસ્ત ધ્યાન પ્રગટે છે.

**(૫) ક્રિયા :-** સાધુની સંયમની સર્વ ક્રિયાઓ ગુપ્તિના પ્રકર્ષનું કારણ છે. તેથી કોઈ મહાત્મા ઈર્યાસમિતિપૂર્વક વિહાર કરતા હોય તે વખતે ષટ્કાયના પાલનનો અધ્યવસાય સ્ફુરાયમાન થતો હોય અને સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્ય બુદ્ધિ ઉલ્લસિત થતી હોય તો ઈર્યાસમિતિપૂર્વકની વિહારની ક્રિયાથી પણ

પ્રશસ્ત ધ્યાન પ્રગટી શકે છે. તેથી ઈર્યાસમિતિપૂર્વકની ગમનની ક્રિયા કાયિક ધ્યાન માટે દૃઢ આલંબન છે.

તે રીતે સાધુની વાચિક ક્રિયા કે માનસિક ક્રિયા શાસ્ત્ર અનુસારી હોય તો ધ્યાનનું આલંબન બને છે.

(૬) **સદ્ધર્મ આવશ્યક** :- વળી સાધુની સદ્ધર્મ નિષ્પત્તિને અનુકૂળ એવી આવશ્યક ક્રિયાઓ પણ આલંબન બને છે. આથી જ ષડાવશ્યકની ક્રિયા કરતાં કરતાં ઘણા મહાત્માઓ કેવળજ્ઞાનને પામ્યા છે. **॥૧૬-૩૧॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ધ્યાન માટેનાં આલંબનો કયાં કયાં છે તે બતાવ્યું. હવે તે આલંબનના અર્થી યોગી કઈ રીતે ધ્યાનને પ્રાપ્ત કરે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**आरोहति दृढद्रव्यालम्बनो विषमं पदम् ।**
**तथारोहति सद्ध्यानं, सूत्राद्यालम्बनाश्रितः ।।३२।।**

**અન્વયાર્થ :-**

**दृढद्रव्यालम्बनः=દૃઢદ્રવ્યના આલંબનવાળા, विषमं पदं आरोहति=વિષમ પદને આરોહણ કરે છે. तथा=તે પ્રકારે, सूत्राद्यालम्बनाश्रितः=સૂત્રાદિ આલંબનને આશ્રિત યોગી, सद्ध्यानं आरोहति=સદ્ધ્યાનને આરોહણ કરે છે. ॥૧૬-૩૨॥**

**શ્લોકાર્થ :-**

**દૃઢદ્રવ્યના આલંબનવાળા વિષમ પદને આરોહણ કરે છે તે પ્રકારે સૂત્રાદિ આલંબનને આશ્રિત યોગી સદ્ધ્યાનને આરોહણ કરે છે. ॥૧૬-૩૨॥**

**ભાવાર્થ :-**

કોઈક સ્થાને જવા માટેનો માર્ગ વિષમ હોય અને તે સ્થાનમાંથી જવામાં બાજુના સ્થાનમાં પડી જવાનો ભય હોય તે વખતે જવાનો અર્થી પુરુષ દૃઢદ્રવ્યનું

આલંબન લઈને તે વિષય સ્થાનને આરોહણ કરી શકે છે.

તે રીતે આત્માને સદ્ધ્યાનમાં આરોહણ થવાનું સ્થાન અતિવિષમ છે તો પણ પૂર્વશ્લોકમાં બતાવ્યા પ્રમાણે સૂત્રાદિનું આલંબન લઈને જનારા યોગીઓ સદ્ધ્યાન ઉપર આરોહણ કરી શકે છે. **॥૧૬-૩૨॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૧માં ધ્યાનનાં આલંબનો બતાવ્યાં. શ્લોક-૩૨માં તે ધ્યાનના આલંબનથી મુનિ ધ્યાનમાં ચડી શકે છે તે બતાવ્યું. હવે આલંબન પ્રત્યેના આદરને કારણે પ્રગટ થયેલા ધ્યાનનો ભ્રંશ થતો નથી તે બતાવીને ધ્યાનમાં આલંબનનું મહત્ત્વ બતાવે છે –**

**શ્લોક :-**

**आलम्बनादरोद्भूतप्रत्यूहक्षययोगतः ।**
**ध्यानाद्यारोहणभ्रंशो, योगिनां नोपजायते ।।३३।।**

**અન્વયાર્થ :-**

**आलंबनादरोद्भूतप्रत्यूहक्षययोगतः=આલંબનના આદરથી ઉદ્ભૂત એવા પ્રત્યૂહક્ષયના અર્થાત્ વિઘ્નક્ષયના યોગથી, ध्यानाद्यारोहणभ्रंशो=ધ્યાનાદિના આરોહણનો ભ્રંશ, योगिनां नोपजायते=યોગીઓને થતો નથી. ।।૧૬-૩૩।।**

**શ્લોકાર્થ :-**

**આલંબનના આદરથી ઉદ્ભૂત એવા વિઘ્નક્ષયના યોગથી ધ્યાનાદિના આરોહણનો ભ્રંશ યોગીઓને થતો નથી. ।।૧૬-૩૩।।**

**ભાવાર્થ :-**

જે યોગી પ્રશસ્ત ધ્યાન કરીને સંસારથી નિસ્તાર પામવાના અર્થી છે તેઓને ધ્યાનમાં ચડવા માટે આલંબનભૂત વાચનાદિ કૃત્યોમાં અત્યંત આદર હોય છે. તેથી તેવા યોગી શક્તિના પ્રકર્ષથી વાચનાદિમાં યત્ન કરીને આત્માને શ્રુતથી ભાવિત કરે છે અને તે પ્રકારના આલંબનમાં કરાયેલા યત્નને કારણે ધ્યાનથી પાત કરાવે તેવા કુસંસ્કારો આત્મામાંથી ક્ષય પામે છે અને ધ્યાનથી પાત કરાવે

તેવા કુસંસ્કારોના ઉદ્‌બોધક એવાં કર્મોનો નાશ થાય છે. તેથી જે યોગી વાચનાદિ આલંબનમાં આદરપૂર્વકના યત્નના બળથી ધ્યાનમાં ચડેલા હોય છે તેવા યોગીઓ ધ્યાનથી પાત કરાવે તેવા કુસંસ્કારરૂપ વિઘ્નના અને પાતઆપાદક કર્મરૂપ વિઘ્નના ક્ષયવાળા હોવાથી ધ્યાનાદિના આરોહણથી ભ્રંશ પામતા નથી.

અહીં ધ્યાનાદિમાં 'આદિ' પદથી ધ્યાનને અનુકૂળ એવા શુભ ચિંતનરૂપ માનસવ્યાપારનું ગ્રહણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે વાચનાદિમાં યત્ન કરનારા યોગીઓ આલંબનના આદરને કારણે શુભ ચિંતવનના પ્રતિબંધક અને શુભધ્યાનના પ્રતિબંધક એવા વિઘ્નક્ષયને કારણે ધ્યાનના આરોહણથી અને ધ્યાનને અનુકૂળ એવા શુભ માનસથી ભ્રંશ પામતા નથી. તેથી જેમ યોગી શુભધ્યાનથી લક્ષ્યની નિષ્પત્તિ કરી શકે છે તેમ શુભધ્યાનને અનુકૂળ એવા માનસથી પણ લક્ષ્યની નિષ્પત્તિ કરી શકે છે. તેથી જે યોગીઓ સદા આલંબનમાં આદરવાળા છે તેઓ સુખે સુખે કર્મનાશ કરીને મોક્ષપ્રાપ્તિ કરી શકે છે. **॥૧૬-૩૩॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્ત ધ્યાનનાં ૧૨ દ્વાર બતાવ્યાં. તેમાંથી અત્યાર સુધી ભાવના, દેશ, કાળ, આસન અને આલંબન દ્વારો બતાવ્યાં. હવે કયા ક્રમથી પ્રશસ્ત ધ્યાનની પ્રતિપત્તિ થાય છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**मनोरोधादिको ध्यानप्रतिपत्तिक्रमो जिने ।**
**शेषेषु तु यथायोगं समाधानं प्रकीर्तितम् ।।३४।।**

**અન્વયાર્થ :-**

**जिने=જિનમાં, मनोरोधादिकः ध्यानप्रतिपत्तिक्रमः=મનોરોધાદિ ધ્યાનની પ્રતિપત્તિનો ક્રમ છે, शेषेषु तु=વળી, શેષમાં=કેવલી સિવાયના અન્ય છદ્મસ્થ સાધકોમાં, यथायोगं समाधानं प्रकीर्तितम्=જે પ્રકારે યોગનું સમાધાન છે, તે કહેવાયું છે=જે પ્રકારે યોગનું સમાધાન થાય તે પ્રકારે ધ્યાનની પ્રતિપત્તિનો ક્રમ કહેવાયેલો છે. ।।૧૬-૩૪।।**

**શ્લોકાર્થ :-**

**જિનમાં મનોરોધાદિ ધ્યાનની પ્રતિપત્તિનો ક્રમ છે, વળી, કેવલી સિવાયના અન્ય છદ્મસ્થ સાધકોમાં, જે પ્રકારે યોગનું સમાધાન થાય તે પ્રકારે ધ્યાનની પ્રતિપત્તિનો ક્રમ કહેવાયેલો છે. ॥૧૬-૩૪॥**

**ભાવાર્થ :-**

કેવલીને યોગનિરોધકાળમાં ધ્યાન હોય છે અને છદ્મસ્થને મોહના નાશ અર્થે ધ્યાન હોય છે. તેમાં પ્રથમ, જિનમાં ધ્યાનના સ્વીકારનો ક્રમ કહે છે.

કેવળજ્ઞાન પામ્યા પછી વીતરાગ સર્વજ્ઞ યોગનિરોધની પ્રક્રિયાનો આરંભ ૧૩મા ગુણસ્થાનકે કરે છે. તે વખતે મનોયોગ, વચનયોગ અને કાયયોગના ક્રમથી યોગનિરોધમાં યત્ન કરે છે તેથી જિનને ધ્યાનના સ્વીકારનો ક્રમ મનોયોગ નિરોધ, વચનયોગ નિરોધ અને કાયયોગ નિરોધ છે.

વળી તેના પૂર્વે છદ્મસ્થ પોતપોતાની ભૂમિકાનુસાર મોહના નાશ અર્થે યત્ન કરે છે તે વખતે મન, વચન કે કાયાનો કોઈ ક્રમ નથી, પરંતુ જે રીતે યોગ સ્થૈર્યભાવને પામે તે પ્રમાણે ધ્યાનના સ્વીકારનો ક્રમ છે. આથી જ પુષ્પપૂજા કરતાં કાયાથી પૂજામાં એકાગ્ર થયેલા નાગકેતુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તે વખતે તેમને કાયિક ધ્યાન વર્તે છે. વળી, કોઈ મહાત્મા શાસ્ત્રોના અર્થોનું પારાયણ કરતા હોય તે વખતે વચનયોગમાં ઉપયોગ વર્તે અને ચિત્ત સ્થિરભાવને પામે તો વાચિક ધ્યાન આવે છે. વળી, કોઈ મહાત્માને શાસ્ત્રીય પદાર્થોના ચિંતવનથી ધ્યાન પ્રગટે છે ત્યારે માનસિક ધ્યાન વર્તે છે. કાયિક ધ્યાન, વાચિક ધ્યાન કે માનસિક ધ્યાનમાંથી ગમે તે ધ્યાનમાં વર્તતા યોગી ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરી શકે છે. તેથી છદ્મસ્થ માટે મન, વચન કે કાયાને આશ્રયીને જિનની જેમ ધ્યાનનો ક્રમ નથી પરંતુ જે રીતે યોગની સ્થિરતા પ્રગટે તે પ્રકારે તે તે ક્રિયાના બળથી ધ્યાન શાસ્ત્રમાં સ્વીકારાયું છે. **॥૧૬-૩૪॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્ત ધ્યાનનાં ૧૨ દ્વાર બતાવ્યાં. તેમાંથી અત્યાર સુધી ભાવના, દેશ, કાળ, આસન, આલંબન અને ક્રમ એ છ દ્વારોનું વર્ણન કર્યું છે. હવે, પ્રશસ્ત ધ્યાનમાં ધ્યાતવ્ય શું છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**आज्ञापायविपाकानां, संस्थानस्य च चिन्तनात् ।**
**धर्मध्यानोपयुक्तानां, ध्यातव्यं स्याच्चतुर्विधम् ।।३५।।**

**અન્વયાર્થ :-**

**धर्मध्यानोपयुक्तानां=ધર્મધ્યાનઉપયુક્ત એવા સાધકોને, आज्ञापायविपाकानां संस्थानस्य च चिन्तनात्=આજ્ઞાના, અપાયના, વિપાકના અને સંસ્થાનના ચિંતનથી, चतुर्विधम् ध्यातव्यं स्यात्=ચાર પ્રકારનું ધ્યાતવ્ય છે. ।।૧૬-૩૫।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મધ્યાનઉપયુક્ત એવા સાધકોને આજ્ઞાના, અપાયના, વિપાકના અને સંસ્થાનના ચિંતનથી ચાર પ્રકારનું ધ્યાતવ્ય છે. ।।૧૬-૩૫।।**

**ભાવાર્થ :-**

આત્મામાં ધર્મની નિષ્પત્તિ માટે ધ્યાન કરનારા યોગીઓને ધ્યાતવ્ય ચાર પ્રકારનું છે :- (૧) આજ્ઞાનું ચિંતવન, (૨) અપાયનું ચિંતવન, (૩) કર્મોના વિપાકનું ચિંતવન અને (૪) લોકના સંસ્થાનનું ચિંતવન. તેના ચિંતવનથી ધ્યાતવ્યના ચાર ભેદોની પ્રાપ્તિ છે. **।।૧૬-૩૫।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે ધર્મધ્યાન કરવા માટે ધ્યાતવ્ય આજ્ઞા આદિ ચાર છે તેથી હવે પ્રથમ ધ્યાતવ્ય એવી આજ્ઞાનું ચિંતવન કેવી રીતે કરવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**नयभङ्गप्रमाणाढ्यां, हेतूदाहरणान्विताम् ।**
**आज्ञां ध्यायेज्जिनेन्द्राणामप्रामाण्याकलङ्किताम् ।।३६।।**

**અન્વયાર્થ :-**

**जिनेन्द्राणाम्=જિનેન્દ્રોની, नयभङ्गप्रमाणाढ्यां हेतूदारणान्विताम्-अप्रामाण्याकलङ्किताम् आज्ञां=નયભંગ અને પ્રમાણથી આઢ્ય હેતુ ઉદાહરણથી**

**અન્વિત અપ્રામાણ્યથી અકલંકિત એવી આજ્ઞાનું=પદાર્થને જોવાના દૃષ્ટિકોણરૂપ અનેક પ્રકારના નયો, બે ત્રણ આદિના સંયોગોથી થતા ભાંગાઓ અને સર્વદૃષ્ટિકોણરૂપ પ્રમાણથી યુક્ત, સર્વજ્ઞએ સ્થાપેલ વચનનું પ્રામાણ્ય સ્થાપન કરવા માટે હેતુ અને ઉદાહરણથી યુક્ત તેમ જ અયથાર્થ બોધરૂપ અપ્રામાણ્યથી અકલંકિત એવી આજ્ઞાનું, ध्यायेत्=ધ્યાન=ચિંતવન, કરવું જોઈએ. ॥૧૬-૩૬॥**

**શ્લોકાર્થ :-**

**જિનેન્દ્રોની નયભંગ અને પ્રમાણથી આઢ્ય હેતુ ઉદાહરણથી અન્વિત અપ્રામાણ્યથી અકલંકિત એવી આજ્ઞાનું ચિંતવન કરવું જોઈએ. ॥૧૬-૩૬॥**

**ભાવાર્થ :-**

પદાર્થ અનંત ધર્માત્મક છે અને તે પદાર્થને તે તે દૃષ્ટિકોણથી બતાવનારાં નયવચનો છે અને ભગવાનનું આગમ ઉચિત સ્થાને ઉચિત દૃષ્ટિને બતાવનાર નયથી યુક્ત છે. તેથી એ ફલિત થાય કે પદાર્થને જોવાની કોઈપણ દૃષ્ટિની ક્ષતિ વગરનું ભગવાનનું વચન છે.

વળી, શાસ્ત્રમાં બેના સંયોગ, ત્રણના સંયોગ આદિથી કહેનારા વિકલ્પો છે જેથી તે વસ્તુનો અનેક પ્રકારનો બોધ થાય; જેમ કે દેશવિરતિનાં બારેય વ્રતો વિષયક કરણ, કરાવણ, અનુમોદન અને ભૂત, વર્તમાન, ભવિષ્યને આશ્રયીને પરસ્પરના સંયોગથી કેટલા વિકલ્પો થાય તે રૂપ ભાંગાઓ બતાવ્યા છે. જેથી દેશવિરતિનો વિશદ બોધ ભાંગાના પરિજ્ઞાનથી થાય તેવું ભગવાનનું વચન છે.

વળી, સર્વ નયોને ઉચિત રીતે જોડીને પૂર્ણ બોધને બતાવનાર પ્રમાણ વચનને બતાવનારું ભગવાનનું આગમ છે.

વળી, તત્ત્વને બતાવવા માટે જે વચનો ભગવાનના આગમમાં છે તે, તેમ જ છે તેનો નિર્ણય કરવા માટે હેતુ અને ઉદાહરણો પણ બતાવવામાં આવેલ છે જેથી હેતુ અને ઉદાહરણના બળથી પણ પદાર્થનો યથાર્થ નિર્ણય થઈ શકે.

વળી, ભગવાનનું દરેક વચન અસંબદ્ધ પ્રલાપરૂપ અપ્રામાણ્યથી અકલંકિત

છે અને આવા વચનરૂપ ભગવાનની આજ્ઞા છે. વળી, ભગવાનનાં તે વચનો જીવને હિતમાં પ્રવર્તક અને અહિતથી નિવર્તક હોવાથી યોગ્ય જીવને અનુશાસન આપનાર હોવાથી આજ્ઞારૂપ છે.

એ પ્રમાણે ભગવાનના વચનનું ચિંતવન કરવું જોઈએ જેથી સર્વજ્ઞનું વચન સંપૂર્ણ યથાર્થતાને બતાવનાર છે તેવો નિર્ણય થાય. અને તેવો સ્થિર નિર્ણય થવાથી શ્લોક-૩૧માં બતાવેલ વાચના, પૃચ્છનાદિ આલંબનપૂર્વક આગમ ભણવામાં આવે તો ભગવાનનું વચન યથાર્થ તાત્પર્યમાં પરિણમન પામે; જેથી પ્રશસ્ત એવું "આજ્ઞાવિચય" નામનું ધર્મધ્યાન પ્રગટ થાય છે અર્થાત્ ભગવાનની આજ્ઞામાં વધતા જતા બહુમાનથી ઉત્પન્ન થયેલી તન્મયતાને કારણે 'આજ્ઞાવિચય' નામનું ધર્મધ્યાન પ્રગટ થાય છે. **॥૧૬-૩૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૫માં કહ્યું કે ધર્મધ્યાન કરવા માટે ધ્યાતવ્ય આજ્ઞા આદિ ચાર છે તેથી હવે બીજા ધ્યાતવ્ય એવા અપાયનું ચિંતવન કેવી રીતે કરવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**रागद्वेषकषायादिपीडितानां जनुष्मताम् ।**
**ऐहिकामुष्मिकांस्तांस्तान्नानापायान्विचिन्तयेत् ।।३७।।**

**અન્વયાર્થ :-**

**रागद्वेषकषायादिपीडितानां जनुष्मताम्=રાગદ્વેષ કષાયાદિથી પીડિત એવા શરીરધારીઓના, ऐहिकामुष्मिकान् तान् तान् नानाऽपायान्=ઐહિક અને આમુષ્મિક=આલોકના અને પરલોકના, તે તે જુદા જુદા અપાયોનું, विचिन्तयेत्=વિચિંતન કરે=વિચાર કરે. ॥૧૬-૩૭॥**

❖ 'रागद्वेषकषायादि'માં 'आदि' પદથી અશુભ યોગોનું ગ્રહણ કરવું.

**શ્લોકાર્થ :-**

**રાગદ્વેષકષાયાદિથી પીડિત એવા શરીરધારીઓના આલોકના અને પરલોકના તે તે જુદા જુદા અપાયોનું વિચિંતન કરે. ॥૧૬-૩૭॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો કર્મને પરતંત્ર થઈને રાગાદિથી પીડિત હોય ત્યારે આરંભ સમારંભની પ્રવૃત્તિ કરે છે જેના કારણે આલોકમાં પણ ઘણા અનર્થોની પ્રાપ્તિ થાય છે. જેમ કષાયાદિને વશ થઈને કોઈની હિંસા કરે તો જેની હિંસા કરી હોય તેના તરફથી ઉપદ્રવો થાય છે, રાજા આદિ તરફથી શિક્ષા પ્રાપ્ત થાય છે. કષાયને પરવશ થઈને ચોરી આદિ કરે તો આ લોકમાં અનેક પ્રકારના અનર્થોની પ્રાપ્તિ થાય છે. તેથી સંસારી જીવોને રાગાદિ ભાવો ચિત્તમાં અંતસ્તાપ પેદા કરીને તત્કાળ અનર્થ પેદા કરે છે અને તેના કારણે હિંસાદિ કરવાથી અનેક અનર્થો પ્રાપ્ત થાય છે, જે આ લોકના અનર્થો છે.

વળી રાગાદિને પરવશ થઈને જીવો જે પાપો કરે છે તેના કારણે જન્માંતરમાં નરકાદિની કદર્થના પ્રાપ્ત કરે છે. આ પ્રકારે અપાયનું ચિંતવન કરવાથી રાગાદિ પ્રત્યેનો વિમુખ ભાવ પ્રગટે છે. તેથી અપાયના ચિંતવનથી રાગાદિ પ્રત્યે વિમુખ થવાથી અને રાગાદિ અપાયોને ઉન્મૂલન કરે તેવો તીવ્ર અધ્યવસાય થવાથી ચિત્ત એકાગ્ર થાય તો "અપાયવિચય" નામનું ધર્મધ્યાન પ્રગટે છે. **॥૧૬-૩૭॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૫માં કહ્યું કે ધર્મધ્યાન કરવા માટે ધ્યાતવ્ય આજ્ઞા આદિ ચાર છે. તેથી હવે ત્રીજા ધ્યાતવ્ય એવા કર્મવિપાકનું ચિંતવન કેવી રીતે કરવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**ध्यायेत्कर्मविपाकं च, तं तं योगानुभावजम् ।**
**प्रकृत्यादिचतुर्भेदं, शुभाशुभविभागतः ।।३८।।**

**અન્વયાર્થ :-**

**योगानुभावजम् च=અને યોગના અનુભાવથી જનિત એવા=મન, વચન અને કાયાના યોગોના કાર્યરૂપ મિથ્યાત્વ, અવિરતિ અને કષાયરૂપ અનુભાવથી**

**જન્ય એવા, प्रकृत्यादिचर्तुभेदं=પ્રકૃતિ આદિ ચાર ભેદવાળું, शुभाशुभविभागतः= શુભાશુભના વિભાગથી, तं तं कर्मविपाकं ध्यायेत्=તે તે કર્મના વિપાકનું ધ્યાન કરે=ચિંતવન કરે. ॥૧૬-૩૮॥**

❖ 'प्रकृतिआदि'માં 'आदि' પદથી સ્થિતિ, રસ અને પ્રદેશનું ગ્રહણ કરવું.

**શ્લોકાર્થ :-**

**યોગના અનુભાવથી જનિત એવા પ્રકૃતિ આદિ ચાર ભેદવાળું શુભાશુભના વિભાગથી તે તે કર્મના વિપાકનું ધ્યાન કરે. ॥૧૬-૩૮॥**

**ભાવાર્થ :-**

'મન, વચન અને કાયાના યોગો એ કર્મબંધનાં કારણ છે અને તે યોગો સંશ્લેષના પરિણામવાળા થાય છે ત્યારે તેના કાર્યરૂપ મિથ્યાત્વ, અવિરતિ અને કષાય બને છે અને તે યોગના કાર્યથી જન્ય પ્રકૃતિ આદિ ચાર ભેદવાળું કર્મ છે. વળી, તે બંધાયેલું કર્મ શુભ અને અશુભ વિભાગવાળું છે. શુભ કર્મનો વિપાક જીવને શુભ ફળ આપે છે અને અશુભ કર્મનો વિપાક જીવને અશુભ ફળ આપે છે.' તે પ્રકારે શુભાશુભ કર્મના વિપાકનું ચિંતવન કરવાથી 'જગતની શુભ અશુભ અવસ્થા એ કર્મનું કાર્ય છે, જીવનો સ્વભાવ નથી' એ પ્રકારની સ્થિર બુદ્ધિ થાય છે અને તે પ્રકારે ભાવિત થવાથી જગતના શુભ ભાવો પ્રત્યે આકર્ષણ અને અશુભ ભાવો પ્રત્યે દ્વેષની વૃત્તિ ક્ષીણ થાય તેવો માનસવ્યાપાર પ્રવર્તે છે અને તેમાં એકાગ્રતા પ્રાપ્ત થાય તો 'વિપાકવિચય' નામનું ધર્મધ્યાન પ્રગટે છે.

અહીં વિશેષ એ છે કે સંસારવર્તી જીવોના મન, વચન, કાયાના યોગો કોઈ ભાવો પ્રત્યે સંશ્લેષવાળા હોય ત્યારે તે ભાવો રાગદ્વેષના પરિણામરૂપ છે જે યોગનું કાર્ય છે. તે સંશ્લેષવાળા પરિણામો પણ અવિરતિના ઉદયવાળા હોય તો સંસારના ભોગોના અભિલાષવાળા કે ઇન્દ્રિયોના વિષયો સાથે સંશ્લેષવાળા હોય છે અને ભગવાનનાં વચનનો પારમાર્થિક બોધ ન હોય તો તે મન-વચન-કાયાના યોગોથી વર્તતો સંશ્લેષ મિથ્યાત્વના ઉદયવાળો હોય છે. તેથી યોગના ત્રણ અનુભાવો છે; મિથ્યાત્વ, અવિરતિ અને કષાય. જે જીવોને જિનવચન

અનુસાર વિવેક પ્રગટ્યો છે તેવા જીવોમાં મિથ્યાત્વનો ઉદય નથી તેથી તે જીવોના યોગનાં બે કાર્યો છે – અવિરતિ અને કષાય. વળી, જેઓ જિનવચનથી ભાવિત થઈને સાવદ્ય યોગથી નિવૃત્ત થયેલા છે અને નિરવદ્ય યોગોમાં પ્રવર્તે છે તેવા મુનિઓના મન-વચન-કાયાના યોગો મિથ્યાત્વના ઉદયવાળા પણ નથી અને અવિરતિના ઉદયવાળા પણ નથી, તોપણ તેઓના યોગોનું કાર્ય રાગદ્વેષના પરિણામરૂપ કષાય છે અને તેવા યોગીઓ પોતાના મન-વચન-કાયાથી પ્રવર્તતા કષાયોને એ રીતે પ્રવર્તાવે છે કે જેથી તેમનો રાગ આત્માની શુદ્ધ અવસ્થા અને આત્માની શુદ્ધ અવસ્થાના ઉપાય માત્ર પ્રત્યે રહે અને તેમનો દ્વેષ આત્માની અશુદ્ધ અવસ્થા અને આત્માની અશુદ્ધ અવસ્થાના ઉપાયભૂત ભાવો પ્રત્યે રહે અને તે સિવાય જગતના સર્વ પદાર્થો પ્રત્યે ચિત્ત ઉપેક્ષાવાળું રહે. તેથી આવા મુનિઓ જિનવચનાનુસાર મન-વચન-કાયાને પ્રવર્તાવે છે અને સંસારના ભાવોના ઉચ્છેદ માટે અને આત્માના અસંગભાવોના ઉત્કર્ષ અર્થે સદા ઉદ્યમ કરે છે. અને તે ઉદ્યમમાં સ્ખલના થાય તો તેવા મુનિઓને પણ અપ્રશસ્ત કષાય થાય છે, જે અતિચાર રૂપ છે અને જ્યારે તે યોગીઓ ક્ષપકશ્રેણી ઉપર ચઢીને બારમું ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે ત્યારે તેમના મન-વચન-કાયાના અનુભાવરૂપ પ્રશસ્ત કષાયનો પરિણામ પણ નિવર્તન પામે છે ત્યારે માત્ર યોગકૃત કર્મબંધ છે. આ પ્રકારના યોગના અનુભાવથી થનારા કર્મના સ્વરૂપનું અને તેના વિપાકનું ચિંતવન કરવાથી “વિપાકવિચય” નામનું ધર્મધ્યાન પ્રગટે છે. **॥૧૬-૩૮॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૫માં કહ્યું કે ધર્મધ્યાન કરવા માટે ધ્યાતવ્ય આજ્ઞા આદિ ચાર છે. તેથી હવે ચોથા ધ્યાતવ્ય એવા લોકસંસ્થાનનું ચિંતવન કેવી રીતે કરવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**उत्पादस्थितिभङ्गादिपर्यायैर्लक्षणैः पृथक् ।**
**भेदैर्नामादिभिर्लोकसंस्थानं चिन्तयेद् भृतम् ।।३९।।**

**અન્વયાર્થ :-**

**पृथक् लक्षणैः भृतम्=ભિન્ન ભિન્ન લક્ષણોવાળા પદાર્થોથી ભરેલા (અને), उत्पादस्थितिभङ्गादिपर्यायैः (भृतम्)=ઉત્પાદ, સ્થિતિ અને ભંગાદિ પર્યાયોવાળા પદાર્થોથી (ભરેલા), लोकसंस्थानं=લોકસંસ્થાનનું, नामादिभिः भेदैः=નામાદિ ભેદો વડે, चिन्तयेद्=ચિંતવન કરવું જોઈએ. ।।૧૬-૩૯।।**

❖ 'भङ्गादि'માં 'आदि'થી છએ દ્રવ્યના અન્ય પણ પર્યાયોનું ગ્રહણ કરવું. 'नामादि'માં 'आदि'થી નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનું ગ્રહણ કરવું.

**શ્લોકાર્થ :-**

**ભિન્ન ભિન્ન લક્ષણોવાળા પદાર્થોથી ભરેલા અને ઉત્પાદ, સ્થિતિ અને ભંગાદિ પર્યાયોવાળા પદાર્થોથી ભરેલા, લોકસંસ્થાનનું નામાદિ ભેદો વડે ચિંતવન કરવું જોઈએ. ।।૧૬-૩૯।।**

**ભાવાર્થ :-**

ધર્મધ્યાનમાં જવા માટે ચૌદ રજ્જુઆત્મક લોકસંસ્થાન કેવા સ્વરૂપવાળું છે ? તેનું ચિંતવન યોગીએ કરવું જોઈએ. કઈ રીતે ચિંતવન કરવું જોઈએ ? તે બતાવતાં કહે છે.

'ચૌદ રજ્જુઆત્મક લોકમાં આત્મા આદિ છ દ્રવ્યો કઈ રીતે રહેલા છે અને તે દ્રવ્યોના ભંગ, ઉત્પાદ, ધ્રુવ આદિ પર્યાયો કઈ રીતે સતત વર્તી રહ્યા છે અને તે પર્યાયોથી યુક્ત છએ દ્રવ્યોઅંતર્ગત પોતાનો આત્મા સંસારચક્રમાં અનાદિકાળથી કઈ રીતે ફરી રહેલ છે અને યોગીઓ કઈ રીતે સાધના કરીને સંસારનો અંત કરે છે' તે સર્વનો શાસ્ત્રવચનાનુસાર યથાર્થ બોધ કરીને પોતાને સન્મુખ આ રીતે ચૌદ રજ્જુઆત્મક લોક યથાસ્વરૂપે દેખાય છે તેને સ્થિર કરીને તેનાથી આત્માને ભાવિત કરવો જોઈએ જેથી સંસારની વાસ્તવિકતાનું યથાર્થ દર્શન કરવાની નિર્મળ પ્રજ્ઞા પ્રગટે.

વળી, આ લોકસંસ્થાનનું નામાદિ ચાર નિક્ષેપાઓથી ચિંતવન કરવું જોઈએ. જેથી લોકવર્તી પદાર્થોનાં તે તે નામો, તે તે પદાર્થોની તે તે આકૃતિરૂપે સ્થાપના, તે તે પદાર્થોનું તે તે પદાર્થરૂપ દ્રવ્ય અને તે તે પદાર્થોમાં વર્તતા તે તે વિવિધ

ભાવો પોતાને દેખાય તે રીતે ચિંતવન કરવું જોઈએ. જેથી સર્વ દૃષ્ટિકોણથી લોકસંસ્થાનનું વાસ્તવિક સ્વરૂપ જોવાની માર્ગાનુસારી પ્રજ્ઞા પ્રગટે અને તેમાં એકાગ્રતાની પ્રાપ્તિ થાય તો તેમાં ધર્મધ્યાન પ્રગટે જેનાથી આત્મામાં નિર્મળ કોટિનો ધર્મ પ્રગટ થાય. **॥૧૬-૩૯॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે પૃથક્ લક્ષણોવાળા અનેક દ્રવ્યોથી ભરાયેલા લોકના સંસ્થાનનું ચિંતવન કરવું જોઈએ, જેથી ધર્મધ્યાન પ્રગટે. તેથી લોકસંસ્થાનના ચિંતવન માટે છએ દ્રવ્યોના પૃથક્ લક્ષણોનું ચિંતન આવશ્યક છે, તોપણ જીવ માટે પોતાના સ્વરૂપની વિચારણા અતિ આવશ્યક છે જેથી આ લોકમાં પોતે કઈ અવસ્થારૂપે પરિભ્રમણ કરે છે તેનો બોધ થાય. તેથી જીવના લક્ષણની પ્રધાનતા કરીને તેનું કઈ રીતે ચિંતવન કરવું જોઈએ તે બતાવે છે –**

**શ્લોક :-**

**चिन्तयेत्तत्र कर्त्तारं, भोक्तारं निजकर्मणाम् ।**
**अरूपमव्ययं जीवमुपयोगस्वलक्षणम् ।।४०।।**

**અન્વયાર્થ :-**

**तत्र=ત્યાં=લોકસંસ્થાનના ચિંતવનમાં, निजकर्मणाम् कर्त्तारं भोक्तारं=પોતાના કર્મના કર્તા અને ભોક્તા, अरूपम्=રૂપ વગરના, अव्ययं=અવ્યય=નાશ નહીં પામનાર, उपयोगस्वलक्षणम्=ઉપયોગરૂપ સ્વલક્ષણવાળા=સ્વસ્વરૂપવાળા, जीवम् चिन्तयेत्=જીવનું ચિંતન કરે. ।।૧૬-૪૦।।**

**શ્લોકાર્થ :-**

**ત્યાં પોતાના કર્મના કર્તા અને ભોક્તા, રૂપ વગરના, અવ્યય, ઉપયોગરૂપ સ્વલક્ષણવાળા જીવનું ચિંતન કરે. ॥૧૬-૪૦॥**

**ભાવાર્થ :-**

લોકના સંસ્થાનનું ચિંતવન કરતી વખતે ચૌદ રાજલોકવર્તી સંસારી જીવો

કેવા સ્વરૂપવાળા છે તેની ઉપસ્થિતિ કરવા અર્થે કહે છે, સંસારી જીવો પોતાનાં કર્મોના કર્તા છે અને પોતાનાં કર્મોના ભોગવનાર છે. આ પ્રકારનું ચિંતવન કરવાથી પોતાનું અહિત ન થાય તેવી ઉચિત પ્રવૃત્તિ કરવાની નિર્મળ પ્રજ્ઞા પ્રગટે છે; કેમ કે હું મારાં કર્મોનો કરનારો છું તેમ કહેવાથી પોતાની વર્તમાનની પ્રવૃત્તિને અનુરૂપ પોતે કર્મ બાંધે છે તેની ઉપસ્થિતિ થાય છે અને તે કર્મના ફળને મારે જ ભોગવવાં પડશે તેવી ઉપસ્થિતિ નિજકર્મના ભોક્તાથી થાય છે. આ પ્રકારે અત્યંત ભાવન કરવાને કારણે ભાવિમાં પોતાના અહિતથી ભય પામેલો જીવ ઇન્દ્રિયોને અને નિમિત્તોને પરવશ થઈને પ્રવૃત્તિ કરવાની પ્રકૃતિવાળો છે તેનો ધીરે ધીરે નાશ થાય છે અને ભાવિના હિત અર્થે ઉચિત પ્રવૃત્તિ કરવાનો બદ્ધરાગ પ્રગટે છે.

વળી, તે વિચારે કે મારો આત્મા અરૂપ સ્વરૂપવાળો છે તેથી દેહની સાથે એકત્વ પામેલા એવા પોતાના બાહ્ય રૂપ પ્રત્યે આકર્ષણ ઘટે છે અને પોતાના અરૂપવાળા સ્વરૂપ પ્રત્યે પક્ષપાત વધે છે.

વળી, પોતે વ્યય પામે તેવો નથી તેમ વિચારવાથી પોતાનું પારમાર્થિક શાશ્વત સ્વરૂપ ઉપસ્થિત થાય છે તેથી શાશ્વત એવા આત્માના હિતની ચિંતા પ્રત્યે બદ્ધરાગ પ્રગટે છે.

વળી, પોતે ઉપયોગરૂપ સ્વસ્વરૂપવાળો છે તેમ વિચારવાથી દેહથી પૃથક્ આત્મા છે કે નહિ ઇત્યાદિ શંકા નિવર્તન પામે છે અને સ્થિર નિર્ણય થાય છે કે 'જે જ્ઞાનનો ઉપયોગ વર્તે છે તે મારું પારમાર્થિક સ્વરૂપ છે અને પોતાના પારમાર્થિક સ્વરૂપના અજ્ઞાનને કારણે પોતે પોતાના જ્ઞાનના ઉપયોગથી બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષ પામીને ક્લેશનું વેદન કરે છે. જો બાહ્ય પદાર્થો પ્રત્યે પોતાનો સંશ્લેષ દૂર થાય તો ક્લેશ વગરના એવા જ્ઞાનના સ્વરૂપને અનુભવનાર પોતાનો આત્મા બને' એ પ્રકારની સ્થિરબુદ્ધિ પ્રસ્તુત ચિંતવનથી પ્રગટ થાય છે જે 'સંસ્થાનવિચય' ધર્મધ્યાનમાં ઉપયોગી બને છે. **॥૧૬-૪૦॥**

**અવતરણિકા :-**

**લોકસંસ્થાનના ચિંતવનમાં ઉપયોગી એવા જીવદ્રવ્યના સ્વરૂપનું ચિંતવન કઈ રીતે કરવું તે પૂર્વના શ્લોકમાં બતાવ્યું અને કહ્યું કે આત્મા પોતાનાં**

કર્મોનો કર્તા અને ભોક્તા છે. તેથી હવે આત્મા વડે કરાયેલાં કર્મોથી જનિત એવો આ સંસાર કેવા સ્વરૂપવાળો છે તેનું ચિંતવન શ્લોક-૪૧થી ૪૫ સુધી બતાવે છે –

**શ્લોક :-**

तत्कर्मजनितं जन्मजरामरणवारिणा ।
पूर्णं मोहमहावर्त्तकामौर्वानलभीषणम् ।।४१।।
आशामहानिलापूर्णकषायकलशोच्छलत् ।
असद्विकल्पकल्लोलचक्रं दधतमुद्धतम् ।।४२।।
हृदि स्रोतसिकावेलासम्पातदुरतिक्रमम् ।
प्रार्थनावल्लिसन्तानं, दुष्पूरविषयोदरम् ।।४३।।
अज्ञानदुर्दिनं व्यापद्विद्युत्पातोद्भवद्भयम् ।
कदाग्रहकुवातेन हृदयोत्कम्पकारिणम् ।।४४।।
विविधव्याधिसम्बन्धमत्स्यकच्छपसङ्कुलम् ।
चिन्तयेच्च भवाम्भोधिं, चलद्दोषाद्रिदुर्गमम् ।।४५।।

**અન્વયાર્થ :-**

तत्कर्मजनितं=તેના કર્મથી જનિત=જીવના પોતાના કર્મથી જનિત, जन्मजरामरणवारिणा पूर्णं=જન્મ, જરા, મરણરૂપી પાણીથી પૂર્ણ, मोहमहावर्त्त-कामौर्वानलभीषणम्=મોહના મહા આવર્તો અને કામરૂપી ઉર્વાનલથી ભીષણ=વડવાનલના અગ્નિથી ભીષણ. ।।૧૬-૪૧।।

आशामहानिलापूर्णकषायकलशोच्छलत्=આશારૂપી મહાપવનથી પૂર્ણ એવા કષાયરૂપી ક્લેશોથી ઊછળતા, उद्धतम् असद्विकल्पकल्लोलचक्रं दधतम्=ઉદ્ધત એવા અસદ્ વિકલ્પોરૂપી કલ્લોલના ચક્રોને ધારણ કરતા=અસદ્ વિકલ્પોરૂપી મોજાંઓના તરંગોને ધારણ કરતા. ।।૧૬-૪૨।।

हृदि स्रोतसिकावेलासम्पातदुरतिक्रमम्=હૃદયમાં સ્ત્રોતસિકારૂપી વેલાના

સંપાતથી દુરતિક્રમ=હૃદયમાં વિષયોની ઇચ્છારૂપી પ્રવાહની વેલાનો સંપાત દુરતિક્રમ છે એવા, प्रार्थनावल्लिसन्तानं=પ્રાર્થનાની આવલ્લીના સંતાનવાળા= ઇચ્છાઓ રૂપી આવલીઓના અર્થાત્ વમળોના સંતાનવાળા, दुष्पूरविषयोदरम्= દુષ્પૂર વિષયોરૂપી ઉદરવાળા. ॥૧૬-૪૩॥

अज्ञानदुर्दिनं=અજ્ઞાનરૂપી દુર્દિનવાળા=અજ્ઞાનરૂપી ગાઢ અંધકારવાળા, व्यापद्विद्युत्पातोद्भवद्भयम्=વ્યાપદરૂપી વિદ્યુતપાતના ઉદ્‌ભવથી ભયવાળા= આપત્તિરૂપી વિદ્યુતપાતથી ઉત્પન્ન થયેલા ભયવાળા; कदाग्रहकुवातेन हृदयोत्कम्पकारिणम्=કદાગ્રહરૂપી કુવાત વડે હૃદયના ઉત્કંપને કરનારા. ॥૧૬-૪૪॥

विविधव्याधिसम्बन्धमत्स्यकच्छपसङ्कुलम्=વિવિધ વ્યાધિના સંબંધરૂપ મત્સ્ય અને કાચબાઓથી યુક્ત; चलद्दोषाद्रिदुर्गमम् च=અને ચાંચલ્યદોષરૂપી પર્વતથી દુર્ગમ=જીવમાં વર્તતા ચાંચલ્યદોષસ્વરૂપ પર્વતથી દુર્ગમ એવા, भवाम्भोधिं= ભવરૂપી સમુદ્રનું, चिन्तयेत्=ચિંતન કરે. ॥૧૬-૪૫॥

❖ ભવરૂપી સમુદ્રનાં આ સર્વ વિશેષણો છે અને આવા ભવરૂપી સમુદ્રનું ચિંતવન કરે એમ અન્વય છે.

**શ્લોકાર્થ :-**

**જીવના પોતાના કર્મથી જનિત જન્મ, જરા, મરણરૂપી પાણીથી પૂર્ણ; મોહના મહા આવર્તો અને કામરૂપી ઉર્વાનલથી ભીષણ; આશારૂપી મહાપવનથી પૂર્ણ એવા કષાયરૂપી ક્લેશોથી ઊછળતા; ઉદ્ધત એવા અસદ્ વિકલ્પોરૂપી કલ્લોલના ચક્રોને ધારણ કરતા; હૃદયમાં સ્ત્રોતસિકારૂપી વેલાના સંપાતથી દુરતિક્રમ છે જેમાં એવા; પ્રાર્થનાની આવલ્લીના સંતાનવાળા; દુષ્પૂર વિષયોરૂપી ઉદરવાળા; અજ્ઞાનરૂપી દુર્દિનવાળા, વ્યાપદરૂપી વિદ્યુતપાતના ઉદ્‌ભવથી ભયવાળા; કદાગ્રહરૂપી કુવાત વડે હૃદયના ઉત્કંપને કરનારા; વિવિધ વ્યાધિના સંબંધરૂપ મત્સ્ય અને કાચબાઓથી યુક્ત અને ચાંચલ્યદોષરૂપી પર્વતથી દુર્ગમ એવા ભવરૂપી સમુદ્રનું ચિંતન કરે. ॥૧૬-૪૧થી ૪૫॥**

**ભાવાર્થ :-**

**સમુદ્ર સાથે ભવની સરખામણી :-**

| સમુદ્ર | ભવ |
|---|---|
| ૧. જલથી ભરેલો | ૧. જીવે પોતે બાંધેલાં કર્મોથી જનિત એવા જન્મ, જરા અને મૃત્યુરૂપી જલથી ભરેલો. |
| ૨. તોફાની આવર્તોથી ભીષણ | ૨. મોહના મહા આવર્તોથી ભીષણ. |
| ૩. વડવાનલથી ભીષણ | ૩. કામરૂપી વડવાનલથી ભીષણ. |
| ૪. સમુદ્રમાં પવનથી ભરાયેલા ચાર પાતાળ-કલશો છે જેમાં રહેલા પવનને કારણે સમુદ્રમાં ભરતી આવે છે. | ૪. ભવરૂપી સમુદ્રમાં ચાર કષાય-રૂપી કલશો આશારૂપી મહા પવનથી પૂર્ણ છે જેના કારણે આત્મામાં કર્મબંધને અનુકૂળ ઘણા ભાવો થાય છે. |
| ૫. તોફાની સમુદ્રમાં ઊછળતા પાણીના ઊછળતા ચકરાવાઓ. | ૫. ઉદ્ધત એવા અસદ્ વિકલ્પોરૂપી ઊછળતા કલ્લોલના ચકરાવાઓ. |
| ૬. સમુદ્રમાં આવતી તોફાની ભરતી જેને અટકાવવી દુષ્કર છે. | ૬. હૃદયમાં વિચારોરૂપી દુરતિક્રમ એવો ભરતીનો સંપાત. |
| ૭. વમળોનું સંતાન | ૭. ઇચ્છાઓરૂપી વમળોનું સંતાન. |
| ૮. દુષ્પૂર ઉદરવાળો | ૮. દુષ્પૂર એવા વિષયોરૂપી ઉદરવાળો. |
| ૯. તોફાન સમયે સમુદ્ર ગાઢ અંધકારવાળો અને વિદ્યુત-પાતથી ઉદ્ભવતા ભયવાળો. | ૯. ભવસમુદ્ર અજ્ઞાનરૂપી અંધકારવાળો અને આપત્તિરૂપી વિદ્યુતપાતથી ભયવાળો. |
| ૧૦. ખરાબ વાયરાથી હૃદયમાં ઉત્કંપ કરનારો | ૧૦. કદાગ્રહરૂપી કુવાતથી હૃદયમાં ઉત્કંપને કરનારો. |

| | |
|---|---|
| ૧૧. મત્સ્ય અને કાચબાથી યુક્ત. | ૧૧. વિવિધ વ્યાધિના સંબંધરૂપ મત્સ્ય અને કાચબાઓથી યુક્ત. |
| ૧૨. સમુદ્રની વચમાં વહાણોને જવામાં વિઘ્નભૂત એવા પર્વતો. | ૧૨. ભવરૂપી સમુદ્રમાં વચમાં જીવને જવામાં વિઘ્નભૂત એવા ચંચળતારૂપી દોષવાળા પર્વતો. |

આત્મકલ્યાણના અર્થી એવા યોગી સંસાર પ્રત્યેના ભાવોથી પર થવા અર્થે તોફાની સમુદ્રનું સ્વરૂપ ઉપસ્થિત કરીને તદ્સદૃશ આ ભવરૂપી સમુદ્ર છે તેનું ચિંતન કરે. જેથી ભવ પ્રત્યેનો તીવ્ર ભય જાગૃત થાય અને ભવ પ્રત્યેનો તીવ્ર ભય જાગૃત થાય તો અપ્રમાદભાવથી ભવના નિસ્તારના ઉપાયમાં ઉદ્યમ થઈ શકે. અને તે ચિંતન આ પ્રમાણે કરે.

(૧) જેમ સમુદ્ર અફાટ પાણીથી ભરપૂર છે તેમ ભવરૂપી સમુદ્ર કર્મોથી જનિત એવા અનંત જન્મ, જરા અને મરણરૂપ અફાટ પાણીથી ભરેલો છે.

(૨) તોફાને ચડેલા સમુદ્રમાં મોજાંના મોટા આવર્તો થાય છે જેને જોઈને ભય પેદા થાય છે. તે રીતે આત્મામાં મોહના મોટા આવર્તો થાય છે તેને જોઈને તત્ત્વના વિચારકોને સંસારથી ભય પેદા થાય છે.

(૩) સમુદ્રમાં કોઈક સ્થાને વડવાનલ સળગતો દેખાય છે જેને જોઈને વહાણવટિયાઓને સમુદ્ર અત્યંત ભીષણ દેખાય છે તેમ જીવમાં વર્તતા કામના ભાવોરૂપી વડવાનલથી સંસારના પારને પ્રાપ્ત કરવા તત્પર થયેલા વિચારકને સંસારસમુદ્ર અત્યંત ભીષણ લાગે છે.

(૪) સમુદ્રમાં ચાર મોટા કલશો હોય છે જે મહાકલશો પવનથી ભરાયેલા હોય છે અને તેના ઉપરના ભાગમાં પાણી હોય છે અને પવન જ્યારે વિસ્તારને પામે છે ત્યારે સમુદ્રમાં ભરતી આવે છે તે વખતે વહાણવટું કરનારા મુસાફરો તે પાણીની ભરતીથી ભયભીત બને છે તેમ ભવરૂપી સમુદ્રમાં ચાર કષાયોરૂપી પાતાલકલશો છે અને જીવોમાં અધિક અધિક ભોગાદિની પ્રાપ્તિની આશારૂપી મહાપવનથી ભરાયેલા છે. અને જ્યારે તે આશા ઊછળે છે ત્યારે આત્મામાં અનેક પ્રકારના આરંભ સમારંભરૂપ પ્રવૃત્તિનાં મોજાંઓ ઊછળે છે. જેમ પાતાળ-કલશોમાં ઊછળતા પવનો ભરતી લાવવાનું કારણ બને છે તેમ સંસારરૂપી

સમુદ્રમાં ચાર કષાયોરૂપી કલશોમાં ઊછળતા આશારૂપી પવનો અશુભ ભાવોની ભરતી લાવવાનું કારણ બને છે.

(૫) સમુદ્ર તોફાને ચડેલો હોય છે ત્યારે સમુદ્રમાં પાણીના મોટા ચકરાવાઓ વર્તે છે, જે ચકરાવાઓમાં વહાણ આવે તો વિનાશનું કારણ બને છે તેમ સંસારી જીવોના ચિત્તમાં અસદ્ વિકલ્પોના કલ્લોલરૂપી ચક્રો વર્તે છે, જેની અંદર ફસાયેલા જીવો કર્મો બાંધીને દુરંત સંસારના અનર્થને પ્રાપ્ત કરે છે.

(૬) વળી સમુદ્રમાં ભરતીનો સમય આવે છે ત્યારે તેના પાણીનો પ્રવાહ એટલો જોરથી સન્મુખ આવે છે કે વહાણવટું કરનારાઓ તેનો અતિક્રમ કરી શકતા નથી અને તેની અંદર ફસાયેલું વહાણ વિનાશને પામે છે તેમ સંસારી જીવોના ચિત્તમાં બાહ્ય વિષયો વિષયક સંકલ્પ-વિકલ્પના પ્રવાહની વેળા આવે છે ત્યારે તેને દૂર કરવા માટે આરાધક જીવો પણ સમર્થ બનતા નથી અને તેના ફળરૂપે તેઓ વિનાશને પામે છે. તેથી આ સંસારસમુદ્ર અતિ ભયને પેદા કરે તેવો છે.

(૭) વળી સમુદ્રમાં ક્યારેક પાણીના મોટા વમળો ઊછળે છે જેમાં વહાણ પ્રવેશ પામે તો વમળના ચકરાવામાં અટવાઈને વહાણ તૂટી જાય છે. તેથી સમુદ્રની વમળવાળી અવસ્થા વહાણવટું કરનારાઓને માટે ભયનું સ્થાન બને છે. તેમ સંસારી જીવોમાં તે તે ભોગસામગ્રીની ઇચ્છાનાં વમળોની સંતતિ સતત વર્તે છે અને તેના કારણે વિચિત્ર કર્મ બાંધીને જીવો સંસારની કદર્થનાને પામે છે, તેથી વિચારકને સંસારરૂપી સમુદ્ર ઇચ્છારૂપી આવલિઓની સંતતિથી ભય પેદા કરે તેવો દેખાય છે.

(૮) વળી, સમુદ્રનું ઉદર એટલું વિશાળ છે કે ઘણું બધું પાણી તેમાં પ્રવેશ પામવા છતાં તેમાં ભરાતું નથી તેમ સંસારી જીવોના વિષયોનું લાલસારૂપી ઉદર ક્યારેય ભરાતું નથી. આથી જ અનંત વખત દેવભવના અને મનુષ્યભવના સુંદર વિષયોનો જીવે ઉપભોગ કર્યો છતાં વિષયોની અનિચ્છા થતી નથી. તેથી સમુદ્ર જેવો મહાવિષમ ઉદરવાળો સંસારરૂપી સમુદ્ર છે.

(૯) વળી સમુદ્રમાં વહાણવટું કરનારાઓ જ્યારે વહાણવટું કરતા હોય અને સમુદ્રમાં તોફાન ઊઠે ત્યારે દિવસે પણ અંધકાર વ્યાપ્ત થાય છે, વીજળીઓના

ચમકારાઓ થાય છે અને મુશળધાર વરસાદ વરસે છે તે સર્વને જોઈને વહાણમાં મુસાફરી કરનારા સર્વ યાત્રિકો ભયભીત થાય છે તેમ આત્મામાં અજ્ઞાનરૂપી ગાઢ અંધકાર વર્તે છે તેથી સંસારરૂપી સમુદ્ર અત્યંત અંધકારથી વ્યાપ્ત બને છે અને ચિત્તમાં મોટા પ્રકારના ઉત્પાતો ઊઠે છે જેથી વિચારકને સંસારી જીવોમાં દેખાતો સંસાર અત્યંત ભય પેદા કરે તેવો દેખાય છે.

(૧૦) વળી, સમુદ્રમાં ક્યારેક ખરાબ વાયુ વાય છે ત્યારે મુસાફરોના હૈયામાં મોટો કંપ પેદા થાય છે. તેમ સંસારી જીવોમાં કદાગ્રહરૂપી કુવાયુ વર્તે છે ત્યારે વિવેકીને આ સંસારસમુદ્ર અત્યંત કંપકારી જણાય છે; કેમ કે અત્યારે પોતે કદાગ્રહવાળા નહીં હોવા છતાં ક્યારે કદાગ્રહ આવે અને કંપ પેદા થાય તે કહી શકાય તેમ નથી. આથી ભગવાનના વચનાનુસાર સંયમ પાળનાર સાવદ્યાચાર્યએ ઉત્સૂત્રભાષણ કર્યું ત્યારે કદાગ્રહના વાતથી તેઓનો સંસાર અતિ ભયાવહ બન્યો જેના કારણે અનંતકાળના પરિભ્રમણનું કારણ બન્યું.

(૧૧) વળી, સમુદ્ર મત્સ્ય, કાચબાઓથી યુક્ત હોય છે અને તે મોટા મોટા મત્સ્યો વહાણને પણ ઊંધું કરી દે તેવા હોય છે. તેથી તેવો ઉપદ્રવ થાય ત્યારે વહાણમાં બેસનાર મુસાફરોને ભય પેદા થાય છે. તેમ સંસારરૂપી સમુદ્ર વિવિધ પ્રકારની વ્યાધિઓના સંબંધવાળો છે તેથી વર્તમાનમાં કદાચ પુણ્યના સહકારને કારણે વ્યાધિ ન હોય તોપણ ક્યારે કઈ વ્યાધિ આવે તે કહી શકાય નહીં. તેથી વિચારકને સંસારસમુદ્ર સદા ભયનું સ્થાન જણાય છે.

(૧૨) વળી સમુદ્રમાં વચમાં વચમાં ડુંગરાઓ હોય છે અને વહાણમાં મુસાફરી કરનારને ખ્યાલ ન રહે તો તેની સાથે વહાણ અથડાઈને વિનાશને પામે છે. તેમ સંસારી જીવોમાં અનેક પ્રકારના દોષોરૂપી ડુંગરાઓ છે, જેની સાથે અફળાઈને જીવ વિનાશ પામે છે. આથી ગુણવાન પુરુષ પણ કોઈક નિમિત્તને પામીને પ્રમાદને વશ બને તો દુરંત સંસારના અનર્થને પ્રાપ્ત કરે છે. **॥૧૬-૪૧ થી ૪૫॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૩૫માં ધર્મધ્યાન માટે ચાર ધ્યાતવ્ય છે તેમ બતાવ્યું. તેમાં લોકસંસ્થાન ધ્યાતવ્યના ચિંતવનથી ધર્મધ્યાન પ્રગટે છે તેમ બતાવ્યું. ત્યારબાદ શ્લોક-**

૩૯માં કહ્યું કે ઉત્પાદ આદિ પર્યાયોવાળા પદાર્થોથી ભરાયેલા લોકસંસ્થાનનું ચિંતવન કરવું જોઈએ જેથી ધર્મધ્યાન પ્રગટે અને તે લોકસંસ્થાનના ચિંતવનમાં પ્રથમ આત્માના સ્વરૂપનું કઈ રીતે ચિંતવન કરવું જોઈએ તે શ્લોક-૪૦માં બતાવ્યું. શ્લોક-૪૧થી ૪૫ સુધી આત્માનો કર્મથી જનિત ભવરૂપી સમુદ્ર કેવો છે તેનું ચિંતવન બતાવ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે આત્માના વિરક્ત ભાવને અતિશય કરવા અર્થે સંસારનું ચિંતવન આવશ્યક છે અને આત્માનો કર્મથી જનિત એવો ભવરૂપી સમુદ્ર કેવો છે તેનું ચિંતવન કરવાથી આત્મા સંસારના નિસ્તારનો અત્યંત અભિલાષી બને છે. અને આત્મા સંસારના નિસ્તારનો અભિલાષી બને ત્યારપછી આ સંસારરૂપી સમુદ્રથી તરવાના ઉપાયનું ભાવન આવશ્યક છે. તેથી તેનું ભાવન કેવી રીતે કરવું જોઈએ તે બતાવે છે –

**શ્લોક :-**

तस्य संतरणोपायं, सम्यक्त्वदृढबन्धनम् ।<br>
बहुशीलाङ्गफलकं, ज्ञाननिर्यामकान्वितम् ।।४६।।<br>
संवरास्ताश्रवच्छिद्रं, गुप्तिगुप्तं समन्ततः ।<br>
आचारमण्डपोद्दीप्तापवादोत्सर्गभूद्वयम् ।।४७।।<br>
असंख्यैर्दुर्धरैर्योधैर्दुष्प्रधृष्यं सदाशयैः ।<br>
सद्योगकूपस्तम्भाग्रन्यस्ताध्यात्मसितांशुकम् ।।४८।।<br>
तपोऽनुकूलपवनोद्भूतसंवेगवेगतः ।<br>
वैराग्यमार्गपतितं, चारित्रवहनं श्रिताः ।।४९।।<br>
सद्भावनाख्यमञ्जूषान्यस्तसच्चित्तरत्नतः ।<br>
यथाऽविघ्नेन गच्छन्ति, निर्वाणनगरं बुधाः ।।५०।।

**અન્વયાર્થ :-**

तस्य=તેના=પૂર્વના શ્લોકમાં જે સંસારરૂપી સમુદ્ર બતાવ્યો તેના, संतरणोपायं=સંતરણના ઉપાયરૂપ, सम्यक्त्वदृढबन्धनम्=સમ્યક્ત્વરૂપી દૃઢ

બંધનવાળા, बहुशीलाङ्गफलकं=બહુશીલાંગરૂપી પાટિયાવાળા, ज्ञाननिर्यामकान्वितम्=જ્ઞાનરૂપી નિર્યામકથી અન્વિત. ॥૧૬-૪૬॥

संवरास्ताश्रवच्छिद्रं=સંવર વડે ઢાંક્યાં છે આશ્રવનાં છિદ્ર જેમાં તેવા, समन्ततः गुप्तिगुप्तं=ચારે બાજુ ગુપ્તિથી ગુપ્ત એવા, आचारमण्डपोद्दीप्तापवादोत्सर्गभूद्वयम्=આચારરૂપી મંડપથી ઉદ્દીપ્ત થઈ છે અપવાદ અને ઉત્સર્ગરૂપી ભૂમિદ્વય જેને એવા. ॥૧૬-૪૭॥

सदाशयैः असंख्यैर्दुर्धरैर्योधैर्दुष्प्रधृष्यं=અસંખ્ય દુર્ધર એવા સદાશયોરૂપી યોદ્ધાઓ વડે દુષ્પ્રધૃષ્ય એવા, सद्योगकूपस्तम्भाग्रन्यस्ताध्यात्मसितांशुकम्=સદ્યોગરૂપી કૂપસ્તંભના અગ્રભાગમાં ન્યસ્ત કર્યું છે અધ્યાત્મરૂપી સફેદ વસ્ત્ર જેમાં એવા=અધ્યાત્મરૂપી સઢવાળા. ॥૧૬-૪૮॥

तपोऽनुकूलपवनोद्भूतसंवेगवेगतः वैराग्यमार्गपतितं,=તપરૂપી અનુકૂલ પવનથી ઉદ્ભૂત થયેલા સંવેગના વેગને કારણે વૈરાગ્યમાર્ગમાં રહેલા એવા, चारित्रवहनं श्रिताः=ચારિત્રરૂપી વહાણને આશ્રય કરાયેલા એવા. ॥૧૬-૪૯॥

बुधाः=બુધ પુરુષો, सद्भावनाख्यमञ्जूषान्यस्तसच्चित्तरत्नतः=સદ્ભાવના નામની મંજૂષામાં સ્થાપન કરાયેલો સદ્ચિત્તરત્નથી, यथाऽविघ्नेन=જે પ્રકારે અવિઘ્નપૂર્વક निर्वाणनगरं गच्छन्ति=નિર્વાણનગરમાં જાય છે. (તે પ્રકારે ધર્મધ્યાનમાં નિવિષ્ટ બુદ્ધિવાળા યોગીઓ સર્વચિંતન કરે એ પ્રમાણેનો અન્વય શ્લોક-૬૧ સાથે છે.) ॥૧૬-૫૦॥

❖ ચારિત્રરૂપી વહાણનાં આ સર્વ વિશેષણો છે અને તેને આશ્રિત એવા બુદ્ધ પુરુષો નિર્વાણનગરમાં જાય છે એમ અન્વય છે.

**શ્લોકાર્થ :-**

**તેના સંતરણના ઉપાયરૂપ, સમ્યક્ત્વરૂપી દૃઢ બંધનવાળા, બહુશીલાંગરૂપી પાટિયાવાળા, જ્ઞાનરૂપી નિર્યામકથી અન્વિત, સંવર વડે ઢાંક્યાં છે આશ્રવનાં છિદ્ર જેમાં તેવા, ચારેબાજુ ગુપ્તિથી ગુપ્ત એવા, આચારરૂપી મંડપથી ઉદ્દીપ્ત થઈ છે અપવાદ અને ઉત્સર્ગરૂપી ભૂમિદ્વય જેને એવા; અસંખ્ય દુર્ધર એવા સદાશયોરૂપી યોદ્ધાઓ વડે દુષ્પ્રધૃષ્ય એવા, સદ્યોગરૂપી કૂપસ્તંભના અગ્રભાગમાં ન્યસ્ત કર્યું છે અધ્યાત્મરૂપી**

**સફેદ વસ્ત્ર જેમાં એવા, તપરૂપી અનુકૂલ પવનથી ઉદ્ભૂત થયેલા સંવેગના વેગને કારણે વૈરાગ્ય માર્ગમાં રહેલા એવા, ચારિત્રરૂપી વહાણને આશ્રય કરેલા એવા, બુધ પુરુષો સદ્ભાવના નામની મંજૂષામાં સ્થાપન કરાયેલા સદ્ચિત્તરત્નથી જે પ્રકારે અવિઘ્નપૂર્વક નિર્વાણનગરમાં જાય છે. ॥૧૬-૪૬ થી ૫૦॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કરાયેલા સંસારસમુદ્રનો તરવાનો ઉપાય ચારિત્રરૂપી વહાણ છે અને તે ચારિત્રરૂપી વહાણ કેવું છે તે બતાવતાં કહે છે –

**(૧) સમ્યક્ત્વરૂપી દૃઢ બંધનવાળું :-** જેમ સમુદ્રમાં વહાણ દૃઢ બંધનથી યુક્ત હોય તો તે સમુદ્રથી પાર ઉતારવાનું કારણ બની શકે છે, અન્યથા સમુદ્રની વચમાં તેનાં બંધનો શિથિલ થાય તો વહાણમાં મુસાફરી કરનારા જીવો વિનાશને પામે છે. તેમ સમ્યક્ત્વરૂપ દૃઢ બંધનવાળું ચારિત્ર સંસારથી નિસ્તારનું કારણ બને છે. "સંસાર મહાવિડંબણાવાળો છે. સંસારની ઉત્પત્તિનું બીજ જીવ સાથે લાગેલાં કર્મો છે, કર્મોની પ્રાપ્તિનું કારણ જીવમાં વર્તતો સંગનો પરિણામ છે અને જીવનું પારમાર્થિક સ્વરૂપ સંગ વગરના જ્ઞાનના પરિણામ સ્વરૂપ છે. આ પરિણામ પ્રગટ કરવા અર્થે જ આખો યોગમાર્ગ છે અને યોગમાર્ગને સેવીને જીવનો અસંગ પરિણામ પ્રગટ થાય તો સર્વકર્મોથી રહિત અને અંતરંગ રીતે સર્વ સંગના પરિણામથી રહિત એવું આત્મ દ્રવ્ય પ્રગટ થાય, જે આત્માની શ્રેષ્ઠ અવસ્થા છે. આત્માની અન્ય અવસ્થા વિડંબનારૂપ છે," તેવો સ્થિર નિર્ણય થાય તો તત્ત્વના સ્પષ્ટ બોધરૂપ સમ્યક્ત્વનું દૃઢ બંધન આત્મામાં પ્રગટ થાય છે, જેનાથી યુક્ત ચારિત્ર સંસારના નિસ્તારનું કારણ બને છે.

**(૨) બહુ શીલાંગના ફલકવાળું :-** જેમ લાકડાનાં અનેક પાટિયાંઓથી વહાણ બનાવાય છે તેમ બહુ પ્રકારના શીલના પરિણામરૂપ લાકડાંઓથી બનેલું ચારિત્રરૂપી વહાણ છે. તેથી એ ફલિત થાય છે કે સમ્યક્ત્વને સ્થિર કરીને શક્તિ અનુસાર શાસ્ત્રનો બોધ કરવામાં આવે અને શાસ્ત્રનો બોધ કર્યા પછી તે બોધને સ્થિર કરવામાં આવે અને તે બોધ અનુસાર સર્વ ઉચિત આચરણાઓ

કરવામાં આવે તે જીવનો શીલનો પરિણામ છે. અને આ શીલનો પરિણામ પ્રારંભિક ભૂમિકાનો હોય તો દેશવિરતિના પાલનરૂપ છે અને દેશવિરતિનું સમ્યક્ પાલન કરીને નિષ્પન્ન થયેલા મહાત્માઓ સર્વવિરતિ ગ્રહણ કરે ત્યારે ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ શીલનો પરિણામ પ્રગટે છે અને આ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ શીલોથી બનેલું અને દૃઢ સમ્યક્ત્વના બંધનથી બંધાયેલું એવું ચારિત્રરૂપી વહાણ સંસારના નિસ્તરણનું કારણ છે.

**(૩) જ્ઞાનના નિર્યામકવાળું :-** વળી આ ચારિત્રરૂપી વહાણ ભગવાનના વચનના મર્મને સ્પર્શે તેવા શ્રુતજ્ઞાનરૂપ નિર્યામકથી અન્વિત બને ત્યારે તે વહાણ સંસારરૂપી સમુદ્રથી તરવા માટે ગતિશીલ બને છે. જેમ સારો નિર્યામક હોય તો વહાણને ઉચિત દિશામાં સમ્યક્ રીતે ગમન કરાવી શકે છે તેમ ગીતાર્થ પુરુષોની પરતંત્રતાથી અને શાસ્ત્ર અધ્યયનથી પ્રગટ થયેલા નિર્મળ જ્ઞાનથી યોગમાર્ગમાં ગમન કરતું ચારિત્રરૂપી વહાણ સમ્યક્ દિશામાં ગમન કરી શકે છે.

**(૪) આશ્રવના છિદ્રો વગરનું :-** વળી, સમુદ્રમાં જતી વખતે સમુદ્રમાં જવા માટેનું જે વહાણ હોય છે તેમાં જે છિદ્રો હોય છે તેને પૂરી દેવામાં આવે છે જેથી તે છિદ્રો વાટે વહાણમાં પાણીનો પ્રવેશ થાય નહીં. જો પાણીનો પ્રવેશ થાય તો ધીમે ધીમે તે વહાણ સમુદ્રમાં ડૂબે છે. તે રીતે ચારિત્રરૂપી વહાણમાં જે આશ્રવરૂપી છિદ્રો છે તે છિદ્રોને સંવરભાવથી મુનિ ઢાંકી દે છે જેથી કર્મના આગમનરૂપી આશ્રવ બંધ થાય છે.

આશય એ છે કે સંયમી મહાત્માઓ પ્રતિક્ષણ ભગવાનના વચનનું અવલંબન લઈને ચિત્તને વીતરાગભાવ સાથે એ રીતે બદ્ધ રાખે છે જેથી ચિત્તમાં દૃષ્ટપદાર્થોનો સંસર્ગ કરવાનો ભાવ જ ન થાય. જો ચિત્ત વીતરાગભાવ સાથે બંધાયેલું ન રહે તો અનાદિના સંસ્કારને કારણે ચિત્ત ઇન્દ્રિયોના વિષયના સંસર્ગને પામે તો તે વિષયોના નિમિત્તથી ચિત્તમાં કર્મબંધને અનુકૂળ આશ્રવભાવ સ્ફુરણ થાય છે. તેના નિવારણ અર્થે યોગી સંવરભાવથી ભાવિત થઈને વીતરાગના વચન સાથે અને વીતરાગભાવ સાથે ચિત્ત અત્યંત બદ્ધ રહે તે રીતે સદા ઉદ્યમ કરે છે જેથી ચારિત્રરૂપી વહાણ આશ્રવનાં છિદ્રો વગરનું બને છે.

**(૫) ચારે બાજુથી ગુપ્તિથી ગુપ્ત :-** વળી, જેમ વહાણને ચારે બાજુથી ગુપ્ત

રાખવામાં આવે છે જેથી જલચરાદિથી તેનો ભંગ થાય નહીં. તે રીતે મહાત્માઓ ચારિત્રરૂપી વહાણને ગુપ્તિઓથી ગુપ્ત રાખે છે અર્થાત્ મનને તત્ત્વથી તે રીતે ભાવિત રાખે છે કે જેથી ચિત્ત તત્ત્વને છોડીને અન્ય ભાવને અભિમુખ જાય નહીં અને વચન-કાયાને પણ તે રીતે નિયંત્રિત રાખે કે જેથી તત્ત્વને અભિમુખ જતા ચિત્તને પુષ્ટ કરે છે. કોઈ પ્રયોજન ન હોય તો કાયાને સ્થિર કરે છે, વચનથી મૌન લે છે અને મનને સાધ્ય સાથે દૃઢ વ્યાપારવાળું રાખે છે અને કાયાને કે વચનને પ્રવર્તાવવાથી ગુપ્તિનો અતિશય થાય તેમ જણાય ત્યારે યતનાપૂર્વક વચનને અને કાયાને પ્રવર્તાવે છે. જેથી અનાદિથી આત્મામાં રહેલા વિષયોને અભિમુખ કરે એવા મલિન સંસ્કારોથી ચારિત્રરૂપી વહાણ ઉપદ્રવને પામતું નથી.

**(૬) આચારરૂપી મંડપથી ઢંકાયેલી અપવાદ અને ઉત્સર્ગરૂપી ભૂમિવાળું :-** વળી, મોટાં વહાણોમાં તાપ આદિથી રક્ષણ અર્થે મંડપ બાંધેલા હોય છે અને વહાણમાં બે માળ બનાવેલા હોય છે. તે રીતે ચારિત્રરૂપી વહાણમાં પણ ઉત્સર્ગ અને અપવાદરૂપ બે માળની ભૂમિ છે અને તે આચારરૂપી મંડપથી શોભી રહી છે. આશય એ છે કે ભગવાનના શાસનમાં સંયમવૃદ્ધિને અનુકૂળ અનેક પ્રકારે આચારસંહિતાઓ છે. તે આચારરૂપી મંડપથી તે વહાણ સુશોભિત છે. વળી, જેમ વહાણવટું કરનારા બે માળમાં પોતપોતાની ભૂમિકા અનુસાર બેસે છે તેમ સંયમ પાળનાર મુનિ પણ પોતપોતાની ભૂમિકા અનુસાર ઉત્સર્ગમાર્ગનું કે અપવાદમાર્ગનું આલંબન લે છે.

**(૭) સદાશયોરૂપી અસંખ્ય દુર્ધર યોદ્ધાઓથી દુષ્પ્રધૃષ્ય :-** વળી, જેમ વહાણવટું કરનારા દેશાવર જતી વખતે વહાણમાં વ્યાપારની અનેક સામગ્રી કે રત્નાદિ લઈને જતા હોય છે. તેથી તેઓને લૂંટવા માટે ચાંચિયાઓનાં ટોળાંઓ આવે છે અને તેઓથી પોતાનું રક્ષણ કરવા અર્થે ઘણા દુર્ધર એવા યોદ્ધાઓને સાથે લે છે. જેથી તે ચાંચિયાઓથી તે વહાણનું રક્ષણ થાય અને સુખે સુખે ઇષ્ટ સ્થાને પહોંચી શકે છે. તે રીતે ભવસમુદ્રમાં રહેલ ચારિત્રરૂપી વહાણને મહાત્માઓ સદાશયોરૂપી અસંખ્ય દુર્ધર યોદ્ધાઓથી દુષ્પ્રધૃષ્ય બનાવે છે અર્થાત્ અંતરંગ મોહના હુમલાઓ થાય નહીં અને સુખે સુખે ચારિત્રની પરિણતિ ઉત્તરોત્તર

વૃદ્ધિ પામીને લક્ષ તરફ પહોંચવા સમર્થ બને તે રીતે તત્ત્વચિંતવન દ્વારા સદાશયોથી આત્માને ભાવિત કરે છે.

**(૮) અધ્યાત્મરૂપી શ્વેત વસ્ત્રવાળા સઢથી યુક્ત :-** વળી, જેમ વહાણને યોગ્ય દિશામાં વળાંક આપવા અર્થે એક કૂપસ્તંભ ઉપર વસ્ત્રનો સઢ હોય છે જેમાં પવન ભરાવાથી તે વહાણને ઉચિત દિશામાં જવાનું સુગમ પડે છે. તે રીતે ચારિત્રરૂપી વહાણ જિનવચનાનુસાર પ્રવર્તતા મન-વચન અને કાયાના યોગરૂપી કૂપસ્તંભના અગ્રભાગ ઉપર સ્થાપન કરેલા અધ્યાત્મરૂપી શ્વેત વસ્ત્રવાળા સઢથી યુક્ત છે.

આશય એ છે કે મહાત્માઓ સદા મન, વચન ને કાયાના શુભ યોગોમાં વર્તે છે અને તે શુભયોગમાં મુખ્યરૂપે અધ્યાત્મના ભાવો વર્તે છે અને તે અધ્યાત્મના ભાવોરૂપી સઢથી ચારિત્રરૂપી વહાણ ઉચિત દિશામાં ગમન કરે છે. આથી મુનિઓ સદા આધ્યાત્મિક ભાવોના પ્રકર્ષ અર્થે ઉદ્યમ કરતા હોય છે.

**(૯) તપરૂપી અનુકૂળ પવનથી ઉદ્ભૂત થયેલા સંવેગના વેગને કારણે વૈરાગ્ય માર્ગમાં રહેલું :-** વળી અનુકૂળ પવન હોય તો વહાણ સુખે સુખે ઇષ્ટનગર તરફ જાય છે તેમ વૈરાગ્યમાર્ગમાં જતું એવું ચારિત્રરૂપી વહાણ તપરૂપી અનુકૂળ પવનથી ઉદ્ભૂત થયેલા સંવેગના વેગથી મોક્ષનગર તરફ જાય છે.

આશય એ છે કે છ પ્રકારના બાહ્ય તપ અને છ પ્રકારના અભ્યંતર તપ સ્વભૂમિકા અનુસાર વિવેકપૂર્વક સેવન કરનારા મહાત્માને તે તપને કારણે સંવેગનો વેગ પ્રગટે છે અર્થાત્ આત્માના શુદ્ધ ભાવો પ્રત્યેનો તીવ્ર રાગાંશ ઉલ્લસિત થાય છે; કેમ કે વિવેકપૂર્વક સેવાયેલા બારેય પ્રકારના તપો તે તે ભાવોને ઉલ્લસિત કરીને શુદ્ધ આત્માના ભાવો તરફ જવા માટે યત્નને ઉલ્લસિત કરે છે. તેથી મુનિનું ચારિત્રરૂપી વહાણ મોક્ષનગર તરફ ગતિવાળું બને છે. આવા ભાવોથી યુક્ત ચારિત્રરૂપી વહાણને આશ્રિત થયેલા એવા બુધ પુરુષો સદ્ભાવનારૂપી મંજૂષામાં સ્થાપન કરાયેલા ઉત્તમ ચિત્તરૂપી રત્નોથી યુક્ત, નિર્વાણનગરમાં જાય છે એ પ્રમાણે ધર્મધ્યાનમાં યત્ન કરતા યોગીઓએ ચિંતવન કરવું જોઈએ.

આનાથી એ પ્રાપ્ત થાય કે જેમ વ્યાપાર અર્થે અન્ય દેશમાં જનારા શ્રેષ્ઠીઓ

ઉત્તમ રત્નો લઈને વહાણવટું કરે છે તે પ્રમાણે ચારિત્રરૂપી વહાણમાં રહેલા મહાત્માઓ નિર્વાણનગર તરફ જાય છે, ત્યારે સંસારનો ઉચ્છેદ કરવાના મનોરથોરૂપ ઉત્તમ ભાવોથી આત્માને ભાવિત કરે છે તે રૂપ સદ્ભાવના નામની પેટીમાં ભગવાનનાં વચનરૂપી રત્નોને સ્થાપન કરે છે અર્થાત્ ભગવાનના વચનાનુસાર સમ્યક્જ્ઞાન, સમ્યક્રુચિ અને સમ્યક્પરિણતિરૂપ રત્નત્રયીને ચિત્તમાં સ્થાપન કરે છે અને તે રત્નોથી યુક્ત નિર્વાણનગર તરફ અવિઘ્નથી જાય છે. વળી, જેમ વહાણવટું કરનારા રત્નરૂપ સંપત્તિના બળથી ઇષ્ટ દેશમાં જઈને પોતાને ઇષ્ટ એવા વ્યાપાર આદિ કરી શકે છે તેમ બુધ એવા મુનિઓ ભગવાનનાં વચનરૂપ રત્નોના બળથી આગળમાં બતાવાશે, તે રીતે અવિઘ્નથી નિર્વાણનગર તરફ જાય છે ત્યારે વચ્ચે વચ્ચે ગુણવૃદ્ધિને અનુકૂળ વ્યાપાર કરી શકે છે અને પૂર્ણગુણસમૃદ્ધિ સહિત નિર્વાણનગર પહોંચીને પોતાને ઇષ્ટ એવા શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે. **॥૧૬-૪૬થી ૫૦॥**

**અવતરણિકા :-**

**જેમ વહાણવટું કરનારા અવિઘ્નથી પોતાના ઈષ્ટ નગરે પહોંચે છે તેમ ચારિત્રરૂપી વહાણને આશ્રય કરનારા મહાત્માઓ કઈ રીતે અવિઘ્નથી નિર્વાણનગર પહોંચે છે તે હવે બતાવે છે –**

**શ્લોક :-**

**यथा च मोहपल्लीशे, लब्धव्यतिकरे सति ।**
**संसारनाटकोच्छेदाशङ्कापङ्काविले मुहुः ।।५१।।**
**सज्जीकृतस्वीयभटे, नावं दुर्बुद्धिनामिकाम् ।**
**श्रिते दुर्नीतिनौवृन्दारूढशेषभटान्विते ।।५२।।**
**आगच्छत्यथ धर्मेशभटौघे रणमण्डपम् ।**
**तत्त्वचिन्तादिनाराचसज्जीभूते समाश्रिते ।।५३।।**
**मिथो लग्ने रणावेशे, सम्यग्दर्शनमन्त्रिणा ।**
**मिथ्यात्वमन्त्री विषमां, प्राप्यते चरमां दशाम् ।।५४।।**

**અન્વયાર્થ :-**

યથા ચ=અને જે આ પ્રમાણે=શ્લોક-૫૦માં કહ્યું કે બુધ પુરુષો અવિઘ્નથી નિર્વાણનગર જાય છે તે હવે 'યથા'થી શ્લોક-૫૯ સુધી બતાવે છે.

संसारनाटकोच्छेदाशङ्कापङ्काविले मोहपल्लीशे लब्धव्यतिकरे सति=સંસારરૂપી નાટકના ઉચ્છેદની આશંકારૂપ કાદવથી આવિલ=મલિન, એવો મોહપલ્લીનો રાજા લબ્ધવ્યતિકરવાળો હોતે છતે=સંસારી જીવ રત્નોને ગ્રહણ કરીને ચારિત્રરૂપી વહાણને આશ્રિત થઈને નિર્વાણનગર જાય છે એ પ્રમાણેના વ્યતિકરને જાણે છતે, दुर्नीतिनौवृन्दारूढशेषभटान्विते दुर्बुद्धिनामिकाम् नावं श्रिते मुहुः सज्जीकृतस्वीयभटे (मोहपल्लीशे) आगच्छति=દુર્નીતિરૂપી નૌકાના વૃંદોમાં=સમુદાયોમાં, આરૂઢ થયેલા શેષ ભટોથી અન્વિત થયે છતે, વારંવાર સજ્જ કરાયેલા સ્વીયભટવાળો (મોહપલ્લીનો રાજા) આવે છતે,

अथ=હવે, तत्त्वचिन्तादिनाराचसज्जीभूते रणमण्डपम् समाश्रिते धर्मेशभटौघे= તત્ત્વચિંતાદિરૂપ બાણોથી સજ્જ થયેલા અને રણમંડપને આશ્રિત થયેલા ધર્મરાજાના ભટો હોતે છતે, मिथो रणावेशे लग्ने=પરસ્પર રણાવેશ લગ્ન થયે છતે=યુદ્ધનો આરંભ થયે છતે, सम्यग्दर्शनमन्त्रिणा=સમ્યગ્દર્શનમંત્રી વડે मिथ्यात्वमन्त्री विषमां चरमां दशां प्राप्यते=મિથ્યાત્વમંત્રી વિષમ એવી અંતિમ દશાને પામે છે=મૃત્યુ પામે છે. ।।૧૬-૫૧થી ૫૪।।

**શ્લોકાર્થ :-**

**અને જે આ પ્રમાણે=શ્લોક-૫૦માં કહ્યું કે, બુધ પુરુષો અવિઘ્નથી નિર્વાણનગર જાય છે તે હવે 'યથા'થી શ્લોક-૫૯ સુધી બતાવે છે.**

**સંસારરૂપી નાટકના ઉચ્છેદની આશંકારૂપ કાદવથી આવિલ એવો મોહપલ્લીનો રાજા લબ્ધવ્યતિકરવાળો હોતે છતે=સંસારી જીવ રત્નોને ગ્રહણ કરીને ચારિત્રરૂપી વહાણને આશ્રિત થઈને નિર્વાણનગર જાય છે એ પ્રમાણેના વ્યતિકરને જાણે છતે, દુર્નીતિરૂપી નૌકાના વૃંદોમાં આરૂઢ થયેલા શેષ ભટોથી અન્વિત થયે છતે, વારંવાર સજ્જ કરાયેલા સ્વીયભટવાળો મોહપલ્લીનો રાજા આવે છતે,**

**હવે તત્ત્વચિંતાદિરૂપ બાણોથી સજ્જ થયેલા અને રણમંડપને આશ્રિત**

**થયેલા ધર્મરાજાના ભટો હોતે છતે, પરસ્પર રણાવેશ લગ્ન થયે છતે, સમ્યગ્દર્શનમંત્રી વડે મિથ્યાત્વમંત્રી વિષમ એવી અંતિમ દશાને પામે છે. ॥૧૯-૫૧ થી ૫૪॥**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકોમાં બતાવ્યું તે પ્રમાણે મહાત્મા ચારિત્રરૂપી વહાણને આશ્રય કરીને નિર્વાણનગર તરફ જાય છે અને તે મહાત્મા સદ્ભાવનારૂપી પેટીમાં સ્થાપન કરાયેલા સચ્ચિત્તરૂપી રત્નોથી યુક્ત છે. આ પ્રકારનો બોધ મોહપલ્લીના રાજાને ખબર પડે તેથી તે વિચારે કે જો આ મહાત્મા મોક્ષનગર પહોંચી જશે તો સંસારનાટકનો ઉચ્છેદ થશે અને તેના ઉચ્છેદની આશંકાથી તેનું ચિત્ત શત્રુના ઉચ્છેદ માટે મલિન ભાવવાળું બને છે. તે મલિન ભાવવાળો મોહપલ્લીનો રાજા સુભટોને સજ્જ કરીને, દુર્બુદ્ધિરૂપી નાવોનો આશ્રય કરીને અને દુર્નીતિરૂપ અનેક વહાણોમાં અન્ય ભટોને સ્થાપન કરીને જ્યાં તે ચારિત્રરૂપી વહાણમાં આશ્રય કરેલા મહાત્માઓ જઈ રહેલા છે ત્યાં આવે છે અને તેઓને આવેલા જોઈને તત્ત્વચિંતાદિ બાણોથી સજ્જ થયેલા એવા સુભટોથી આશ્રય કરાયેલા એવા ધર્મરાજા રણમંડપનો આશ્રય કરે છે. તે વખતે જેમ વહાણવટું કરનારાઓને લૂંટવા માટે ચાંચિયાઓ આવે ત્યારે તે વહાણવટું કરનારાઓ પોતાના સૈન્ય સાથે સજ્જ થઈને તે ચાંચિયાઓ સાથે યુદ્ધ કરે છે તેમ ધર્મરાજા અને મોહપલ્લીના રાજા વચ્ચે યુદ્ધ શરૂ થાય છે. ધર્મરાજાના સમ્યગ્દર્શનરૂપ મંત્રી મોહરાજાના મિથ્યાત્વરૂપી મંત્રીને મારી નાંખે છે.

તાત્પર્ય એ છે કે મહાત્માઓ ચારિત્રરૂપી વહાણનું અવલંબન લઈને નિર્વાણનગર તરફ જતા હોય છે ત્યારે તેઓના ચિત્તમાં કલ્યાણની ઉત્તમ ભાવનાઓ વર્તે છે અને જિનવચનાનુસાર સચ્ચિત્તરૂપી રત્નો તેમનામાં વર્તે છે. તેના બળથી તેઓ મોક્ષમાર્ગ તરફ જતા હોય છે. તે વખતે આત્મામાં અનાદિના મોહના સંસ્કારો પડેલા હોય છે અને સત્તામાં રહેલી મોહનીયની પ્રકૃતિઓ ઉદયમાં વર્તતી હોય છે. આમ છતાં મહાત્માના સમ્યક્ પ્રયત્નને કારણે તે મોહનીયની પ્રકૃતિ પ્રશસ્ત-પ્રશસ્તતર થઈને સંસારના ઉચ્છેદ માટે પ્રવર્તતી હોય છે. તે નિમિત્તને પામીને સત્તામાં રહેલા અનાદિના કુસંસ્કારો ક્યારેક ક્યારેક જીવને પ્રમાદ પણ

કરાવે છે. તેથી મોક્ષમાર્ગમાં પ્રસ્થિત એવા પણ સાધુ પ્રમાદને વશ થઈને સ્ખલનાઓ પામે છે. તે સ્ખલનાને જોઈને તે મહાત્મા જાગૃત થાય છે અને તે વિચારે છે કે "જો આ રીતે હું અનાદિના સંસ્કારોને વશ બનીશ તો નિર્વાણનગર તરફ જવાનો મારો યત્ન વિફલ થશે" તેથી અતિચારોનું સ્મરણ કરીને તેને દૂર કરવા યત્ન કરે છે. તે વખતે અતિચાર આપાદક મોહનીય કર્મ અને તત્ત્વ પ્રત્યેના પક્ષપાત રૂપ મોહનીયના ક્ષયોપશમરૂપ ચારિત્રના પરિણામ – તે બે વચ્ચે સંઘર્ષ થાય છે જે મોહરાજા અને ધર્મરાજા વચ્ચેનું યુદ્ધ છે. અને તે વખતે મહાત્મા પ્રમાદના પરિહાર અર્થે જે તત્ત્વચિંતનાદિ ઉત્તમ આલંબનોને સ્વીકારે છે તેના બળથી તે મહાત્માના ચિત્તમાં વર્તતો સમ્યગ્દર્શનનો પરિણામ અતિ ઉલ્લસિત થાય છે. અને સ્થિર સંકલ્પ થાય છે કે ભગવાનના વચનોથી વિપરીત પ્રવૃત્તિ કરાવનારા આ મિથ્યાત્વના સંસ્કારોનો મારે અત્યંત ઉચ્છેદ કરવો જોઈએ જેથી મારી યોગમાર્ગની પ્રવૃત્તિ લેશ પણ સ્ખલના ન પામે. તેના માટે તે મહાત્મા શુદ્ધ નયનું દૃઢ આલંબન લે છે અને વિચારે છે કે "આ શુદ્ધ નય જે આત્માનું પારમાર્થિક સ્વરૂપ બતાવે છે તે જ મારું પારમાર્થિક સ્વરૂપ છે. તે સ્વરૂપ મારા માટે એકાંત હિતાવહ છે અને જીવનું પારમાર્થિક સ્વરૂપ અંતરંગ રીતે બાહ્ય પદાર્થો સાથે સર્વથા સંગ વગરના વીતરાગભાવ સ્વરૂપ છે અને બહિરંગ રીતે દેહ અને કર્માદિથી પૃથક્ એવા શુદ્ધ આત્મ સ્વરૂપ છે અને તે સ્વરૂપનું દૃઢ અવલંબન લઈને જો હું યોગમાર્ગમાં પ્રવૃત્તિ કરીશ તો ક્યાંય વિપર્યાસ નહીં થવાથી મારું નિર્વાણનગર તરફનું ગમન અસ્ખલિતપણે થશે." આ પ્રકારના સમ્યગ્દર્શનના દૃઢ યત્નથી તે મહાત્મામાં રહેલા મિથ્યાત્વના સંસ્કારો અને મિથ્યાત્વમોહનીય કર્મો નાશ પામે છે. જેથી નિર્મળ કોટિના સમ્યગ્દર્શનની અથવા ક્ષાયિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. ત્યાર પછી તે મહાત્મા શું કરે છે તે આગળના શ્લોકોમાં બતાવાયું છે.

અહીં વિશેષ એ છે કે ચૌદ પૂર્વીઓ, ચાર જ્ઞાનના ધણી સંસારસાગર તરવા માટે સુદૃઢ યત્ન કરતા હોય ત્યારે પણ કોઈક નિમિત્તને પામીને આત્મામાં રહેલા મોહના સંસ્કારો જાગૃત થાય અને તે મહાત્મા પ્રમાદમાં પડે તો મોહરાજા સાથેના ધર્મરાજાના સંગ્રામમાં મોહરાજાનો જય થાય છે. તેથી તે મહાત્મા પાસે જે સચ્ચિત્તરૂપી રત્ન હતું તેનો નાશ થાય છે અર્થાત્ "આ સંસારમાં જીવની

સુંદર અવસ્થા મોક્ષ છે અને તેની પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય વીતરાગતા છે અને વીતરાગતાની પ્રાપ્તિના ઉપાયરૂપ અસંગભાવમાં જ મારે ઉદ્યમ કરવો જોઈએ" એવું જે સ્થિર ચિત્ત અત્યાર સુધી હતું તે સ્થિર ચિત્ત મોહના હુમલાથી નાશ પામે છે અને ચૌદપૂર્વી કે ચાર જ્ઞાનના ધણી ક્રમસર અલ્પ બોધવાળા થઈને રસગારવ, ઋદ્ધિગારવ કે શાતાગારવમાંથી કોઈકને વશ થઈને દુરંત સંસારમાં પરિભ્રમણ કરે છે. તેથી જેમ ચાંચિયાઓ સાથેના યુદ્ધમાં વહાણવટું કરનારા સમ્યક્ યુદ્ધ ન કરી શકે અને પરાજયને પામે તો પોતાની સંપત્તિને ગુમાવી બેસે છે અને કદાચ મૃત્યુને પણ પામે છે, તેમ સંયમી મહાત્માઓ પણ પ્રમાદને વશ થતા મોહના હુમલાનો સમ્યક્ પ્રતિકાર ન કરી શકે અને પરાજયને પામે તો પોતાના સચ્ચિત્તરૂપી રત્નોને ગુમાવી બેસે છે અને કદાચ પ્રાણનાશ થાય તો અનંત સંસારમાં પણ ભટકે છે. **॥૧૬-૫૧ થી ૫૪॥**

**અવતરણિકા :-**

**વળી, મોહરાજા સાથેના ધર્મરાજાના યુદ્ધમાં મિથ્યાત્વ મંત્રીનો નાશ કર્યા પછી ધર્મરાજાની સેના અન્ય શું કરે છે તે શ્લોક-૫૫થી ૫૯ સુધી બતાવે છે –**

**શ્લોક :-**

**लीलयैव निरुध्यन्ते, कषायचरटा अपि ।**
**प्रशमादिमहायोधैः, शीलेन स्मरतस्करः ।।५५।।**
**हास्यादिषट्कलुण्टाकवृन्दं वैराग्यसेनया ।**
**निद्रादयश्च ताड्यन्ते, श्रुतोद्योगादिभिर्भटैः ।।५६।।**

**અન્વયાર્થ :-**

**लीलयैव=લીલાથી જ, प्रशमादिमहायोधैः=પ્રશમાદિ મહાયોદ્ધાઓ વડે, कषायचरटा अपि=કષાયરૂપી ચોરો પણ, निरुध्यन्ते=નિરોધ કરાય છે, शीलेन=શીલ વડે, स्मरतस्करः (निरुध्यते)=કામરૂપી ચોર નિરોધ કરાય છે. ॥૧૬-૫૫॥**

**हास्यादिषट्कलुण्टाकवृन्दं वैराग्यसेनया (निरुध्यन्ते)=હાસ્યાદિ છ લૂંટારાનો**

**સમુદાય વૈરાગ્ય સેના વડે નિરોધ કરાય છે. निद्रादयः च श्रुतोद्योगादिभिर्भटैः ताड्यन्ते=અને શ્રુત ઉદ્યોગાદિ ભટો વડે નિદ્રાદિ તાડન કરાય છે. ॥૧૬-૫૬॥**

**શ્લોકાર્થ :-**

**લીલાથી જ પ્રશમાદિ મહાયોદ્ધાઓ વડે કષાયરૂપી ચોરો પણ નિરોધ કરાય છે. શીલ વડે કામરૂપી ચોર નિરોધ કરાય છે. ॥૧૬-૫૫॥**

**વૈરાગ્ય સેના વડે હાસ્યાદિ છ લૂંટારાઓનો સમુદાય નિરોધ કરાય છે, અને શ્રુત ઉદ્યોગાદિ ભટો વડે નિદ્રાદિ તાડન કરાય છે. ॥૧૬-૫૬॥**

**ભાવાર્થ :-**

મોહરાજાના સૈન્યનો મુખ્યમંત્રી મિથ્યાત્વ છે અને તે મંત્રીનો વિનાશ કરવાથી ધર્મરાજાને મોહરાજા સામે લડવું અતિ સહેલું બને છે તેથી ધર્મરાજાના પ્રશમાદિ મહાયોદ્ધાઓ વડે લીલાપૂર્વક જ કષાયરૂપી ચોરો ઘેરી લેવાય છે. અને શીલરૂપી યોદ્ધાઓ વડે લીલાપૂર્વક કામરૂપી ચોર ઘેરી લેવાય છે.

વળી, વૈરાગ્યની સેના વડે હાસ્યાદિ છ નોકષાયો લીલાપૂર્વક જ ઘેરી લેવાય છે. અને શ્રુતના ઉદ્યમ અને સંયમની સર્વ ઉચિત ક્રિયાઓમાં ઉદ્યમ વડે નિદ્રા, પ્રમાદ, વિકથાદિનું તાડન કરાય છે.

આશય એ છે કે મિથ્યાત્વનો નાશ થવાથી શુદ્ધ આત્માનું પારમાર્થિક સ્વરૂપ સદા બુદ્ધિરૂપી ચક્ષુ સામે દેખાય છે અને તેના ઉપાયભૂત વીતરાગ અવસ્થા પ્રત્યે ચિત્તમાં સ્થિર આકર્ષણ રહે છે. તેથી મહાત્મા સદા પ્રશમ, સંવેગ, નિર્વેદ આદિ ભાવોથી ઉલ્લસિત વીર્યવાળા બને છે તેથી તેઓમાં વર્તતા ક્રોધ, માન, માયા, લોભરૂપ કષાયો ક્ષયોપશમભાવવાળા વર્તે છે. જેથી અનાદિકાળના કષાયોના સંસ્કારો તે ક્ષયોપશમભાવના પરિણામથી અવરુદ્ધ થયેલા હોઈ કોઈ કષાય તે મહાત્માના ચિત્તને પ્રમાદ ઉત્પન્ન કરવા સમર્થ બનતો નથી. વળી સમ્યગ્દર્શનની નિર્મળતાને કારણે શુદ્ધ આત્માના સ્વરૂપ પ્રત્યે સ્થિર આકર્ષણ હોવાથી બ્રહ્મચર્યની વૃત્તિરૂપ શીલ અત્યંત તીવ્ર બને છે જેથી આત્મામાં વર્તતા અનાદિના કામના સંસ્કારોરૂપી તસ્કર અત્યંત અવરુદ્ધ થવાથી કોઈ કષાય કે

કોઈ કામની વાસના તે મહાત્માને પ્રમાદને વશ કરી શકતી નથી.

વળી, તે મહાત્મા સમ્યગ્દર્શનની નિર્મળતાવાળા હોવાને કારણે સંસાર પ્રત્યેનો વૈરાગ્યભાવ તે મહાત્મામાં અત્યંત સ્થિર વર્તે છે. તેના બળથી હાસ્ય, રતિ, શોક, અરતિ, ભય, જુગુપ્સા આદિ ભાવોના આત્મામાં રહેલા અનાદિના સંસ્કારોનો તે મહાત્મા નિરોધ કરે છે અર્થાત્ સતત સંસારના સ્વરૂપનું પર્યાલોચન કરીને વૈરાગ્યને અતિશયિત કરે છે જેથી કોઈ નિમિત્તને પામીને હાસ્યાદિ પણ તે મહાત્માના ચિત્તમાં પ્રગટ થતા નથી. તેથી શત્રુથી નિરુપદ્રવવાળું એવું તેમનું ચારિત્રરૂપી વહાણ અસ્ખલિતપણે નિર્વાણનગર તરફ ગમન કરે છે.

વળી, તે મહાત્મા મોક્ષના અત્યંત અર્થી હોવાથી મોક્ષના ઉપાયભૂત શ્રુતમાં અને તે શ્રુતવચનાનુસાર ઉચિત પ્રવૃત્તિઓ કરવામાં દૃઢ ઉદ્યમ કરે છે. જેથી શરીરાદિના શ્રમને કારણે નિદ્રાના ભાવો ઊઠતા હોય તે પણ ન ઊઠી શકે તે રીતે તે સંસ્કારોનું તાડન કરે છે. આથી જ જિનકલ્પી કે તીર્થંકરો દીક્ષા ગ્રહણ કર્યા પછી નિદ્રાનો અત્યંત અનવકાશ કરે છે. ફક્ત અતિ શ્રમને કારણે ક્યારેક ક્યારેક નહિવત્ એવી નિદ્રા જ તેઓને સંભવે છે. વળી, અત્યંત અપ્રમાદપૂર્વક શ્રુત અધ્યયનના ઉપયોગ દ્વારા અને શ્રુત અનુસાર ઉચિત પ્રવૃત્તિ દ્વારા તે મહાત્મા પ્રમાદના સંસ્કારોનું અને વિકથાના સંસ્કારોનું અત્યંત તાડન કરે છે જેથી પ્રમાદ અને વિકથાના સંસ્કારો સંયમની પ્રવૃત્તિમાં સ્ખલના કરાવી શકતા નથી. **॥૧૬-૫૫/૫૬॥**

**શ્લોક :-**

**भटाभ्यां धर्मशुक्लाभ्यामार्त्तरौद्राभिधौ भटौ ।**
**निग्रहेणेन्द्रियाणां च, जीयते द्रागसंयमः ।।५७।।**
**क्षयोपशमतश्चक्षुर्दर्शनावरणादयः ।**
**नश्यत्यसातसैन्यं च, पुण्योदयपराक्रमात् ।।५८।।**

**અન્વયાર્થ :-**

**धर्मशुक्लाभ्यां भटाभ्यां=ધર્મધ્યાન-શુક્લધ્યાનરૂપ ભટો વડે, आर्त्तरौद्राभिधौ भटौ (ताड्येते)=આર્ત્ત અને રૌદ્રધ્યાનના ભટો તાડન કરાય છે. इन्द्रियाणां**

**निग्रहेण च=અને ઈન્દ્રિયોના નિગ્રહ વડે; द्रागसंयमः जीयते=તત્કાળ અસંયમ જિતાય છે. ।।૧૬-૫૭।।**

**क्षयोपशमतः=ક્ષયોપશમથી, चक्षुर्दर्शनावरणादयः (जीयते)=ચક્ષુદર્શનાવરણાદિ જિતાય છે. पुण्योदयपराक्रमात् च=અને પુણ્યોદયના પરાક્રમથી; असातसैन्यं नश्यति=અશાતાનું સૈન્ય નાસી જાય છે. ।।૧૬-૫૮।।**

**શ્લોકાર્થ :-**

**ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ ભટો વડે આર્ત્તધ્યાન-રૌદ્રધ્યાનરૂપ ભટો તાડન કરાય છે અને ઈન્દ્રિયોના નિગ્રહ વડે તત્કાળ અસંયમ જિતાય છે. ।।૧૬-૫૭।।**

**ક્ષયોપશમથી ચક્ષુદર્શનાવરણાદિ જિતાય છે અને પુણ્યોદયના પરાક્રમથી અશાતાનું સૈન્ય નાસી જાય છે. ।।૧૬-૫૮।।**

**ભાવાર્થ :-**

વળી, મહાત્માઓ જેમ કષાયો, કામાદિ, નોકષાયો અને નિદ્રાદિનો પરિહાર કરે છે તેમ સતત અપ્રમાદની વૃદ્ધિ અર્થે ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં ઉદ્યમ કરે છે જેથી અનાદિના સુઅભ્યસ્ત એવા આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનરૂપ ભટોનું તાડન થાય છે.

વળી ઇન્દ્રિયોનો અત્યંત નિગ્રહ કરીને તત્ત્વચિંતનથી ઇન્દ્રિયોનો અનાદિનો જે અસંયમ વર્તે છે તેનો જય કરે છે.

વળી, ચક્ષુદર્શન, અચક્ષુદર્શનના આવરણને ક્ષયોપશમ ભાવથી જીતે છે. વળી સંયમના દૃઢ વ્યાપારને કારણે ઉત્થિત થયેલા પુણ્યોદયના પરાક્રમથી અશાતાનું સૈન્ય નાશ પામે છે.

આશય એ છે કે ભગવાનના વચન પ્રત્યેના રાગથી કે સંયમની ક્રિયાના રાગથી કરાતી સંયમની પ્રવૃત્તિકાળમાં જે એકાગ્રતા આવે છે તે ધર્મધ્યાનરૂપ છે અને સર્વકર્મથી રહિત એવા શુદ્ધ આત્માનું સ્વરૂપ જે શુદ્ધ નિશ્ચયનય બતાવે છે તેવા શુદ્ધ આત્માના સ્વરૂપ સાથે તન્મયતા થવાને કારણે નિર્વિકલ્પ ઉપયોગ વર્તે છે ત્યારે શુક્લધ્યાન આવે છે. અને આત્માનું કોઈ પ્રયોજન નથી

તેવી કોઈ વિચારણા, કોઈ વાચિક પ્રવૃત્તિ કે કાયિક ચેષ્ટા સાથે આત્મા જોડાય છે ત્યારે તે બાહ્ય પદાર્થોને અવલંબીને જે એકાગ્રતા આવે છે તે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન છે. આ આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન જીવ દ્વારા અનાદિ સુઅભ્યસ્ત છે તેથી તેના સંસ્કારો આત્મા ઉપર અત્યંત સ્થિર થયેલા છે. અને જ્યારે તે મહાત્મા ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં યત્ન કરે છે ત્યારે તે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાનના સંસ્કારો અત્યંત તાડન પામે છે જેથી આત્મામાં વર્તતા અનાદિના સંસ્કારો સહસા ઊઠીને જીવને તે તે ભાવોથી આકુળ કરવા માટે સમર્થ બનતા નથી.

વળી, તે મહાત્મા સંસારના પદાર્થોનું તે રીતે અત્યંત ભાવન કરે છે કે જેથી બાહ્ય પદાર્થોના ગ્રહણ માટે આત્મામાં ઉત્સુકતાના સંસ્કારો પડેલા છે તે ક્ષીણ ક્ષીણતર થાય છે. જેથી આત્મામાં તે પ્રકારની ઉત્સુકતાના અભાવને કારણે ઇન્દ્રિયો વિષયોને ગ્રહણ કરવા માટે પ્રવર્તતી નથી. તેથી નિગ્રહને પામેલી ઇન્દ્રિયોને કારણે જે પાંચ ઇન્દ્રિયોથી જન્ય અનાદિનો અસંયમ છે તે જિતાય છે. તેથી તે મહાત્મા ઇન્દ્રિયોના સંવરના બળથી શ્રુતાનુસારી મનોયોગને સુદૃઢ પ્રવર્તાવી શકે છે.

વળી, ચક્ષુદર્શન-અચક્ષુદર્શનના આવરણને કારણે તત્ત્વને સ્પર્શે તે પ્રકારના સમ્યગ્જ્ઞાનના 'ઊહ'નું આવરણ વર્તે છે જેના કારણે સંસારના ક્ષેત્રમાં ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનનો ક્ષયોપશમ હોવા છતાં તત્ત્વદર્શનની પ્રાપ્તિને અનુકૂળ ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનનો ક્ષયોપશમ અનાદિથી અવરુદ્ધ છે તે મહાત્મા તત્ત્વને અભિમુખ યત્ન કરીને તે પ્રકારના અવરુદ્ધ ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનને ક્ષયોપશમભાવરૂપે કરે છે. જેથી ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનના આવરણનો ક્ષયોપશમભાવરૂપે જય થાય છે.

વળી, તે મહાત્મા સદા શાંતરસમાં વર્તતા હોવાથી ભૂતકાળમાં બંધાયેલી પાપ-પ્રકૃતિઓ શિથિલ થાય છે અથવા પુણ્યરૂપે સંક્રમ પામે છે અને ભૂતકાળની બંધાયેલી પુણ્યપ્રકૃતિને અનુકૂળ અધ્યવસાય હોવાથી તે પુણ્યપ્રકૃતિઓ પ્રકર્ષવાળી બને છે, તેથી પુણ્યના ઉદયના પરાક્રમથી અશાતાનું સૈન્ય નાશ પામે છે.

આશય એ છે કે જ્યારે તે મહાત્મા અતિ ઉત્તમ ભાવોમાં વર્તે છે ત્યારે દેવલોકનાં સુખો કરતાં પણ અતિશય એવા ચિત્તના સુખને અનુભવે છે તેથી

અશાતા આપાદક એવી સંયમની કષ્ટમય ચર્યાથી પણ અશાતાનું વેદન થતું નથી પરંતુ શાતાનું જ વેદન થાય છે. તેથી અનુકૂળ અધ્યવસાયના અભાવને કારણે દેહાદિનાં કષ્ટો પણ અશાતાના વિપાકને આપવા સમર્થ બનતાં નથી. તેથી શાતા આપાદક પુણ્યના ઉદયના પરાક્રમથી અશાતા આપાદક સામગ્રી હોવા છતાં તેનું સૈન્ય નાસી જાય છે. **॥૧૬-૫૭/૫૮॥**

**શ્લોક :-**

**સહ દ્વેષગજેન્દ્રેણ, રાગકેસરિણા તથા ।**
**સુતેન મોહભૂપોऽપિ, ધર્મભૂપેન હન્યતે ।।૫૯।।**

**અન્વયાર્થ :-**

**તથા દ્વેષગજેન્દ્રેણ રાગકેસરિણા સુતેન સહ=અને દ્વેષ ગજેન્દ્ર રાગ કેસરીરૂપ પુત્રોની સાથે, મોહભૂપોऽપિ=મોહરાજા પણ; ધર્મભૂપેન હન્યતે=ધર્મરાજા વડે હણાય છે. ।।૧૬-૫૯।।**

**શ્લોકાર્થ :-**

**અને દ્વેષ ગજેન્દ્ર રાગ કેસરીરૂપ પુત્રોની સાથે મોહરાજા પણ ધર્મરાજા વડે હણાય છે. ।।૧૬-૫૯।।**

**ભાવાર્થ :-**

જેમ વહાણવટું કરનારને લૂંટવા માટે આવેલ ચાંચિયાઓ સાથે યુદ્ધ કરીને તેના સૈન્યનો નાશ કરે છે ત્યારે સુખે સુખે ઇષ્ટનગર તરફ જવા સમર્થ બને છે. તેમ સંસારસમુદ્રમાં ચારિત્રરૂપી વહાણથી ઇષ્ટનગર તરફ જવા માટે પ્રસ્થિત એવા મહાત્માઓ મોહના સૈન્યનો ક્રમસર નાશ કરે છે અને યુદ્ધની અંતિમ ભૂમિકામાં મહાસમર્થ એવા રાગ અને દ્વેષરૂપ મોહના પુત્રો સહિત મોહરાજાનો પણ ધર્મરાજા નાશ કરે છે.

આશય એ છે કે આત્માનો શુદ્ધજ્ઞાન સ્વભાવ છે અને તે જ્ઞાન-સ્વભાવ મોહના સ્પર્શ વગરનો હોય તો આત્મા માટે સુખના વેદન સ્વરૂપ જ છે. અને તેવો આત્માનો સ્વભાવ એ આત્માનો ધર્મ છે તેવી સ્થિર બુદ્ધિ હોવાથી મોહથી અનાકુળ એવા શુદ્ધ જ્ઞાનમાં નિવેશ અર્થે મહાત્મા શ્રુતથી આત્માને સતત

ભાવિત કરે છે. શ્રુતથી ભાવિત થવા માટે કરાતા યત્નથી જ્યારે વીર્ય ઉલ્લસિત થાય છે ત્યારે મહાત્મા ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરે છે. તે વખતે આત્માના શુદ્ધ સ્વભાવરૂપ જે ધર્મરાજા છે તેના સંસ્કારો અત્યંત અતિશયિત થાય છે અને તેના કારણે અનાદિના રાગ-દ્વેષથી સહિત મોહનાં સંસ્કારો અત્યંત નાશ પામે છે. જેમ રાગ, દ્વેષ અને મોહના સંસ્કારો નાશ પામે છે તેમ સત્તામાં રહેલી રાગ, દ્વેષ અને મોહ આપાદક એવી કર્મપ્રકૃતિ પણ નાશ પામે છે. તેથી મોહનું સૈન્ય સંપૂર્ણ નાશ પામેલું હોવાથી તે મહાત્મા બારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરીને શીઘ્ર સ્વને ઇષ્ટ એવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. **॥૧૬-૫૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૫૦ના અંતે કહ્યું કે બુધ પુરુષો નિર્વાણનગર તરફ જાય છે, તેથી ગાથા-૫૧થી ૫૯ સુધી તેઓ કઈ રીતે મોહની સાથે યુદ્ધ કરીને નિર્વાણનગર જાય છે તેની સ્પષ્ટતા કરી. હવે તેની સમાપ્તિ પ્રસ્તુત શ્લોકમાં કરતાં કહે છે –**

**શ્લોક :-**

**ततः प्राप्तमहानन्दा, धर्मभूपप्रसादतः ।**
**यथा कृतार्था जायन्ते, साधवो व्यवहारिणः ।।६०।।**
**विचिन्तयेत्तथा सर्वं, धर्मध्याननिविष्टधीः ।**
**ईदृगन्यदपि न्यस्तमर्थजातं यदागमे ।।६१।।**

**અન્વયાર્થ :-**

**ततः=તેથી=પૂર્વશ્લોકમાં કહ્યું કે ધર્મરાજા વડે રાગદ્વેષ સહિત મોહરાજા હણાય છે તેથી, धर्मभूपप्रसादतः=ધર્મરાજાના પ્રસાદથી, प्राप्तमहानन्दा व्यवहारिणः साधवः=પ્રાપ્ત થયેલા મહાનંદવાળા વ્યવહારી સાધુઓ, यथा=જે પ્રકારે, कृतार्था जायन्ते=કૃતાર્થ થાય છે. ।।૧૬-૬૦।।**

**तथा=તે પ્રકારે, धर्मध्याननिविष्टधीः=ધર્મધ્યાનમાં નિવિષ્ટ બુદ્ધિવાળા મહાત્મા, सर्वं विचिन्तयेत्=સઘળું ચિંતવન કરે. ईदृगन्यदपि=આવું બીજું પણ, यदागमे अर्थजातं न्यस्तं=જે આગમમાં અર્થજાત બતાવાયું છે. (तद्**

**सर्वं विचिन्तयेत्)=તે સર્વનું ચિંતવન કરે. ।।૧૬-૬૧।।**

❖ શ્લોક-૫૦માં કહેલ કે જે પ્રકારે અવિઘ્નથી બુધ પુરુષો નિર્વાણનગર જાય છે અને શ્લોક-૫૧માં કહેલ કે જે પ્રમાણે મોહપલ્લીપતિને મહાત્માના નિર્વાણનગર તરફના ગમનના સમાચાર મળ્યા ત્યારે યુદ્ધ માટે આવે છે ત્યારે મહાત્મા તેની સાથે યુદ્ધ કરીને આખા મોહ સૈન્યનો નાશ કરે છે તેમ શ્લોક-૫૯ સુધી બતાવ્યું. અને શ્લોક-૬૦માં બતાવ્યું કે જે પ્રમાણે મહાત્મા કૃતાર્થ થાય છે તે પ્રમાણે સર્વ ચિંતવન કરવું જોઈએ તેમ શ્લોક-૬૧ સાથે 'यथा तथा'નો અન્વય છે.

**શ્લોકાર્થ :-**

**તેથી ધર્મરાજાના પ્રસાદથી પ્રાપ્ત થયેલા મહાનંદવાળા વ્યવહારી સાધુઓ જે પ્રકારે કૃતાર્થ થાય છે તે પ્રકારે ધર્મધ્યાનમાં નિવિષ્ટ બુદ્ધિવાળા મહાત્મા સઘળું ચિંતવન કરે, આવું બીજું પણ જે આગમમાં અર્થજાત બતાવાયું છે તે સર્વનું ચિંતવન કરે. ।।૧૬-૬૦/૬૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે મોહના સૈન્ય સાથે યુદ્ધ કરીને મહાત્મા મોહના સૈન્યનો સંપૂર્ણ નાશ કરે છે ત્યારે આત્માના શુદ્ધ સ્વભાવરૂપ ધર્મરાજાના પ્રસાદથી તે મહાત્મા મહા આનંદને પ્રાપ્ત કરે છે. અને પ્રાપ્ત થયેલા મહા આનંદવાળા વ્યવહારને આચરનારા સાધુઓ જે રીતે કૃતાર્થ થાય છે તેનું ચિંતવન ધર્મધ્યાન કરવાની ઇચ્છાવાળા મહાત્માએ કરવું જોઈએ.

આશય એ છે કે શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને લક્ષ્ય કરીને જે મહાત્માઓ શ્રુતના વચનથી ચિત્તને અત્યંત વાસિત કરે છે તે મહાત્માનો મતિજ્ઞાનનો ઉપયોગ શ્રુતજ્ઞાનજન્ય તત્ત્વના સંસ્કારોથી અતિ પલ્લવિત બને છે અને અનાદિની મોહના સંસ્કારોથી ઘડાયેલી મતિ નષ્ટ નષ્ટતર થાય છે. તેથી તે મહાત્મા બારમા ગુણસ્થાનકને પ્રાપ્ત કરે છે ત્યારે મોહના સંસ્કારો સંપૂર્ણ નાશ થાય છે. ત્યારપછી તે મહાત્માને મોહની આકુળતા વગરનો શ્રુતજ્ઞાનના સંસ્કારોથી વાસિત થયેલો મતિજ્ઞાનનો ઉપયોગ વર્તે છે. આમ, મહાત્માનું મુખ્ય પ્રયોજન મોહનાશનું હતું તે પ્રયોજન પૂર્ણ થવાથી તે મહાત્મા કૃતાર્થ થાય છે અને આત્માના શુદ્ધ ભાવોથી વાસિત થયેલી મતિ હોવાથી તે મહાત્મા

પ્રાપ્તમહાઆનંદવાળા બને છે. તે પ્રકારે ચિંતવન કરવાથી તત્ત્વના અર્થી એવા યોગ્ય જીવોને તે મહાત્માની જેમ મોહના ઉન્મૂલનને અનુકૂળ એવું સત્ત્વ ઉલ્લસિત થાય તે માટે ધર્મધ્યાનમાં નિવિષ્ટ બુદ્ધિવાળા પુરુષે આ સર્વ ચિંતવન કરવું જોઈએ.

વળી જેમ ગ્રંથકારશ્રીએ સંસ્થાનવિચય ધર્મધ્યાન અર્થે શ્લોક-૩૯થી અત્યાર સુધી બતાવ્યું તેના જેવું અન્ય ચિંતવન પણ, જે આગમમાં ઉપલબ્ધ છે તે સર્વનું ચિંતવન પણ કરવું જોઈએ જેથી ધર્મધ્યાન પ્રગટ થાય.

શ્લોક-૬૦માં કહ્યું કે વ્યવહારી એવા સાધુઓ જે પ્રમાણે કૃતાર્થ થાય છે તે પ્રમાણે ચિંતવન કરવું જોઈએ. ત્યાં વ્યવહારી કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે જેમ વહાણવટું કરનારા વેપારી રત્નોથી ભરીને પોતાનું વહાણ ઇષ્ટનગર તરફ લઈ જાય છે ત્યારે ચાંચિયાઓના ઉપદ્રવનો નાશ કરીને પોતે કૃતાર્થ થાય છે, તેમ મહાત્મા પણ સચ્ચિત્તરૂપી રત્નોને ગ્રહણ કરીને નિર્વાણનગર તરફ જાય છે ત્યારે મોહનો જય કરી ઇષ્ટ એવા વીતરાગભાવને પ્રાપ્ત કરી કૃતાર્થ થાય છે. તેથી વ્યવહારીની જેમ મહાત્મા પણ આત્મસંપત્તિ અર્થે વહાણવટું કરનારા હોવાથી “વ્યવહારી છે” તેમ કહેલ છે. **॥૧૬-૬૦/૬૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્ત ધ્યાનનાં ૧૨ દ્વાર બતાવ્યાં. તેમાંથી અત્યાર સુધી ભાવના, દેશ, કાળ, આસન, આલંબન, ક્રમ અને ધ્યાતવ્ય દ્વારનું વર્ણન કર્યું. હવે કેવા પ્રકારના ગુણવાળા યોગી પ્રશસ્ત ધ્યાનના ધ્યાતા છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**मनसश्चेन्द्रियाणां च, जयाद्यो निर्विकारधीः ।**
**धर्मध्यानस्य स ध्याता, शान्तो दान्तः प्रकीर्तितः ।।६२।।**

**અન્વયાર્થ :-**

**मनसश्चेन्द्रियाणां जयात् च=મનના અને ઇન્દ્રિયોના જયથી; यः निर्विकारधीः=જે યોગી નિર્વિકાર બુદ્ધિવાળા છે. शान्तो दान्तः सः=શાંત**

**દાંત એવા તે, धर्मध्यानस्य ध्याता प्रकीर्तितः=ધર્મધ્યાનના ધ્યાતા કહેવાયા છે. ॥૧૬-૬૨॥**

**શ્લોકાર્થ :-**

**મનના અને ઈન્દ્રિયોના જયથી જે યોગી નિર્વિકાર બુદ્ધિવાળા છે. શાંત, દાંત એવા તે, ધર્મધ્યાનના ધ્યાતા કહેવાયા છે. ॥૧૬-૬૨॥**

**ભાવાર્થ :-**

જે યોગીઓએ જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના અને વૈરાગ્યભાવના કરીને આત્માને અત્યંત ભાવિત કર્યો છે એવા યોગીઓએ ઇન્દ્રિયો અને મનનો જય કર્યો છે તેથી તેવા યોગીઓના ચિત્તમાં ઇન્દ્રિયોના અને મનના વિકારો ઊઠે નહિ તેવી નિર્મળ પરિણતિ પ્રગટે છે. તેથી તે યોગીઓ નિર્વિકાર બુદ્ધિવાળા છે અને વિકાર વગરની બુદ્ધિ હોવાથી ચિત્ત શાંત થયેલું છે માટે શાંત છે; ઇન્દ્રિયો પોતાને વશ છે તેથી દાંત છે અને તેવા યોગીઓ પૂર્વમાં વર્ણન કરાયેલા ચાર ધ્યાતવ્યને અવલંબીને તેના સ્વરૂપથી આત્માને ભાવિત કરવા યત્ન કરે અને તેમાં એકાગ્ર ભાવને પામે ત્યારે ધર્મધ્યાનને પ્રાપ્ત કરે છે તેથી શાંત, દાંત એવા યોગી ધર્મધ્યાન કરવાના અધિકારી છે, અન્ય નહીં. **॥૧૬-૬૨॥**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં ધર્મધ્યાનના ધ્યાતા યોગી કેવી પ્રકૃતિવાળા હોય છે તે બતાવ્યું. હવે અન્ય દર્શનવાળા સ્થિતપ્રજ્ઞનું જે લક્ષણ કરે છે તે લક્ષણ પણ ધર્મધ્યાનના ધ્યાતા યોગીમાં ઘટે છે તે બતાવવા અર્થે કહે છે –**

**શ્લોક :-**

**परैरपि यदिष्टं च, स्थितप्रज्ञस्य लक्षणम् ।**
**घटते ह्यत्र तत्सर्वं, तथा चेदं व्यवस्थितम् ।।६३।।**

**અન્વયાર્થ :-**

**परैरपि=બીજા વડે પણ=અન્ય દર્શનકારો વડે પણ, स्थितप्रज्ञस्य यद्**

लक्षणं इष्टं=સ્થિતપ્રજ્ઞનું જે લક્ષણ ઇચ્છાય છે. तत्सर्वं=તે સર્વ, अत्र घटते हि=અહીં=ધર્મધ્યાનના ધ્યાતામાં, ઘટે જ છે, तथा च=અને તે પ્રકારે=જે પ્રકારે પર વડે સ્થિતપ્રજ્ઞનું લક્ષણ કરાયું તે પ્રકારે, इदं व्यवस्थितम्=આ=હવે જે કહેવાય છે એ, વ્યવસ્થિત છે. ।।૧૬-૬૩।।

**શ્લોકાર્થ :-**

**બીજા વડે પણ સ્થિતપ્રજ્ઞનું જે લક્ષણ ઇચ્છાય છે તે સર્વ અહીં= ધર્મધ્યાનના ધ્યાતામાં, ઘટે જ છે અને જે પ્રકારે પર વડે સ્થિતપ્રજ્ઞનું લક્ષણ કરાયું તે પ્રકારે હવે જે કહેવાય છે એ વ્યવસ્થિત છે. ।।૧૬-૬૩।।**

**ભાવાર્થ :-**

પૂર્વ શ્લોકમાં ધર્મધ્યાનના ધ્યાતા યોગી કેવા ગુણોવાળા હોય છે તે બતાવ્યું. હવે અન્ય દર્શનકારોને સ્થિતપ્રજ્ઞ રૂપે જે યોગી અભિમત છે તેવા યોગી ધર્મધ્યાનના ધ્યાતા છે તે બતાવવા અર્થે કહે છે કે ગીતામાં સ્થિતપ્રજ્ઞનું જે લક્ષણ કહ્યું છે તે લક્ષણ ધર્મધ્યાનના ધ્યાતા યોગીમાં ઘટે છે. તેથી એ ફલિત થાય કે આગળમાં સ્થિતપ્રજ્ઞનું જે લક્ષણ બતાવે છે તે લક્ષણવાળા યોગી ધર્મધ્યાનના ધ્યાતા છે, અન્ય નહીં. આથી જે યોગી સંસારથી વિમુખ થયેલા છે અને જેઓએ પૂર્વમાં બતાવેલ જ્ઞાનાદિ ચાર ભાવનાઓથી આત્માને ભાવિત કરેલો છે અને તેના કારણે જેનું ચિત્ત સ્થિતપ્રજ્ઞના ગુણોથી રંજિત છે તેવા યોગી ધર્મધ્યાનના અધિકારી છે. **।।૧૬-૬૩।।**

**અવતરણિકા :-**

**પૂર્વશ્લોકમાં કહ્યું કે, "તે પ્રકારે સ્થિતપ્રજ્ઞનું લક્ષણ આ વ્યવસ્થિત છે" તેથી હવે સ્થિતપ્રજ્ઞનું શ્લોક-૬૪થી ૬૭ સુધી લક્ષણ બતાવે છે –**

**શ્લોક :-**

**प्रजहाति यदा कामान्, सर्वान्पार्थ ! मनोगतान् ।**
**आत्मन्येवात्मना तुष्टः, स्थितप्रज्ञस्तदोच्यते ।।६४।।**

**અન્વયાર્થ :-**

**पार्थ !=હે અર્જુન !, यदा=જ્યારે, मनोगतान् सर्वान् कामान् प्रजहाति=મનોગત એવા સર્વ કામોનો=ઈચ્છાઓનો, યોગી ત્યાગ કરે છે, तदा=ત્યારે, आत्मन्येवात्मना तुष्टः=આત્મા વડે=સ્વપુરુષકાર વડે, આત્મામાં જ તુષ્ટ એવા યોગી, स्थितप्रज्ञः उच्यते=સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ||૧૬-૬૪||**

**શ્લોકાર્થ :-**

**હે અર્જુન ! જ્યારે મનોગત એવા સર્વ કામોનો યોગી ત્યાગ કરે છે ત્યારે આત્મા વડે આત્મામાં જ તુષ્ટ એવા યોગી સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. ||૧૬-૬૪||**

**ભાવાર્થ :-**

ગીતામાં કૃષ્ણ અર્જુનને ઉદ્દેશીને કહે છે કે "હે પાર્થ ! અર્થાત્ હે ધનુર્ધર એવા અર્જુન !, જ્યારે યોગી મનોગત સર્વ ઇચ્છાઓનો ત્યાગ કરે છે ત્યારે તેનું ચિત્ત સર્વ બાહ્ય પદાર્થો પ્રત્યે આશંસા વગરનું હોય છે તેથી પોતાના પરાક્રમથી નિરાકુળ ભાવરૂપ આત્માના પરિણામમાં તે યોગીનું ચિત્ત તુષ્ટ હોય છે, તે યોગી ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે."

અહીં यदा-तदा થી કહ્યું કે જ્યારે ઇચ્છાઓને છોડે છે ત્યારે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે તેથી એ પ્રાપ્ત થાય કે આત્મકલ્યાણના અર્થી એવા શ્રાવકો પણ સંસારની ક્રિયાઓ કરતા હોય ત્યારે કાંઈક કાંઈક કામનાવાળા હોય છે, આમ છતાં સ્વશક્તિ અનુસાર ધર્મધ્યાનના અર્થી બને છે ત્યારે ઉચિત સ્થાનમાં બેસીને જ્ઞાનભાવના આદિ ચાર ભાવનાઓથી આત્માને ભાવિત કરે અને મનોગત સર્વ ઇચ્છાઓ તે કાળે શાંત થાય તો તેવા શ્રાવકનું ચિત્ત આત્માના શુદ્ધ ભાવોમાં જવા માટે સમર્થ બને છે. તે વખતે તે શ્રાવક પણ કંઈક અંશથી સ્થિતપ્રજ્ઞ કહેવાય છે અને તેવા શ્રાવકને તે ભૂમિકામાં ધર્મધ્યાનના અધિકારી ગણવામાં આવે છે. **||૧૬-૬૪||**

**શ્લોક :-**

**दुःखेष्वनुद्विग्नमनाः, सुखेषु विगतस्पृहः ।**
**वीतरागभयक्रोधः, स्थितधीर्मुनिरुच्यते ।।६५।।**

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम् ।
नाभिनन्दति न द्वेष्टि, तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।६६।।
यदा संहरते चायं, कूर्मोऽङ्गानीव सर्वशः ।
इन्द्रियाणीन्द्रियार्थेभ्यस्तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।६७।।

**અન્વયાર્થ :-**

(ગીતાનો શ્લોક-૫૬ છે.) दुःखेषु अनुद्विग्नमनाः=દુઃખોમાં અનુદ્વિગ્ન મનવાળા, सुखेषु विगतस्पृहः=સુખોમાં સ્પૃહા વગરના, वीतरागभयक्रोधः=વિશેષ રૂપે ચાલ્યા ગયા છે રાગ, ભય અને ક્રોધ જેના તેવા, स्थितधीर्मुनिरुच्यते=સ્થિર બુદ્ધિવાળા મુનિ કહેવાય છે. ।।૧૬-૬૫।।

तत्तत् शुभाशुभं प्राप्य=તે તે શુભાશુભને પામીને, नाभिनन्दति न द्वेष्टि=આનંદ પામતા નથી કે દ્વેષ કરતા નથી, यः सर्वत्रानभिस्नेहः=જે સર્વત્ર સ્નેહ વગરના છે, तस्य प्रज्ञा प्रतिष्ठिता=તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. ।।૧૬-૬૬।।

च=અને कूर्मः इव सर्वशः अङ्गानि संहरते=જેમ કૂર્મ સર્વથી અંગોનું સંહરણ કરે છે (તેમ), अयं=આ=મુનિ, यदा=જયારે, इन्द्रियार्थेभ्यः इन्द्रियाणि संहरते=ઇન્દ્રિયોના અર્થોથી ઇન્દ્રિયોને સંહરણ કરે છે (ત્યારે), तस्य प्रज्ञा प्रतिष्ठिता=તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. ।।૧૬-૬૭।।

**શ્લોકાર્થ :-**

દુઃખોમાં અનુદ્વિગ્ન મનવાળા, સુખોમાં સ્પૃહા વગરના, વિશેષ રૂપે ચાલ્યા ગયા છે રાગ, ભય અને ક્રોધ જેના તેવા, સ્થિર બુદ્ધિવાળા મુનિ કહેવાય છે. ।।૧૬-૬૫।।

તે તે શુભાશુભને પામીને આનંદ પામતા નથી કે દ્વેષ કરતા નથી, જે સર્વત્ર સ્નેહ વગરના છે, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. ।।૧૬-૬૬।।

અને જેમ કૂર્મ સર્વથી અંગોનું સંહરણ કરે છે તેમ મુનિ જ્યારે ઇન્દ્રિયોના અર્થોથી ઇન્દ્રિયોને સંહરણ કરે છે ત્યારે, તેની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે. ।।૧૬-૬૭।।

**ભાવાર્થ :-**

જે મુનિઓ સમભાવમાં ઉદ્યમ કરનારા છે તે મુનિઓ કષાયોના ઉચ્છેદ માટે સદા ઉદ્યમવાળા છે અને "नष्यमाणं नष्टं" એ ન્યાયથી કષાયોના ઉચ્છેદ માટેના ઉદ્યમથી કષાયો નષ્ટ છે તેમ ગ્રહણ કરીને મુનિનું સ્વરૂપ બતાવતાં કહે છે.

મુનિઓ દુઃખમાં અનુદ્વિગ્ન મનવાળા હોય છે, સુખમાં સ્પૃહા વગરના હોય છે; કેમ કે મુનિ પ્રતિક્ષણ સુખ-દુઃખ પ્રત્યે સમભાવને ધારણ કરીને નિરાકુળ ચેતનાને અતિશયિત કરવા માટે ઉદ્યમ કરનારા હોય છે. આથી તેઓને કોઈ બાહ્ય પદાર્થો પ્રત્યે રાગ હોતો નથી અને કોઈ બાહ્ય પદાર્થો પ્રત્યે રાગ નહીં હોવાથી દેહાદિની ઉપઘાતક સામગ્રી પ્રત્યે દ્વેષ હોતો નથી અર્થાત્ ક્રોધ હોતો નથી. અને બાહ્ય પદાર્થો પ્રત્યે રાગ-દ્વેષ નહીં હોવાથી કોઈ વસ્તુના નાશનો ભય હોતો નથી, પરંતુ આત્મભાવોમાં સ્થિર થવા માટે અસ્ખલિત યત્ન કરનારા મુનિઓ હોય છે અને આવા સ્થિર બુદ્ધિવાળા મુનિ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

મુનિઓને તત્ત્વને જોનારી પ્રકૃષ્ટ પ્રજ્ઞા વર્તતી હોય છે અને આત્મા માટે તત્ત્વ "આત્માનું નિરાકુળભાવનું સુખ છે." આત્માના નિરાકુળ ભાવના સુખને પરમાર્થરૂપે જોનારા મુનિઓ તે તે બાહ્ય શુભ પદાર્થોને પ્રાપ્ત કરીને આનંદ પામતા નથી કે બાહ્ય અશુભ પદાર્થોને પ્રાપ્ત કરીને દ્વેષ કરતા નથી, પરંતુ સર્વ પદાર્થો પ્રત્યે સ્નેહ વગરના એવા તેઓ સદા આત્માના નિરાકુળ ભાવમાં વર્તે છે. આવા જે યોગીઓ છે તેઓની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે અર્થાત્ પ્રકૃષ્ટ પ્રજ્ઞા વર્તે છે.

કાચબો અતિ સુકોમળ પ્રાણી છે અને તેના ઉપર વર્તતી ઢાલથી તે પોતાનું રક્ષણ કરે છે તેથી અન્ય કોઈ પ્રાણી પોતાનો નાશ ન કરે તદર્થે પોતાના અંગોનું સર્વથી સંહરણ કરીને ઢાલની અંદર બેસી રહે છે જેથી તેને કોઈ મારી શકે નહીં.

તેમ મુનિઓ જ્યારે ઇન્દ્રિયોના વિષયથી ઇન્દ્રિયોનું સંહરણ કરે છે ત્યારે મોહને વશ થઈને તેઓનું ભાવથી મૃત્યુ થતું નથી અને જો તે મુનિ અંતરંગ રીતે આત્માને ગુપ્ત રાખી ન શકે તો ઇન્દ્રિયોના અર્થોનો ઇન્દ્રિયો સાથે સંબંધ

થાય તો અનાદિના ભવઅભ્યાસને કારણે વિષયોનો સંશ્લેષ થાય છે અને પોતાના ભાવોથી પાત થવા રૂપ આત્માનું મૃત્યુ થાય છે. તેથી પોતાના ભાવથી પાતરૂપ મૃત્યુના રક્ષણ અર્થે જે મુનિઓ ઇન્દ્રિયોના વિષયોથી આત્માને ગુપ્ત રાખીને વર્તે છે તે મુનિની પ્રજ્ઞા પ્રતિષ્ઠિત છે અર્થાત્ પ્રકૃષ્ટ પ્રજ્ઞા વર્તે છે. **॥૧૬-૬૫/૬૬/૬૭॥**

**અવતરણિકા :-**

**ધ્યાતા દ્વારનું નિગમન કરતાં કહે છે –**

**શ્લોક :-**

**शान्तो दान्तो भवेदीदृगात्मारामतया स्थितः ।**
**सिद्धस्य हि स्वभावो यः, सैव साधकयोग्यता ।।६८।।**

**અન્વયાર્થ :-**

**शान्तः दान्तः आत्मारामतया स्थितः=શાંત=કષાયોથી શાંત, દાંત=દમન કરેલી ઇન્દ્રિયોવાળા, આત્મારામપણા વડે સ્થિત=આત્મસ્વભાવમાં વિશ્રાંત થવા માટે પ્રવૃત્ત એવા યોગી, इदृग् भवेत्=આવા થાય=ધર્મધ્યાનના ધ્યાતા થાય. हि=જે કારણથી, सिद्धस्य यः स्वभावः=સિદ્ધનો જે સ્વભાવ, सैव साधकयोग्यता=તે જ સાધકની યોગ્યતા છે. ।।૧૬-૬૮।।**

**શ્લોકાર્થ :-**

**શાંત, દાંત, આત્મસ્વભાવમાં વિશ્રાંત થવા માટે પ્રવૃત્ત એવા યોગી આવા થાય. (ધર્મધ્યાનના ધ્યાતા થાય.) જે કારણથી સિદ્ધનો જે સ્વભાવ તે જ સાધકની યોગ્યતા છે. ।।૧૬-૬૮।।**

**ભાવાર્થ :-**

સિદ્ધના જીવોમાં કષાયકૃત આકુળતા નથી અને બાહ્ય પદાર્થો સાથે કોઈ સંશ્લેષનો પરિણામ નથી તેથી સિદ્ધના આત્માઓ સદા પોતાના શુદ્ધ ભાવોમાં સંસ્થિત છે અને મુનિ ધર્મધ્યાનમાં યત્ન કરીને સિદ્ધસદૃશ થવા માટે યત્ન કરે છે. તેથી સિદ્ધનો જે સ્વભાવ છે તેવા સ્વભાવ સદૃશ જ સાધક એવા મુનિની

યોગ્યતા છે અને આ યોગ્યતા જ ઉત્તરોત્તર પ્રકર્ષને પામીને સિદ્ધ અવસ્થામાં વિશ્રાંત થનાર છે. તેથી તેને અનુરૂપ મુનિ કેવા હોય છે તે શ્લોકના પૂર્વાર્ધમાં બતાવતાં કહે છે, જેઓના ક્રોધ, માન, માયા, લોભ – ચારેય કષાયો શાંત થઈ ગયા છે તેથી મુનિનો આત્મા સદા નિરાકુળ થઈને વિદ્યમાન કષાયોના સંસ્કારના ઉચ્છેદ માટે પ્રવૃત્ત છે.

વળી, મુનિએ તત્ત્વચિંતન કરીને ઇન્દ્રિયોનું તે રીતે દમન કરેલ છે કે જેથી વિષયોને જાણવાને અભિમુખ ઇન્દ્રિયો પ્રવર્તતી નથી તેથી મુનિ દાંત સ્વભાવવાળા છે.

વળી, મુનિ સતત આત્માના શુદ્ધ ભાવોનું સ્મરણ કરીને આત્માના શુદ્ધ ભાવોમાં વિશ્રાંત થવાના ઉદ્યમવાળા છે. તેથી આત્મભાવોમાં વિશ્રાંતિને સન્મુખ રહેલા છે અને એવા મુનિ શાસ્ત્રવચનનું અવલંબન લઈને ધર્મધ્યાન કરવા સમર્થ બને છે; કેમ કે ધર્મધ્યાનનું પ્રયોજન સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ છે અને મુનિ સિદ્ધ અવસ્થાની સાધના કરનારા હોવાથી સાધકની યોગ્યતાવાળા છે. જે તેવી યોગ્યતાવાળા નથી તેવા જીવો ધર્મધ્યાનના ધ્યાતવ્યનું અવલંબન લઈને ધર્મધ્યાનમાં યત્ન કરે તોપણ ધ્યાતવ્યની સાથે એકાગ્રતાને પામીને ધર્મધ્યાન કરી શકતા નથી. **॥૧૬-૬૮॥**

**અવતરણિકા :-**

**ધર્મધ્યાનના ધ્યાતાનું નિગમન કર્યા પછી અનુપ્રેક્ષા દ્વારની પ્રાપ્તિ છે. આમ છતાં, પાછળમાં જે શુક્લધ્યાનનું વર્ણન કરવાનું છે તેના ધ્યાતાનું સ્વરૂપ કંઈક અંશે ધર્મધ્યાનના ધ્યાતાના સદૃશ છે. તેથી તે બતાવવા અર્થે હવે શુક્લધ્યાનના ધ્યાતા કેવા હોય તે બતાવે છે –**

**શ્લોક :-**

**ध्याताऽयमेव शुक्लस्याप्रमत्तः पादयोर्द्वयोः ।**
**पूर्वविद् योग्ययोगी च, केवली परयोस्तयोः ।।६९।।**

**અન્વયાર્થ :-**

**अयमेव=આ જ=પૂર્વશ્લોકમાં ધર્મધ્યાનના ધ્યાતાનું જે સ્વરૂપ બતાવ્યું**

**તેવા સ્વરૂપવાળા, पूर्वविद् अप्रमत्तः=पूर्वविद्=પૂર્વધર એવા, અપ્રમત્ત મુનિ, शुक्लस्य द्वयोः पादयोः ध्याता=શુક્લધ્યાનના બે પાદના ધ્યાતા છે=શુક્લધ્યાનના પ્રથમ બે પાદના ધ્યાતા છે, योग्ययोगी केवली च=અને યોગી કેવલી અને અયોગી કેવલી, तयोः परयोः (पादयोः ध्याता)=તેના=શુક્લધ્યાનના ઉપર બતાવ્યા તેના, પર એવા બે પાદના ધ્યાતા છે=સયોગી કેવલી ત્રીજા પાદના ધ્યાતા છે અને અયોગી કેવલી ચોથા પાદના ધ્યાતા છે. ।।૧૬-૬૯।।**

**શ્લોકાર્થ :-**

**આ જ પૂર્વધર એવા અપ્રમત્ત મુનિ શુક્લધ્યાનના બે પાદના ધ્યાતા છે અને યોગી કેવલી અને અયોગી કેવલી તેના પર એવા બે પાદના ધ્યાતા છે. ।।૧૬-૬૯।।**

**ભાવાર્થ :-**

પૂર્વશ્લોકમાં ધર્મધ્યાનના ધ્યાતા સાધક કેવા સ્વરૂપવાળા હોય છે તેનું સ્વરૂપ બતાવ્યું. તેના જેવા જ જે મુનિ શાંત છે, દાંત છે અને આત્મસ્વભાવમાં વિશ્રાંત થઈ રહ્યા છે તે મુનિ જ્યારે શાસ્ત્ર ભણીને પૂર્વધર થયા હોય અને અપ્રમત્ત દશામાં વર્તતા હોય ત્યારે સર્વ વિકલ્પોથી પર એવી નિર્વિકલ્પ દશાને પ્રાપ્ત કરે છે તે વખતે તે મહાત્મા શુક્લધ્યાનના ક્રમસર પ્રથમ બે પાદના ધ્યાતા છે.

આશય એ છે કે ધર્મધ્યાન અવસ્થામાં મુનિ સવિકલ્પ અવસ્થાવાળા હોય છે તેથી ધ્યાતવ્ય એવા આજ્ઞાવિચય આદિ ચારનું અવલંબન લઈને તે તે ભાવોથી આત્માને વાસિત કરતા હોય છે અને શુક્લધ્યાન વખતે મુનિ અસંગ દશાને પામેલ હોવાથી કોઈ પદાર્થ સાથે સંગ કરીને ભાવો કરતા નથી, પરંતુ સંગના વિકલ્પોથી પર એવી નિર્વિકલ્પ દશામાં વર્તે છે અને આ નિર્વિકલ્પ દશા આત્મભાવમાં વિશ્રાંત થવા માટેની અપ્રમત્ત દશા છે. ધર્મધ્યાનમાં પણ મુનિ આત્મભાવમાં વિશ્રાંત થતા હોય છે તોપણ સવિકલ્પદશામાં હોવાથી અપ્રમત્ત દશા નથી.

વળી, શુક્લધ્યાનના પાયાને સ્પર્શવા માટે પૂર્વધર જેટલું શ્રુતજ્ઞાન આવશ્યક

છે. તેથી જે મુનિ પૂર્વધર નથી તેઓ શુક્લધ્યાનના પાયાને પ્રાપ્ત કરી શકતા નથી. તેથી પૂર્વધર, અપ્રમત્તદશાને પામેલા, આત્મભાવમાં વિશ્રાંતિને પામતા શાંત, દાંત એવા મુનિ શુક્લધ્યાનના બે પાયાને પ્રાપ્ત કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે અને કેવળજ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી સયોગી કેવળી યોગ નિરોધનો પ્રારંભ કરે ત્યારે શુક્લધ્યાનના ત્રીજા પાયાને પ્રાપ્ત કરે છે. અને જ્યારે તે કેવળી યોગનિરોધની દશાને પામે છે ત્યારે શુક્લધ્યાનના ચોથા પાયાને પ્રાપ્ત કરે છે. તેથી શુક્લધ્યાનના ધ્યાતા, ત્રણ પ્રકારના યોગી પ્રાપ્ત થાય છે. પ્રથમ-પૂર્વધર એવા અપ્રમત્ત મુનિ, બીજા-સયોગી કેવલી અને ત્રીજા-અયોગી કેવલી છે. ॥૧૬-૬૯॥

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્તધ્યાનનાં ૧૨ દ્વારો બતાવ્યાં. તેમાંથી અત્યાર સુધી ભાવના, દેશ, કાળ, આસન, આલંબન, ક્રમ, ધ્યાતવ્ય અને ધ્યાતા દ્વાર બતાવ્યાં. હવે પ્રશસ્ત ધ્યાનકાળ પછી ધ્યાતા શેનું અનુપ્રેક્ષણ કરે તે બતાવે છે –**

**શ્લોક :-**

**अनित्यत्वाद्यनुप्रेक्षा, ध्यानस्योपरमेऽपि हि ।**
**भावयेन्नित्यमभ्रान्तः, प्राणा ध्यानस्य ताः खलु ।।७०।।**

**અન્વયાર્થ :-**

**ध्यानस्योपरमेऽपि हि=ધ્યાનનો ઉપરમ થયે છતે પણ, अभ्रान्तः=અભ્રાન્ત એવા મુનિ, नित्यं=નિત્ય=હંમેશાં, अनित्यत्वाद्यनुप्रेक्षा=અનિત્યત્વાદિ અનુપ્રેક્ષા, भावयेत्=ભાવન કરે. ताः खलु ध्यानस्य प्राणा=તે=અનિત્યત્વાદિ અનુપ્રેક્ષા ખરેખર ધ્યાનના પ્રાણો છે. ॥૧૬-૭૦॥**

**શ્લોકાર્થ :-**

**ધ્યાનનો ઉપરમ થયે છતે પણ અભ્રાન્ત એવા મુનિ નિત્ય અનિત્યત્વાદિ અનુપ્રેક્ષા ભાવન કરે. તે અનુપ્રેક્ષા ખરેખર ધ્યાનના પ્રાણો છે. ॥૧૬-૭૦॥**

**ભાવાર્થ :-**

શ્લોક-૧માં કહેલ કે, સ્થિર અધ્યવસાય ધ્યાન છે અને અસ્થિર અધ્યવસાય ત્રણ પ્રકારનો છે. ચિંતા, ભાવના અને અનુપ્રેક્ષા. વળી, સ્થિર અધ્યવસાય જો સંસારની પ્રવૃત્તિ વિષયક હોય તો આર્ત્ત કે રૌદ્રધ્યાન છે. વળી સંસારની પ્રવૃત્તિ વિષયક ચિંતા, ભાવના કે અનુપ્રેક્ષા વર્તતી હોય તો તે અસ્થિર અશુભ અધ્યવસાયરૂપ છે. તેમાં સંસારી જીવ સંસારના કોઈક પદાર્થની વિચારણા કરતા હોય ત્યારે તે અસ્થિર અધ્યવસાય ચિંતારૂપ છે અને તે પદાર્થની વિચારણા કાળમાં તે પદાર્થ ચિત્તને રાગરૂપે કે દ્વેષરૂપે સ્પર્શે તે પ્રકારે વિચારણા થાય ત્યારે તે અધ્યવસાય ભાવનારૂપ બને છે અને તે ભાવના પછી તે ઇષ્ટ કે અનિષ્ટ પદાર્થમાં ચિત્ત એકાગ્ર થાય તો તે આર્ત્ત કે રૌદ્રધ્યાન બને છે. આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન થયા પછી ધ્યાનનો ઉપરમ થાય ત્યારે ધ્યાનમાં જે ભાવો કર્યા હતા તે ભાવનું ફરી અનુપ્રેક્ષણ થાય તો તે વખતે સાંસારિક ભાવો વિષયક અનુપ્રેક્ષા થાય છે અને તે અનુપ્રેક્ષાના બળથી ફરી આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન ઉત્થિત થાય છે.

વળી, કોઈ આત્મકલ્યાણના અર્થી મહાત્મા શાસ્ત્રીય પદાર્થોનું ચિંતવન કરતા હોય, ત્યારે શાસ્ત્રના પદાર્થોને અવલંબીને જે ચિંતવન છે, તે અસ્થિર અધ્યવસાય ચિંતારૂપ છે અને તે ચિંતવન કરતી વખતે તે તે શાસ્ત્રીય અર્થોથી ભાવિત થવાને કારણે સંવેગના ભાવો ઉલ્લસિત થાય તો તે વખતનું અસ્થિર એવું પણ ચિત્ત ભાવનાવાળું છે અને તે ભાવનાના બળથી ચિત્ત એકાગ્ર બને તો ધર્મધ્યાનાદિ શુભધ્યાન પ્રગટે છે. વળી ધર્મધ્યાનાદિ પ્રગટ્યા પછી તેવી સ્થિરતા દીર્ઘકાળ ન રહે તો ધર્મધ્યાનથી પાત થાય છે ત્યારે તે મહાત્મા ફરી ધર્મધ્યાનમાં જવા માટે અનિત્યત્વ આદિ બાર ભાવનાઓનું ચિંતવન કરે તે અનુપ્રેક્ષા છે.

વળી, કોઈક મહાત્મા ચૈત્યવંદનાદિ ક્રિયા કરતા હોય અને સૂત્રો અને અર્થને સ્પર્શીને સામાન્ય ચિત્ત વર્તતું હોય તો તે વખતે સૂત્રોને સ્પર્શીને વર્તતું અસ્થિર ચિત્ત શુભ ચિંતા રૂપ બને અને સૂત્રોમાં તે તે વચનોથી ચિત્ત ભાવિત થાય તો ભગવાનના તે તે ગુણોથી ભાવિત થયેલું ચિત્ત ભાવનારૂપ બને. વળી, અત્યંત એકાગ્રતાપૂર્વક ચૈત્યવંદનાદિ ક્રિયા થતી હોય અને ઇન્દ્રિયો સર્વથા અન્ય વિષયમાં અપ્રવૃત્ત હોય અને મન માત્ર સૂત્ર, અર્થ, આલંબનમાં તે તે ભાવોને સ્પર્શીને દૃઢ

પ્રવર્તતું હોય તો ચૈત્યવંદનની ક્રિયાકાળમાં ધ્યાનયોગની પ્રાપ્તિ થાય અને ધ્યાનયોગ ઉપરમ થાય પછી ફરી ધ્યાનયોગમાં જવા માટે તે મહાત્મા અનિત્યત્વાદિ ભાવનાઓથી ભાવિત થાય તો તે અનુપ્રેક્ષા ફરી ધ્યાન પ્રગટ કરવા માટે પ્રબળ કારણ છે.

વળી, કોઈ મહાત્મા પૂર્વમાં વર્ણન કર્યું તે પ્રમાણે આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાન વિષયક ચિંતન કરીને ધર્મધ્યાનમાં આરૂઢ થાય ત્યારપછી ધર્મધ્યાનનો ઉપરમ થાય તો અનિત્યત્વાદિ ભાવનાના સૂક્ષ્મ સ્વરૂપમાં અભ્રાન્ત એવા તે યોગી સંસારની અનિત્યત્વાદિની અનુપ્રેક્ષાનું ભાવન કરે તો ધ્યાનમાં જવા માટે કારણભૂત એવી અનુપ્રેક્ષાવાળી ચિત્તની અવસ્થા પ્રાપ્ત થાય છે, જે ધ્યાનના પ્રાણો છે અર્થાત્ અનિત્યત્વાદિ ભાવનાથી જ નષ્ટ થયેલું પણ ધ્યાન ફરી જીવંત બને છે. તેથી અનિત્યત્વાદિનું ભાવન તે ધ્યાનના પ્રાણો છે. **॥૧૬-૭૦॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્ત ધ્યાનનાં ૧૨ દ્વાર બતાવ્યાં. તેમાંથી અત્યાર સુધી ભાવના, દેશ, કાળ, આસન, આલંબન, ક્રમ, ધ્યાતવ્ય, ધ્યાતા અને અનુપ્રેક્ષા દ્વારો બતાવ્યાં. હવે પ્રશસ્ત ધ્યાનના ધ્યાતાને કઈ લેશ્યા વર્તે છે, અને પ્રશસ્ત ધ્યાનના ધ્યાતાનાં લિંગો બતાવે છે –**

**શ્લોક :-**

**तीव्रादिभेदभाजः स्युर्लेश्यास्तिस्त्र इहोत्तराः ।**
**लिङ्गान्यत्रागमश्रद्धा, विनयः सद्गुणस्तुतिः ।।७१।।**

**અન્વયાર્થ :-**

**इह=અહીં=ધર્મધ્યાનમાં, उत्तराः तिस्त्र लेश्या=પાછળની ત્રણ લેશ્યાઓ, तीव्रादिभेदभाजः स्युः=તીવ્રાદિ ભેદવાળી થાય=તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ એ ત્રણ ભેદવાળી થાય. अत्र=અહીં=ધર્મધ્યાનમાં, आगमश्रद्धा, विनयः, सद्गुणस्तुतिः=આગમમાં શ્રદ્ધા, વિનય અને સદ્ગુણની સ્તુતિ, लिङ्गानि= લિંગો છે. ।।૧૬-૭૧।।**

**શ્લોકાર્થ :-**

**અહીં (ધર્મધ્યાનમાં) પાછળની ત્રણ લેશ્યાઓ તીવ્રાદિ ભેદવાળી થાય. અહીં આગમમાં શ્રદ્ધા, વિનય અને સદ્ગુણની સ્તુતિ લિંગો છે. ||૧૬-૭૧||**

**ભાવાર્થ :-**

વિશેષાવશ્યક ભાષ્યની ગાથા-૧૯૩૬ અને ૧૯૩૭માં કહ્યું છે કે મન, વચન, કાયાના પ્રવર્તક એવા મન પુદ્ગલ, વચન પુદ્ગલ કે કાયાના પુદ્ગલો એ દ્રવ્યયોગ છે અને મન, વચન, કાયાના પરિસ્પંદનાત્મક જે યોગ છે તે દ્રવ્ય યોગ છે. આ બંને દ્રવ્યયોગનો જે હેતુ એવો જીવનો અધ્યવસાય તે જીવનો ભાવયોગ છે અને આ ભાવયોગ એ લેશ્યા સ્વરૂપ છે. તેથી એ ફલિત થાય કે, સંસારી જીવો જે કાંઈ મનની, વચનની કે કાયાની પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિનો હેતુ એવો જીવનો જે અધ્યવસાય તે ભાવયોગ છે અને તે ભાવયોગ એ ભાવલેશ્યારૂપ છે. વળી, આ ભાવલેશ્યા છ પ્રકારની છે, જેમાં ત્રણ અશુભ છે અને ત્રણ શુભ છે. ધર્મધ્યાનકાળમાં પાછળની ત્રણ શુભ લેશ્યાઓ તીવ્ર, તીવ્રતર આદિ ભેદવાળી હોય છે.

વળી ધર્મધ્યાનનાં લિંગો આગમમાં શ્રદ્ધા, વિનય અને સદ્ગુણની સ્તુતિ છે.

આશય એ છે કે અગ્નિનું કાર્ય ધૂમ છે તેથી ધૂમરૂપ લિંગથી અગ્નિનું અનુમાન થાય છે તેમ જે યોગી ધર્મધ્યાનમાં પ્રવૃત્ત હોય છે તે યોગીને ધર્મધ્યાનના બળથી આગમના સૂક્ષ્મ પદાર્થોનો બોધ થાય છે તેથી તે યોગીને પૂર્વ કરતાં અતિશયવાળી આગમમાં શ્રદ્ધા થાય છે. વળી ધર્મધ્યાનના બળથી પ્રગટ થયેલા ગુણને કારણે ગુણો પ્રત્યેનું અત્યંત મહત્ત્વ વધે છે તેથી તેવા યોગીને આગમ પ્રત્યે, તીર્થંકરો પ્રત્યે અને આગમ અનુસાર ચાલનારા યોગીઓ પ્રત્યે વિનયનો અતિશય પરિણામ થાય છે.

વળી ધ્યાનના બળથી સૂક્ષ્મ બોધ થવાથી ગુણો પ્રત્યેનો પક્ષપાત અતિશયિત થાય છે માટે ધર્મધ્યાન કરનારા યોગીઓને પૂર્વ કરતાં સદ્ગુણો પ્રત્યે અતિશય બહુમાનનો ભાવ થાય છે. તેથી આગમમાં અતિશયવાળી શ્રદ્ધા, વિનય અને

સદ્ગુણીની સ્તુતિરૂપ લિંગોથી અનુમાન થાય કે "આ મહાત્માએ ધર્મધ્યાનથી આત્માને અત્યંત ભાવિત કરેલો છે." **॥૧૬-૭૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં પ્રશસ્ત ધ્યાનનાં ૧૨ દ્વારો બતાવ્યાં. તેમાંથી અત્યાર સુધી ભાવના, દેશ, કાળ, આસન, આલંબન, ક્રમ, ધ્યાતવ્ય, ધ્યાતા, અનુપ્રેક્ષા, લેશ્યા અને લિંગો બતાવ્યાં. હવે પ્રશસ્ત ધ્યાનના ધ્યાતા કયા ફળને પ્રાપ્ત કરે છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**शीलसंयमयुक्तस्य, ध्यायतो धर्म्यमुत्तमम् ।**
**स्वर्गप्राप्तिं फलं प्राहुः, प्रौढपुण्यानुबन्धिनीम् ।।७२।।**

**અન્વયાર્થ :-**

**उत्तमं धर्म्यं ध्यायतः शीलसंयमयुक्तस्य=ઉત્તમ એવા ધર્મનું ધ્યાન કરતા શીલસંયમયુક્ત એવા મુનિને, प्रौढपुण्यानुबन्धिनीम्=પ્રૌઢ=પ્રકૃષ્ટ, એવા પુણ્યના અનુબંધવાળી, स्वर्गप्राप्तिं फलं प्राहुः=સ્વર્ગપ્રાપ્તિરૂપ ફળ કહેલ છે. ॥૧૬-૭૨॥**

**શ્લોકાર્થ :-**

**ઉત્તમ એવા ધર્મનું ધ્યાન કરતા શીલસંયમયુક્ત એવા મુનિને પ્રૌઢ એવા પુણ્યના અનુબંધવાળી સ્વર્ગપ્રાપ્તિરૂપ ફળ કહેલ છે. ॥૧૬-૭૨॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ પૂર્વમાં વર્ણન કરાયેલ દ્વારને જાણીને ધર્મધ્યાનમાં યત્નવાળા છે તે ઉત્તમ ધર્મધ્યાનને કરનારાઓ છે અને તેવા મહાત્માઓ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ શીલ અને સંયમથી યુક્ત હોય છે. તેવા મહાત્માઓ ધર્મધ્યાનના બળથી યોગમાર્ગની પ્રાપ્તિનું કારણ બને એવું શ્રેષ્ઠ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. જેના ફળરૂપે વર્તમાનના ભવ કરતાં વિશિષ્ટ પ્રકારના યોગમાર્ગને અનુકૂળ શક્તિનો સંચય કરી શકે તેવા સ્વર્ગપ્રાપ્તિરૂપ ફળને પ્રાપ્ત કરે છે તેથી ધર્મધ્યાનનું ઉત્તમ કોટિના સ્વર્ગપ્રાપ્તિરૂપ ફળ છે. **॥૧૬-૭૨॥**

**અવતરણિકા :-**

શ્લોક-૧૮માં ધર્મધ્યાનનાં ૧૨ દ્વારો બતાવી અત્યાર સુધી ક્રમસર તે દરેકનું વર્ણન કર્યું. હવે ક્રમપ્રાપ્ત શુક્લધ્યાનનાં તે જ દ્વારો બતાવવાનાં છે, જેમાં ભાવના, દેશ, કાળ અને આસન ધર્મધ્યાનના એ પ્રથમ ચાર દ્વારો શુક્લધ્યાન માટે પણ સમાન જ છે. તે આ રીતે,

જીવને ધર્મધ્યાન કે શુક્લધ્યાનને પ્રગટ કરવાનો પરિણામ થાય ત્યારે તે સૌપ્રથમ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય – એ ચાર ભાવનાઓમાં જ યત્ન કરે છે અને તે ભાવનાઓથી નિષ્પન્ન થયેલો આત્મા ક્વચિત્ ધર્મધ્યાનમાં કે ક્વચિત્ શુક્લધ્યાનમાં પ્રવેશ પામે છે તેથી શુક્લધ્યાનનું ભાવના દ્વાર ધર્મધ્યાનના ભાવના દ્વાર સ્વરૂપ જ છે. વળી દેશ, કાલ અને આસન પણ આ બંને ધ્યાનમાં સમાન છે. તેથી શુક્લધ્યાનનાં પ્રથમ ચાર દ્વારોનું અત્રે વર્ણન કર્યું નથી. અને હવે શુક્લધ્યાનનું પાંચમું દ્વાર – આલંબનનું અને છઠ્ઠું દ્વાર – ક્રમનું નિરૂપણ કરતાં કહે છે –

**શ્લોક :-**

ध्यायेच्छुक्लमथ क्षान्तिमृदुत्वार्जवमुक्तिभिः ।
छद्मस्थोऽणौ मनो धृत्वा, व्यपनीय मनो जिनः ।।७३।।

**અન્વયાર્થ :-**

अथ=હવે, क्षान्तिमृदुत्वार्जवमुक्तिभिः=ક્ષમા, મૃદુત્વ, આર્જવ, મુક્તિ વડે, छद्मस्थः=છદ્મસ્થ પુરુષ, अणौ मनो धृत्वा=અણુમાં મનને ધારણ કરીને, जिनः मनो व्यपनीय=(અને) જિન મનનું અપનયન કરીને, शुक्लं ध्यायेत्= શુક્લધ્યાન કરે. ।।૧૬-૭૩।।

**શ્લોકાર્થ :-**

હવે ક્ષમા, મૃદુત્વ, આર્જવ, મુક્તિ વડે છદ્મસ્થ પુરુષ અણુમાં મનને ધારણ કરીને, (અને) જિન મનનું અપનયન કરીને શુક્લધ્યાન કરે. ।।૧૬-૭૩।।

**ભાવાર્થ :-**

શુક્લધ્યાનનું આલંબન ક્ષમા, માર્દવ, આર્જવ અને મુક્તિ અર્થાત્ નિર્લોભતા છે, જે શ્લોકના પૂર્વાર્ધથી ગ્રંથકારશ્રીએ બતાવ્યાં છે. તેથી એ પ્રાપ્ત થાય કે ધર્મધ્યાનમાં બાહ્ય આલંબનો છે અને શુક્લધ્યાનમાં અંતરંગ આલંબનો છે. વળી ધર્મધ્યાન એ સવિકલ્પ ઉપયોગરૂપ છે અને શુક્લધ્યાન એ નિર્વિકલ્પ ઉપયોગરૂપ છે. વળી શાસ્ત્ર-અધ્યયનની વાચના, પૃચ્છના આદિ કાળમાં વીતરાગતા પ્રત્યે રાગથી એકાગ્રતા થાય તો ધર્મધ્યાન પ્રગટે છે અને ક્રોધાદિ ભાવોના સ્પર્શ વગરની ક્ષમાદિ ભાવોસ્વરૂપ આત્માની અવસ્થાનું અવલંબન લઈને અણુ આદિમાં સ્થિર થઈને છદ્મસ્થનું મન નિર્વિકલ્પ દશાને પામે તો શુક્લધ્યાન પ્રગટે છે. વળી, આ શુક્લધ્યાન ક્ષપકશ્રેણીમાં પ્રગટે છે તેના પૂર્વે પણ ક્ષપકશ્રેણી સદૃશ કંઈક નિર્વિકલ્પદશારૂપ શુક્લધ્યાન પ્રગટે છે તેથી છદ્મસ્થ અવસ્થામાં રહેલા અસંગ ભાવવાળા મુનિ શુક્લધ્યાનમાં ઉદ્યમ કરનારા હોય છે. વળી ધર્મધ્યાન કરનારા મહાત્માઓ પણ ધર્મધ્યાનના પ્રકર્ષને પામીને ક્વચિત્ નિર્વિકલ્પ દશાને પામે તો તેઓને પણ શુક્લધ્યાન આવી શકે છે. આથી જિનપૂજા કરતાં કરતાં એકાગ્ર થયેલા નાગકેતુને શુક્લધ્યાનની પ્રાપ્તિ દ્વારા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ફક્ત શુક્લધ્યાનકાળમાં બાહ્ય આલંબનોનો ત્યાગ થાય છે અને અંતરંગ ક્ષમાદિ ભાવોનું આલંબન લઈને વીતરાગતાને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થાય તે રીતે કોઈક પદાર્થ ઉપર મનને સ્થિર કરવામાં આવે છે.

પ્રસ્તુત શ્લોકમાં શ્લોકના ઉત્તરાર્ધથી ક્રમ દ્વાર બતાવે છે. તેમાં છદ્મસ્થ પુરુષ અણુમાં મનને ધારણ કરે છે, જે શુક્લધ્યાનના પ્રથમ બે પાયાનું કથન છે અને ત્યારપછી જિનમનનું અપનયન કરીને શુક્લધ્યાન કરે છે જે શુક્લધ્યાનના ત્રીજા-ચોથા પાયાનું કથન છે. તેથી પ્રથમ છદ્મસ્થના બે શુક્લધ્યાન અને પછી જિનના બે શુક્લધ્યાન એ પ્રમાણે ધ્યાનનો ક્રમ છે.

શ્લોક-૩૪માં ધ્યાનનું ક્રમ દ્વાર બતાવેલ. ત્યાં શ્લોકના પૂર્વાર્ધથી શુક્લધ્યાનના છેલ્લા બે પાયાવાળું કેવલીનું ધ્યાન બતાવ્યું અને ઉત્તરાર્ધથી ધર્મધ્યાન અને શુક્લધ્યાનના પ્રથમ બે પાયાનો સાધારણ ક્રમ બતાવ્યો. વળી પ્રસ્તુત શ્લોકમાં શુક્લધ્યાનના પ્રથમ બે પાયા અને શુક્લધ્યાનના છેલ્લા બે પાયાનો ક્રમ બતાવેલ છે. **॥૧૬-૭૩॥**

**અવતરણિકા :-**

**પૂર્વે શુક્લધ્યાનનાં છ દ્વારોનું વર્ણન કર્યું. હવે શુક્લધ્યાનનું સાતમું દ્વાર બતાવવા અર્થે શુક્લધ્યાનનું ધ્યાતવ્ય શું છે તે બતાવે છે –**

**શ્લોક :-**

**सवितर्कं सविचारं, सपृथक्त्वं तदादिमम् ।**
**नानानयाश्रितं तत्र, वितर्कः पूर्वगं श्रुतम् ।।७४।।**
**अर्थव्यञ्जनयोगानां, विचारोऽन्योन्यसङ्क्रमः ।**
**पृथक्त्वं द्रव्यपर्यायगुणान्तरगतिः पुनः ।।७५।।**

**અન્વયાર્થ :-**

**सवितर्कं=વિતર્ક સહિત, सविचारं=વિચાર સહિત, सपृथक्त्वं=પૃથક્ત્વ સહિત, तद्=તે=પૂર્વ શ્લોકમાં બતાવ્યું કે છદ્મસ્થ શુક્લધ્યાન કરે તે, आदिमं=પ્રથમ છે. तत्र=ત્યાં=પ્રથમ એવા શુક્લધ્યાનમાં, नानानयाश्रितं=વિવિધ નયોને આશ્રિત એવું, पूर्वगं श्रुतम् वितर्कः=પૂર્વગત શ્રુત વિતર્ક છે. ।।૧૬-૭૪।।**

**अर्थव्यञ्जनयोगानां=અર્થવ્યંજન અને યોગોનો, अन्योन्यसङ्क्रमः विचारः= અન્યોન્ય સંક્રમ એ વિચાર છે, द्रव्यपर्यायगुणान्तरगतिः पुनः=વળી, દ્રવ્ય, પર્યાય અને ગુણમાંથી અન્યતરમાં ગતિ, पृथक्त्वं=એ પૃથક્ત્વ છે. ।।૧૬-૭૫।।**

**શ્લોકાર્થ :-**

**વિતર્ક સહિત, વિચાર સહિત, પૃથક્ત્વ સહિત એવું તે, પ્રથમ છે ત્યાં વિવિધ નયોને આશ્રિત એવું, પૂર્વગત શ્રુતવિતર્ક છે. ।।૧૬-૭૪।।**

**અર્થવ્યંજન અને યોગોનો અન્યોન્ય સંક્રમ એ વિચાર છે. વળી દ્રવ્ય, પર્યાય અને ગુણમાંથી અન્યતરમાં ગતિ એ પૃથક્ત્વ છે. ।।૧૬-૭૫।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી શુક્લધ્યાનમાં પૂર્વશ્લોકમાં કહ્યું તે પ્રમાણે અણુ ઉપર મનનું સ્થાપન કરવામાં આવે તો છદ્મસ્થ માટે અણુ ધ્યાતવ્ય બને. પરંતુ અણુ ઉપર

મનને સ્થાપન કરવા માત્રથી શુક્લધ્યાન પ્રગટ થતું નથી અને શુક્લધ્યાન ન હોય તો શુક્લધ્યાનના વિષયભૂત એવું અણુ પણ શુક્લધ્યાનનું ધ્યાતવ્ય ન બને. પરંતુ જ્યારે સવિતર્ક, સવિચાર, સપૃથક્ત્વરૂપ પ્રથમ શુક્લધ્યાન વર્તતું હોય ત્યારે તેના વિષયભૂત અણુ ધ્યાતવ્ય બને છે અને તે રીતે અણુને ધ્યાતવ્ય બતાવવા અર્થે પ્રથમ શુક્લધ્યાનનું સ્વરૂપ બતાવતાં કહે છે, જ્યારે યોગીએ ચિત્તને અણુ ઉપર સ્થાપન કરેલું હોય અને યોગીનું ચિત્ત વિતર્કથી સહિત, વિચારથી સહિત અને પૃથક્ત્વથી સહિત હોય ત્યારે શુક્લધ્યાનના ચાર પાયામાંથી પ્રથમ શુક્લધ્યાન પ્રગટે છે. આ રીતે શુક્લધ્યાનનું સ્વરૂપ બતાવ્યા પછી પ્રથમ શુક્લધ્યાનમાં વર્તતા વિતર્કને સ્પષ્ટ કરતાં કહે છે, જુદા જુદા નયોને આશ્રિત પૂર્વગત શ્રુત એ વિતર્ક છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે પૂર્વધર હોય તેઓ પ્રથમ શુક્લધ્યાનને પ્રાપ્ત કરી શકે છે અને તેઓ અસંગ ભાવમાં જવા માટે ક્ષમાદિનું અવલંબન લઈને અણુ ઉપર મનને સ્થાપન કરે અને અણુ ઉપર મનને સ્થાપન કર્યા પછી તે અણુના પરમાર્થને પૂર્વગત શ્રુતના અવલંબનથી જાણવા માટે યત્ન કરે તે વખતે જુદા જુદા નયોને આશ્રિત એવો શ્રુતનો વિતર્ક વર્તે છે, જે શ્રુતનો ઉપયોગ આત્માના મોહના કલ્લોલનું શમન કરીને ક્ષમાદિ ભાવોની વૃદ્ધિને અનુકૂળ દૃઢવ્યાપારવાળું હોય છે અને તે વ્યાપારકાળમાં ક્ષમાદિનું ચિંતવન નથી, પરંતુ શ્રુતના બળથી પરમાણુ ઉપર સ્થાપન કરાયેલા ચિત્તથી પરમાણુ વિષયક સૂક્ષ્મ ભાવોને અવગાહન તે મહાત્મા કરે છે, જેનાથી તે મહાત્માના મોહનો ઉત્તર ઉત્તર ક્ષય થાય છે. તેથી તે મહાત્માના પૂર્વ પૂર્વ કરતાં ક્ષમાદિભાવો વૃદ્ધિ પામતા હોય છે.

વળી, જેમ પ્રથમ શુક્લધ્યાનના પાયામાં સવિતર્ક ઉપયોગ છે તેમ સવિચાર ઉપયોગ છે અને તે સવિચારનો અર્થ સ્પષ્ટ કરે છે.

અર્થ, વ્યંજન અને યોગનો અન્યોન્ય સંક્રમ તે 'વિચાર' છે. અર્થ એટલે વાચ્ય એવા પદાર્થ. વ્યંજન એટલે 'શ્રુતના વાચક શબ્દો'. યોગો એટલે 'મન, વચન, કાયાના યોગો.' આ ત્રણેયનો અન્યોન્ય સંક્રમ પ્રથમ શુક્લ ધ્યાનના પાદમાં વર્તે છે.

જેમ કોઈ મહાત્મા અત્યંત ઉપયોગપૂર્વક ઈરિયાવહીયા સૂત્ર બોલતા હોય

ત્યારે અર્થ, વ્યંજન અને યોગોના સંક્રમ આ રીતે પ્રાપ્ત થાય. ઇરિયાવહીયા સૂત્ર બોલવાનું પ્રયોજન ઇરિયાપથના પ્રતિક્રમણરૂપ છે અને ઇરિયાપથ એટલે સાધુપથ અને સાધુપથ એટલે આત્માના સમભાવની વૃદ્ધિને અનુકૂળ આત્માનો વ્યાપાર. તેનાથી જે વિપરીત સેવન છે તેનું પ્રતિક્રમણ કરીને આત્માને સમભાવમાં સ્થાપન કરવાને અનુકૂળ વ્યાપાર કરવા અર્થે મહાત્મા ઈર્યાપથનું પ્રતિક્રમણ કરે છે. તે વખતે સૂત્રના શબ્દોરૂપ વ્યંજન, સૂત્રથી વાચ્ય એવો જે ઐદમપર્યાય સ્પર્શી અર્થ કે જે સમભાવના વિશિષ્ટ પરિણામ સ્વરૂપ છે અને વ્યંજન અને અર્થને અવલંબીને પોતાના મનોયોગનો વ્યાપાર, વચનયોગનો વ્યાપાર અને કાયયોગનો વ્યાપાર સુદૃઢ રીતે પ્રવર્તતો હોય તે વખતે અન્ય ઇન્દ્રિયો કે અન્ય વિષયોના યોગનો સંક્રમ ન થતો હોય તો તે મહાત્માના સૂત્ર અને અર્થ સાથે વર્તતા ત્રણેય યોગો લક્ષ્યવેધી બને છે. તે રીતે અર્થ, વ્યંજન અને યોગોનો સંક્રમ ચાલતો હોય તથા ચિત્ત નિર્વિકલ્પદશા તરફ જતું હોય અર્થાત્ ક્ષમાદિ ભાવોના પ્રકર્ષથી આત્માની મોહની આકુળતા તિરોધાન થાય તે પ્રકારે ચિત્ત વર્તતું હોય તો પૂર્વધર એવા મહાત્માને શુક્લધ્યાન પ્રગટી શકે છે.

વળી જેમ પ્રથમ શુક્લધ્યાનના પાયામાં સવિતર્ક અને સવિચાર ઉપયોગ છે તેમ પૃથક્ત્વનો પણ ઉપયોગ વર્તે છે અને તે પૃથક્ત્વનો અર્થ સ્પષ્ટ કરે છે. દ્રવ્ય, ગુણ, પર્યાયમાંથી અન્યતરમાં ચિત્તનું ગમન તે પૃથક્ત્વ છે.

જેમ શુક્લધ્યાન કાળમાં તે મહાત્મા જે કાંઈ ચિંતવન કરે છે તે શુદ્ધ આત્માના સ્વરૂપને જાણવાના માર્ગાનુસારી ઊહરૂપ છે અને તે ઊહ ક્વચિત્ શુદ્ધ આત્મદ્રવ્યમાં, શુદ્ધ આત્મપર્યાયમાં કે શુદ્ધ આત્મગુણમાં ક્રમસર વર્તે છે, જે શુદ્ધ અરૂપી આત્માના સ્વરૂપને જોવાના વ્યાપારરૂપ છે. આ શુક્લધ્યાનના ઉપયોગથી જીવ વીતરાગ બને છે ત્યારપછી ૧૨મા ગુણસ્થાનકે બીજો શુક્લધ્યાનનો પાયો પ્રાપ્ત થાય છે.

ફક્ત જેમ અણુ ઉપર ચિત્ત સ્થાપન કરીને શુક્લધ્યાન પ્રગટે છે તેમ કોઈપણ ક્રિયા કરતા ચિત્ત સ્થિર થાય તો શુક્લધ્યાન પ્રગટે છે. અને શુક્લધ્યાનનો ઉપયોગ કોઈપણ ક્રિયામાં હોય તોપણ શુદ્ધ આત્માનાં સ્વરૂપને જ જોવામાં યત્ન વર્તે છે. આથી જ પુષ્પપૂજા કરતાં નાગકેતુને કેવલજ્ઞાન પ્રાપ્ત થયેલ. ॥૧૯-૭૪/૭૫॥

**અવતરણિકા :-**

**અહીં ધ્યાતવ્ય દ્વાર બતાવ્યા પછી ધ્યાતા દ્વારની પ્રાપ્તિ હતી. પરંતુ ધર્મધ્યાનના ધ્યાતા દ્વારના અવસરમાં જ શ્લોક-૬૯માં શુક્લધ્યાનના ધ્યાતાનું સ્વરૂપ બતાવેલ. તેથી હવે શુક્લધ્યાનના ધ્યાતાનું સ્વરૂપ બતાવવાનું છોડીને પ્રથમ પ્રકારના શુક્લધ્યાનનું સ્વરૂપ શ્લોક-૭૪, ૭૫માં બતાવીને તેના વિષયમાં વક્તવ્ય શેષને કહે છે –**

**શ્લોક :-**

**त्रियोगयोगिनः साधोर्वितर्काद्यन्वितं ह्यदः ।**
**ईषच्चलत्तरङ्गाऽब्धेः, क्षोभाभावदशानिभम् ।।७६।।**

**અન્વયાર્થ :-**

**त्रियोगयोगिनः साधोः=ત્રણ યોગવાળા યોગી એવા સાધુને=શુક્લધ્યાનને અનુકૂળ એવા મનોયોગ, વચનયોગ અને કાયયોગના વ્યાપારવાળા એવા સાધુને, वितर्काद्यन्वितं हि अदः=વિતર્કાદિથી અન્વિત જ એવું આ=શુક્લધ્યાનનો પ્રથમ પાદ, ईषच्चलत्तरङ्गाब्धेः=ઈષત્ ચાલતા એવા તરંગવાળા સમુદ્રની, क्षोभाभावदशानिभम्=ક્ષોભના અભાવની દશા જેવું હોય છે. ।।૧૬-૭૬।।**

**શ્લોકાર્થ :-**

**ત્રણ યોગવાળા યોગી એવા સાધુને વિતર્કાદિથી અન્વિત જ એવું આ ઈષત્ ચાલતા એવા તરંગવાળા સમુદ્રની ક્ષોભના અભાવની દશા જેવું હોય છે. ।।૧૬-૭૬।।**

**ભાવાર્થ :-**

જે સાધુના મન, વચન, કાયાના ત્રણેય યોગો આત્માના પારમાર્થિક સ્વરૂપને અવલંબીને પ્રવર્તી રહ્યા છે તે સાધુનું ચિત્ત પૂર્વમાં જેનું વર્ણન કર્યું, તેવા વિતર્ક, વિચાર અને પૃથક્ત્વથી યુક્ત બને ત્યારે પ્રથમ શુક્લધ્યાન પ્રગટ થાય છે અને તે વખતે તે મહાત્માનું ચિત્ત કેવું હોય છે તે દૃષ્ટાંતથી બતાવતાં કહે છે કે, સમુદ્રમાં અલ્પ તરંગો વર્તતા હોય અને ક્ષોભદશાનો અભાવ હોય, તેના જેવું ચિત્ત શુક્લધ્યાનના પ્રથમ પાદ વખતે હોય છે. તેથી એ પ્રાપ્ત થાય કે, શુક્લધ્યાનના

પ્રથમ પાદ પૂર્વે ચિત્ત ક્ષોભદશાવાળા સમુદ્ર જેવું હોય છે તેથી સંસારી જીવોનું ચિત્ત મોહથી ક્ષોભ પામેલું હોવાને કારણે તોફાની સમુદ્ર જેવું હોય છે. અને તે ક્ષોભ કંઈક ઓછો થાય છે ત્યારે સંયમી મહાત્માઓ સંયમની ક્રિયામાં યત્ન કરે છે. આમ છતાં સંયમની ક્રિયામાં સંપૂર્ણ ક્ષોભ વગરની ચિત્તદશા નથી અને ધર્મધ્યાનકાળમાં પણ ક્ષોભ અલ્પ હોવા છતાં સર્વથા ક્ષોભરહિત ચિત્ત નથી. શુક્લધ્યાનના પ્રથમ પાદમાં આરૂઢ થયેલ યોગીનું ચિત્ત મોહના ક્ષોભના અભાવવાળું હોય છે, છતાં જેમ સમુદ્રમાં સૂક્ષ્મ તરંગો વર્તે છે તેમ ક્ષપકશ્રેણીના પ્રથમ શુક્લધ્યાનકાળમાં તે મહાત્માના ચિત્તમાં મોહના ઈષત્ તરંગો વર્તે છે; કેમ કે દસમા ગુણસ્થાનક સુધી સંપૂર્ણ મોહના વિકલ્પરહિત ચિત્ત નથી, પરંતુ પ્રતિક્ષણ મોહના વિકલ્પો ક્ષીણ, ક્ષીણતર થાય તે રીતે શ્રુતના ઉપયોગમાં પ્રવર્તતું ચિત્ત છે. **॥૧૬-૭૬॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૭૪થી ૭૬ સુધી પ્રથમ શુક્લધ્યાનનું સ્વરૂપ બતાવીને હવે બીજા શુક્લધ્યાનનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**एकत्वेन वितर्केणाविचारेण च संयुतम् ।**
**निर्वातस्थप्रदीपाभं, द्वितीयं त्वेकपर्ययम् ।।७७।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, एकत्वेन वितर्केण अविचारेण च संयुतम्=એકત્વથી, વિતર્કથી અને અવિચારથી સંયુક્ત, निर्वातस्थप्रदीपाभं=નિર્વાતસ્થ પ્રદીપ જેવું, एकपर्ययम् द्वितीयं=એક પર્યાયવાળું બીજું શુક્લધ્યાન છે. ।।૧૬-૭૭।।**

**શ્લોકાર્થ :-**

**વળી એકત્વથી, વિતર્કથી અને અવિચારથી સંયુક્ત નિર્વાતસ્થ પ્રદીપ જેવું એક પર્યાયવાળું બીજું શુક્લધ્યાન છે. ।।૧૬-૭૭।।**

**ભાવાર્થ :-**

શુક્લધ્યાનના બીજા પાયા ઉપર યોગી આરૂઢ થાય છે ત્યારે તેઓનું ચિત્ત

કેવું હોય છે તે ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે. પ્રથમ પાદમાં પૃથક્ત્વયુક્ત ચિત્ત હતું તેથી દ્રવ્ય, પર્યાય અને ગુણાન્તરમાં યોગીના ચિત્તની ગતિ હતી.

તેથી એ પ્રાપ્ત થાય કે પ્રથમ શુક્લધ્યાનકાળમાં આત્માના શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ પર્યાય અને શુદ્ધ ગુણને અવલંબીને યોગીનું ચિત્ત ક્યારેક દ્રવ્યમાં, ક્યારેક પર્યાયમાં, ક્યારેક ગુણમાં સ્થિર થવા પ્રવર્તતું હોય છે. વળી, શુક્લધ્યાનના બીજા પાયામાં યોગીનું ચિત્ત આત્માના શુદ્ધ પર્યાયમાં ચિત્ત સ્થિર થયેલું હોય છે. તેથી પ્રથમ શુક્લધ્યાનમાં જે પૃથક્ત્વ હતું તેના સ્થાને બીજા શુક્લધ્યાનમાં દ્રવ્ય, ગુણ અને પર્યાયના અભેદ ચિંતવનરૂપ એકત્વ પ્રાપ્ત થાય છે. વળી, શુક્લધ્યાનના પ્રથમ પાયામાં જેમ પૂર્વગત શ્રુતનો વિતર્ક હતો તેમ શુક્લધ્યાનના બીજા પાયામાં પણ પૂર્વગત શ્રુતનો વિતર્ક છે; કેમ કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે શુક્લધ્યાનકાળમાં શ્રુતના ઉપયોગથી શુદ્ધ આત્માને જોવા માટેનો વ્યાપાર વર્તે છે.

વળી, શુક્લધ્યાનના પ્રથમ પાયામાં અર્થ, વ્યંજન અને યોગોના અન્યોન્ય સંક્રમરૂપ વિચાર હતો તેથી શ્રુતના શબ્દો, શ્રુતના શબ્દોથી વાચ્ય અર્થો અને તે અર્થના મર્મને સ્પર્શવા માટે મન, વચન, કાયાના યોગોનો અન્યોન્ય સંક્રમ હતો, તે શુક્લધ્યાનના બીજા પાયામાં બંધ થાય છે. તેથી અર્થ, વ્યંજન અને યોગોના અન્યોન્ય સંક્રમરૂપ વિચારોનો અભાવ પ્રાપ્ત થાય છે. તેથી શુક્લધ્યાનના બીજા પાદમાં વર્તતા યોગીનો જે યોગનો ઉપયોગ બીજા પાયાના પ્રારંભમાં હોય તે યોગનો સ્થિર ઉપયોગ શુદ્ધ આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયના અભેદ ચિંતવનમાં પ્રવર્તે છે.

શુક્લધ્યાનના બીજા પાયાનું સ્વરૂપ દૃષ્ટાંતથી બતાવે છે. જેમ,

નિર્વાતસ્થાનમાં રહેલ પ્રદીપની જ્યોત લેશ પણ કંપ વગરની સ્થિર હોય છે તેમ બીજા શુક્લધ્યાનકાળમાં યોગીનું ચિત્ત શુદ્ધ આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયના અભેદ ઉપયોગમાં અત્યંત સ્થિર હોય છે. સમુદ્રમાં ઈષત્ તરંગો જેવી પ્રથમ શુક્લધ્યાનની અવસ્થા છે અને સર્વથા સ્થિર એવા સમુદ્ર જેવી બીજા શુક્લધ્યાનની અવસ્થા છે. **॥૧૬-૭૭॥**

**અવતરણિકા :-**

**પૂર્વે શુક્લધ્યાનના પ્રથમ બે પાદનું સ્વરૂપ બતાવ્યું. હવે ત્રીજા શુક્લધ્યાનનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**सूक्ष्मक्रियाऽनिवृत्त्याख्यं, तृतीयं तु जिनस्य तत् ।**
**अर्धरुद्धाङ्गयोगस्य, रुद्धयोगद्वयस्य च ।।७८।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, अर्धरुद्धाङ्गयोगस्य रुद्धयोगद्वयस्य च जिनस्य=અર્ધરુદ્ધ કર્યો છે અંગનો યોગ જેણે અને મનોયોગ, વચનયોગ એ બે યોગ રુદ્ધ કર્યા છે જેણે એવા જિનને, सूक्ष्मक्रियाऽनिवृत्त्याख्यं=સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ નામનું, तृतीयं तत्=ત્રીજું તે છે=ત્રીજું શુક્લધ્યાન છે. ॥૧૬-૭૮॥**

**શ્લોકાર્થ :-**

**વળી અર્ધરુદ્ધ કર્યો છે અંગનો યોગ જેણે અને મનોયોગ, વચનયોગ એ બે યોગ રુદ્ધ કર્યા છે જેણે એવા જિનને 'સૂક્ષ્મક્રિયાઅનિવૃત્તિ' નામનું ત્રીજું શુક્લધ્યાન છે. ॥૧૬-૭૮॥**

**ભાવાર્થ :-**

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી મોક્ષપ્રાપ્તિના નજીક કાળમાં કેવલીઓ યોગનિરોધની પ્રવૃત્તિ કરે છે તે વખતે વચનયોગ અને મનોયોગનો વ્યાપાર સર્વથા કરતા નથી અને કાયયોગનો જે બાહ્ય ગમનાગમનરૂપ સ્થૂલ વ્યાપાર હતો તેનો નિરોધ કરીને સ્થિર અવસ્થાને પામે ત્યારે સૂક્ષ્મ કાયિક ક્રિયા વર્તે છે, પરંતુ કાયાની બાદર ક્રિયાનો સર્વથા રોધ છે ત્યારે વીતરાગને ત્રીજું શુક્લધ્યાન પ્રગટે છે. તે વખતે વીતરાગ સૂક્ષ્મ ક્રિયાની નિવૃત્તિને અનુકૂળ જે વ્યાપાર કરે છે તે વ્યાપાર ત્રીજું શુક્લધ્યાન છે. જ્યારે સૂક્ષ્મક્રિયા સંપૂર્ણ નિવૃત્ત થાય છે ત્યારે ચોથા શુક્લધ્યાનનો પ્રારંભ થાય છે. **॥૧૬-૭૮॥**

**અવતરણિકા :-**

**પૂર્વે શુક્લધ્યાનના ત્રણ પાદનું સ્વરૂપ બતાવીને હવે ચોથા શુક્લધ્યાનનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

तुरीयं च समुच्छिन्नक्रियमप्रतिपाति तत् ।
शैलवन्निष्प्रकम्पस्य, शैलेश्यां विश्ववेदिनः ।।७९।।

**અન્વયાર્થ :-**

**तु=વળી, शैलवन्निष्प्रकम्पस्य विश्ववेदिनः च=પર્વતની જેમ નિષ્પ્રકંપ અને વિશ્વને જાણનારા એવા જિનને, शैलेश्यां=શૈલેશી અવસ્થામાં, समुच्छिन्नक्रियमप्रतिपाति=સમુચ્છિન્ન ક્રિયાવાળું અપ્રતિપાતિ એવું, तुरीयं तत्=ચોથું તે=ચોથું શુક્લધ્યાન છે. ॥૧૬-૭૯॥**

**શ્લોકાર્થ :-**

**વળી પર્વતની જેમ નિષ્પ્રકંપ અને વિશ્વને જાણનારા એવા જિનને શૈલેશી અવસ્થામાં સમુચ્છિન્ન ક્રિયાવાળું અપ્રતિપાતી એવું ચોથું શુક્લધ્યાન છે. ॥૧૬-૭૯॥**

**ભાવાર્થ :-**

ત્રીજા શુક્લધ્યાનકાળમાં કેવલી સૂક્ષ્મ ક્રિયાના અવરોધને અનુકૂળ વ્યાપાર કરે છે અને ત્રીજા શુક્લધ્યાનને અંતે સૂક્ષ્મ ક્રિયાનો ઉચ્છેદ થાય છે તેથી પર્વતની જેમ સર્વથા કંપન વગરના એવા કેવલીને શૈલેશી અવસ્થામાં ચોથું શુક્લધ્યાન પ્રગટે છે, જે શુક્લધ્યાન સમુચ્છિન્ન ક્રિયાવાળું છે અને અપ્રતિપાતિ છે અર્થાત્ જે ક્રિયાનો અભાવ થયો છે તે ક્રિયાની ફરી પ્રાપ્તિ થવાની નથી. પરંતુ શુક્લધ્યાનના ચોથા પાયામાં જે નિષ્ક્રિયતા થાય છે તે નિષ્ક્રિયતા સિદ્ધ અવસ્થામાં પણ સદા રહેનાર છે માટે અપ્રતિપાતિ છે. **॥૧૬-૭૯॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં ધ્યાનનાં જે દ્વારો બતાવ્યાં તે ક્રમ અનુસાર ધ્યાતા દ્વાર**

**પછી અનુપ્રેક્ષા દ્વાર અહીં પ્રથમ જોઈએ, છતાં ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં ફળદ્વાર બતાવીને ત્યારપછી અનુપ્રેક્ષા દ્વાર બતાવશે. તેનું પ્રયોજન બહુશ્રુતો જાણે –**

**શ્લોક :-**

**एतच्चतुर्विधं शुक्लध्यानमत्र द्वयोः फलम् ।**
**आद्ययोः सुरलोकाप्तिरंत्ययोस्तु महोदयः ।।८०।।**

**અન્વયાર્થ :-**

**एतच्चतुर्विधं शुक्लध्यानं=આ ચાર પ્રકારનું શુક્લધ્યાન છે, अत्र=અહીં=ચાર પ્રકારના શુક્લધ્યાનમાં, आद्ययोः द्वयोः फलम्=પ્રથમ બેનું ફળ, सुरलोकाप्तिः= સુરલોકની પ્રાપ્તિ છે, अंत्ययोः तु=વળી અંત્ય બેનું (ફળ), महोदयः=મહોદય છે. ।।૧૬-૮૦।।**

**શ્લોકાર્થ :-**

**આ ચાર પ્રકારનું શુક્લધ્યાન છે. અહીં ચાર પ્રકારના શુક્લધ્યાનમાં પ્રથમ બેનું ફળ સુરલોકની પ્રાપ્તિ છે. વળી અંત્ય બેનું ફળ મહોદય છે. ।।૧૬-૮૦।।**

**ભાવાર્થ :-**

પૂર્વમાં પ્રથમ બે શુક્લધ્યાનના પાયા બતાવ્યા. તે બંને શુક્લધ્યાનના પાયા ઉપશમ શ્રેણીવાળા યોગીઓ અને ક્ષપકશ્રેણીવાળા યોગીઓને હોય છે અને શુક્લધ્યાનમાં કર્મોનો શુભાશ્રવ ચાલુ છે તેથી ઉપશમ શ્રેણીવાળા જીવોને સામે રાખીને પ્રથમ બે શુક્લધ્યાનનું ફળ દેવલોકની પ્રાપ્તિ કહ્યું છે. તેથી એ પ્રાપ્ત થાય કે પ્રથમ બે શુક્લધ્યાનમાં વર્તતા ઉપશમ શ્રેણીવાળા મુનિ કાળ કરીને અવશ્ય દેવલોકમાં જાય છે અને તે દેવલોકની પ્રાપ્તિમાં કારણ શુક્લધ્યાનકાળથી પૂર્વે બંધાયેલું પુણ્ય છે અને શુક્લધ્યાનમાં તે પુણ્ય વિશેષ પ્રકારે બંધાય છે. વળી, શ્રેણીની પ્રાપ્તિ પૂર્વે જે શુક્લધ્યાનના અંશો આવે છે તે અંશો પણ સુરલોકની પ્રાપ્તિના ફળવાળા છે.

વળી, છેલ્લા શુક્લધ્યાનના પાયા મોક્ષ ફળવાળા છે; કેમ કે શુક્લધ્યાનના

ત્રીજા પાયામાં સૂક્ષ્મકાયનિરોધને અનુકૂળ વ્યાપાર થાય છે, જે આશ્રવનિરોધને અનુકૂળ યત્ન છે. અને શુક્લધ્યાનના ચોથા પાયામાં સર્વથા આશ્રવનો અભાવ છે જેના ફળરૂપે સત્તામાં રહેલાં કર્મોનો નાશ થાય છે જેથી મોક્ષફળની પ્રાપ્તિ થાય છે. **॥૧૬-૮૦॥**

**અવતરણિકા :-**

**પૂર્વમાં ધ્યાતવ્ય દ્વાર બતાવ્યા પછી ક્રમપ્રાપ્ત "ધ્યાતાદ્વાર" હતું પરંતુ ધર્મધ્યાનના ધ્યાતાદ્વારમાં જ શુક્લધ્યાનનું "ધ્યાતાદ્વાર" પણ પૂર્વે બતાવી દીધું. ત્યારપછી ક્રમપ્રાપ્ત "અનુપ્રેક્ષાદ્વાર" હતું, આમ છતાં વચમાં "ફલદ્વાર" બતાવીને હવે ક્રમપ્રાપ્ત "અનુપ્રેક્ષાદ્વાર" બતાવે છે –**

**શ્લોક :-**

**आश्रवापायसंसारानुभावभवसंततीः ।**
**अर्थे विपरिणामं चानुपश्येच्छुक्लविश्रमे ।।८१।।**

**અન્વયાર્થ :-**

**शुक्लविश्रमे=શુક્લધ્યાન વિશ્રામ થયે છતે=ઉપશમશ્રેણીકાળભાવિ શુક્લધ્યાન વિશ્રામ થયે છતે, आश्रवापायसंसारानुभावभवसंततीः=આશ્રવનો અપાય, સંસારનો અનુભાવ=સંસારનું ફળ, ભવસંતતિ, अर्थे विपरिणामं च अनुपश्येत्=અને અર્થમાં વિપરિણામને જુએ. ॥૧૬-૮૧॥**

**શ્લોકાર્થ :-**

**શુક્લધ્યાન વિશ્રામ થયે છતે આશ્રવનો અપાય, સંસારનો અનુભાવ, ભવસંતતિ અને અર્થમાં વિપરિણામને જુએ. ॥૧૬-૮૧॥**

**ભાવાર્થ :-**

ક્ષપકશ્રેણી ઉપર ચડેલા મહાત્માઓ પ્રથમ શુક્લધ્યાનના બે પાયા દ્વારા વીતરાગ સર્વજ્ઞ બને છે. તેથી તેઓને આશ્રયીને અનુપ્રેક્ષાદ્વાર નથી, પરંતુ ઉપશમ શ્રેણીવાળા જીવો પ્રથમ બે શુક્લધ્યાનના પાદને પ્રાપ્ત કરે છે અથવા તે શ્રેણીની પ્રાપ્તિ પૂર્વે જે શુક્લધ્યાન આવે છે તેવા જીવો શુક્લધ્યાનથી પાત પામે છે ત્યારે ફરી શુક્લધ્યાનની પ્રાપ્તિ અર્થે ચાર પ્રકારની અનુપ્રેક્ષામાં યત્ન કરે છે

તેને અહીં બતાવે છે. શુક્લધ્યાનના વિરામ પછી ફરી ધ્યાનની પ્રાપ્તિ અર્થે યોગીઓ (૧) આશ્રવના અપાયનું ચિંતવન કરે. (૨) સંસારના અનુભાવનું ચિંતવન કરે. (૩) ભવસંતતિનું ચિંતવન કરે. (૪) પદાર્થોના વિપરિણામનું ચિંતવન કરે, જેનાથી ફરી ધ્યાનની પ્રાપ્તિ થાય.

**(૧) આશ્રવનો અપાય :-** શુક્લધ્યાન ઉપર ચઢેલા યોગીઓ બહુશ્રુત હોય છે તેથી સૂક્ષ્મ પ્રજ્ઞાથી આત્મામાં વર્તતા આશ્રવ પરિણામો શું છે અને તે આશ્રવ પરિણામો કર્મબંધની પ્રાપ્તિ કરાવીને જીવની શું શું કદર્થના કરે છે તેનું મર્મસ્પર્શી ચિંતવન કરે જેથી ફરી આશ્રવના નિરોધને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થાય. અહીં આશ્રવથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગોનું ગ્રહણ છે. અને આ ચાર પરિણામો જીવમાં આશ્રવ રૂપે વર્તે છે જેનાથી જીવ કર્મથી બંધાય છે અને તેના કારણે સર્વ અનર્થની પરંપરા થાય છે તેમ ચિંતવન કરવાથી ફરી આશ્રવના રોધને અનુકૂળ વીર્ય ઉલ્લસિત થાય છે.

**(૨) સંસારનો અનુભાવ :-** વળી તે યોગી સંસારના અનુભાવનું ચિંતન કરે અર્થાત્ "જીવની ચાર ગતિઓમાં સંસરણવાળી અવસ્થા સંસાર છે અને સંસારની દરેક અવસ્થામાં જીવ મોહના પરિણામથી આકુળ છે અને મોહથી આકુળ થઈને જે ભોગાદિનો સંગ કરે છે તેનાથી બંધાતાં કર્મોને કારણે સંસારમાં પરિભ્રમણ કરે છે અને સદા અંતસ્તાપથી તપ્ત રહી તે તે ભવની યાતનાઓનો અનુભવ કરે છે." આ પ્રકારના સંસારના શારીરિક આદિ અનુભાવનો વિચાર કરવાથી સંસારના વિરામ માટે સદ્વીર્ય ઉલ્લસિત થાય છે જેથી ફરી ધ્યાનમાં યત્ન થઈ શકે છે.

**(૩) ભવસંતતિ :-** "વળી, ચાર ગતિરૂપ આ ભવ છે અને તે ભવની સંતતિ નરકાદિ કારમી યાતનાવાળી છે." આ પ્રકારે શુક્લધ્યાનથી વિરામ પામેલા યોગી ફરી ફરી ભવસંતતિનું ચિંતવન કરે તો ભવના ઉચ્છેદના કારણરૂપ ધ્યાનમાં ફરી યત્ન ઉલ્લસિત થાય છે.

**(૪) અર્થમાં વિપરિણામ :-** "જગતવર્તી સર્વ વસ્તુઓ સ્થિર પરિણામવાળી નથી, પરંતુ પ્રતિક્ષણ વિપરીત-વિપરીત પરિણમન પામે છે તેથી સંસારના કોઈપણ પદાર્થમાં આસ્થા કરવા જેવી નથી પરંતુ નિરાકુળ એવા આત્માના

ભાવોમાં જ આસ્થા કરવા જેવી છે" તેમ આ યોગી સૂક્ષ્મ બુદ્ધિથી ચિંતવન કરે જેથી સંવરભાવ પ્રકર્ષવાળો થાય તો ફરી ધ્યાનની પ્રાપ્તિ થાય. **॥૧૬-૮૧॥**

**અવતરણિકા :-**

**શ્લોક-૧૮માં ધ્યાનનાં બાર દ્વારો બતાવ્યાં. તેમાં ધર્મધ્યાનનાં દ્વારો બતાવ્યા પછી શુક્લધ્યાનનાં દ્વારો બતાવતાં ક્રમપ્રાપ્ત લેશ્યાદ્વાર બતાવે છે —**

**શ્લોક :-**

**द्वयोः शुक्ला तृतीये च, लेश्या सा परमा मता ।**
**चतुर्थशुक्लभेदस्तु, लेश्यातीतः प्रकीर्तितः ।।८२।।**

**અન્વયાર્થ :-**

**द्वयोः शुक्ला लेश्या=પ્રથમ બે પ્રકારના શુક્લધ્યાનમાં શુક્લલેશ્યા છે, तृतीये च सा परमा मता=અને ત્રીજામાં તે પરમ મનાયેલી છે=ત્રીજા પ્રકારના શુક્લધ્યાનમાં પ્રકૃષ્ટ શુક્લલેશ્યા મનાયેલી છે, चतुर्थशुक्लभेदस्तु= વળી, ચોથો શુક્લધ્યાનનો ભેદ, लेश्यातीतः प्रकीर्तितः=લેશ્યાતીત મનાયેલો છે. ।।૧૬-૮૨।।**

**શ્લોકાર્થ :-**

**પ્રથમ બેમાં શુક્લલેશ્યા છે અને ત્રીજામાં તે પરમ મનાયેલી છે. વળી, ચોથો શુક્લધ્યાનનો ભેદ લેશ્યાતીત મનાયેલો છે. ।।૧૬-૮૨।।**

**ભાવાર્થ :-**

શુક્લધ્યાનના ચાર ભેદોમાંથી પ્રથમ બે શુક્લધ્યાનમાં શુક્લલેશ્યા હોય છે અર્થાત્ શુદ્ધ આત્મભાવોમાં જવાને અનુકૂળ દઢ આત્મપરિણામરૂપ શુક્લલેશ્યા હોય છે. સંસારના ભાવોથી પર થઈને શુદ્ધ આત્મપરિણામમાં વિશ્રાંત થવાનો જે યત્નવિશેષ છે તેરૂપ શુક્લલેશ્યા છે.

વળી, ત્રીજું શુક્લધ્યાન તેરમા ગુણસ્થાનકના અંત સમયે યોગનિરોધને અનુકૂળ વ્યાપારકાળમાં હોય છે. તે વખતે કેવલી મનોવ્યાપારવાળા નથી

તોપણ યોગનિરોધને અનુકૂળ કાયવ્યાપારવાળા છે અને આ યોગનિરોધને અનુકૂળ વ્યાપાર એ શુદ્ધ આત્મભાવોમાં વિશ્રાંતિને અનુકૂળ યત્ન સ્વરૂપ છે અને તે પ્રકારનો કેવલીનો વ્યાપાર એ શ્રેષ્ઠ કોટિની શુક્લલેશ્યા છે.

વળી, શુક્લધ્યાનનો ચોથો ભેદ યોગનિરોધકાળમાં કેવલીને ચૌદમા ગુણસ્થાનકમાં હોય છે. ચૌદમા ગુણસ્થાનકમાં કેવલી સંપૂર્ણ વ્યાપાર વગરના હોવાથી યોગ સાથેનો અવિનાભાવ એવો લેશ્યાનો પરિણામ પણ કેવલીને નથી તેથી ચોથા શુક્લધ્યાનનો ભેદ લેશ્યાતીત કહેવાયો છે. **॥૧૬-૮૨॥**

**અવતરણિકા :-**

**શુક્લધ્યાનના લેશ્યાદ્વારને બતાવ્યા પછી ક્રમપ્રાપ્ત લિંગદ્વાર બતાવે છે —**

**શ્લોક :-**

**लिङ्गं निर्मलयोगस्य, शुक्लध्यानवतोऽवधः ।**
**असम्मोहो विवेकश्च, व्युत्सर्गश्चाभिधीयते ।।८३।।**

**અન્વયાર્થ :-**

**निर्मलयोगस्य शुक्लध्यानवतः लिङ्गं=નિર્મલ યોગવાળા એવા શુક્લધ્યાનવાળાનું લિંગ, अवधः असम्मोहो विवेकश्च व्युत्सर्गश्चाभिधीयते=અવધ, અસંમોહ અને વિવેક અને વ્યુત્સર્ગ કહેવાય છે. ॥૧૬-૮૩॥**

**શ્લોકાર્થ :-**

**નિર્મળ યોગવાળા એવા શુક્લધ્યાનવાળાનું લિંગ અવધ, અસંમોહ અને વિવેક અને વ્યુત્સર્ગ કહેવાય છે. ॥૧૬-૮૩॥**

**ભાવાર્થ :-**

શુક્લધ્યાનવાળા યોગી શુદ્ધ આત્મભાવમાં નિવેશને અનુકૂળ નિર્મળ વ્યાપારવાળા હોય છે. તેથી નિર્મળ યોગવાળા એવા શુક્લધ્યાનવાળા યોગી છે તેમ કહેલ છે અને શુક્લધ્યાનકાળમાં વર્તતા ચાર પ્રકારના ભાવો શુક્લધ્યાનનું લિંગ છે અર્થાત્ જેમ વહ્નિનું કાર્ય ધૂમ છે તેથી ધૂમ વહ્નિનું લિંગ છે તેમ

શુક્લધ્યાનના ઉપયોગનું કાર્ય અવધ, અસંમોહ, વિવેક અને વ્યુત્સર્ગ છે તેથી તે ચાર શુક્લધ્યાનનાં લિંગ કહેવાય છે. **॥૧૬-૮૩॥**

**અવતરણિકા :-**

**શુક્લધ્યાનવર્તી યોગીમાં વર્તતા અવધ અને અસંમોહ લિંગનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**अवधादुपसर्गेभ्यः कम्पते न बिभेति च ।**
**असम्मोहान्न सूक्ष्मार्थे, मायास्वपि च मुह्यति ।।८४।।**

**અન્વયાર્થ :-**

**अवधात्=(શુક્લધ્યાનવાળા યોગી) અવધને કારણે, उपसर्गेभ्यः न कम्पते बिभेति च=ઉપસર્ગથી કંપતા નથી અને ભય પામતા નથી. असम्मोहात्= અસંમોહને કારણે, सूक्ष्मार्थे मायासु अपि च न मुह्यति=સૂક્ષ્માર્થમાં અને માયામાં પણ મોહ પામતા નથી. ।।૧૬-૮૪।।**

**શ્લોકાર્થ :-**

**(શુક્લધ્યાનવાળા યોગી) અવધને કારણે, ઉપસર્ગોથી કંપતા નથી અને ભય પામતા નથી. અસંમોહને કારણે સૂક્ષ્માર્થમાં અને માયામાં પણ મોહ પામતા નથી. ।।૧૬-૮૪।।**

**ભાવાર્થ :-**

આત્માના શુદ્ધ ભાવોમાં નિવેશ કરવાને અનુકૂળ જે યત્ન છે તે આત્માનો અવધનો પરિણામ છે અને સામાન્યથી સુસાધુ પણ શુદ્ધ આત્મભાવમાં નિવેશને અનુકૂળ યત્નવાળા હોય છે તેથી અવધના પરિણામવાળા છે, તોપણ શુક્લધ્યાનની પ્રાપ્તિ પૂર્વે તે અવધનો પરિણામ તેવો પ્રકર્ષવાળો નથી જેથી વિશિષ્ટ ઉપસર્ગોમાં તે અવધના પરિણામમાં ભંગ થવાનો સંભવ રહે છે.

જ્યારે શુક્લધ્યાનમાં રહેલા યોગી તે પ્રકારના સ્થિરભાવને પામેલા છે જેથી શુદ્ધ આત્મભાવમાં નિવેશને અનુકૂળ એવો અવધનો પરિણામ પ્રકર્ષભાવવાળો

છે તેથી ઉપસર્ગોથી પણ તેઓનું ચિત્ત કંપાયમાન થતું નથી કે ભય પામતું નથી. આ પ્રકારના અવધના પરિણામથી અનુમાન થાય છે કે આ યોગી શુક્લધ્યાનમાં વર્તે છે. આથી જ ઘાણીમાં પીલાતા શુક્લધ્યાનને પામેલા મહાત્માઓને ચિત્તમાં કંપ થતો નથી કે ભય પેદા થતો નથી, પરંતુ શુદ્ધ આત્મભાવોમાં વિશ્રાંતિને અનુકૂળ એવો અવધનો પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિને પામે છે.

વળી શુક્લધ્યાનનું બીજું લિંગ અસંમોહ છે. શુક્લધ્યાનનો પ્રાદુર્ભાવ પ્રાતિભજ્ઞાનથી થાય છે અને પ્રાતિભજ્ઞાનકાળમાં સૂર્યોદયથી પહેલા થતા અરુણોદય જેવો અતીન્દ્રિય પદાર્થો વિષયક સૂક્ષ્મ બોધ વર્તે છે. તેથી શુક્લધ્યાનવાળા યોગીને આત્માના શુદ્ધ સ્વરૂપને જોવા વિષયક જે સૂક્ષ્મ અર્થ છે તેના વિષયમાં લેશ પણ સંમોહ નથી તેથી અસ્ખલિત ઉત્તરઉત્તરના આત્મભાવોને પ્રગટ કરવા માટે તે શુક્લધ્યાનવર્તી મહાત્મા યત્ન કરી શકે છે. વળી, તત્ત્વના વિષયમાં અસંમોહવાળા સુસાધુ વીતરાગ થવાના અત્યંત અર્થી છે, તોપણ વીતરાગ થવાને અનુકૂળ શુદ્ધ આત્મભાવમાં જે સૂક્ષ્મ લય પ્રાપ્ત કરવો છે તે લય કરવાના વિષયમાં સંમોહવાળા છે આથી તત્કાળ વીતરાગ ભાવના લયને પ્રાપ્ત કરીને વીતરાગતાને પ્રાપ્ત કરી શકતા નથી, જ્યારે ક્ષપકશ્રેણીવાળા યોગી તો આત્મભાવમાં સૂક્ષ્મ લય પ્રાપ્ત કરવા અર્થે જે બોધ આવશ્યક છે તે બોધને પ્રાતિભજ્ઞાનથી પ્રાપ્ત કરેલ છે તેથી સૂક્ષ્મ અર્થમાં સંમોહ વગરના છે અને માયાવી એવા દેવો શુક્લધ્યાનવાળા યોગીને મોહ પમાડવા માટે કોઈ પ્રપંચ કરે તોપણ દેવોની તે માયામાં ક્ષપકશ્રેણીવાળા યોગી મોહ પામતા નથી. આથી મોહ પમાડનારી ઉત્કટ ભોગસામગ્રી તે યોગી સન્મુખ દેવથી ઉપસ્થિત કરવામાં આવે તો પણ તે પદાર્થમાં સંશ્લેષ પામ્યા વગર શુક્લધ્યાનવાળા યોગી વીતરાગભાવમાં નિવેશને અનુકૂળ અસ્ખલિત વ્યાપાર કરી શકે છે. આથી જ રામચંદ્રજી સંયમ અવસ્થામાં શુક્લધ્યાનની પ્રાપ્તિને અનુકૂળ વ્યાપારવાળા થયા છે તેવું જાણીને સીતાજીનો આત્મા સીતેન્દ્ર દેવ તેમને ધ્યાનમાંથી ચલાયમાન કરવા માટે અનેક યત્ન કરે છે તોપણ અસંમોહ હોવાને કારણે રામચંદ્રજીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ॥૧૬-૮૪॥

**અવતરણિકા :-**

**શુક્લધ્યાનવર્તી યોગીમાં વર્તતા વિવેક અને વ્યુત્સર્ગ લિંગનું સ્વરૂપ બતાવે છે –**

**શ્લોક :-**

**विवेकात्सर्वसंयोगाद् भिन्नमात्मानमीक्षते ।**
**देहोपकरणासङ्गो, व्युत्सर्गाज्जायते मुनिः ।।८५।।**

**અન્વયાર્થ :-**

**विवेकात्=(શુક્લધ્યાનવાળા યોગી) વિવેકને કારણે, सर्वसंयोगाद् भिन्नमात्मानमीक्षते=સર્વસંયોગોથી ભિન્ન એવા આત્માને જુએ છે, व्युत्सर्गात्=વ્યુત્સર્ગને કારણે, देहोपकरणासङ्गो मुनिः जायते=દેહ અને ઉપકરણથી અસંગવાળા મુનિ થાય છે. ।।૧૯-૮૫।।**

**શ્લોકાર્થ :-**

**(શુક્લધ્યાનવાળા યોગી) વિવેકને કારણે સર્વસંયોગોથી ભિન્ન એવા આત્માને જુએ છે. વ્યુત્સર્ગને કારણે દેહ અને ઉપકરણથી અસંગવાળા મુનિ થાય છે. ।।૧૯-૮૫।।**

**ભાવાર્થ :-**

વિવેક એટલે આત્મા અને દેહના ભેદનું યથાર્થ જ્ઞાન. સમ્યગ્દૃષ્ટિ જીવોને ભગવાનના વચનાનુસાર યથાર્થ બોધ થયો હોવાથી દેહાદિથી ભિન્ન, મોહથી અનાકુળ એવા આત્માના સ્વરૂપનો બોધ શ્રુતવચનના બળથી સામાન્યથી થયો હોય છે. આમ છતાં અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો શાતાના અર્થી, ભોગના અર્થી થાય છે. તેમાં દેહ સાથેના સંસર્ગની બુદ્ધિ જ કારણ છે અને સમ્યગ્દૃષ્ટિ જીવોના વિવેક કરતાં સુસાધુને ઘણો વિવેક પ્રગટ્યો છે તેથી સંયમ ગ્રહણ કરતી વખતે જેમ ધનકુટુંબાદિનો ત્યાગ કરે છે તેમ આત્મા સાથે અતિ નજીકના સંબંધવાળા એવા દેહનો પણ ત્યાગ કરે છે. ફક્ત સંયમની વૃદ્ધિના અંગભૂત જેમ ઉપકરણને ધારણ કરે છે તેમ દેહને પણ ઉપકરણરૂપે ધારણ કરે છે, પરંતુ ભોગના સાધનરૂપે દેહને ધારણ કરતા નથી. આમ છતાં અનાદિથી

દેહની સાથે જેમ સંગ છે તેમ દેહના સંગથી થતા ભાવોમાં પણ નિમિત્તને પામીને સંશ્લેષ પામે તેવું ચિત્ત મુનિમાં હોય છે.

જ્યારે શુક્લધ્યાનવાળા યોગીનું ચિત્ત તો ઉપધિ, દેહ આદિના સંયોગથી ભિન્ન એવા આત્માને વિવેકના બળથી જોનારા છે. તેથી જ સર્વથા દેહ સાથેના સંશ્લેષ વગરના પરિણામવાળા થઈ આત્માના અસંગભાવને અનુકૂળ યત્ન કરી શકે છે. આવો વિશેષ પ્રકારનો વિવેક જે યોગીમાં દેખાય તેના પરથી અનુમાન થાય છે કે "આ યોગી શુક્લધ્યાનમાં વર્તે છે."

દ્રવ્યથી અને ભાવથી સંપૂર્ણ વ્યુત્સર્ગ સિદ્ધ અવસ્થામાં છે. તેના પૂર્વે વ્યુત્સર્ગભાવને પ્રગટ કરવા અર્થે મુનિ દેહનો અને ભોગસામગ્રીનો ત્યાગ કરીને સંયમમાં યત્ન કરે છે જેથી બાહ્ય ત્યાગના બળથી અંતરંગ અસંગનો પરિણામ પ્રગટ થાય છે. ભાવથી આ પ્રકારનો વ્યુત્સર્ગનો પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષપકશ્રેણીમાં અતિશયિત હોય છે. આથી જ શુક્લધ્યાનવાળા યોગી દેહ અને ઉપકરણથી ભિન્ન એવા આત્માના અસંગભાવમાં સુદૃઢ વ્યાપાર કરીને વીતરાગ થાય છે ત્યારે અસંગભાવમાં તે મહાત્મા સદા માટે નિવિષ્ટ બને છે. તેથી દેહ અને ઉપકરણમાં અસંગ ભાવના પરિણામથી અનુમાન થાય છે કે "આ યોગી વ્યુત્સર્ગના પરિણામવાળા છે," અને શુક્લધ્યાનવાળા યોગીમાં વર્તતા વિશિષ્ટ પ્રકારના વ્યુત્સર્ગના પરિણામથી અનુમાન થાય છે કે, "આ યોગી અત્યારે શુક્લધ્યાનમાં વર્તે છે." માટે વ્યુત્સર્ગ એ શુક્લધ્યાનનું લિંગ છે. **॥૧૬-૮૫॥**

**અવતરણિકા :-**

**ધ્યાન અધિકારના નિગમનને=ફલિતાર્થને, કહે છે –**

**શ્લોક :-**

**एतद् ध्यानक्रमं शुद्धं, मत्वा भगवदाज्ञया ।**
**यः कुर्यादेतदभ्यासं, सम्पूर्णाध्यात्मविद् भवेत् ।।८६।।**

**અન્વયાર્થ :-**

**भगवदाज्ञया=ભગવાનની આજ્ઞાથી, एतद् शुद्धं ध्यानक्रमं मत्वा=આ શુદ્ધ**

**એવા ધ્યાનના ક્રમને જાણીને, यः=જે યોગી, एतदभ्यासं कुर्यात्=આના અભ્યાસને કરે છે=ધ્યાનના ક્રમનો અભ્યાસ કરે છે, सम्पूर्णाध्यात्मविद् भवेत्=(તે યોગી) સંપૂર્ણ અધ્યાત્મના જાણનાર થાય છે. ॥૧૬-૮૯॥**

**શ્લોકાર્થ :-**

**ભગવાનની આજ્ઞાથી આ શુદ્ધ એવા ધ્યાનના ક્રમને જાણીને જે યોગી આના અભ્યાસને કરે છે, (તે યોગી) સંપૂર્ણ અધ્યાત્મના જાણનાર થાય છે. ॥૧૬-૮૯॥**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત ધ્યાન અધિકારમાં ચાર પ્રકારના ધ્યાનનું સ્વરૂપ બતાવીને પ્રશસ્ત એવા ધર્મધ્યાન અને શુક્લધ્યાન કરવા માટે યોગીએ કેવી રીતે યત્ન કરવો જોઈએ તે માટે શ્લોક-૧૮માં ૧૨ દ્વારો બતાવ્યાં. તે દ્વારોથી ભગવાનની આજ્ઞા અનુસાર શુદ્ધ એવા ધ્યાનના આ ક્રમને જાણીને જે યોગી ધ્યાનમાં જવા માટે અભ્યાસને કરે છે તે યોગી સંપૂર્ણ અધ્યાત્મના જાણનારા થાય છે.

આશય એ છે કે અધ્યાત્મ એ આત્મામાં આત્માને નિવેશ કરવાની ક્રિયા છે અને તેનો પ્રારંભ અધ્યાત્મશાસ્ત્રના શ્રવણ મનનાદિથી થાય છે અને આત્મામાં અધ્યાત્મ પ્રગટ થાય એવી ઉચિત ક્રિયાઓથી થાય છે અને અંતે ધ્યાન દ્વારા વીતરાગ થવાના યત્નરૂપ અધ્યાત્મ છે. તેથી જે યોગી ભગવાનના વચનાનુસાર પૂર્વમાં વર્ણન કરેલા ધ્યાનના ક્રમને જાણીને તે પ્રમાણે યત્ન કરે છે તે મહાત્મા સંપૂર્ણ અધ્યાત્મને જાણનારા થાય છે. **॥૧૬-૮૯॥**

## સોળમો ધ્યાનસ્વરૂપ અધિકાર સમાપ્ત

## અધિકાર-૧૭

# ધ્યાનસ્તુતિ અધિકાર

**પૂર્વ અધિકાર સાથે જોડાણ :-**

પૂર્વ અધિકારમાં ચાર પ્રકારનાં ધ્યાનનું સ્વરૂપ બતાવ્યું. તેમાંથી છેલ્લાં બે ધ્યાન પ્રશસ્ત છે તેમ કહ્યું. અને તે બે ધ્યાન કલ્યાણના અર્થી જીવો કઈ રીતે પ્રાપ્ત કરી શકે તેના માટે બાર દ્વારોથી ધર્મધ્યાનનું અને શુક્લધ્યાનનું વર્ણન કર્યું. હવે તે પ્રશસ્ત ધ્યાન આત્મા માટે અત્યંત ઉપાદેય છે તેવી બુદ્ધિ સ્થિર કરવા માટે ધ્યાનની સ્તુતિના અધિકારને કહે છે.

**અવતરણિકા :-**

**ધ્યાનથી પ્રાપ્ત થતા ફળને બતાવીને ધ્યાનના મહિમાના વર્ણનથી ધ્યાનની સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**यत्र गच्छति परं परिपाकं,**
**पाकशासनपदं तृणकल्पम् ।**
**स्वप्रकाशसुखबोधमयं तद्**
**ध्यानमेव भवनाशि भजध्वम् ।।१।।**

**અન્વયાર્થ :-**

**परं परिपाकं गच्छति यत्र=પ્રકૃષ્ટ પરિપાકને પામતા એવા જેમાં, અર્થાત્ જે ધ્યાનમાં, पाकशासनपदं=પાકશાસન પદ=ઈન્દ્રની પદવી, तृणकल्पम्=તૃણ સમાન છે, स्वप्रकाशसुखबोधमयं=સ્વપ્રકાશમય અને સુખના બોધમય અર્થાત્ સુખના સંવેદનમય, भवनाशि तद् ध्यानमेव भजध्वम्=(અને) ભવના નાશને કરનાર એવા તે ધ્યાનને જ તું સેવ. ।।૧૭-૧।।**

**શ્લોકાર્થ :-**

**પ્રકૃષ્ટ પરિપાકને પામતા એવા જે ધ્યાનમાં ઈન્દ્રની પદવી તૃણ સમાન**

**છે સ્વપ્રકાશમય અને સુખના બોધમય (અને) ભવના નાશને કરનાર એવા તે ધ્યાનને જ તું સેવ. ॥૧૭-૧॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં વર્ણન કરેલા ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં અભ્યાસ કરીને જે મહાત્માઓ ધ્યાનને સેવવા માટે સમર્થ બને છે તેઓને "ध्यानजं सुखं" એ વચનાનુસાર ધ્યાનથી આત્મિક સુખ પ્રગટે છે, જે સુખની આગળ ઇન્દ્રોનાં સુખ પણ તૃણ તુલ્ય છે; કેમ કે પુનઃ પુનઃ ધ્યાનના અભ્યાસના બળથી પરિપાક દશાને પામેલ એવી ધ્યાન અવસ્થામાં રહેલા યોગીઓને સદા મોહજન્ય આકુળતાનો અભાવ વર્તે છે તેથી તે યોગીને અનાકુળતાનું સુખ છે. વળી, ઇન્દ્રને ભોગ આદિ કાળમાં ભોગની ઇચ્છારૂપ આકુળતા વર્તે છે અને પુણ્યના ઉદયથી ભોગાદિની સામગ્રી પ્રાપ્ત થવાથી ઇચ્છાની પૂર્તિ થાય છે તેથી ઇન્દ્રને કાંઈક તૃપ્તિનો અનુભવ થાય છે. જે તૃપ્તિનું સુખ ઇન્દ્રને કાંઈક છે છતાં તે તૃપ્તિકાળમાં પણ ઇચ્છાની આકુળતા છે, જ્યારે પરિપાક દશાને પામેલા ધ્યાનવાળા યોગીને તો સ્વાભાવિકી તૃપ્તિ વર્તે છે તેથી ઇચ્છાની આકુળતારહિત સહજ તૃપ્તિનું જે સુખ યોગીઓને છે તેઓના સુખ આગળ ઇન્દ્રનું સુખ કે ચક્રવર્તીનું સુખ તૃણતુલ્ય અલ્પ છે. વળી, તે ધ્યાનદશા આત્માના પોતાના સ્વરૂપની પ્રકાશમય અવસ્થા છે અર્થાત્ મોહથી અનાકુળ એવું પોતાના જ્ઞાનનું સ્વરૂપ કેવું છે તેના સ્પષ્ટ બોધવાળી અવસ્થા છે અને આત્માના પરમ સ્વાસ્થ્યરૂપ તે અવસ્થા હોવાથી સુખમય અવસ્થા છે. વળી, જેમ તે ધ્યાનની અવસ્થા સુખમય છે તેમ ભવના કારણીભૂત પૂર્વના બંધાયેલા કર્મને નાશ કરનાર હોવાથી તે ધ્યાન ભવનાશી છે માટે "આત્માના કદર્થનારૂપ ભવના નાશને કરનાર એવા ધ્યાનને તું ભજ" એ પ્રકારે ઉપદેશ આપે છે. **॥૧૭-૧॥**

**અવતરણિકા :-**

**ધ્યાનની ઉપલી ભૂમિકાને જેમણે પ્રાપ્ત કરી છે તેવા યોગીઓ વિષયોનો અને વિષયો પ્રત્યેના રાગનો પણ ત્યાગ કરે છે તે બતાવીને ગ્રંથકારશ્રી પરિપાક દશાના ધ્યાનનો મહિમા ગાય છે –**

**શ્લોક :-**

**आतुरैरपि जडैरपि साक्षात्,**
**सुत्यजा हि विषया न तु रागः ।**
**ध्यानवांस्तु परमद्युतिदर्शी,**
**तृप्तिमाप्य न तमृच्छति भूयः ।।२।।**

**અન્વયાર્થ :-**

**आतुरैरपि=આતુરો વડે પણ અર્થાત્ રોગીઓ વડે પણ, जडैरपि=(અને) જડો વડે પણ, साक्षात् विषया सुत्यजा हि=સાક્ષાત્ વિષયો સુત્યાજ્ય છે, रागः तु न=પરંતુ રાગ નહીં, परमद्युतिदर्शी ध्यानवांस्तु=વળી પરમ દ્યુતિને જોનારા એવા ધ્યાનવાળા યોગીઓ, तृप्तिमाप्य=તૃપ્તિને પામીને, भूयः तं= ફરી તેને=વિષયોને, न ऋच्छति=ગ્રહણ કરતા નથી. ।।૧૭-૨।।**

❖ 'हि' પાદપૂર્તિ અર્થે છે.

❖ 'आतुरैरपि'માં 'अपि'થી એ ગ્રહણ કરવાનું છે કે "મુનિઓ વડે તો વિષયો ત્યાજ્ય છે જ પરંતુ આતુરો વડે પણ વિષયો ત્યાજ્ય છે અને 'जडैरपि'માં 'अपि'થી એ ગ્રહણ કરવાનું છે કે તત્ત્વને જાણનારા એવા યોગીઓ વડે તો વિષયો ત્યાજ્ય છે જ, પરંતુ જડ સંસારી સુખના અર્થી એવા દુર્ભવ્ય-અભવ્યો વડે પણ વિષયો સુત્યાજ્ય છે."

**શ્લોકાર્થ :-**

**આતુરો વડે પણ, જડો વડે પણ સાક્ષાત્ વિષયો સુત્યાજ્ય છે, પરંતુ રાગ નહીં. વળી પરમ દ્યુતિને જોનારા એવા ધ્યાનવાળા યોગીઓ તૃપ્તિને પામીને ફરી તેને (વિષયોને) ગ્રહણ કરતા નથી. ।।૧૭-૨।।**

**ભાવાર્થ :-**

પરિપાક દશાના ધ્યાનનું માહાત્મ્ય બતાવતાં કહે છે, જેઓ શરીરની શાતાના અર્થી છે અને કોઈક રીતે રોગાદિ થયા હોય તો સુવૈદ્યના વચનાનુસાર વિષયોનો સાક્ષાત્ ત્યાગ કરે છે અર્થાત્ ભોગોને છોડીને સાદું ભોજન કરે છે, અન્ય પણ ઇન્દ્રિયોના વિષયોનો ત્યાગ કરે છે, પરંતુ કેવળ શાતાના અર્થે તે વિષયોનો ત્યાગ કરે છે તેથી વિષયોનો રાગ તેમનામાંથી જતો નથી.

વળી, અભવ્ય-દુર્ભવ્ય આદિ જીવો પણ સમવસરણ, દેવતા આદિના ઐશ્વર્યને જોઈને તેવા સુખનો ઉપાય ચારિત્ર છે તેવો બોધ થાય તો સર્વ ભોગસામગ્રીનો ત્યાગ કરીને સંયમના આચારો પાળે છે, ઉત્કૃષ્ટ આચારો પાળીને નવમા ગ્રૈવેયક સુધી પણ જાય છે. તેવા જડો વડે પણ સાક્ષાત્ વિષયો સુત્યાજ્ય છે. પરંતુ વિષયોનો રાગ તેઓ ત્યાગ કરી શકતા નથી; કેમ કે આરોગ્ય અર્થે ત્યાગ કરનારા એવા રોગીને કે સાંસારિક સુખો અર્થે ત્યાગ કરનારા એવા જડ પુરુષોને બાહ્ય વિષયોના સંશ્લેષ વગરનું આત્માનું નિરાકુળ સ્વરૂપ આત્મા માટે સુખાકારી છે તેની ગંધ માત્ર પણ પ્રાપ્ત થતી નથી. પરંતુ આત્માની પરમદ્યુતિને જોનારા એવા ધ્યાનવાળા યોગી નિરાકુળ આત્મભાવમાં તૃપ્તિને પ્રાપ્ત કરીને ફરી તે વિષયોને ગ્રહણ કરતા નથી અર્થાત્ તે ભવમાં સાધના પૂર્ણ ન થાય અને પુણ્યના ઉદયથી દેવાદિ ભવમાં તેવા યોગીઓને ભોગો પ્રાપ્ત થાય તોપણ તે ભોગો પ્રત્યે તે મહાત્માઓને વિશેષ સંશ્લેષ થતો નથી.

અહીં વિશેષ એ છે કે પૂર્વ અધિકારમાં બતાવેલ તે પ્રમાણે ધ્યાનમાં અભ્યાસ કરનાર યોગીનું ધ્યાન પરિપાક દશાને પ્રાપ્ત થાય છે ત્યારે તે યોગીને કર્મોથી રહિત જ્ઞાનમય એવો આત્મા પરમ દ્યુતિસ્વરૂપ ભાસે છે અર્થાત્ પ્રકૃષ્ટ એવા કેવળજ્ઞાનની જ્યોતિ સ્વરૂપ છે તેવું દેખાય છે. કેવળજ્ઞાનની જ્યોતિ સ્વરૂપ અને મોહથી અનાકુળ એવું તે જ્ઞાનમય સ્વરૂપ જ તે યોગીના ધ્યાનનો વિષય બને છે. તે ધ્યાન પણ અભ્યાસદશામાં યત્નસાધ્ય હોવા છતાં પરિપાક દશામાં જીવની સહજ પ્રકૃતિ સ્વરૂપ બને છે તેથી પરમ દ્યુતિ સ્વરૂપ આત્મભાવમાં સહજ ભાવે તેઓ મગ્ન રહે છે અને તે ઉત્તમ ભાવમાં તેઓને તૃપ્તિનો અનુભવ છે. તેથી મોહથી આકુળ થઈને વિષયોમાં તેઓ પ્રવૃત્તિ કરતા નથી માટે તેવા યોગીઓને વિષયોની અભિલાષા પણ નથી અને વિષયોમાં યત્ન પણ નથી; કેમ કે વિષયો પ્રત્યેનો રાગભાવ નષ્ટ થાય છે. જ્યારે આતુર અને જડ એવા જીવો વિષયોનો ત્યાગ કરે છે તોપણ રાગભાવ નહીં ગયેલ હોવાથી સંયોગ પ્રાપ્ત થતા વિષયોમાં જ પ્રવૃત્તિ કરે છે. **॥૧૭-૨॥**

**અવતરણિકા :-**

**બાહ્ય પદાર્થોના વિષયમાં ધ્યાનીની અવસ્થા બતાવીને ધ્યાનની જ સ્તુતિ કરે છે –**

**શ્લોક :-**

**या निशा सकलभूतगणानां,**
**ध्यानिनो दिनमहोत्सव एषः ।**
**यत्र जाग्रति च तेऽभिनिविष्टा,**
**ध्यानिनो भवति तत्र सुषुप्तिः ।।३।।**

**અન્વયાર્થ :-**

**सकलभूतगणानां=સકલ ભૂતગણોની અર્થાત્ સંસારી સર્વ જીવોની, या निशा=જે રાત્રિ છે અર્થાત્ શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવા માટે જે રાત્રિ છે, एषः=એ=સકલજીવોની શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવાના વિષયમાં જે રાત્રિ છે એ, ध्यानिनः दिनमहोत्सवः=ધ્યાનીનો દિનમહોત્સવ છે. यत्र च=અને જ્યાં=બાહ્ય વિષયોમાં, अभिनिविष्टा ते जाग्रति=અભિનિવિષ્ટ એવા તેઓ જાગે છે=આ વિષયો જ સુખનું સાધન છે તે પ્રકારના અભિનિવેશવાળા સંસારી જીવો વિષયોને ગ્રહણ કરવામાં તત્પર છે. तत्र=ત્યાં=બાહ્ય પદાર્થોના વિષયમાં, ध्यानिनः सुषुप्तिः भवति=ધ્યાનીને સુષુપ્તિ છે=ધ્યાનીને નિદ્રા છે. ।।૧૭-૩।।**

**શ્લોકાર્થ :-**

**સંસારી સર્વ જીવોની શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવા માટે જે રાત્રિ છે એ, ધ્યાનીનો દિનમહોત્સવ છે, અને જ્યાં=બાહ્ય વિષયોમાં, અભિનિવેશવાળા સંસારી જીવો જાગે છે=વિષયોને ગ્રહણ કરવામાં તત્પર છે, ત્યાં=બાહ્ય પદાર્થોના વિષયમાં, ધ્યાનીને નિદ્રા છે. ।।૧૭-૩।।**

**ભાવાર્થ :-**

સંસારના રસિક એવા સર્વ જીવો આત્માના નિરાકુળ ભાવરૂપ પારમાર્થિક સ્વરૂપને જોવામાં, જાણવામાં સદા અવ્યાપારવાળા છે તેથી તેઓ માટે આત્માના પારમાર્થિક સ્વરૂપના વિષયમાં સદા ઊંઘવાની પ્રવૃત્તિ છે તેથી આત્માના પારમાર્થિક સ્વરૂપ વિષયક પ્રવૃત્તિ તેઓ માટે રાત્રિતુલ્ય છે.

વળી, આત્માના પારમાર્થિક સ્વરૂપને જેઓએ શાસ્ત્રથી જાણ્યું છે અને જાણ્યા પછી પુનઃ પુનઃ આત્માના પારમાર્થિક સ્વરૂપનું ભાવન કર્યું છે, નિરાકુળ એવા આત્માના સ્વરૂપને શ્રુતચક્ષુથી કાંઈક જોનારા છે તેવા યોગીઓનું ચિત્ત સદા શુદ્ધ આત્માના સ્વરૂપમાં રક્ત રહે છે. તેથી જે શુદ્ધ આત્માનું સ્વરૂપ જગતના જીવો માટે સૂવાનું સ્થાન છે તે શુદ્ધ આત્માનું સ્વરૂપ ધ્યાની માટે દિવસના મહોત્સવરૂપ છે; કેમ કે જેમ દિવસમાં પ્રકાશ વર્તે છે તેમ યોગીના ચિત્તમાં શુદ્ધ આત્માના સ્વરૂપ વિષયક પ્રકાશ વર્તે છે અને જેમ દિવસમાં પ્રકાશના કારણે લોકો પોતાના ઇષ્ટ અર્થને સાધવામાં પ્રવૃત્ત રહે છે તેમ શુદ્ધ આત્મતત્ત્વવિષયક પ્રકાશના કારણે યોગી પોતાને ઇષ્ટ અર્થરૂપ મુક્ત અવસ્થાને સાધવા માટે સદા વ્યાપારવાળા હોય છે તેથી તેમના માટે શુદ્ધ આત્માના સ્વરૂપને પ્રગટ કરવાની પ્રવૃત્તિ દિવસના મહોત્સવરૂપ છે.

વળી, ભોગમાં સુખને જોનારા એવા સંસારી જીવોને જ્યાં જાગૃતિ વર્તે છે અર્થાત્ ભોગમાંથી આનંદ લેવાની જાગૃતિ વર્તે છે ત્યાં શુદ્ધ આત્માના સ્વરૂપમાં ધ્યાનવાળા એવા યોગીઓની સુષુપ્તિ વર્તે છે અર્થાત્ બાહ્ય વિષયોમાંથી કોઈ આનંદ લેવા માટે તેઓની પ્રવૃત્તિ નથી. **॥૧૭-૩॥**

**અવતરણિકા :-**

**પરમાર્થરૂપ મોક્ષનું કારણ ધ્યાન જ છે તેમ બતાવીને ધ્યાનની જ સ્તુતિ કરે છે —**

**શ્લોક :-**

**सम्प्लुतोदकमिवान्धुजलानां,**
**सर्वतः सकलकर्मफलानाम् ।**
**सिद्धिरस्ति खलु यत्र तदुच्चै-**
**र्ध्यानमेव परमार्थनिदानम् ।।४।।**

**અન્વયાર્થ :-**

**अंधुजलानां सम्प्लुतोदकं इव=પાણીવાળા કૂવામાં પાણીનો પ્રવાહ વૃદ્ધિ પામે તેની જેમ, सकलकर्मफलानाम् सर्वतः सिद्धिरस्ति यत्र=સકલ કર્મફળોની**

**સર્વથી સિદ્ધિ છે જેમાં, तद् ध्यानमेव=તે ધ્યાન જ, खलु=ખરેખર, उच्चैः परमार्थनिदानम्=અત્યંત પરમાર્થનું કારણ છે. ॥૧૭-૪॥**

**શ્લોકાર્થ :-**

**પાણીવાળા કૂવામાં પાણીનો પ્રવાહ વૃદ્ધિ પામે તેની જેમ, સકલ કર્મફળોની સર્વથી સિદ્ધિ છે જેમાં, તે ધ્યાન જ, ખરેખર અત્યંત પરમાર્થનું કારણ છે. ॥૧૭-૪॥**

**ભાવાર્થ :-**

જેમ, કોઈક કૂવામાં પાણી હોય છતાં જમીનમાંથી અત્યંત પાણીનો પ્રવાહ વૃદ્ધિ પામે તો તે કૂવામાં પાણીનો પ્રવાહ અત્યંત વૃદ્ધિ પામે છે તેથી સમ્પ્લુત-ઉદકવાળો તે કૂવો બને છે. તેમ જે યોગીઓ મોક્ષ અર્થે સર્વ ઉચિત અનુષ્ઠાનો કરે છે તે સર્વ ઉચિત અનુષ્ઠાનોના ફળની સર્વથી સિદ્ધિ ધ્યાનમાં થાય છે; કેમ કે વીતરાગતાની પ્રાપ્તિને અનુકૂળ તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું આત્મામાં આધાન સર્વ ઉચિત અનુષ્ઠાનોનું પ્રયોજન છે અને ધ્યાનમાં તે પ્રયોજનની અત્યંત સિદ્ધિ છે. માટે મોક્ષના અર્થી જીવો માટે પરમાર્થની પ્રાપ્તિનું અત્યંત કારણ તે ધ્યાન જ છે.

અહીં વિશેષ એ છે કે જેમ, કૂવામાં પાણી હોવા છતાં ભૂમિમાં અત્યંત પાણીનો પ્રવાહ આવે તો તે કૂવો અત્યંત પાણીથી ભરચક બને છે તેમ, યોગીઓ યોગમાર્ગની ક્રિયાઓ કરીને તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું આત્મામાં આધાન કરે છે તેથી તત્ત્વજ્ઞાનના સંસ્કારોથી યુક્ત આત્મા એ જલથી પૂર્ણ કૂવા સમાન છે અને જેમ, તે કૂવામાં અત્યંત પાણીની વૃદ્ધિ થાય તેમ, યોગી જ્યારે ધ્યાનમાં યત્ન કરે છે ત્યારે સર્વકર્મના ફળભૂત તત્ત્વજ્ઞાનના સંસ્કારો આત્મામાં અત્યંત વૃદ્ધિ પામે છે માટે અન્ય સર્વ અનુષ્ઠાન કરતાં ધ્યાન જ શ્રેષ્ઠ છે. **॥૧૭-૪॥**

**અવતરણિકા :-**

**ધ્યાનદશાને પામેલા યોગી કઈ રીતે આત્મસુખમાં લીન હોય છે તેનું સ્વરૂપ બતાવતાં કહે છે –**

**શ્લોક :-**

**बाध्यते न हि कषायसमुत्थै-**
**र्मानसैर्न नतनूपनमद्भिः ।**
**अत्यनिष्टविषयैरपि दुःखै-**
**र्ध्यानवान्निभृतमात्मनि लीनः ।।५।।**

**અન્વયાર્થ :-**

**आत्मनि निभृतं लीनः ध्यानवान्=આત્મામાં અત્યંત લીન એવા ધ્યાની, कषायसमुत्थैः मानसैः न हि बाध्यते=કષાયોથી ઊઠેલા માનસ વડે બાધા પામતા જ નથી, नतनूपनमद्भिः न (बाध्यते)=નમેલા એવા મોટા રાજાઓના નમસ્કારો વડે બાધા પામતા નથી, अत्यनिष्टविषयैरपि दुःखैः (न बाध्यते)=અત્યંત અનિષ્ટ વિષયોથી થતાં દુઃખો વડે પણ બાધા પામતા નથી. ।।૧૭-૫।।**

**શ્લોકાર્થ :-**

**આત્મામાં અત્યંત લીન એવા ધ્યાની, કષાયોથી ઊઠેલા માનસ વડે બાધા પામતા જ નથી, નમેલા એવા મોટા રાજાઓના નમસ્કારો વડે બાધા પામતા નથી, અત્યંત અનિષ્ટ વિષયોથી થતાં દુઃખો વડે પણ બાધા પામતા નથી. ।।૧૭-૫।।**

**ભાવાર્થ :-**

જે યોગી આત્મામાં=આત્માના વીતરાગભાવમાં, અત્યંત લીન છે તેવા ધ્યાનવાળા યોગી કષાયોથી વ્યાકુળતાને પામે એવા માનસથી બાધા પામતા જ નથી અર્થાત્ આત્મામાં અનાદિના મોહના સંસ્કારો પડ્યા છે અને સત્તામાં રહેલું મોહનીય કર્મ ઉદયમાં વર્તી રહ્યું છે જે કર્મ કષાયોનું ઉદ્‌બોધ કરીને આત્માને બાધા કરે તેવું છે પરંતુ યોગીનો રાગ શુદ્ધ આત્મભાવમાં અત્યંત પ્રવૃત્ત છે તેથી અન્ય વિષયોના નિમિત્તને પામીને કષાયોના સંસ્કારો ઊઠતા નથી અને ઉદયમાં આવેલ કષાયઆપાદક કર્મ ક્ષયોપશમભાવને પામે છે જેથી યોગીને વ્યાકુળ કરી શકતું નથી.

વળી, તેવા યોગીઓના ગુણોથી આવર્જિત થયેલા રાજાઓ તેમને નમે છે

છતાં તે રાજાઓની નમનક્રિયાથી યોગીઓના ચિત્તમાં સ્હેજ પણ પ્રીતિ આદિ ભાવો થતા નથી, પરંતુ આત્માના વીતરાગભાવમાં જ તેઓનું ચિત્ત લીન રહે છે. તેથી રાજા આદિની નમનની ક્રિયા પણ તેમના ચિત્તમાં મોહના કલ્લોલો ઉત્પન્ન કરી શકતી નથી.

વળી, અતિ અનિષ્ટ વિષયો પ્રાપ્ત થાય તો અશાતાનો ઉદય પ્રાપ્ત થાય અને તે અશાતાકૃત દુઃખોથી પણ તે યોગી બાધા પામતા નથી પરંતુ અત્યંત અપ્રમાદ ભાવથી શુદ્ધ આત્મભાવને પ્રગટ કરવા અર્થે શ્રુતના ભાવોમાં લીન રહે છે. **||૧૭-૫||**

**શ્લોક :-**

**स्पष्टदृष्टसुखसम्भृतमिष्टं,**
**ध्यानमस्तु शिवशर्मगरिष्ठम् ।**
**नास्तिकस्तु निहतो यदि न स्या-**
**देवमादिनयवाङ्मयदण्डात् ।।६।।**

**અન્વયાર્થ :-**

**स्पष्टदृष्टसुखसम्भृतं=સ્પષ્ટ દૃષ્ટ એવા સુખથી ભરેલું, इष्टं=ઈષ્ટ=ઈષ્ટ એવા મોક્ષનું કારણ હોવાથી ઈષ્ટ, शिवशर्मगरिष्ठम्=શિવશર્મથી ગરિષ્ઠ=મોક્ષને અનુકૂળ એવા સુખથી ગરિષ્ઠ એવું, ध्यानमस्तु=ધ્યાન છે. यदि नास्तिकस्तु निहतो न स्यात्=વળી જો નાસ્તિક નિહત ન થાય તો=દર્શનની અન્ય યુક્તિથી નાસ્તિક નિહત ન થાય તો, एवमादिनयवाङ्मयदण्डात्=આવા અર્થાત્ પૂર્વમાં ધ્યાનનું સુખ બતાવ્યું એવા આદિ નયની વાણીમય દંડથી નાસ્તિક નિહત થાય. ||૧૭-૬||**

**શ્લોકાર્થ :-**

**સ્પષ્ટ દૃષ્ટ એવા સુખથી ભરેલું ઈષ્ટ, શિવશર્મથી ગરિષ્ઠ ધ્યાન છે. વળી જો નાસ્તિક નિહત ન થાય તો એવા આદિ નયની વાણીમય દંડથી નાસ્તિક નિહત થાય. ||૧૭-૬||**

**ભાવાર્થ :-**

યોગીઓ જ્યારે ધ્યાનદશામાં હોય છે ત્યારે આત્માની નિરાકુળ અવસ્થાનો અનુભવ વર્તે છે તેથી યોગીનું ધ્યાન સ્પષ્ટ એવા દૃષ્ટ સુખથી સંભૃત છે.

વળી, યોગીને પૂર્ણ સુખમય અવસ્થા ઇષ્ટ છે અને તેવી ઇષ્ટ અવસ્થાનું સાધન ધ્યાન છે તેથી યોગીને ઇષ્ટના સાધનરૂપે ધ્યાન ઇષ્ટ છે.

વળી, જેવું સર્વોત્કૃષ્ટ સુખ મોક્ષમાં છે તેને અનુરૂપ નિરાકુળ ચેતના ધ્યાનકાળમાં વર્તે છે તેથી મોક્ષને અનુકૂળ એવા સુખથી ગરિષ્ઠ એવું ધ્યાન છે.

આ રીતે ધ્યાનનું સ્વરૂપ બતાવ્યા પછી ધ્યાનનું મહત્ત્વ બતાવવા અર્થે કહે છે. નાસ્તિક પરલોકમાં જનાર શરીરથી પૃથક્ એવો આત્મા સ્વીકારતો નથી અને પરલોકને માનનારા એવા યોગી અનેક યુક્તિઓથી નાસ્તિકના મતનું નિરાકરણ કરે છે. આમ છતાં તે સર્વ યુક્તિથી પણ તે મૌન ધારણ ન કરે પરંતુ આત્માને નહીં સ્વીકારવા માટે યુક્તિઓનું ભાવન કર્યા કરે તોપણ નાસ્તિક પ્રત્યક્ષનો અપલાપ કરી શકતો નથી તેથી ધ્યાનના પ્રત્યક્ષ સુખને બતાવનાર આદિ જે નયદૃષ્ટિ છે તે નયદૃષ્ટિને નાસ્તિકે સ્વીકારવી પડે તેથી તે નયદૃષ્ટિના દંડથી નાસ્તિકને મૌન જ ધારણ કરવું પડે. આમ બતાવીને ગ્રંથકારશ્રીને એ કહેવું છે કે જે લોકો પરલોકને માનવા તૈયાર નથી તેઓ પણ પ્રત્યક્ષ સુખનો અપલાપ ન કરી શકે તેવું ધ્યાનથી ઉત્પન્ન થનારું પ્રત્યક્ષ સુખ છે.

અહીં 'एवमादिनय' કહેવાથી એ પ્રાપ્ત થાય કે ધ્યાનના સુખને બતાવનાર જે નયદૃષ્ટિ છે તે નયદૃષ્ટિથી વિચારવામાં આવે તો યોગીના નિરાકુળ ચિત્તનો બોધ અન્ય પણ કરી શકે છે; કેમ કે ધ્યાનમાં સ્થિરતા હોય છે અને સ્થિરતામાં સ્વસંવેદિત સુખ છે. અહીં 'आदि'થી એ પ્રાપ્ત થાય કે આવું ધ્યાનનું સ્વરૂપ છે અને તેનાથી તે સુખના આધારભૂત આત્મા છે તેને બતાવનારી જે નયદૃષ્ટિ – તે નયદૃષ્ટિથી નાસ્તિક મતનું નિરાકરણ થાય છે. **॥૧૭-૬॥**

**શ્લોક :-**

**यत्र नार्कविधुतारकदीप-**

**ज्योतिषां प्रसरतामवकाशः ।**

**ध्यानभिन्नतमसां मुदितात्म-**
**ज्योतिषां तदपि भाति रहस्यम् ।।७।।**

**અન્વયાર્થ :-**

**यत्र=જ્યાં, प्रसरतां=પ્રસાર પામતા એવા, अर्कविधुतारकदीपज्योतिषां=અર્ક અર્થાત્ સૂર્ય, વિધુ અર્થાત્ ચંદ્ર, તારા અને દીપની જ્યોતિનો, अवकाशः न=અવકાશ નથી, तदपि रहस्यम्=તે પણ રહસ્ય=આત્માના શુદ્ધભાવનું તે પણ રહસ્ય, ध्यानभिन्नतमसां मुदितात्मज्योतिषां=ધ્યાનથી ભેદેલા અંધકારવાળા અને આનંદિત થયેલા આત્મજ્ઞાનવાળા એવા યોગીઓને, भाति=ભાસે છે. ।।૧૭-૭।।**

**શ્લોકાર્થ :-**

**જ્યાં પ્રસાર પામતા એવા સૂર્ય, ચંદ્ર, તારા અને દીપની જ્યોતિનો અવકાશ નથી, આત્માના શુદ્ધભાવનું તે પણ રહસ્ય, ધ્યાનથી ભેદેલા અંધકારવાળા અને આનંદિત થયેલા આત્મજ્ઞાનવાળા યોગીઓને ભાસે છે. ।।૧૭-૭।।**

**ભાવાર્થ :-**

સૂર્ય, ચંદ્ર, તારા અને દીવાની જ્યોતિના પ્રસારનો અવકાશ બાહ્ય જગતમાં છે તેથી તેના બળથી બાહ્ય પદાર્થોનું દર્શન થાય છે. પરંતુ અરૂપી એવા આત્માના સ્વરૂપનું દર્શન કરવા માટે સૂર્ય આદિનો પ્રકાશ સમર્થ થતો નથી તેથી સૂર્ય આદિ પ્રકાશક પદાર્થો બાહ્ય દ્રવ્ય અંધકારના ભેદક છે, પરંતુ જ્ઞાનાવરણીયથી ઉત્પન્ન થયેલા મહાઅંધકારના ભેદક નથી.

વળી જે યોગીઓ શાસ્ત્રાનુસારી ઉચિત પ્રવૃત્તિઓ કરીને ધ્યાન દશાને પામ્યા છે તેઓએ ધ્યાનના બળથી અરૂપી એવા આત્માના કંઈક સ્વરૂપને જોવા માટે સમર્થ થાય તેવા જ્ઞાનની પ્રાપ્તિ કરી છે. તેથી તેઓના ધ્યાનના બળથી શુદ્ધ આત્માને કંઈક જોવામાં પ્રતિબંધક એવા શ્રુત જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયેલો છે જેથી શુદ્ધ આત્માને કંઈક જોવા માટેનો અંધકાર ભેદાઈ ગયો છે અને તેના કારણે તે યોગીઓ આનંદિત આત્મજ્ઞાનવાળા છે અર્થાત્

સર્વ કર્મોથી રહિત એવી આત્માની જ્યોતિ કેવા સ્વરૂપવાળી છે તેનો કંઈક સ્પષ્ટ બોધ શ્રુતજ્ઞાનના બળથી કરીને આનંદનો અનુભવ કરી રહ્યા છે. તેના કારણે સિદ્ધ અવસ્થામાં શુદ્ધ આત્માનું પારમાર્થિક સ્વરૂપ કેવું છે તેનું રહસ્ય તેઓને દેખાય છે જે રહસ્ય બાહ્ય પ્રકાશક એવા સૂર્ય, ચંદ્ર આદિ બતાવી શકતા નથી. **॥૧૭-૭॥**

**શ્લોક :-**

**योजयत्यमितकालवियुक्तां,**
**प्रेयसीं शमरतिं त्वरितं यत् ।**
**ध्यानमित्रमिदमेव मतं नः,**
**किं परैर्जगति कृत्रिममित्रैः ।।८।।**

**અન્વયાર્થ :-**

**अमितकालवियुक्तां शमरतिं प्रेयसीं=અમિતકાલ વિયુક્ત શમરતિરૂપ પ્રેયસીને= અપરિમિતકાલથી વિયોગવાળી એવી શમપરિણામમાં રતિરૂપ પ્રેમિકાને, त्वरितं यत् योजयति=ત્વરિત જે જોડી આપે છે, इदं ध्यानमित्रं एव=એવો આ ધ્યાનરૂપી મિત્ર જ, नः मतं=અમને સંમત છે=ઈષ્ટ છે, जगति परैः कृत्रिममित्रैः किं=જગતમાં પર એવા કૃત્રિમ મિત્ર વડે શું ? ॥૧૭-૮॥**

**શ્લોકાર્થ :-**

**અપરિમિતકાલથી વિયોગવાળી શમરતિરૂપ પ્રેયસીને ત્વરિત જે જોડી આપે છે, એવો આ ધ્યાનરૂપી મિત્ર જ અમને ઈષ્ટ છે. જગતમાં પર એવા કૃત્રિમમિત્ર વડે શું ? ॥૧૭-૮॥**

**ભાવાર્થ :-**

કોઈ પુરુષને પોતાની પ્રેમિકાનો ઘણા કાળથી વિયોગ થયો હોય અને જે મિત્ર તે પ્રેમિકાની સાથે તેનો મેળાપ કરાવી આપે તો તેને તે મિત્ર અતિ ઉપકારક જણાય છે. આત્માની પ્રેમિકા શમરતિ છે અર્થાત્ સમભાવમાં રતિ છે. અનાદિકાળથી આત્માને તેનો વિયોગ પ્રાપ્ત થયો છે. તેથી આત્મા સદા મોહથી આકુળ રહે છે અને જે ધ્યાનમિત્ર અનાદિકાળથી વિયોગને પ્રાપ્ત

થયેલી એવી સમની રતિરૂપ પ્રેમિકાનો યોગીને મેળાપ કરાવી આપે છે એ ધ્યાનમિત્ર જ ગ્રંથકારશ્રીને મિત્રરૂપે સંમત છે. બાકી સંસારના સર્વ મિત્રો કૃત્રિમ મિત્રો જેવા છે.

આશય એ છે કે જગતના સર્વ ભાવો પ્રત્યે સમભાવનો પરિણામ એ જીવને માટે અત્યંત સુખદાયી છે. આમ છતાં અનાદિકાળથી જીવ કર્મના સંયોગને કારણે મોહથી વાસિત મતિવાળો છે તેથી સમભાવની પરિણતિના સુખને અનુભવી શકતો નથી. કોઈક રીતે કર્મની અલ્પતા થવાથી યોગમાર્ગને પામીને યોગી સ્વભૂમિકાનુસાર યોગમાર્ગને સેવે અને ધ્યાનદશાને પ્રાપ્ત કરે ત્યારે તે ધ્યાનના બળથી સમ પરિણામ પ્રગટે છે; જે જીવ માટે પારમાર્થિક સુખરૂપ છે અને તેવા સુખને પ્રાપ્ત કરાવનાર ધ્યાનમિત્ર છે. અન્ય મિત્રો તો ગમે તેવી મિત્રતા હોય તો પણ આત્માને શાતાની સામગ્રીથી અન્ય કાંઈ પ્રાપ્ત કરાવી શકતા નથી. જ્યારે ધ્યાનમિત્રના બળથી યોગી તો શમરતિને પ્રાપ્ત કરીને શાશ્વતકાળ સમભાવના સુખનો ભોક્તા બને છે. **॥૧૭-૮॥**

**શ્લોક :-**

**वारितस्मरबलातपचारे,**
**शीलशीतलसुगन्धिनिवेशे ।**
**उच्छ्रिते प्रशमतल्पनिविष्टो,**
**ध्यानधाम्नि लभते सुखमात्मा ।।९।।**

**અન્વયાર્થ :-**

**वारितस्मरबलातपचारे=વારિત છે કામના બળના આતપનો ચાર જેમાં, शीलशीतलसुगन्धिनिवेशे=શીલરૂપી-શીતલ અને સુગંધી પદાર્થોનો નિવેશ છે જેમાં, એવા, उच्छ्रिते=ઉચ્છ્રિત=વિશાળ, ध्यानधाम्नि=ધ્યાનરૂપી ધામમાં= મહેલમાં, प्रशमतल्पनिविष्टः आत्मा=પ્રશમરૂપી પલંગ ઉપર નિવિષ્ટ એવો આત્મા, सुखं लभते=સુખને પામે છે. ।।૧૭-૯।।**

**શ્લોકાર્થ :-**

**વારિત છે કામના બલના આતપનો ચાર જેમાં, શીલરૂપી-શીતલ**

**અને સુગંધી પદાર્થોનો નિવેશ છે જેમાં, એવા વિશાળ એવા ધ્યાનરૂપી મહેલમાં પ્રશમરૂપી પલંગ ઉપર નિવિષ્ટ એવો આત્મા સુખને પામે છે. ॥૧૭-૯॥**

**ભાવાર્થ :-**

કોઈ રાજાને સુંદર, વિશાળ એવો મહેલ હોય અને જ્યાં ગરમીનો પ્રચાર દૂર કરવામાં આવ્યો હોય અને સુગંધી દ્રવ્યોથી વાસિત કરાયો હોય તેવા મહેલમાં તે રાજા પલંગ ઉપર સુખપૂર્વક બેઠેલો હોય તેમ ધ્યાનમાં રહેલા યોગી મહાત્મા કામના વિકારોનો પ્રચાર જેમાં વારણ કરાયો છે તેથી આત્મામાં અંતસ્તાપ દૂર થયેલ છે અને આત્માના સંવરભાવરૂપ શીતળ અને સુગંધી એવો ધ્યાનરૂપી મહેલ વર્તે છે. વળી, તે ધ્યાનરૂપી મહેલ આત્મિક ઉદાત્ત ભાવોથી વિશાળ છે અને તે મહેલમાં પ્રશમરૂપી પલંગ રહેલ છે અને તેના ઉપર બેઠેલ આત્મા સુખને પ્રાપ્ત કરે છે.

આ રીતે ધ્યાનનું સ્વરૂપ કેવું હોય છે તે દૃષ્ટાંતથી બતાવ્યું. તેથી એ પ્રાપ્ત થાય કે ધ્યાનકાળમાં યોગીના ચિત્તમાં કામના વિકારો નષ્ટ નષ્ટતર થાય છે. શીતલ અને સુગંધમય એવો સંયમભાવ અતિશયિત થાય છે અને ચિત્ત પ્રશમરસવાળું વર્તે છે; અને યોગીનો માનસઉપયોગ શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવા માટે શ્રુત વચનને અવલંબીને સતત વ્યાપારવાળું છે જેથી મોહની આકુળતા ઉત્તરોત્તર ક્ષીણક્ષીણતર થાય છે. મોહનાં આપાદક કર્મોની શક્તિ ક્ષીણક્ષીણતર થાય છે. આત્માના પારમાર્થિક સ્વરૂપના દર્શનનું આવરણ કરનારાં જ્ઞાનાવરણીય કર્મો ક્ષીણક્ષીણતર થાય છે અને આત્મભાવમાં સ્થિરતાના પ્રતિબંધક એવાં અંતરાયકર્મો ક્ષીણક્ષીણતર થાય છે જેથી યોગી નિષ્પ્રકંપ અવસ્થાને પ્રાપ્ત કરે છે. તેથી વીર્યના પ્રકર્ષવાળા એવા યોગીને ઉપસર્ગો અને પરિષહો પણ કંપાયમાન કરી શકતા નથી, પરંતુ ઉપસર્ગ અને પરિષહકાળમાં પણ અંતરંગ સ્વસ્થતાના સુખમાં જ તેઓ મગ્ન રહે છે. **॥૧૭-૯॥**

**શ્લોક :-**

**शीलविष्टरदमोदकपाद्य-**
**प्रातिभार्घ्यसमतामधुपर्कैः ।**

**ध्यानधाम्नि भवति स्फुटमात्मा-**
**हूतपूतपरमाऽतिथिपूजा ।।१०।।**

**અન્વયાર્થ :-**

**ध्यानधाम्नि=ધ્યાનરૂપી ધામમાં, आत्माहूतपूतपरमाऽतिथिपूजा=આત્મા વડે બોલાવાયેલ પવિત્ર, પરમ અતિથિની પૂજા स्फुटम् भवति=સ્પષ્ટ થાય છે.**

**કઈ રીતે પૂજા થાય છે તે શ્લોકના પૂર્વાર્ધમાં બતાવેલ છે.**

**शीलविष्टरदमोदकपाद्यप्रातिभार्घ्यसमतामधुपर्कैः=શીલરૂપી આસન ઉપર બેસાડીને, દમરૂપી ઉદકથી પાદસંબંધી પ્રક્ષાલન કરીને, પ્રાતિભરૂપી અર્ઘ્ય અને સમતારૂપી મધુપર્ક વડે (અતિથિની પૂજા થાય છે.) ।।૧૭-૧૦।।**

**શ્લોકાર્થ :-**

**ધ્યાનરૂપી ધામમાં, આત્મા વડે બોલાવાયેલ પવિત્ર, પરમ અતિથિની પૂજા સ્પષ્ટ થાય છે.**

**કઈ રીતે પૂજા થાય છે તે શ્લોકના પૂર્વાર્ધમાં બતાવેલ છે. શીલરૂપી આસન ઉપર બેસાડીને, દમરૂપી ઉદકથી પાદસંબંધી પ્રક્ષાલન કરીને, પ્રાતિભરૂપી અર્ઘ્ય અને સમતારૂપી મધુપર્ક વડે (અતિથિની પૂજા થાય છે.) ।।૧૭-૧૦।।**

**ભાવાર્થ :-**

જેમ કોઈ મોટા અતિથિને આમંત્રણ આપવામાં આવે ત્યારે સુંદર નિવાસસ્થાનમાં ઉત્તમ આસન ઉપર તેને બેસાડવામાં આવે, સુંદર જળથી તેના પગ ધોવામાં આવે, તેની પાસે ભેટણું આદિ મૂકવામાં આવે અને ઉત્તમ દ્રવ્યોથી તે પરમ અતિથિની પૂજા કરવામાં આવે તેમ યોગી શુદ્ધ આત્માના ધ્યાનરૂપ નિવાસસ્થાનમાં પોતાના વડે બોલાવાયેલા પવિત્ર આત્મારૂપી અતિથિને શીલરૂપી આસન ઉપર બેસાડે છે. દમરૂપી પાણીથી તેના પાદનું પ્રક્ષાલન કરે છે, તેની પાસે પ્રાતિભરૂપ અર્ઘ્ય અર્થાત્ ભેટણું સ્થાપન કરે છે અને સમતારૂપી ઉત્તમ દ્રવ્યોથી અતિથિની શ્રેષ્ઠ એવી પૂજા કરે છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ધ્યાનકાળમાં યોગી બ્રહ્મચર્યની ગુપ્તિવાળા હોય છે તેથી શીલસંપન્ન હોય છે, ઇન્દ્રિયો સંવરભાવવાળી હોય છે તેથી દમ પરિણામવાળી હોય છે જેનાથી આત્માની પાદપ્રક્ષાલનતુલ્ય શુદ્ધિ થાય છે અને ત્યારપછી ધ્યાનના ઉપયોગથી આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવાના યત્નવાળા હોવાથી શુદ્ધ આત્માના સ્વરૂપના અવલોકનમાં પ્રતિબંધક એવા મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ અધિક અધિક થાય છે જેથી વિશિષ્ટ પ્રકારની મતિરૂપ પ્રાતિભજ્ઞાન પ્રગટે છે અને ચિત્ત સમભાવના પરિણામવાળું વર્તે છે તે આત્માની પૂજારૂપ છે; કેમ કે પૂજાનો અર્થ એ છે કે પૂજ્ય એવા આત્માની ઉપાસના કરીને પૂજ્યના ભાવોને અભિમુખ આત્માના ગમનનો વ્યાપાર અને ધ્યાનકાળમાં યોગી ઉત્તરોત્તર આત્માના શુદ્ધ ભાવોના પરમાર્થને જોનારા થાય છે જેથી નિરાકુળ એવા શુદ્ધ આત્માનું સ્વરૂપ પૂર્વ પૂર્વ કરતાં ઉત્તર ઉત્તરમાં અધિક અધિકતર સ્પષ્ટ ભાસે છે. આથી જ ક્ષપકશ્રેણીમાં તે યોગી તેવા શુદ્ધ આત્મામાં શ્રુતના બળથી અત્યંત લીન થઈને કેવળજ્ઞાનની પ્રાપ્તિકાળમાં સાક્ષાત્ એવા અરૂપી આત્માને જોનારા અને મોહથી અનાકુળ એવા આત્માને વેદન કરનારા બને છે. **॥૧૭-૧૦॥**

**શ્લોક :-**

**आत्मनो हि परमात्मनि योऽभूद्,**
**भेदबुद्धिकृत एव विवादः ।**
**ध्यानसन्धिकृदमुं व्यपनीय,**
**द्रागभेदमनयोर्वितनोति ।।११।।**

**અન્વયાર્થ :-**

**परमात्मनि आत्मनः भेदबुद्धिकृत एव यः विवादः अभूत्=પરમાત્માની સાથે આત્માનો ભેદબુદ્ધિકૃત જ એવો જે વિવાદ હતો, अमुं व्यपनीय=તેને દૂર કરીને, ध्यानसन्धिकृद्=ધ્યાનથી સંધિને કરનાર=ધ્યાનથી પરમાત્માની સાથે એકતાને કરનાર એવા યોગી, अनयोः=આ બેના=પરમાત્મા અને આત્માના, अभेदं=અભેદને, द्राग् वितनोति=શીઘ્ર વિસ્તારે છે. ।।૧૭-૧૧।।**

**શ્લોકાર્થ :-**

**પરમાત્માની સાથે આત્માનો ભેદબુદ્ધિકૃત જ એવો જે વિવાદ હતો, તેને દૂર કરીને ધ્યાનથી પરમાત્માની સાથે એકતાને કરનાર એવા યોગી પરમાત્મા અને આત્માના અભેદને શીઘ્ર વિસ્તારે છે. ||૧૭-૧૧||**

**ભાવાર્થ :-**

પરમાત્માનું ધ્યાન આત્માને પરમાત્માની સાથે અભેદતાની પ્રાપ્તિ કરાવે તેવું ઉત્તમ છે તેમ બતાવીને ધ્યાનની સ્તુતિ કરે છે.

ઉપાસક પુરુષ પ્રથમ ભૂમિકામાં પરમાત્માથી પોતે હીન છે અને પરમાત્મા ઉત્તમ પુરુષ છે તેવી બુદ્ધિ ધરાવે છે. આથી પરમાત્માની સ્તુતિ કરતાં કહે છે કે પરમાત્મા વીતરાગ છે માટે ઉત્તમ છે અને હું રાગી-દ્વેષી છું માટે હું તેમનાથી હીન છું. આ પ્રકારનો પરમાત્મામાં પોતાનો ભેદબુદ્ધિકૃત વિવાદ ઉત્પન્ન થાય છે અર્થાત્ વિકલ્પ ઉત્પન્ન થાય છે, પરંતુ ઉપાસકને પરમાત્મતુલ્ય નિર્વિકલ્પદશા પોતાનામાં પ્રગટ કરવી છે તેથી પ્રથમ ભૂમિકામાં જે ભેદબુદ્ધિકૃત વિકલ્પ હતો તે વિકલ્પ ઉપાસક માટે દૂર કરવા યોગ્ય છે અને તેના માટે જ્યારે તે ઉપાસક ધ્યાન દ્વારા પરમાત્માના સ્વરૂપનું અનુસંધાન પોતાના આત્મામાં કરે છે ત્યારે જેમ વીતરાગનું ચિત્ત સર્વ વિકલ્પોથી પર નિર્વિકલ્પ દશાવાળું છે તેમ તે યોગી પણ શીઘ્ર પોતાનું ચિત્ત પરમાત્માની સાથે એકતાની અભિસંધિ કરીને પ્રગટ કરે છે તેથી ઉપાસકને "આ પરમાત્મા છે અને હું પરમાત્મા નથી પરંતુ પરમાત્માનો ઉપાસક એવો આત્મા છું" તેવી બુદ્ધિ દૂર થાય છે. માત્ર પરમાત્મા તુલ્ય નિર્વિકલ્પ જ્ઞાનનો પરિણામ પોતાના આત્મામાં સત્તારૂપે વિદ્યમાન હતો અને મોહના પરિણામથી આકુળ થઈને સ્ખલના પામેલો હતો તે પરમાત્માની સાથે પોતાની તુલ્યતાના ભાવનને કારણે દૂર થાય છે અને વીતરાગ થઈને વિકલ્પોથી રહિત એવું અસંગ પરિણામવાળું ઉપાસકનું ચિત્ત સ્ફુરાયમાન થાય છે. ||૧૭-૧૧||

**શ્લોક :-**

**क्वामृतं विषभृते फणिलोके,**
**क्व क्षयिण्यपि विधौ त्रिदिवे वा ।**

**क्वाप्सरोरतिमतां त्रिदशानां,**

**ध्यान एव तदिदं बुधपेयम् ।।१२।।**

**અન્વયાર્થ :-**

**विषभृते फणिलोके क्व अमृतं=વિષથી ભરેલા ફણિલોકમાં=નાગલોકમાં, અમૃત ક્યાંથી હોય ?, क्षयिण्यपि विधौ क्व (अमृतं)=ક્ષય પામતા ચંદ્રમાં અમૃત ક્યાંથી હોય ?=જ્યોતિષ લોકમાં અમૃત ક્યાંથી હોય ?, अप्सरोरतिमतां त्रिदशानां त्रिदेवे वा क्व=અથવા અપ્સરામાં રતિવાળા એવા દેવતાઓના દેવલોકમાં અમૃત ક્યાંથી હોય ? અર્થાત્ ન હોય. बुधपेयम्=બુધ વડે પેય, तदिदं=તે આ=તે અમૃત, ध्यान एव=ધ્યાન જ છે. ।।૧૭-૧૨।।**

**શ્લોકાર્થ :-**

**વિષથી ભરેલા નાગલોકમાં અમૃત ક્યાંથી હોય ? ક્ષય પામતા ચંદ્રમાં=જ્યોતિષ લોકમાં અમૃત ક્યાંથી હોય ? અથવા અપ્સરામાં રતિવાળા એવા દેવતાઓના દેવલોકમાં અમૃત ક્યાંથી હોય ? બુધ વડે પેય તે આ અમૃત ધ્યાન જ છે. ।।૧૭-૧૨।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી દેવલોકમાં અમૃત છે અને દેવો અમૃતનું પાન કરીને સદા અમર રહે છે તે પ્રકારની લોકમાં પ્રસિદ્ધિ છે તેને સામે રાખીને ગ્રંથકારશ્રી કહે છે.

નાગલોકમાં રહેલા દેવોની ફણા વિષથી ભરાયેલી છે અને તે વિષથી ભરાયેલી ફણાવાળા એવા નાગલોકમાં અમૃત હોઈ શકે નહિ; કેમ કે વિષ અને અમૃતનો પરસ્પર વિરોધ છે.

વળી, ક્ષય પામતા એવા ચંદ્રમાં પણ અમૃત ક્યાંથી હોય ? અર્થાત્ જ્યોતિષ લોકમાં પણ અમૃત નથી; કેમ કે જો ત્યાં અમૃત હોય તો ચંદ્ર ક્ષય પામે નહીં.

વળી, દેવો અપ્સરાઓમાં રતિવાળા છે. તેવા રતિવાળા દેવોના દેવલોકમાં પણ અમૃત નથી; કેમ કે અમૃતનું પાન કરનાર કામની વિહ્વળતાને અનુભવે નહીં.

આ રીતે ત્રણેય પ્રકારના દેવલોકમાં અમૃત નથી એવું તે અમૃતનું પાન તો

બુધ પુરુષો જ કરે છે અને બુધથી પેય એવું તે અમૃત ધ્યાનમાં જ છે; કેમ કે ધ્યાનમાં તન્મય થયેલા યોગીના ચિત્તમાં મોહરૂપી વિષ નથી. વળી ધ્યાનના ફળરૂપે તે યોગી મોક્ષને પ્રાપ્ત કરશે ત્યારે સિદ્ધ અવસ્થામાં તે યોગીનો ક્ષય નથી. વળી કામના વિકારો ધ્યાનકાળમાં નથી તેથી કામની વિહ્વળતા પણ નથી માટે અમૃતનું લક્ષણ ધ્યાનમાં જ સંગત છે, અન્યત્ર નહીં, તેમ બતાવીને ગ્રંથકારશ્રી ધ્યાનની સ્તુતિ કરે છે. **॥૧૭-૧૨॥**

**શ્લોક :-**

**गोस्तनीषु न सितासु सुधायां,**
**नापि नापि वनिताधरबिम्बे ।**
**तं रसं कमपि वेत्ति मनस्वी,**
**ध्यानसम्भवधृतौ प्रथते यः ।।१३।।**

**અન્વયાર્થ :-**

**मनस्वी=મનસ્વી=સંસારના બાહ્ય પદાર્થોમાંથી રસનો આસ્વાદ લેવાની મનોવૃત્તિવાળો પુરુષ, गोस्तनीषु=ગોસ્તનીમાં=દ્રાક્ષામાં, कमपि तं रसं न वेत्ति=કોઈપણ તે રસને વેદન કરતો નથી, नापि सितासु सुधायां=વળી સિતામાં=શર્કરામાં, કે સુધામાં=અમૃતમાં, नापि वनिताधरबिम्बे=વળી, સ્ત્રીના અધરબિમ્બમાં, (કોઈપણ તે રસને વેદન કરતો નથી,) यः=જે=જે રસ, ध्यानसम्भवधृतौ=ધ્યાનથી ઉત્પન્ન થયેલી ધૃતિમાં, प्रथते=વિસ્તાર પામે છે. ॥૧૭-૧૩॥**

**શ્લોકાર્થ :-**

**મનસ્વી (પુરુષ) ગોસ્તનીમાં કોઈપણ તે રસનું વેદન કરતો નથી. વળી સિતામાં કે સુધામાં, વળી સ્ત્રીના અધરબિમ્બમાં કોઈપણ તે રસનું વેદન કરતો નથી, જે ધ્યાનથી ઉત્પન્ન થયેલી ધૃતિમાં વિસ્તાર પામે છે. ॥૧૭-૧૩॥**

**ભાવાર્થ :-**

સંસારી જીવો રસાસ્વાદ અર્થે મધુર પદાર્થોનું આસ્વાદન લઈને રસનું વેદન

કરવા યત્ન કરે છે. તેવા મનસ્વી જીવો દ્રાક્ષાના ભક્ષણમાં, તે રસનું વેદન કરી શકતા નથી. વળી કેટલાક મનસ્વીઓ શર્કરાવાળા મધુર ભોજન ખાવાની મનોવૃત્તિવાળા હોય છે. તેઓ તે શર્કરાવાળા ભોજનમાં પણ તે રસનું વેદન કરી શકતા નથી. વળી કેટલાક મનસ્વીઓ અમૃતપાન કરતા હોય છે. તેઓ તે રસનું વેદન કરી શકતા નથી. વળી કેટલાક મનસ્વીઓ કામની વૃત્તિવાળા હોય છે, તેઓ સ્ત્રીના ચુંબન દ્વારા પણ તે રસનું વેદન કરી શકતા નથી, તેવા ઉત્તમ રસનું વેદન યોગીઓને ધ્યાનમાં ઉત્પન્ન થયેલ ધૃતિમાં થાય છે.

આશય એ છે કે યોગીઓ શુદ્ધ આત્મતત્ત્વના આવિર્ભાવ માટે દૃઢ વ્યાપારવાળા છે અને તેના માટે સર્વ સાધનાઓ કરે છે અને તે સાધનાના પ્રકર્ષને કારણે તેઓની મોહથી આકુળ અવસ્થા શાંત શાંતતર થાય છે અને તેના કારણે પ્રકર્ષને પામેલ શાંત અવસ્થાને જ્યારે તે યોગી પ્રાપ્ત કરે છે ત્યારે શુદ્ધ આત્મતત્ત્વના ધ્યાનથી ઉત્પન્ન થયેલી ધૃતિ તેઓમાં પ્રગટે છે. તેથી તે ધૃતિના બળથી દીર્ઘકાળ સુધી શુદ્ધ આત્મતત્ત્વના ભાવોમાં વર્તતા શાંત રસનો અનુભવ કરે છે, જે શાંતરસનો અનુભવ જગતના ભોગવિલાસના જીવનવાળા કોઈ જીવોને કોઈ પદાર્થમાંથી પ્રાપ્ત થતો નથી. **॥૧૭-૧૩॥**

**શ્લોક :-**

**इत्यवेत्य मनसा परिपक्व-**
**ध्यानसम्भवफले गरिमाणम् ।**
**तत्र यस्य रतिरेनमुपैति,**
**प्रौढधामभृतमाशु यशःश्रीः ।।१४।।**

**અન્વયાર્થ :-**

**परिपक्वध्यानसम्भवफले=પરિપક્વ એવા ધ્યાનથી ઉત્પન્ન થયેલા એવા નિર્વિકલ્પ અવસ્થારૂપ ફળમાં, मनसा=મનથી, इति=આ પ્રમાણે પૂર્વ શ્લોક-૧થી ૧૩ સુધી ધ્યાનની સ્તુતિ કરીને ધ્યાનનું જે માહાત્મ્ય બતાવ્યું એ પ્રમાણે, गरिमाणं=ગરિષ્ઠતાને, अवेत्य=જાણીને, यस्य=જેને=જે યોગીને, तत्र=તેમાં=પરિપક્વ ધ્યાનથી સંભવ એવા ફળમાં, रतिः=રતિ છે, प्रौढधामभृतम्**

एनम्=પ્રૌઢ તેજથી ભરાયેલા એવા આને=શ્રુતના વિસ્તારવાળા જ્ઞાનના પ્રકાશથી ભૃત એવા યોગીને, यशः श्रीः=યશશ્રી, आशु उपैति=શીઘ્ર પ્રાપ્ત થાય છે. ॥૧૭-૧૪॥

**શ્લોકાર્થ :-**

**પ્રકર્ષને પામેલા એવા ધ્યાનથી ઉત્પન્ન થયેલા એવા નિર્વિકલ્પ અવસ્થારૂપ ફળમાં, મનથી, આ પ્રમાણે, ગરિષ્ઠતાને જાણીને, જે યોગીને પરિપક્વ ધ્યાનથી સંભવ એવા ફળમાં રતિ છે, પ્રૌઢ તેજથી ભરાયેલા એવા યોગીને યશશ્રી શીઘ્ર પ્રાપ્ત થાય છે.**

**ભાવાર્થ :-**

પ્રસ્તુત અધિકારમાં ગ્રંથકારશ્રીએ ધ્યાનની સ્તુતિ કરી. તેના પરમાર્થને જાણીને જે યોગીને પરિપક્વ ધ્યાનને કારણે નિર્વિકલ્પ ઉપયોગરૂપ ફળ પ્રગટે છે તે ફળમાં તે યોગીને અત્યંત આદર પ્રગટ થયેલ છે અર્થાત્ "આ જ ફળ આત્માને માટે શ્રેષ્ઠ ફળ છે, અન્ય ભોગાદિથી થતા આનંદરૂપ ફળ આત્માની વિહ્વળ અવસ્થા છે અને આ ધ્યાનથી થયેલું ઉત્તમ ચિત્ત આત્માની ઉત્તમ અવસ્થાનો અનુભવ કરાવનાર છે" એ પ્રમાણે અત્યંત આદર પ્રગટ થયેલ છે. તે યોગી આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવા સમર્થ એવા પ્રૌઢ મતિ-શ્રુતના મર્મસ્પર્શી જ્ઞાનથી ભૃત છે અને તેવા જ્ઞાનથી ભરાયેલા એવા યોગીને શીઘ્ર ક્ષપકશ્રેણી પ્રગટે છે અને તેના કારણે કેવળજ્ઞાનરૂપી યશશ્રીની પ્રાપ્તિ થાય છે. માટે મોક્ષના અર્થી જીવોએ ધ્યાનના પરમાર્થને જાણીને ધ્યાનમાં જ રતિ કેળવવી જોઈએ. **॥૧૭-૧૪॥**

## સત્તરમો ધ્યાનસ્તુતિ અધિકાર સમાપ્ત

**આ પ્રમાણે ગણિ શ્રી નયવિજયજી મહારાજાના શિષ્ય ન્યાયવિશારદ ઉપા. શ્રી યશોવિજયજી મહારાજા દ્વારા રચાયેલ અધ્યાત્મસાર પ્રકરણમાં પાંચમો પ્રબંધ સમાપ્ત થયો.**

ज्ञानं क्रियाविहीनं न, क्रिया वा ज्ञानवर्जिता ।
गुणप्रधानभावेन, दशाभेदः किलैतयोः ॥

જ્ઞાન ક્રિયા વગરનું નથી અથવા
ક્રિયા જ્ઞાનવર્જિત નથી પરંતુ આ બંનેનો
ગુણ-પ્રધાનભાવથી દશાભેદ છે.

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ફોન : ૩૨૪૫૭૪૧૦
E-mail : gitarthganga@yahoo.co.in, gitarthganga@gmail.com
Visit us online : gitarthganga.wordpress.com